પારસી ધારા

પારસી ધારા.

By the same Author.

Parsi Law. (Rs. 3.)

An Epitome of Hindu Law. (Rs. 3.)

(Fourth edition.)

An Epitome of Mahomedan Law. (Rs. 2/8.)

(Third edition)

An Epitome of the Principles of Equity.

(Rs. 4.)

પારસી ધારા

જેમાં

વારસા-હિસ્સા, અને લગ્ન તથા તલાકને લગતા
પારસીઓને લાગુ પડતા ધારાનો સમાવેશ
કરેલો છે.

રચી પ્રસિદ્ધ કરનાર

ફરામજી અ. રાણા. બી. એ., એલ. એલ. બી., હાઇકોર્ટ વકીલ.

કીમત રૂપિયા ૨-૮-૦ (ટપાલ વગેરે ખર્ચના ૦-૩-૦ જુદા.)

વઢવાણ કાંપ (કાઠિયાવાડ).

આર્ય વિદ્યા પ્રકાશ પ્રેસ.

૧૯૧૦.

કોમની સેવા બજાવવાના ઉમદા ઉદ્દેશથી

લખાએલું

"પારસી ધારા" નું આ પુસ્તક

યોગ્ય સત્કારની ઉમેદ સાથે

મારા પારસી ભાઈઓની સેવામાં

અર્પણ કરી

કૃતાર્થ થાઉંછું.

પ્રસ્તાવના.

ઇસ્વી સનના આઠમા સૈકાની શરૂઆતમાં પારસીઓ પ્રથમ હિંદુસ્તાનમાં આવી વસ્યા ત્યારથી તે આજ સુધીમાં વારસા-હિસ્સા, લગ્ન અને તલાકને લગતા પોતાની કોમમાં શું ધારા છે, વખતો વખત તેમાં શું શું ફેરફાર થયા છે, અને હાલ તે શું સ્થિતિમાં છે તેનું જ્ઞાન ઘણા થોડાનેજ હશે.

આજથી પોણોસો વર્ષ અગાઉ પારસી કોમના આગેવાનોએ પોતાની સ્થિતિ અને સંસારી હાજતોને અનુકુળ પડે એવા ખાસ ધારા બાંધી આપવાની અરજ નામદાર બ્રિટિશ સરકારને કરી હતી, અને તેના પરિણામે સને ૧૮૩૭ માં "જંગમ મિલ્કતનો ધારો" (ચેટલ્સ રીયલ આક્ટ) પસાર થવા પામ્યો હતો. પરંતુ એ ધારો પસાર થવાથી વગર વસિયતે ગુજરી જનારના વારસા બાબત, પરણેલી સ્ત્રીઓના હક બાબત, અને લગન તથા તલાક બાબત ખાસ ધારાની ગેરહાજરીમાં કોમને બહુ અગવડ અને હલાકી પહોંચતી હતી. પારસી પંચાયતના સતત અને મહાભારત પ્રયાસથી સને ૧૮૬૫ માં લગ્ન અને તલાક તથા વારસા-હિસ્સાને લગતા પારસી ધારા પસાર કરવામાં આવ્યા. એ ધારા પસાર થયા પછી ત્રણ વર્ષે મરહૂમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીએ એ ધારાનું પુસ્તક અન્જુમનના ખર્ચે પ્રકટ કર્યું. ધારા પસાર થયા પછી તરતજ સદરહૂ પુસ્તક પ્રસિદ્ધ થયેલું હોવાથી, સ્વાભાવિક રીતે તેમાં કોર્ટના ચુકાદા વગેરે બારીક હકીકત દાખલ થઇ શકી નહોતી. ત્યાર પછીના ૪૨ વર્ષમાં પારસી ધારાની ઘણીખરી કલમો ઉપર બહોળું વિવેચન થયું છે, અને તેના આધારે અનેક કેસો ચૂકવાયા છે; છતાં કલમોની સમજણ અને અગત્યના ચુકાદાની નોંધવાળું એક પણ પુસ્તક ગુજરાતી ભાષામાં પ્રકટ થયું નથી. લાંબા વખતની એ ખોટ પૂરી પાડવાના, અને સ્વજ્ઞાતિની સેવા બજાવવાના ખાસ ઉદ્દેશથી "પારસી ધારા" નું આ ગુજરાતી પુસ્તક લખવાની મને પ્રેરણા થઇ છે.

"પારસી ધારા"નો હેતુ મારા હમદીન બિરાદરોને પોતાની કોમની તવારીખ, રીત-રિવાજ અને ધારા-ધોરણનું સ્પષ્ટ અને શુદ્ધ જ્ઞાન આપવાનો છે. ધારાની પ્રત્યેક કલમ સરળ ગુજરાતી ભાષામાં સમજાવવામાં આવી છે, તેના ઉપર યોગ્ય વિવેચન કરવામાં આવ્યું છે, તેને લગતા ઉદાહરણો આપવામાં આવ્યા છે, કેટલેક સ્થળે મૂળમાં ઉદાહરણોના અભાવે, સમજાય એવાં ઉદાહરણો નવાં બનાવીને મૂક્યાં છે, અને ચુકાદાની અગત્યની અને ઉપયોગી નોંધનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. અર્થાત પારસી ધારા બંધાયા ત્યારથી આજ સુધીમાં જૂદી જૂદી કલમોના અર્થ અને ભાવાર્થ ઉપર વિદ્વાન ન્યાયાધિશોએ જે જે વિવેચન કર્યું છે, અને પારસી સંસાર તથા ધારા ઉપર તેની જે જે અસર થઇ છે—તે સર્વની સમજ સ્પષ્ટ રીતે આપવામાં આવી છે.

પારસીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા ત્યારથી તેમનાં રીત-રિવાજ અને સંસારી સ્થિતિ ઉપર હિંદુ સંસારની અસર, પારસીઓની કઢંગી હાલત અને ખાસ ધારાની અગત્યતા, અને વારસા-હિસ્સા સંબંધે સને ૧૮૬૫ પહેલાં તેમની કફોડી સ્થિતિનો ટુંક પણ દિલકશ ચિતાર રજુ કરવામાં આવ્યો છે.

પારસી અન્જુમન ફંડના ટ્રસ્ટીઓ સામે મંડાયલો જુદદીનને લગતો અને બાજરોજગાર આદિ ક્રિયાનાં ધર્માદા ટ્રસ્ટોને લગતો, એ બે અતિ અગત્યના અને તાજા કેસ ઉપર મુંબઇ હાઇ કોર્ટના વિદ્વાન જડજ મી૦ દાવરના ચુકાદાનો પણ સદરહૂ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સદરહૂ પુસ્તક મારા તરફથી સને ૧૯૦૨ માં પ્રસિદ્ધ થયેલ અંગ્રેજી "પારસી લૉ"નું માત્ર ભાષાંતર નથી. ત્યાર પછીના મારાં જ્ઞાન અને અનુભવનું એ ફળ છે, અને તેની રચના અને ગોઠવણ અંગ્રેજી પુસ્તક કરતાં જૂદાજ પ્રકારનાં છે.

"પારસી ધારા"નું પુસ્તક લખવામાં મરહૂમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલી અને મી૦ એન્ડરસનનાં પુસ્તકોનો મેં છૂટથી ઉપયોગ કર્યો છે, તેની ઉપકાર સાથે નોંધ લેવી એ મારી ફરજ સમજાુંછું.

પુસ્તક રચી પ્રસિદ્ધ કરવામાં મારા જે જે મિત્રો તરફથી મને અમુલ્ય સુચનાઓ અને સમયોચિત સહાયતા મળી છે, તેને માટે આ સ્થળે તે ગ્રહસ્થોનો હું ઉપકાર માનું છું.

કાયદાનું પુસ્તક ગુજરાતી ભાષામાં લખવું એ અતિ મુશ્કેલ કામ છે. તેમાં પણ લેખક એક પારસી હોય ત્યારે તો એ બેવડી મુશ્કેલીમાંથી પાર ઉતરવાનું કાર્ય અતિ વિકટ થઇ પડે છે, એ ખ્યાલમાં રાખીને વાચક વર્ગ દોષને માટે દરગુજર કરી માત્ર સાર ગૃહણ કરશે એવી હું ઉમેદ રાખુંછું. તેઓના તરફથી જે કાંઇ સૂચનાઓ થશે તે બીજી આવૃત્તિ વખતે ધ્યાનમાં લેવામાં આવશે.

ટુંકામાં આ પુસ્તક માત્ર ધારાશાસ્ત્રીઓનેજ નહીં, પણ સમાજના સામાન્ય સ્ત્રી પુરૂષોને રસીક, બોધક અને ઉપયોગી થઇ પડે એવી રીતે રચીને પ્રસિદ્ધ કરવાનો બનતો પ્રયાસ કર્યો છે, અને જેટલે અંશે તેનો લાભ લેવાશે તેટલે અંશે મારી મહેનતનો બદલો મને મળ્યો એમ હું સમજીશ.

વઢવાણ કાંપ.
જુલાઇ ૧૯૧૦.

ફરામજી અ. રાણા.

અનુક્રમણિકા.

ભાગ પહેલો.

લગ્ન અને તલાક બાબત.

ભાગ બીજો.

વારસા હિસ્સાની બાબત.

મુકદ્દમાની ટીપ.

પારસીઓની તવારીખનો ટુંક અહેવાલ.

સાતમા સૈકામાં આરબ લોકોએ ઈરાન દેશ ઉપર જીત મેળવી, તે પછી ત્યાંના વતનીઓ જૂદી જૂદી ટોળીઓમાં દૂર દેશાવરોમાં જઈને વસ્યા. એવી એક ટોળી જે હિંદુસ્તાનમાં આવી તેની ઓલાદના હિંદુસ્તાનના હાલના પારસીઓ છે. એવી રીતે આશરે બારશે વર્ષ ઉપર મુસલમાનોના ધર્માંધ જુલમને લઈને પોતાનો પાક ધર્મ, મોભો અને સ્વતંત્રતા જાળવી રાખવાના સબબથી એ ટોળીને પોતાનો ઈરાન દેશ છોડવાની ફરજ પડી. આ લોકોએ પહેલ વહેલાં કોહિસ્તાનમાં આવીને આશ્રય લીધો. ત્યાં તેઓ શુમારે એકસો વર્ષ રહ્યા પછી, હોરમઝના ટાપુમાં ગયા. આ ટાપુમાં તેઓ ઓગણીશ વર્ષ રહ્યા બાદ, કાઠિયાવાડના દક્ષિણ કિનારા નજીક દીવના ટાપુમાં આવી શુમારે પંદર વર્ષ રહ્યા. દીવથી તેઓ સંજાણ ગયા. ત્યાંના રાણાની અમુક શરતો કબૂલ રાખવાથી, ત્યાં વસવાટ કરવાની તેમને પરવાનગી મળી. આ સ્થળે તેઓ આશરે સાતસો વર્ષ સુધી રહ્યા. અને અહિંથીજ પારસીઓ ગુજરાતના જૂદા જૂદા ભાગમાં ફેલાતા ચાલ્યા. હાલ તેમનાં મૂખ્ય મથક મુંબઈ, નવસારી અને સુરતમાં છે.

ઇરાન માંહેના "પારેસ" અથવા "ફારેસ" નામના એક પ્રાંતમાંથી પારસીઓ પ્રથમ હિંદુસ્તાનમાં આવેલા, તે પ્રાંતના નામ ઉપરથી, એ કોમનું નામ "પારસી" પડેલું છે. તેઓ મુંબઈમાં ક્યારે આવી વસ્યા તે નક્કી જણાતું નથી, તોપણ એટલું તો ચોક્કસ છે કે ઈ. સ. ૧૬૬૮ના અરસામાં તેઓ મુંબઈમાં આવી રહેલા છે.

(મરહૂમ શેઠ ડોસાભાઈ ફરામજીની પારસીઓની તવારીખ; સર દીનશાહ વિરૂદ્ધ સર જમશેદજી, ૧૧ મુંબઈ લૉ રીપોર્ટર પાનું ૧૧૩; જમશેદજી વિરૂદ્ધ સુનાબાઈ, ઈં. લૉ. રી. ૩૩ મુંબઈ પાનું ૧૬૫ ઉપરથી.)

પારસી ધારા.

ભાગ પહેલો.

લગ્ન અને તલાક.

દીબાચો.

સને ૭૧૭ માં પારસીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા ત્યારથી સને ૧૮૬૫ સુધી તેમની સંસારી બાબતમાં તેઓને માટે કોઇપણ ખાસ કાયદો નહોતો. પશ્ચિમ હિંદુસ્તાનમાં આવી રહ્યા ત્યારે પારસીઓ ઇરાનથી પોતાના સંસારી કાયદા તથા રીવાજ એ બન્ને ઘણું કરીને સાથે લાવ્યા હશે; પરંતુ તે લિખિત ન હોવાથી, રફતે રફતે વહીવટ અને ઉપયોગમાંથી નીકળી ગયાં; અને તેથી ઇરાનના આ મુઠ્ઠીભર પરદેશીઓ જેમને હિંદુ લોકો સાથે રહેવાની ફરજ પડી, તે હિંદુઓના કાયદા અને રીત રીવાજ એ પારસીઓએ ગ્રહણ કર્યાં. અને આ પ્રમાણે બીજી બાબતોની માફક, તેઓએ હિંદુ લોકોના લગ્નનો કાયદો અને રીવાજ સ્વાભાવિક રીતે પોતામાં દાખલ કર્યો છે. (પેસોતમ વિરૂદ્ધ મેહેરબાઇ, ઇ. લૉ. રી. ૧૩ મુંબઇ, પાનું ૩૦૭.)

લગ્ન તથા છૂટા છેડા અથવા તલાકની બાબતમાં કોઇ ખાસ ધારાની જરૂરીઆત પારસીઓને ઘણા લાંબા વખતથી—છેક સને ૧૮૩૭થી—જણાઇ હતી એવું માલૂમ પડે છે. સને ૧૮૩૭ માં નામીચા જડજ સર જૉન આર્ડ્રીએ એ બાબત ઉપર પોતાનો વિચાર જણાવ્યો હતો; એવીજ રીતના વિચાર ત્યાર પછી સને ૧૮૪૩ માં પ્રખ્યાત જડજ સર અરસ્કીન પેરીએ, અને ત્યારબાદ સર જોસફ આરનૉલ્ડે દર્શાવ્યા હતા; અને લગ્ન તથા તલાક બાબતનો કાંઇ પણ ધારો હિંદુસ્તાનમાં આવી વસ્યા પછી, વર્ષોના વર્ષ સુધી પારસીઓને માટે બંધાયો નહોતો.

હાઇકોર્ટ ઓફ જ્યુડીકેચર સ્થાપવામાં આવી તે પહેલાં હિંદુસ્તાનના અન્ય ભાગમાં પારસીઓની જે સંખ્યા હતી તેના કરતાં ખુદ મુંબઇ શહેરમાં તેમની સંખ્યા વધારે હતી. અને દેશના બીજા ભાગમાં વસતા પારસીભાઇઓ કરતાં તેઓ વધારે માતબર, ખબરદાર અને સુધરેલા હતા; તેઓ પ્રિવિ કાઉન્સિલના સને ૧૮૫૬ ના ચુકાદા પછી લગ્ન સંબંધી સઘળી બાબતમાં કાયદા અને નીતિ વિરૂદ્ધ હાલતમાં રહેતા હતા. તે બાબત ઉપર તેઓ માટે કાંઇપણ કાયદો નહોતો; અને દરેક માણસ પોતાની મરજી મુજબ વર્તવાને સ્વતંત્ર હતો.

સને ૧૮૫૬ માં પારસીઓની ધારા સંબંધી હાલતમાં એક એવો નવો બનાવ બન્યો, કે જેથી તેઓને એ સંબંધે કાંઇ હીલચાલ કરવાની જરૂર જણાઇ. સાલ મજકૂરના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અરદેશર ખરશેદજી વિરૂદ્ધ પીરોજબાઇ વાળો મુકદમો પ્રિવિ કાઉન્સિલે ચુકાવ્યો; તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે:—એક પારસણ પોતાના લગ્ન સંબંધી હક્ક મેળવવાને માટે, અથવા ભરણપોષણ માટે, ફરિયાદ કરે, તે સાંભળવાને મુંબઇની "સુપ્રીમ કોર્ટને" પોતાની "એક્લીઝિએસ્ટિકલ સાઇડમાં" કાંઇપણ સત્તા નથી. આ ચુકાદાથી વ્યવહારોપયોગી રીતિથી, લગ્નના સંબંધથી ઉત્પન્ન થતી, માલમિલ્કત સિવાય, બીજી સઘળી ફરજો તથા શરતો અમલમાં લાવવાની બાબતમાં મુંબઇના પારસીઓ, સુપ્રીમ કોર્ટના વખતમાં તદનજ ધારા વિનાના થઇ પડ્યા; તેઓને કાંઇપણ ધારાની મદદ મળે એવું રહ્યું નહીં; અને પંચાયતના ચુકાદા ઉપરજ તેઓનો સઘળો આધાર રહ્યો; પણ પંચાયત તે વખતે તો પોતાની સ્વતંત્રતા વાપરવામાં અને માનમરતબામાં છેક પાછળ પડી ગઇ હતી. આ પ્રમાણે ધારાનાં સર્વે અટકાવ અને અંકુશ નીકળી ગયાનું પરિણામ એ આવ્યું કે, નીતિ સંબંધે, પારસીઓની સંસારી હાલત ઉપર ઘણી માઠી અસર થઇ; અને એક ઓરત હયાત હોવા છતાં બીજી ઓરત કરવાના અનેક દાખલા બનવા લાગ્યા.

ત્યારપછીથી પારસીઓએ ઉપરાઉપરી નામદાર સરકારને અરજીઓ કરી, અને અંતે મુંબઇની નામદાર સરકારે હિંદુસ્તાનના પારસીઓએ સ્વિકારેલા રીવાજોની બાબતમાં, અને તેઓ માટે ખાસ ધારા બાંધવાના સંબંધમાં, એક કમિશન નીમ્યું; અને સને ૧૮૬૨ ના ફેબ્રુઆરી મહિનાની ૧૫મી

તારીખે પારસી લૉ એસોસિએશનની મેનેજીંગ કમિટીમાંથી એક મોટા ડેપ્યુટેશને સદરહૂ કમિશના હજૂર "વારસ, લગ્ન અને તલાક બાબતના વધારેલા ધારાનો એક ખરડો" રજુ કર્યો.

ઇરાન છોડી આવ્યા પછી આઠમી સદીમાં સંજાણના રાણા પાસેથી અમુક શરતો કબુલ રાખતાં, પારસીઓએ ધર્મ સંબંધી છૂટાપણું, અને તે રાજ્યમાં વસવાની પરવાનગી મેળવી હતી; અને ઓગણીશમા સૈકામાં બ્રિટિશ તાજ તરફની સદાની નિમકહલાલી અને વફાદારીની પિછાણ તરીકે નામદાર સરકારે સને ૧૮૬૫ માં પારસી કોમ માટે લગ્ન અને તલાક બાબતનો આક્ટ મંજૂર કરી, તે કોમને ઘણી લાંબી મુદ્દતની સંસારી મુસ્કેલી અને સંકટમાંથી મુક્ત કરી મોટો અહેશાન કર્યો. (પારસી લૉ કમિશનનાં તા૦ ૧૩ મી ઑકટોબર સને ૧૮૬૨ના રીપોર્ટ, અને પારસીઓના લગ્ન અને તલાક બાબતનાં બિલ ઉપર વિચાર કરવા મળેલી કાઉન્સિલના તા૦ ૧૩ મી ડિસેમ્બર સને ૧૮૬૪, અને ૨૦ મી જાન્યુઆરી સને ૧૮૬૫ ના હેવાલ ઉપરથી.)

પારસી લગ્ન અને તલાકનો સને ૧૮૬૫ નો ૧૫ મો આક્ટ શેડયૂલ ડિસ્ટ્રિકટ સિવાય આખા બ્રિટિશ ઇંડિયાને લાગુ પડે છે.

સને ૧૮૭૪ ના ૧૪ મા નંબરના શેડયૂલ ડિસ્ટ્રિક્ટ આક્ટની રૂએ પારસી લગ્ન અને તલાક બાબતનો સદરહૂ ધારો નીચે જણાવેલા શેડયૂલ ડિસ્ટ્રિક્ટોમાં લાગુ પાડવામાં આવ્યો છે:—

સિંધ, વેસ્ટ જલપાયગરી, હઝારીબાગ, લાહોરદગ અને માનુભુમ જીલ્લા; દાલભુમ પરગણું; સિંગભુમ જીલ્લામાં કોલ્હાન; મિરઝાપુર જીલ્લાનો શેડયૂલમાં દર્શાવેલો ભાગ; જોનસર બાવર, હઝારા, પેશાવર, કોહાત, બનુ, દેરાઇસમાઇલખાન અને દેરાગાઝીખાન જીલ્લા; સિલહત જીલ્લો; નોર્થ લુશાઇ હિલ્સ સિવાય આસામનો બાકીનો ભાગ; કમાઉન અને ગરહ્વાલ; નોર્થ વેસ્ટર્ન પ્રોવિન્સીઝ તરાઇ; બ્રિટિશ બલુચીસ્તાન.

પણ લાહોલના શેડયૂલમાં દર્શાવેલા જીલ્લાને આ આક્ટ લાગુ પાડવામાં આવ્યો નથી.

પારસી લોકોના લગ્ન તથા તલાક બાબતનો આકટ.

સને ૧૮૬૫ નો ૧૫ મો આકટ.

નામદાર ગવર્નર જનરલે સને ૧૮૬૫ ના એપ્રિલ મહિનાની ૭ મી તારીખે મંજૂર કર્યો.

૧. પારસી લોકોનાં લગ્ન બાબત.

(૧) પારસી લગ્ન હકદાર ગણાવા માટે કઇ કઇ બાબતો જરૂરની છે?

પારસીઓનાં લગ્નનાં ખરાપણા સારૂ અવશ્યની બાબતો નીચે પ્રમાણે છે.

(એ) પારસીઓમાં જે કોઇ લગ્ન લોહીના તથા લગ્નના ખેશીપણાના સબબે, એક બીજા સાથ કરવાની મના છે, તે સગપણમાં લગ્ન કરવાં નહીં જોઇએ.

"લગ્ન" એટલે પારસી લોકોનાં લગ્ન; પછી તે લગ્ન આ આકટ ચાલૂ થયા પહેલાં અથવા ચાલૂ થયા પછી કર્યા હોય તોપણ ચિંતા નથી. (કલમ ૨.)

(બી) "આશીર્વાદ" ની ક્રિયા કરીને લગ્ન કરવાં જોઇએ.

(સી) અંધ્યારૂ પાસે તે ક્રિયા કરાવવી જોઇએ.

એક અંધ્યારૂએ ક્રિયા કરી હોય તોપણ ચાલે.

"અંધ્યારૂ" એ શબ્દમાં દસ્તુરનો તથા મોબેદનો સમાવેશ થાય છે એમ સમજવું. (કલમ ૨.)

(ડી) ક્રિયા કરનાર અંધ્યારૂ સિવાય બીજા બે પારસી સાક્ષીઓની હજૂરમાં તે ક્રિયા કરવી જોઇએ.

(ઇ) જો વર કન્યામાંથી કોઇની ઉમર ૨૧ વર્ષની અંદર હોય તો, તેના બાપ અથવા વાલીની પરવાનગી મેળવવી જોઇએ.

"વર" એટલે પારસી વર; અને "વહૂ" એટલે પારસણ વહૂ.

૩ જી કલમમાં ઠરાવ્યું છે કેઃ—

"આ આકટ ચાલૂ થયા પછી જે લગ્ન થયાં હોય તે હકદાર ગણવાં; પણ પારસી લોકોમાં જે કોઇ લગ્ન લોહીના ખેશીપણાના તથા લગ્નના ખેશીપણાના સબબને લીધે, એક બીજા સાથે કરવાની મના છે, અને જે પદવીના

બેશીપણાં ઇંડિયાના ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ યોગ્ય ચોકસી કરીને ઇંડિયા ગેઝેટમાં કોષ્ટક પ્રસિધ્ધ કરશે તેમાં લખવામાં આવશે, તે પદ્વીના બેશીપણાંના પ્રમાણે લગ્ન કરનારા વર વહૂને એક બીજા સાથે સગપણ હોય, તો તે લગ્ન હકદાર ગણવાં નહીં; અને લગ્ન કરાવનાર અધ્યારૂ સિવાય બીજા બે પારસી સાક્ષીઓની હજૂરમાં તે અધ્યારૂએ પારસીઓમાં ચાલતી "આશીર્વાદ" ની ક્રિયા કરીને લગ્ન કરાવ્યાં નહીં હોય, તો તે લગ્ન હકદાર ગણવા નહીં. અને જે જરથોસ્તી પુરૂષ અથવા સ્ત્રીની ઉમર ૨૧ વર્ષથી ઓછી હોય તેઓના લગ્ન થાય તે પહેલાં તેઓના બાપ અથવા વાલીની પરવાનગી મેળવી નહીં હોય, તો તે લગ્ન હકદાર ગણવાં નહીં."

મના કરેલાં સગપણનું કોષ્ટક.

એક પારસી નીચે લખેલી તેની સગી સાથ પરણી શકશે નહીં.

૧. બપાવાની મા. ૨. બપાઇની મા. ૩. મમાવાની મા. ૪. મમાઇની મા. ૫. બપાઇ. ૬. બપાવાની ધણીઆણી. ૭. મમાઇ. ૮. મમાવાની ધણીઆણી. ૯. મા અથવા સાવકી મા. ૧૦. બાપની બેન યા તેની સાવકી બેન. ૧૧. માની બેન યા માની સાવકી બેન. ૧૨. બેન અથવા સાવકી બેન. ૧૩. ભાઇની દીકરી, સાવકા ભાઇની દીકરી, યા ભાઇ કે સાવકા ભાઇની સીધી વારસ. ૧૪. બેનની દીકરી, સાવકી બેનની દીકરી, યા બેન કે સાવકી બેનની સીધી વારસ. ૧૫. દીકરી, સાવકી દીકરી, યા એ બે માંહેના કોઇની સીધી વારસ. ૧૬. દીકરાની દીકરી, સાવકા દીકરાની દીકરી, દીકરા કે સાવકા દીકરાની સીધી વારસ. ૧૭. દીકરા કે સાવકા દીકરાની ધણીઆણી, યા દીકરા કે સાવકા દીકરાના સીધા વારસની ધણીઆણી. ૧૮. દીકરીના દીકરાની, યા સાવકી દીકરીના દીકરાની ધણીઆણી, અથવા દીકરી કે સાવકી દીકરીના સીધા વારસની ધણીઆણી. ૧૯. દીકરીના વરની મા. ૨૦. દીકરાની ધણીઆણીની મા. ૨૧. ધણીઆણીના બપાવાની મા. ૨૨. ધણીઆણીની બપાઇના મા. ૨૩. ધણીઆણીના મમાવાની મા. ૨૪. ધણીઆણીની મમાઇની મા. ૨૫. ધણીઆણીની બપાઇ. ૨૬. ધણીઆણીની મમાઇ. ૨૭. ધણીઆણીની મા, યા તેની સાવકી મા. ૨૮. ધણીઆણીના બાપની બેન. ૨૯. ધણીઆણીની માની બેન. ૩૦. બાપના ભાઇની ધણીઆણી. ૩૧. માના ભાઇની ધણીઆણી. ૩૨. ભાઇના દીકરાની ધણીઆણી. ૩૩. બેનના દીકરાની ધણીઆણી.

એક પારસણ નીચે લખેલા તેના સગા સાથ પરણી શકશે નહી.

૧. બપાવાનો બાપ. ૨. બપાઇનો બાપ. ૩. મમાવાનો બાપ. ૪. મમાઇનો બાપ. ૫. બપાવો. ૬. બપાઇનો ધણી. ૭. મમાવો. ૮. મમાઇનો ધણી. ૯. બાપ, અથવા સાવકો બાપ. ૧૦. બાપનો ભાઇ, અથવા બાપનો સાવકો ભાઇ. ૧૧. માનો ભાઇ, અથવા માનો સાવકો ભાઇ. ૧૨. ભાઇ, અથવા સાવકો ભાઇ. ૧૩. ભાઇનો દીકરો, સાવકા ભાઇનો દીકરો, યા ભાઇ કે સાવકા ભાઇનો સીધો વારસ. ૧૪. બેનનો દીકરો, સાવકી બેનનો દીકરો, યા બેન કે સાવકી બેનનો સીધો વારસ. ૧૫. દીકરો, સાવકો દીકરો, યા બે માંહેના કોઇનો સીધો વારસ. ૧૬. દીકરીનો દીકરો, સાવકી દીકરીનો દીકરો, યા દીકરી કે સાવકી દીકરીનો સીધો વારસ. ૧૭. દીકરી યા સાવકી દીકરીનો ધણી, અથવા દીકરી કે સાવકી દીકરીની સીધી વારસનો ધણી. ૧૮. દીકરાની દીકરીનો, યા સાવકા દીકરાની દીકરીનો ધણી, અથવા દીકરા કે સાવકા દીકરાની સીધી વારસનો ધણી. ૧૯. દીકરીના ધણીનો બાપ. ૨૦. દીકરાની ધણીઆણીનો બાપ. ૨૧. ધણીના બપાવાનો બાપ. ૨૨. ધણીની બપાંઇનો બાપ. ૨૩. ધણીના મમાવાનો બાપ. ૨૪. ધણીની મમાઇનો બાપ. ૨૫. ધણીનો બપાવો. ૨૬. ધણીનો મમાવો. ૨૭. ધણીનો બાપ, અથવા તેનો સાવકો બાપ. ૨૮. ધણીના બાપનો ભાઇ. ૨૯. ધણીની માનો ભાઇ. ૩૦. ધણીના ભાઇનો દીકરો, અથવા તેનો સીધો વારસ. ૩૧. ધણીની બેનનો દીકરો, અથવા તેનો સીધો વારસ. ૩૨. ભાઇની દીકરીનો ધણી. ૩૩. બેનની દીકરીનો ધણી.

ઉપલા કોષ્ટકમાં "ભાઇ" અને "બેન" એ શબ્દો આખાં લોહીના તથા અર્ધા લોહીના ભાઇ અને બેન (એટલે એક બાપ અને જુદી મા, તેમજ એક મા અને જુદા બાપના પેટનાં) ને લાગુ પડે છે. "સાવકી સગાઇ" એટલે લગ્નથી થયેલી સગાઇ સમજવી.

(૨) "પારસી" અને "જરથોસ્તી" શબ્દો વચ્ચે ફરક શું છે?

જરથોસ્તનો ધર્મ પાળનાર "જરથોસ્તી" કહેવાય. એક જરથોસ્તી પારસી હોવોજ જોઇએ એમ નથી; કોઇપણ કોમનો માણસ જરથોસ્તી ધર્મમાં વટલી, તે ધર્મ પાળે, તેજ પળથી તે જરથોસ્તી ગણાય છે. પણ તેથી તે પારસી થઇ શકતો નથી.

"પારસી" શબ્દ ઇરાનના "પારેસ" કે "ફારેસ" નામના એક પ્રાંત, કે જ્યાંથી અસલ ઇરાનીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા, તે ઉપરથી નીકળ્યો છે. ઇરાનથી આવેલા પરદેશીઓ હિંદુઓ સાથે આવી રહ્યા, ત્યારે તેમના પરિચયમાં આવતા બીજા લોકો, તેઓના ધર્મથી અજાણ્યા હતા; પણ તેઓ "પારેસ" કે "ફારેસ"માંથી આવ્યા છે, એમ તેઓને ખબર હતી, અને તે ઉપરથી તેઓ તેમને પારસી કહી બોલાવતા, અને એ નામથી ઓળખતા. એવી રીતે અસલ ઇરાનથી આવેલા પરદેશીઓની ઓલાદના સઘળા માણસો પારસી તરીકે ઓળખાય છે. જન્મથી જે પારસી તે પારસીજ રેહેશે; અને પાછળથી વટલી જઇ બીજો ધર્મ અખ્તિયાર કરશે તોપણ તે, બીજી કોમનો વટલેલ પારસી ગણાશે,—જેમકે ખ્રિસ્તિ ધર્મમાં એક પારસી વટલે, તો તે ખ્રિસ્તિ પારસી કહેવાય છે.

"જરથોસ્તી" શબ્દ એક માણસનો ધર્મ દર્શાવે છે. "પારસી" શબ્દ તે માણસની જાત અથવા કોમ માટે વપરાય છે, અને ધર્મ સાથે તેને કાંઇપણ સંબંધ કે નિસ્બત નથી. સદીઓ સુધી હિંદુસ્તાનમાં રહ્યા, તે વખતે જરથોસ્તી ધર્મ પાળનાર પારસીઓજ હોઇને "જરથોસ્તી" અને "પારસી" એ બે શબ્દો એક સરખા અર્થના ગણાવા લાગ્યા. "પારસી" શબ્દ વતન સૂચવનાર છે. હિંદુસ્તાનમાં આવ્યા પછી, ઉપર કહ્યું તેમ, એક બીજાને ઓળખવા ખાતર "પારસી" શબ્દ વપરાયો છે; અને તેથી એ શબ્દ નાત, જાત, યા કોમ દેખાડવા માટેજ વપરાય છે. [સર દીનશાહ વિરૂદ્ધ સર જમશેદજી, ૧૧ મુંબઇ લૉ રીપોર્ટર, પાનાં ૧૧૩, ૧૧૪.]

"પારસી" એટલે જન્મથી પારસી. કોઇ બીજી કોમનો માણસ જરથોસ્તી ધર્મમાં વટલી જાય, તો તેવો વટલેલ જરથોસ્તી કહેવાય, પણ પારસી કહેવાય નહીં. દરેક જરથોસ્તી પારસી ન હોય, પણ દરેક પારસી (બીજા ધર્મમાં વટલે નહીં ત્યાં સુધી) જરથોસ્તી હોય છે.

પારસી અન્જુમનના સર દીનશાહ વિરૂદ્ધ સર જમશેદજીવાળા મુકદ્દમામાં એમ ઠરાવવામાં આવ્યું છે કેઃ—મીસીસ તાતાએ વટલી જઇ જરથોસ્તી ધર્મ અખ્તિયાર કર્યો, તેથી તે જરથોસ્તી કહેવાય, પણ તેટલા કારણસર તે પારસણ ગણાય યા કહેવાય નહીં.

પેસોતમ વિરુદ્ધ મેહેરબાઇ, ઈં. લો. રી. ૧૩ મુંબઇ, પાનું ૩૦૧.

સને ૧૮૬૮ માં વાદી તથા પ્રતિવાદી (સાત અને છ વર્ષની ઉમરના) ની તેમના માબાપની સમક્ષ તેમના ધર્મની રીત પ્રમાણે લગ્નની ક્રિયા થઇ હતી. વાદી તરફની રીતસર સંમતિ તેના બાપે આપી નહોતી; પણ તેના કાકાએ આપી હતી, કે જેના ભેગો તે રેહેતો હતો; તથા જેને તેણે દત્તક લીધો હતો. ત્યારપછી ૧૯ વર્ષે વાદી આ દાવો લાવ્યો કે, આ કહેવાતું લગ્ન રદ્દ બાતલ છે, અને તે લગ્નથી વાદી પ્રતિવાદી વચ્ચે ધણી ધણીઆણીનો સંબંધ ઉત્પન્ન થતો નથી. પ્રતિવાદીએ આ દાવા સામે તકરાર ઉઠાવી કે તે વાદીની કાયદેસર ધણીઆણી છે. હકીકત એમ હતી કે વાદી પ્રતિવાદી ધણી ધણીઆણી તરીકે કદી ભેગાં રહ્યાં નહોતાં; તેમજ લગ્ન થયા બાદ ધણી ધણીઆણી તરીકે એક બીજાનો સંગ પણ થયો નહોતો.

કોર્ટે એવું ઠરાવ્યું કે:—સઘળી હકીકત જોતાં કાકાએ આપેલી રીતસરની કબુલાત, તથા બાપની મોઘમ કબુલાત ૩ જી કલમની શરતો પૂરી પાડવા માટે પૂરતી છે;

આ દાવાનો સમાસ પારસી લગ્ન અને તલાક બાબતના આક્ટ પ્રમાણે ખાસ કોર્ટને સોંપેલા દાવામાં થતો નથી, અને હાઇ કોર્ટની હેઠળ હોવાથી, હાઇ કોર્ટ તે સાંભળી શકે;

અસલના ચાલૂ રીત રીવાજો ધ્યાનમાં રાખી આ દાવો અંગ્રેજી કાયદા પ્રમાણે ચુકાવવો જોઇએ. અંગ્રેજી કાયદા પ્રમાણે આવી જાતનું લગ્ન અપૂર્ણ અને કાચું ગણાય છે, અને ગમે તે પક્ષકાર સમજણની ઊમરે આવ્યા બાદ, તે લગ્ન ના કબુલ કરી શકે છે; તેમજ બન્ને પક્ષકારોની સંમતિથી આવું લગ્ન સમજણની ઊમરે પહોંચ્યા પછી કાયદેસર તથા બંધનકારક પણ થઇ શકે;

લગ્નની સંમતિ સારૂ સંયોગ એ મોટામાં મોટી સાબિતી છે; પણ તે એકલીજ સાબિતી છે એમ નથી; તેથી સમજણની ઊમરમાં આવ્યા પછી વાદીએ સદરહૂ લગ્નનો સ્વીકાર માન્ય કર્યો, તથા કબુલ રાખ્યો, એમ મુકદ્દમાની કેફિયત ઊપરથી માલૂમ પડે છે, તે હકીકત વાદીની વિરૂદ્ધ જાય છે. લગ્ન, એ પ્રમાણે, કાયદેસર અને બંધનકારક થયું છે, અને હવે તે ના કબુલ થઇ શકે તેમ નથી.

દોરાબજી વિરૂદ્ધ જરબાઇ, ઇ. લૉ. રી. ૧૬ મુંબઇ. પાનુ ૧૩૬.

આ કેસમાં વાદી પ્રતિવાદી બન્ને પારસી હતાં. સને ૧૮૯૧ ના એપ્રિલ મહિનામાં વાદીએ દાવો કર્યો, કે સને ૧૮૮૫ ના માર્ચ માસમાં તેની અને પ્રતિવાદીની વચ્ચે બિરાર એસાઇન્ડ ડિસ્ટ્રિક્ટમાં આવેલા આકોલા ગામમાં આશીર્વાદની ક્રિયા થઇ હતી; પણ તે વખતે તેની ઊમર ૧૯ વર્ષની હતી, તેમજ તેની માએ તેના વાલી તરીકે એ ક્રિયામાં પ્રથમની પોતાની પરવાનગી આપી નહોતી, અને તે ક્રિયા થતી વખતે તે હાજર પણ નહોતી. ત્યારપછી વાદી પ્રતિવાદી ભુસાવલમાં તારીખ ૮ મી એપ્રિલ સને ૧૮૮૫ સુધી ભેગાં રહ્યાં હતાં; પણ ત્યારબાદ તે (વાદી) પ્રતિવાદી સાથે રહ્યો નથી. વળી પ્રતિવાદીએ વ્યભિચાર કર્યો છે એવું જણાવી, વાદીએ દાદ માંગી કે આશીર્વાદની ક્રિયાથી કાયદેસર લગ્ન થયું નહોતું, એમ જરૂર જણાય તો ઠરાવવું; પરંતુ જો એમ જણાય કે આ લગ્ન કાયદેસર થયલું હતું, તો વાદીએ અરજ કરી હતી કે એ લગ્ન નામંજૂર કરી તોડી નંખાવવા હુકમ કરવો.

૩ જી કલમમાં જણાવેલી સઘળી શરતો પરિપૂર્ણ કર્યાનું રૂલીગેટોને માલૂમ પડવાથી, તેઓએ ઠરાવ્યું કેઃ—બિરાર ડિસ્ટ્રિક્ટમાં પારસીઓમાં લગ્ન કાયદેસર ઠરાવવાની બાબતમાં કાંઇપણ ખાસ રીવાજ અથવા કાયદો નથી, અથવા એવો કાંઇ ખાસ કાયદો કે રીવાજ હતો એમ કબુલ કરીએ તોપણ, વાદી પ્રતિવાદી વચ્ચેનું લગ્ન કલમ ૩ જી મુજબ થયલું હોવાથી, છૂટા છેડા કરાવી શકાય એવું તે લગ્ન હતું.

શીરીનબાઇ વિરૂદ્ધ ખરશેદજી, ઇ. લૉ. રી. ૨૨ મુંબાઇ. પાનું ૩૪૦.

એક પારસણ પોતે માત્ર ૩ વર્ષની હતી, તે વખતે થયેલી તેનાં લગ્નની ક્રિયા રદ બાતલ કરાવવા માટે, ૨૧ વર્ષની ઊમરે પહોંચ્યા પછી ૩ વર્ષની અંદર, ફરિયાદ લાવી શકે. ૨૧ વર્ષની થાય ત્યારે તે ઊમરમાં આવેલી ગણાય છે.

એવી રીતે માત્ર ૩ વર્ષની હતી ત્યારે તેનાં લગ્નની ક્રિયા થયેલી હોવાથી, તેની અને તેના ધણીની વચ્ચે ધણી ધણીઆણીનો સંબંધ ઊત્પન્ન થયો નહોતો એમ ઠરાવવા માટે, એક પારસણે ૨૧ વર્ષની ઊમરે પહોંચ્યા પછી ૩ વર્ષની અંદર, ભરૂચના સબ જડજની કોર્ટમાં દાવો કર્યો. તેણે જણાવ્યું કે તે પ્રતિવાદીની સ્ત્રી તરીકે કદી તેના ભેગી રહેલી નહોતી.

પારસીઓમાં બાળ લગ્નનો રીવાજ સારીરીતે સ્થાપિત અને સાબિત થયલો હોઇને, સબ જડજની કોર્ટે તે લગ્ન કાયદેસર અને બંધનકારક ઠરાવ્યું.

સને ૧૮૬૯ માં જ્યારે આ લગ્ન થયું, તે વખતે બાળલગ્ન કરવાનો રીવાજ સાધારણ અને બંધનકારક છે એમ કબુલ રાખવામાં આવ્યું હતું, એવું જણાવી અપીલ કોર્ટે નીચેની કોર્ટનો ઠરાવ બહાલ રાખ્યો.

હાઇકોર્ટે, બીજી અપીલમાં **પેસોતમ વિરૂદ્ધ મેહેરબાઇ** (ઇં. લો. રી. ૧૩ મુંબઇ, પાનુ ૩૦૨.) ના કેસમાં જણાવેલા અભિપ્રાયને મળતા આવી એમ ઠરાવ્યું કે, ઝોરોસ્ટ્રીઅન શાસ્ત્ર બાળ લગ્ન કરવાનો ઇરાદો દેખાડતું નથી; પરંતુ આવી જાતના લગ્નોને કાયદેસર ગણવાનો રીવાજ હિંદુસ્તાનના પારસીઓમાં ચાલે છે એમ નીચેની કોર્ટોના જોવામાં આવ્યું છે; અને એવો રીવાજ સને ૧૮૬૯ ની સાલમાં ચાલૂ હતો, તેથી આ રીવાજની હયાતી પુરાવાથી સાબિત થાય છે કે કેમ તે બાબતમાં સ્વતંત્ર ઠરાવ બીજી અપીલમાં કરી શકાય એમ નથી.

મજકૂર કેસમાં ૪૩૬ માં પાના ઊપર એવું જણાવ્યું છે કે:—
"ઇંડિયન મેજોરીટી આક્ટ [સન ૧૮૭૫ નો ૯ મો] ની ૩ જી કલમ પ્રમાણે બ્રિટીશ ઇંડિયામાં રહેનાર દરેક માણસ ૧૮ મું વર્ષ પુરૂં કરે ત્યારે પુખ્ત એટલે પાકી ઊમરનો ગણાય છે; પણ લગ્ન, છૂટા છેડા, વીગેરે બાબતોમાં કોઇ માણસની લાયકાતને આ આક્ટ લાગુ પડતો નથી. છૂટા છેડા માટે દાવો કરનાર પારસી "લગ્નની બાબતમાં કામ કરનાર" ગણાય છે; અને તેટલા કારણથી સને ૧૮૭૫ નો મેજોરીટી આક્ટ આવા દાવા માટે મુદતના સવાલને લાગુ પડતો નથી; અને આવા કેસમાં, પારસી લગ્ન અને તલાક બાબતના આક્ટ પ્રમાણે ૨૧ વર્ષ પૂરાં થયે પુખ્ત ઊમર ગણાય."

"એક પારસી લગ્નનો કરાર કેટલી ઊમરે કરી શકે તે બાબતમાં સને ૧૮૬૫ ના ૧૫ માં આક્ટમાં કાંઇ ઠરાવેલું નથી, જો કે તેની ૩૭ મી કલમમાં કાયદાકારો ગર્ભિત રીતે પારસીમાં ૧૪ વર્ષની ઊમરની અંદરની છોકરીના, અને ૧૬ વર્ષની ઊમરની અંદરના છોકરાના, લગ્નનું કાયદેસરપણું માન્ય રાખે છે તોપણ, કાયદેસર રીતે પારસીઓમાં લગ્ન કેટલી ઊમરે કરી શકાય તે વિષે તેમાં કાંઇ ગોઠવણ રાખેલી નથી. જે પ્રમાણે આવી બાબતને ઇગ્લાંડનો લગ્ન સંબંધીનો

આકટ ઈંગ્લાંડના "કૉમનલૉ" ને સોંપી દે છે, તેવીજ રીતે આ બાબતો પારસીઓને લાગુ પડતા સામાન્ય કાયદાને સોંપી દેવામાં આવેલી છે. હવે **અરદેશર વિરૂદ્ધ પીરોજબાઇ** [૬ મુર્સ ઇંડિયન અપીલ. પાનું ૩૪૮] ના કેસમાં નામદાર પ્રિવિ કાઊન્સિલે એમ સ્વીકારેલું છે કે, પારસીઓમાં લગ્નનું કાયદેસરપણું ઈંગ્લાંડના કાયદાથી નહીં, પણ પારસીઓના કાયદાથી નક્કી કરવું જોઇએ. માજી સુપ્રીમ કોર્ટની ધર્મ સંબંધી હકુમત નીચેના એક કેસમાં પ્રથમ આવો અભિપ્રાય દર્શાવવામાં આવેલો હતો; પરંતુ તે અભિપ્રાય સામાન્ય પ્રકારનો છે, અને ઇલાકાના શહેરની હદ બહાર તે તેથી પણ વધારે મજબૂતીથી લાગુ પડે છે. ઇલાકાના શહેરની હદ બહાર જીલ્લામાં સને ૧૮૨૭ ના રેગ્યુલેશન મુજબ, કોઇ બાબતમાં આકટો અને રેગ્યુલેશનોને લાગુ પાડવાનો કાયદો, જે જગોએ દાવો ઊત્પન્ન થતો હોય તે દેશમાં ચાલતો રીવાજ છે; જો એ પ્રમાણે કોઇ રીવાજ માલૂમ પડે નહીં, તો પ્રતિવાદીનો કાયદો લાગુ પાડવો જોઇએ; અને કોઇ પ્રકારના ખાસ કાયદા અને રીવાજને અભાવે ફક્ત ન્યાય, ઇનસાફ, અને સુબુદ્ધિ ઊપરજ આધાર રાખવો જોઇએ."

વળી મજકૂર **શીરીનબાઇ વિરૂદ્ધ ખરશેદજી** વાળા મુકદમાનાં પાનાં ૪૩૫ અને ૪૩૬ ઊપર એમ જણાવ્યું છે કે:—

"પારસી લગ્ન અને તલાક બાબતનો સને **૧૮૬૫** નો ૧૫ મો આકટ જ્યારે અમલમાં આવ્યો ત્યારે ઇલાકાના શહેરોમાં પારસીઓને માટે પુખ્ત ઊમર **૨૧** વર્ષની હતી, કારણ કે તે બાબતમાં તેઓને ઈંગ્લાંડનો કાયદો લાગુ પડતો હતો.—(**પેસ્તનજી વિરૂદ્ધ મેહેરબાઇ,** ઈ. લૉ. રી. ૧૩ મુંબઇ, પાનું ૩૦૫; **નવરોજી વિરૂદ્ધ રોજર્સ,** ૪ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ. પાનું ૧.) પારસીઓમાં પુખ્ત ઊમરની બાબતમાં બહાર જીલ્લામાં જુદો કાયદો ચાલૂ હતો, એમ દર્શાવવાને કાંઇ પુરાવો નથી. કાયદાકારોએ સને ૧૮૬૫ ના ૧૫ માં આકટમાં પારસીઓને માટે પુખ્ત ઊમર ૨૧ વર્ષની ઠરાવી છે, અને ૩ જી કલમમાં એમ જણાવ્યું છે કે, જો કોઇ પારસી ૨૧ વર્ષની ઊમરનો થયો ન હોય, અને એવાં લગ્નની બાબતમાં સ્ત્રી અથવા પુરૂષનાં બાપની પ્રથમ અનુમતિ મેળવ્યા સિવાય જો કોઇ લગ્ન આ આકટ અમલમાં આવ્યા પછી કરવામાં આવ્યું હોય, તો તે લગ્ન કાયદેસર ગણાશે નહીં

તે આક્ટના પરિશિષ્ટ ઊપરથી માલૂમ પડે છે કે, સગીરની ઊમરની હદ્દ દર્શાવવા તે આક્ટની ૩ જી કલમમાં ૨૧ વર્ષની ઊમર જણાવેલી છે. તેથી કરીને તે આક્ટના કાર્યપરત્વે એમ ગણવું જોઇએ કે, પારસીઓમાં ૨૧ વર્ષની ઊમર થાય ત્યાંસુધી સગીર અવસ્થા બંધ પડતી નથી; અને **સોરાબજી વિરૂદ્ધ બચુબાઈ**. ઇ. લૉ. રી. ૧૮ મુંબઇ. પાનું ૩૬૬ માં એ પ્રમાણેજ ઠરાવવામાં આવ્યું હતું. તે ઊપરથી કોર્ટે ઠરાવ્યું કેઃ—હાલનો દાવો પારસી લગ્ન અને તલાક બાબતના આક્ટની શરતો મુજબ લાવવામાં આવ્યો નથી, કારણ કે તેમાં હાલના જેવા કેસની બાબત માટે (કદાચ સરત ચુકથી) કાંઇપણ બંદોબસ્ત કરેલો નથી,—જે કેસમાં એમ જણાવવામાં આવે છે કે લગ્નના રૂપે લગ્ન છે તોપણ તેમાં કલમ ૩ જી માં જણાવેલી બાપ અથવા વાલીની પરવાનગી નથી,—માટે કાયદા મુજબ તે ગેરકાયદે છે. **(પેસોતમ વિરૂદ્ધ મેહેરબાઇ.)** કોર્ટે વધુ જણાવ્યું કે, આવા પ્રકારના બીજા કેસો ચૂકવવા માટે કાયદાકારોએ જે ખાસ પારસી કોર્ટ સ્થાપી છે, તેની રૂબરૂ આના જેવા કેસ ચલાવી શયાય નહીં, તે દિલગિરીની વાતછે."

પારસી અન્જુમન ફંડો અને મિલકતોના ટ્રસ્ટીઓ સામેનો સર દીનશાહ વિરૂદ્ધ સર જમસેદજી વાળો મુકદમો.

સર દીનશાહ વિરૂદ્ધ સર જમશેદજીવાળો મુકદ્દમો નીચે જણાવેલા સંજોગો ઊપરથી ઊભો થયો હતો. વાદીઓ માંહેના એક વાદી મી૦ આર. ડી. તાતાએ પૅરિસ શહેરમાં સને ૧૯૦૩ માં એક ફ્રેંચ બાઇ સાથે લગ્ન કર્યા. ત્યારપછી તેઓ મુંબઇ આવ્યાં, અને તે બાઇની નવજોત દસ્તુર કેખુશરૂ જામાસ્પજી પાસે કરાવી, જરથોસ્તી ધર્મમાં તેને દાખલ કરી. ત્યારબાદ પારસી રીવાજ મુજબ લગ્ન ક્રિયા કરાવી મી૦ તાતા તેની સાથે પરણ્યા. તે પછી તે પારસણ થઇ છે, અને જરથોસ્તી મઝહબ પાળે છે, તે કારણસર તેને પારસીઓના ધર્માદા અને સખાવતના ફંડો તથા ખાતાંઓનો લાભ મળવો જોઇએ; તેમજ આતશ બહેરામ, અગીઆરી અને દરેમેહેરમાં જવાનો અને પોતાના મોત પછી દોખમામાં પડવાનો તેનો હક છે, એવા સવાલ નીકળ્યા. પારસી કોમમાં આ ઊપરથી ઘણી ચકચાર થઇ. અને એવું ઠરાવવામાં આવ્યું કે, મીસીસ તાતાને અન્જુમનના ફંડો તથા ખાતાંનો લાભ

મળી શકે નહીં; તેમજ તે આતશબહેરામ અગીઆરી કે દરેમહેરમાં પણ જઇ શકે નહીં; અને મરણ પછી તેને દોખમે પણ ચઢાવી શકાય નહીં. અન્જુમન ફંડના ટ્રસ્ટી સાહેબોએ સ્પષ્ટ જાહેરનામા બહાર પાડયાં, અને તેઓ અને મી૦ તાતાના સોલિસિટરો વચ્ચે પત્ર વ્યવહાર ચાલ્યા બાદ, સને ૧૯૦૬ માં મુંબઇની હાઇકોર્ટમાં ફરિયાદી દાખલ કરવામાં આવી.

આ મુકદ્દમામાં પહેલો સવાલ એ હતો કે, પારસી પંચાયત ફંડો અને મિલ્કતો જે પ્રતિવાદીઓના હવાલામાં છે, અને જેનો તેઓ વહીવટ કરે છે, તેના તેઓ કાયદેસર નીમાયલા ટ્રસ્ટીઓ છે કે કેમ? અને પોતાના પછી પોતાના વારસને ટ્રસ્ટી તરીકે નીમવાની તેઓને સત્તા છે કે કેમ? તે ઉપર કોર્ટે ઠરાવ્યું કે:—પ્રતિવાદીઓ કાયદેસર નીમાયલા ટ્રસ્ટીઓ નથી; તેમજ પોતાની પાછળ પોતાના વારસને ટ્રસ્ટી નીમવાની સત્તા પણ તેઓને નથી; અને નવા ટ્રસ્ટીઓ નીમવા સંબંધી એક યોજના તૈયાર કરવા હુકમ ફરમાવવામાં આવ્યો.

બીજો સવાલ એ હતો કે કોઇ જુદદીન (બીજા ધર્મમાં જન્મેલો માણસ) ને પાછળથી વટલાવી જરથોસ્તી દીનમાં દાખલ કરવામાં આવે, તો તેવો વટલેલ પ્રતિવાદીઓના હવાલામાં અને અમલમાંના પારસી પંચાયતના ધર્માદા ફંડો અને મિલ્કતોનો લાભ મેળવી શકે કે કેમ? આ સવાલ ઉપર કોર્ટે જણાવ્યું કે, તેવો જરથોસ્તી દીનમાં વટલેલ જુદદીન એ ફંડો અને મિલ્કતનો લાભ લઇ શકે નહીં.

નામદાર જડજ મી૦ દાવરે એમ ઠરાવ્યું કે:—"જો કે જરથોસ્તીઓમાં જુદદીનોને વટલાવવા માટે કશી મનાઇ નથી, તોપણ હિંદુસ્તાનની જરથોસ્તી કોમોમાં એવી રીતે વટલાવવાના કિસ્સા મુદ્દલ બનેલા જણાતા નથી. અને જુદદીનોને વટલાવવાનો રીવાજ કે રીત તેઓમાં હતી નહીં; એટલુંજ નહીં પણ હિંદુસ્તાનની જરથોસ્તી કોમોમાં જુદદીનોને વટલાવવાની કદી પણ કોશિશ થઇ નથી; તેમ તેવા કાર્યને કોઇપણ વખત જરાએ ઉત્તેજન અપાયું નથી, અને વળી એવું કાર્ય કરવા પરવાનગી પણ આપવામાં આવી નથી."

"એક તદનજ જુદદીનને, સઘળી શરતો પાળી, અને સઘળી અગત્યની અને જરૂરની ક્રિયાઓ કરાવી, જરથોસ્તી દીનમાં દાખલ કરવામાં આવે તોપણ, તે પારસી પંચાયતના ધર્માદા ફંડો અને મિલ્કતોનો લાભ લઇ શકે નહીં; કારણ કે તે ફંડો અને મિલ્કતો જેઓ પારસી

કોમના મેમ્બરો હોય તેઓનેજ માટે સ્થપાએલાં છે."

"જે પારસીઓ અસલ ઇરાનથી આવી વસેલા પરદેશીઓની ઓલાદથી ઉતરેલા હોય, અને જેઓ જરથોસ્તી માબાપના ફરજંદો હોય, અને જેઓ જરથોસ્તી ધર્મ પાળતા હોય તેઓનો; તથા ઇરાનથી હમેશને માટે અથવા થોડા વખતને માટે જરથોસ્તી ધર્મ પાળતા ઇરાનીઓ હિંદુસ્તાનમાં આવ્યા હોય તેઓનો; અને પારસી બાપના પેટના ફરજંદો કે જેઓને રીતસર ધર્મમાં લીધાં હોય તેઓનો; "પારસી કોમ" એ શબ્દોમાં સમાવેશ થાય છે. (સર દીનશાહ વિરૂદ્ધ સર જમશેદજી, ૧૧ મુંબઇ લૉ રીપોર્ટર, પાનુ ૮૬.)

મજકૂર રીપોર્ટરના પાના ૧૨૯ ઉપર એમ જણાવ્યું છે કે:— "એક કોમમાં સારી રીતે સ્થાપિત થયેલા જુના ચાલતા રીવાજથી ધર્મના જે ફરમાનો ઉપયોગમાંથી નીકળી ગયાં હોય, અને જે ફરમાનો એવા રીવાજથી ઉલટા હોય, તેવા ફરમાનો એક બાજુ મૂકવા જોઇએ એમ પેસોતમ વિરૂદ્ધ મેહેરબાઇ, (ઇં. લૉ. રી. ૧૩ મુંબઇ. પાનું ૩૦૨) અને બાઇ શીરીનબાઇ વિરૂદ્ધ ખરશેદજી (ઇ. લૉ. રી. ૨૨ મુંબઇ. પાનું ૪૩૦) વાળા મુકદ્દમાઓ ઉપરથી સાબિત થાય છે."

"જો પક્ષકારો પારસી ન હોય, તો પારસી લગ્ન બાબતના આકટ પ્રમાણે કાંઇપણ સવાલ ઉઠતો નથી. એક પારસી, યાહુદી ધર્મમાં વટલી જઇ, લંડનમાં યાહુદી ધર્મક્રિયા પ્રમાણે એક યાહુદણ સાથે કાયદેસર લગ્ન કરી શકે છે," એમ જીવાજી વિરૂદ્ધ બમનજી (૫ મુંબઇ લૉ રીપોર્ટર. પાનું ૬૫૫.) વાળા કેસમાં ઠરાવવામાં આવ્યું છે.

પારસી લૉ એસોસિએશને ધર્મ સંબંધી એતકાદમાં, લગ્ન થયા પહેલાં અને લગ્ન થયા પછી, ફેરફાર થયાના સબબે તે લગ્ન રદ્દ બાતલ ગણવા અને રદ્દ બાતલ કરાવવા, આ ધારામાં બંદોબસ્ત કરવાની માંગણી કરી હતી. પણ તે બાબત ઉપર પૂરતો વિચાર કર્યા બાદ સિલેકટ કમિટીએ તેમ કરવા દુરસ્ત ધાર્યું નહોતું.

આ પછી સને ૧૮૭૨ માં નેટીવ કોન્વર્ટસ આકટ (૧૮૭૨નો ૩જો) પસાર કરવામાં આવ્યો. એ આકટની બીજી કલમ મુજબ કોઇપણ પારસી (જરથોસ્તી) ધર્મનો પુરૂષ યા સ્ત્રી, પારસી ન હોય તેવાની સાથે કાયદેસર લગ્ન કરી શકે નહીં; અને તેટલા માટે હિંદુસ્તાનમાં એક પારસી અને બીજું પારસી ન હોય, તેવાની વચ્ચે થયેલાં લગ્ન આ આકટ પ્રમાણે કાયદેસર ગણી શકાય નહીં.

(૩) ઓરત તથા ખાવંદની હયાતીમાં, તલાક મળ્યા વગર, બીજીવાર કાયદેસર લગ્ન થાય નહીં.

પહેલી ધણીઆણી અથવા ધણીની હયાતીમાં તલાક મળ્યા વગર, જો કોઇ પારસી અથવા પારસણ બીજીવાર લગ્ન કરે તો, હવેથી કાયદેસર ગણાશે નહીં; તથા તે પારસી અથવા પારસણ, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૪ મી અને ૪૯૫ મી કલમમાં ફરમાવેલી શિક્ષાને પાત્ર થશે.

"આ આકટ ચાલૂ થયા પછી કોઇ પારસીએ પોતાની ઓરતની હયાતીમાં, અથવા પારસણે પોતાના ખાવંદની હયાતીમાં, આ આકટમાં આગળ કહ્યા પ્રમાણે કોર્ટના ઠરાવથી તલાક મેળવ્યા વગર, લગ્ન કરવાં નહીં; અને આ કલમ વિરૂદ્ધ જે લગ્ન કરવામાં આવશે તે રદ્દ બાતલ છે એમ સમજવું." (કલમ ૪.)

"કોર્ટ" એટલે આ આકટ પ્રમાણે સ્થપાયેલી કોર્ટ. (કલમ ૨.)

"ઉપલી કલમ વિરૂદ્ધ જે પારસી કે પારસણ લગ્ન કરશે, તે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૪ મી અને ૪૯૫ મી કલમમાં, ખાવંદની અથવા ઓરતની હયાતીમાં બીજીવાર લગ્ન કરવાના અપરાધ બાબત, જે શિક્ષા ફરમાવી છે તે શિક્ષાને પાત્ર થશે." (કલમ ૫.)

"જો કોઈ અંધ્યારૂએ ૪ થી કલમ વિરૂદ્ધ અને તે કલમનો ભંગ કરીને લગ્ન કરાવ્યાં હશે એમ તેની ઉપર સાબિત થશે, તો તેને ઘણામાં ઘણા ૬ મહિના સુધીની આસાન કેદની શિક્ષા થશે, અથવા ઘણામાં ઘણા ૨૦૦ રૂપિઆ સુધી દંડ થશે, અથવા એ બન્ને શિક્ષા થશે." (કલમ ૯.)

સને ૧૮૬૫ ની પહેલાં, પારસી લોકોમાં પહેલી ઓરતની હયાતીમાં બીજીવાર લગ્ન કરવા સામે કાંઈ પણ અટકાવ કે અંકુશ નહોતો; અને એવાં બીજીવારનાં લગ્ન પારસી કોમમાં વારંવાર તથા બહુ થતાં હતાં; પણ હવે, એટલે આ આકટ ચાલૂ થયા પછી, જ્યાં સુધી ૨૭ મી અથવા ૨૮ મી કલમમાં કહ્યા મુજબ લગ્ન રદ્દ ઠરે નહીં, અથવા ૨૯મી કલમ પમાણે છૂટા છેડા મળ્યા ન હોય, અથવા ૩૨ મી કલમમાં ઠરાવ્યું છે તેમ તલાકનો હુકમ કાર્ટે કર્યો ન હોય, ત્યાં સુધી કોઈ પણ પારસી કે પારસણ પોતાની ધણીઆણી કે ધણીની હયાતીમાં કાયદેસર બીજીવાર પરણી શકશે નહીં. એવી રીતે બીજીવારનાં લગ્ન કાયદેસર અને ખરાં થવા માટે, ૪૩ મી કલમની શરતો પ્રમાણે પણ વર્તવું જોઈએ.

આ આક્ટ ચાલૂ થયો તે પહેલાં, ઓરત કે ખાવંદની હયાતીમાં બીજીવાર લગ્ન કરનાર (પારસી કે પારસણ), હાલમાં જેમ ગુન્હેગાર ગણાય છે, તેમ ગણાતો નહીં. (આવાંબાઇ વિરૂદ્ધ જમશેદજી, ૩ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ, પાનુ ૧૧૫.)

હયાત ઓરતપર બીજી ઓરત કરવા માટે અસલના વખતમાં પણ પારસી લોકના ધારા અને રીત રીવાજ પ્રમાણે મના હતી, એવી હકીકત મેરવાનજી નોશેરવાનજી વિરૂદ્ધ આવાંબાઇ (૨ બોરોદેલ મુંબઇ સદર દીવાની રીપોર્ટ, પાનું ૨૦૯.) વાળા મુકદમાં ઊપરથી સિદ્ધ થાય છે.

ઉપલા મુકદ્દમામાં એક પારસણે પોતાના ધણીથી છૂટા છેડા મળવા અથવા તો તે બીજી ઓરત પરણી લાવ્યો હતો તેને કાઢી મૂકવા દાદ માગી હતી.

બીજીવારનાં લગ્ન કરવાના એક પારસીના હક સંબંધીનો, અને એવાં લગ્નો કયા સંજોગ વચ્ચે રીતસર અને મંજૂર કરવા યોગ્ય ગણવા બાબતના, સવાલનો નિર્ણય કાવશજી રૂસ્તમજી વિરૂદ્ધ આવાંબાઇના મુકદ્દમામાં અપીલ કોર્ટે સને ૧૮૧૭ ના ડિસેમ્બર મહિનાની ૧૬ મી તારીખે કર્યો હતો. તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે સામાન્ય રીતે પૂરતાં કારણ વિના બીજી વારનાં લગ્નો કરવા દેવામાં આવતાં નથી; પરંતુ એવાં લગ્નો જો થઇ ગયાં હોય, તો તે તોડાવવામાં આવતાં નથી.

મજકૂર મેરવાનજી વિરૂદ્ધ આવાંબાઇ વાળા મુકદ્દમામાં આ બાબત પર ખુલાસા માટે કોર્ટે નીચે મુજબ સવાલ ઘડી, મોદી, દસ્તુર અને સુરતની પારસી અન્જુમનના આગેવાન ગૃહસ્થો ઉપર તેના જવાબ સારૂ મોકલ્યા હતા. "એક સ્ત્રી વૃદ્ધ અને વાંઝણી યાતો ઘેલી નહોતી, અથવા તો તેણે બદફેલીનો ગુન્હો કર્યો નહોતો, તેમ છતાં તેના ધણીએ તેની સંમતિ અથવા મોદી અને અન્જુમનની સંમતિ વિના તે સ્ત્રીને તજી દીધી હતી; અને ત્યારબાદ તે ધણી બીજી ઓરત લાવ્યો હતો. ઉપર કહેલાં કારણોમાંના કોઈપણ કારણસર બીજું લગ્ન કરવાની જરૂર ન હતી, માટે સવાલ એ છે કે પારસી કોમનાં રીત રીવાજ અને કાયદા કાનુન પ્રમાણે, એ ધણીને, તેની બીજી પરણેલી ઓરતને કાઢી મૂકવાની, અને તેને જુદા ઘરમાં રાખી ભરણ પોષણ કરવાની, ફરજ પાડી શકાય યા નહીં ?"

આ સવાલના જવાબમાં મોદી, દસ્તુર, અને અન્જુમનના આગેવાન ગૃહસ્થો તરફથી જણાવવામાં આવ્યું કે, "એવી બીજી ઓરતને તેના ધણીના ઘરમાંથી કાઢી મૂકવી એ વાજબી છે."

ઍપેલન્ટના બાપે મુચરકો આપ્યો હતો કે રિસ્પોનડેન્ટ સિવાય બીજી કોઈ સ્ત્રીની સાથે જો મારા દીકરાના લગ્ન હું કરાવું, અથવા કરવા પરવાનગી આપું, તો મારે ૫૦૦૦ રૂપિયા ગુન્હેગારી બદલ આપવા. સદરહૂ મુચરકો તોડવામાં આવ્યો હતો, તેથી મોદી, દસ્તુર અને અન્જુમનના આગેવાનોએ વધુ એમ જણાવ્યું કે "ઍપેલન્ટની ચાલ ચલણ કુદરતી અથવા તો દુનિયાદારીના ધોરણથી વિરૂદ્ધ હતી, અને તેની પહેલી ઓરત એટલે કે આ અપીલની રિસ્પોનડેન્ટને તેના ઘરમાં રાખવા, તેમજ ખોરાકી પોષાકી વિગેરે દરેક જરૂરી અને વાજબી ચીજો આપવા, અને તેની બીજી ઓરતને કાઢી મૂકવા ઍપેલન્ટને ફરજ પાડવી જોઇએ; એટલુંજ નહીં પણ જો તે બીજી ઓરતને કાઢી મૂકયા પછી, એમ માલૂમ પડે કે તે હજુ ખાનગી રીતે તેની સાથે વ્યવહાર રાખે છે, તો તેને સરકાર અને અન્જુમન તરફથી શિક્ષા થવી જોઇએ."

આ જવાબ પછી ઍપેલન્ટે કહ્યું કે મારી હકીકત મુજબની બીનાઓ હોય ત્યારે, ધણી બન્ને ઓરતને પોતાના ઘરમાં રાખી શકે એમ માજી અપીલ કોર્ટથી ઠરાવવામાં આવ્યું હતું. તે ઊપરથી સદર અદાલતે જણાવ્યું કે "મોદી, દસ્તુર અને ૩૧ આબરૂદાર ગૃહસ્થોએ ઉપલા જવાબ પર સહી કરી છે તેથી, કોમના રીત રીવાજ અને ધારાના ખુલાસા તરીકે તે જવાબ વાજબી અને ખરો લાગે છે; અને જો કે આ મુદ્દાના સવાલ ઊપર પારસી કોમ એકત્ર નહતી એમ માનવાને કારણ છે તોપણ, લાયક અધિકારી તરફથી આ જવાબ મંગાયેલો હોવાથી પૂછાયેલા સવાલનો એ જવાબ નિર્વિવાદ ગણાવો જોઇએ.

અસલ જજમેંટ ઉપર ઘટિત સુધારો થવા યોગ્ય કોર્ટ તરફ આ મુકદ્દમો મોકલતાં, એમ જાહેર કરવામાં આવ્યું કે, મુકદ્દમાની બારીક તપાસમાં ઊતરતાં જણાય છે કે ઘણા પારસીઓ સ્થાપિત રીવાજ વિરૂદ્ધ પોતાની પહેલી ઓરતને તજી દઇ બીજી (નવી) લાવવાનો તેમને હક છે એમ માની બેઠા છે, તે ઊપર સખત અંકુશ મુકવાની જરૂર છે. આવી અનીતિ ભરેલી રીત કોમમાં ઘણી ખરાબી કરે, અને

પરણેલી સ્થિતિને એબ લગાડે એવી છે, જેનો અટકાવ કરવાની કોર્ટની ફરજ છે, એમ જણાવી જીલ્લા જડજનો હુકમ બહાલ રાખતાં, યોગ્ય કોર્ટથી ૧૬ મી માર્ચ સને ૧૮૨૨ ના રોજ ઠરાવવામાં આવ્યું કે, પારસી અન્જુમનના જવાબને અનુસરીને અપેલન્ટે પોતાની બીજી ઓરતને કાઢી મૂકવી, અને તેની પહેલી ઓરતથી જુદી રાખવી.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૪ મી કલમ નીચે પ્રમાણે છેઃ—"જેનો વર અથવા જેની વહૂ હયાત હોય, તે જો પરણે, અને તે એવી રીતે કે તે વર અથવા વહૂની હયાતીમાં તે લગ્ન થયલું હોવાના સબબથી તે રદ ગણાય, તો તેને ૭ વર્ષની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ પાત્ર થશે."

અપવાદ.—"જે શખસનો વર અથવા વહૂ હયાત છે, પણ જેનું તેની સાથે થયલું લગ્ન કોઇ મુખ્તિયાર કોર્ટે રદ ઠરાવ્યું છે, તેને આ કલમ લાગુ પડતી નથી; અને જે શખસનું તે પાછળનું લગ્ન થતાં પહેલાં ૭ વર્ષની મુદ્દત સુધી નિરંતર તેનો વર અથવા વહૂ બહાર રહ્યો અથવા રહી હોય, અને દરમિયાનમાં તે શખસને તે વર અથવા વહૂ હયાત છે એવી ખબર મળી ન હોય, અને તે શખસ પોતાના આગલા વર અથવા વહૂની હયાતીમાં લગ્ન કરે, તેને પણ આ કલમ લાગુ પડતી નથી; પરંતુ જે શખસ એ પ્રમાણે પાછળનું લગ્ન કરે તેણે, જેની સાથે તે લગ્ન કરે તેને, તે લગ્ન થતાં પહેલાં, સર્વ બીના ખરેખરી પોતાના જાણ્યામાં હોય તેટલી જણાવવી જોઇએ."

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૫ મી કલમ નીચે પ્રમાણે છેઃ—"જેની સાથે પાછળનું લગ્ન કરવામાં આવે તેનાથી આગલાં લગ્નની વાત છૂપાવીને જે શખસ ઊપલી કલમમાં લખેલો ગુન્હો કરે, તેને ૧૦ વર્ષની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ પાત્ર થશે."

---

(૪) લગ્નોની સર્ટિફિકેટ તથા તેનાં રજીસ્ટર.

આ આકટની ૬ઠ્ઠી કલમથી તે ૧૪મી કલમ સુધીમાં પારસી લગ્નોને નોંધાવવાં એટલે સર્ટિફિકેટ તથા રજીસ્ટર બાબતનો બંદોબસ્ત (અંગ્રેજી કાયદાના નિયમો પ્રમાણે) કરવામાં આવ્યોછે.

લગ્ન નોંધાવવાં તે લગ્ન ક્રિયા કરનાર અંધ્યારૂને શિરછે. સર્ટિફિકેટ ઉપર તે અંધ્યારૂએ, તથા ધણી ધણીઆણીએ, અથવા તેઓ ૨૧ વર્ષની અંદરના હોય, તો તેઓના બાપ કે વાલીએ, તથા લગ્નની વખત હાજર રહેનાર બે સાક્ષીઓએ સહી કરવી જોઈએ. પછી તે અંધ્યારૂએ તે સર્ટિફિકેટ અને બે રૂપિઆ ફી રજીસ્ટ્રાર ઉપર મોકલવી. ઉપર લખ્યા પ્રમાણે અંધ્યારૂએ સર્વે કરવું, અને તેમ કરવામાં તેણે ગફલત કરી એમ તેની ઉપર સાબિત થાય, તો ૧૦ મી કલમ પ્રમાણે, તેને ઘણામાં ઘણા ૩ મહિના સુધીની આસાન કેદની શિક્ષા થશે, અથવા બન્ને શિક્ષા થશે.

જે જે બીજા માણસોએ લગ્નની સર્ટિફિકેટ ઉપર સહી અથવા શાહેદી કરવી જોઈએ, તે માણસે જાણી જોઇને તેમ કરવાની ગફલત કરી એવું તેની ઉપર સાબિત થશે, તો તેઓને એવા દરેક ગુન્હા બાબત ૧૦૦ રૂપિઆ સુધી દંડ થશે.

જો સર્ટિફિકેટમાં લખેલી બીના ખોટી હોય, અને તે બીના ખોટીછે એવું કોઈ માણસ જાણતો હોય, અથવા ખોટીછે એવું તેને લાગતું હોય, અથવા ખરીછે એવું તે જાણતો ન હોય, તેવી સર્ટિફિકેટ તે માણસ બનાવશે, અથવા તે ઉપર સહી અથવા શાહેદી કરશે, તો ખોટા દસ્તાવેજ બનાવવાનો તેણે ગુન્હો કર્યો એવું સમજવું; અને તે વાત તેની ઉપર સાબિત થશે, તો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬મી કલમ મુજબ તેને ૭ વર્ષ સુધીની સખત કેદની અને દંડની સજા થશે. (કલમ ૧૧, ૧૨.)

કલમ ૬ઠ્ઠી માં ઠરાવ્યું છે કેઃ—"આ આકટ ચાલૂ થયા પછી જે લગ્ન થાય તે લગ્ન થયા પછી લગ્ન કરાવનાર અંધ્યારૂએ તરતજ નીચે લખેલા નમૂના પ્રમાણે સર્ટિફિકેટ આપવી. તે ઉપર અંધ્યારૂએ, તથા ધણી ધણીઆણીએ, અથવા તેઓ ૨૧ વર્ષની પુખ્ત વયમાં નહીં આવેલાં હોય, તો તેઓના બાપે અથવા વાલીએ, અને લગ્ન થતી વખત હાજર રહેનાર બે સાક્ષીઓએ પોતાની સહી કરવી. અને પછી તે અંધ્યારૂએ તે સર્ટિફિકેટ અને બે રૂપિઆ ફી (એટલે દસ્તુરી) જે ઠેકાણે લગ્ન થયાં હોય તે ઠેકાણાના રજિસ્ટ્રારને મોકલવી. પણ તે દસ્તુરી વરે આપવી. રજિસ્ટ્રારે તે સર્ટિફિકેટ તથા ફી આવ્યા પછી, સર્ટિફિકેટો નોંધવા સારૂ એક રજીસ્ટર એટલે નોંધ રાખી હોય તેમાં, તે સર્ટિફિકેટ નોંધીને, ફી પોતે લેવી."

સર્ટિફિકેટનો નમૂનો.

લગ્ન થવાનો દિવસ તથા ઠેકાણું.	ધણી તથા ઓરતનાં નામ.	લગ્ન સમયની હાલત.	ધંધો અથવા પેશો.	ઉમર.	રહેવાનું ઠેકાણું.	બાપ અથવા વાલીનાં નામ.	ધંધો અથવા પેશો.	લગ્ન કરાવનાર (સંધાવનારા અથવા આશીર્વાદ દેનારા) બંન્નેવારની સહી.	શાહેદોની સહી.	ધણી તથા ઓરત સગીર હોય તો એમની અથવા વાલીની સહી.

રજિસ્ટ્રારની નીમણોક વિષે ૭ મી કલમમાં જણાવ્યું છે કે:—"હાઇકોર્ટની અસલ દીવાની હકૂમતની સ્થાનિક હદમાં તે કોર્ટના ચીફ જસ્ટિસ, રજિસ્ટ્રાર નીમી શકશે. અને તે હદની બહાર સ્થાનિક સરકાર રજિસ્ટ્રાર નીમી શકશે. એ પ્રમાણે નીમેલા રજિસ્ટ્રારને બરતરફ કરવાનો અધિકાર તેને નીમનાર ચીફ જસ્ટિસને અથવા સ્થાનિક સરકારને છે."

બ્રિટિશ ઇંડિયાના જે ભાગમાં આ આકટ ચાલૂ થશે તે ભાગમાં સ્થાનિક સરકાર "એટલે હિંદુસ્તાનના તેવા ભાગમાં હકૂમત કરવાનો અધિકાર જે માણસને આપ્યો હોય તે માણસ, અથવા તેવા ભાગ ઇંડિયાના ગવર્નર જનરલ ઈન કાઊન્સિલના પ્રત્યક્ષ તાબામાં હોય અને ત્યાંનો રાજ કારભાર ચલાવનાર મુખ્ય અમલદારને, આ આકટ પ્રમાણે જે અધિકાર સ્થાનિક સરકારને આપ્યો છે તે અધિકાર ચલાવવાની મુખ્તિયારી આપી હોય ત્યારે તે અમલદાર સમજવો. (કલમ ૨.)

"હાઈકોર્ટ" એટલે સદરહૂ ભાગમાં અપીલની મુખ્ય દીવાની કોર્ટ હોય તે કોર્ટ સમજવી. (કલમ ૨.)

"ચીફ જસ્ટિસ" આ શબ્દોમાં સીનિયર જડજનો સમાવેશ થાય છે એમ સમજવું. (કલમ ૭.)

લગ્નની નોંધ (રજિસ્ટર) યોગ્ય વખતે સર્વે કોઈને જોવા દેવા સારૂ ખુલ્લી રાખવી; અને તે નોંધના દરેક ઇન્તેખાબ દીઠ બે રૂપિયા દસ્તુરી આપીને જે ધણી ઇન્તેખાબ માંગે તે ધણીને તે રજિસ્ટારે પોતાની સહી સાથે ઇન્તેખાબ આપવો. ઊપર કહેલા દરેક રજિસ્ટ્રારે જે વિગતવાર બીના લખી હશે તે બીનાના ખરાપણા બાબત તે નોંધ પુરાવો છે એવું સમજવું. (કલમ ૮.)

જન્મ, મરણ, અને લગ્ન માટે નીમાયેલા રજિસ્ટ્રાર જનરલ ઊપર લગ્નના રજિસ્ટરમાં દાખલ થયેલી બધી સર્ટિફિકેટોની ખરી નકલો, ગવર્નર જનરલ વખતો વખત ફરમાવે તેવા ફૉર્મમાં, મોકલવા બાબત કલમ ૮અ માં ઠરાવેલું છે.

જો રજિસ્ટ્રાર ૬ ઠ્ઠી કલમ પ્રમાણે સર્ટિફિકેટ નોંધવાને ચૂકશે, તો તેને ઘણામાં ઘણા ૧ વર્ષ સુધી આસાન કેદની શિક્ષા થશે, અથવા ૧૦૦૦ રૂપિયા સુધી દંડ થશે, અથવા એ બન્ને શિક્ષા થશે; તેમ વળી રજિસ્ટ્રાર રજિસ્ટરનો કાંઈ ભાગ છૂપાવશે, અથવા તેનો નાશ કરશે, અથવા બદ દયાનતથી કે કપટથી તેમાં ફેરફાર કરશે, તો તેને ઘણામાં ઘણા ૫ વર્ષ સુધીની હરકોઇ એક પ્રકારની કેદની શિક્ષા થશે, અને તે ૫૦૦ રૂપિયા સુધી દંડને પણ પાત્ર થશે.

જો આવી રીતે રજિસ્ટરનો કાંઇ ભાગ છૂપાવનાર, અથવા તેનો નાશ કરનાર, અથવા તેમાં ફેરફાર કરનાર કોઇ બીજો માણસ હશે, તો તેને હરકોઇ એક પ્રકારની શિક્ષા ઘણામાં ઘણા ૨ વર્ષ સુધીની થશે. (કલમ ૧૩, ૧૪.)

૨. પારસી મૅટ્રિમોનિયલ કોર્ટો બાબત.

પારસી લોકોનાં લગ્ન બાબતના મુકદ્દમા સાંભળવા માટે ખાસ કોર્ટો સ્થપાયેલી છે; તેમાં પ્રતિનિધિઓ (ડેલીગેટો)ની સાથે મળીને ચૂકાદા અપાય છે, તે વિષેનો ૧૫ મી થી ૨૬ મી કલમ સુધીમાં બંદોબસ્ત કરેલો છે.

ઇરાનથી આવી હિંદુસ્તાનમાં આશ્રય મેળવ્યા પછી ઘણી લાંબી મુદ્દતે પારસીઓ ઠરી ઠામ પડયા. સંસારી અને ધર્મને લગતા સવાલોના ચૂકાદા તેઓની પંચાયતથી થતા હતા. આ એક હિંદુ રીવાજ, બીજા રીવાજોની માફક હિંદુઓ સાથે રહેવા વસવાથી, પારસીઓએ પોતામાં દાખલ કર્યો હતો. પારસી પંચાયત ખાતું એ કોમના જાણીતા અને શ્રીમંત અકાબરોનું બનેલું હતું.

ઘરગતુ ખાનગી બાબતો વધારે ઉઘાડી ન પડે, તેટલા માટે લગ્ન અને તલાકને લગતા કજીઆ ટંટા, અને સંસારી મુકદ્દમા, તેઓની પંચાયત પાસે ચલાવવા દેવા, તથા પંચાયતે કરેલા ચૂકાદા ઊપર નારાજ થાય તો, તેઓને હાઇકોર્ટ, અપીલ કોર્ટ તરીકે મદદ કરે, એવી પારસી લોકોની ખાયશ તથા ઇચ્છા છે, એમ પારસી લૉ કમિશને જણાવ્યું હતું.

એક ખાનગી, બીન કાયદેસર, બીન જોખમદાર, અને એવો હોદ્દો ભોગવવા માટે કાંઇ ખાસ લાયકાત નહીં ધરાવનારી પંચાયતને બદલે નામદાર સરકારે મૅટ્રિમોનિયલ કોર્ટો સ્થાપી, પારસીઓના સંસારી મુકદ્દમાનો એવી ખાસ કોર્ટોથી તપાસ કરવાનો હક પારસી કોમને આપી તેઓ ઊપર મોટી નવાજેશ કરી છે.

પારસી મૅટ્રિમોનિયલ કોર્ટો પંચાયતના કરતાં વધારે લાભકારક અને ઊપયોગી અદાલતો થઇ પડી છે. ધારાના અગત્યના તથા જોખમ ભરેલા સવાલો તપાસવા, તથા તે ઊપર ચૂકાદા આપવા, યોગ્ય અને અનુભવી જડ્જો ન્યાયાસન ઉપર બીરાજે છે. વળી ખર્ચની બાબતમાં આ ખાસ કોર્ટોથી ફરિયાદી કરનારને ઘણો ફાયદો થાય છે.

કલકત્તા, મદ્રાસ, અને **મુંબઇ** ઇલાકાના શહેરોમાં **પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટો** સ્થપાઇ છે; અને ઇલાકાનાં શહેરો સિવાય સ્થાનિક સરકારે, પોતાના તાબાના મુલકમાં, પોતાની નજરમાં આવે તેવી બીજે સ્થળે પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટો સ્થાપી છે.

કલકતા, મદ્રાસ અને મુંબઇની ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટોમાં, હાઇ કોર્ટોના ચીફ જસ્ટિસ અથવા બીજા જડજ નીમાય, તે જડજ મુકદ્દમા ચલાવવાનું કામ કરે છે; અને મુકદ્દમાનો ઇનસાફ કરવામાં તેને ૧૧ પ્રતિનિધિઓ (ડેલીગેટો) મદદ કરે છે; તેમ ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટોમાં ડિસ્ટ્રિક્ટ જડજ ૭ પ્રતિનિધિઓ (ડેલીગેટો) ની મદદથી મુકદ્દમા ચૂકવે છે.

(૧) પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટ.

દરેક ઇલાકાના મુખ્ય શહેરમાં સ્થાપેલી કોર્ટને કલકત્તાની, મદ્રાસની અથવા મુંબઇની પારસી લોકોના લગ્ન બાબતના મુકદ્દમાની મુખ્ય કોર્ટ કહેવી. તેવી મુખ્ય કોર્ટની હકૂમતની સ્થાનિક હદ, હાઇકોર્ટની અસલ દીવાની હકૂમતની જે હદ છે તેજ સમજવી. હાઇકોર્ટના વડા જડજે, અથવા તે કોર્ટના બીજા જડજને વખતો વખત નીમે તે બીજા જડજે, તેવી મુખ્ય કોર્ટમાં જડજનું કામ ચલાવવું, અને આ આકટ પ્રમાણે મુકદ્દમાનો ઇનસાફ કરવામાં તેને ૧૧ પ્રતિનિધિઓ (ડેલીગેટો) ની મદદ મળશે. (કલમ ૧૬.)

સને ૧૮૬૫ ના મુંબઇ સરકારી ગેઝેટમાં તારીખ ૩૦ મી ઑગસ્ટ ૧૮૬૫ ની જાહેરખબરથી પ્રસિદ્ધ થયું છે કે:—ઇલાકાના શહેર મુંબઇમાં, સને ૧૮૬૫ ના ૧૫ મા આકટની કલમ ૧૫ મી મુજબ પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટ સ્થપાઇ છે; અને મજકૂર આકટની કલમ ૧૮ મી મુજબ સુરત અને પુના શહેરમાં પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટો સ્થપાઇ છે.

સુરતની પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટની હકૂમતની સ્થાનિક હદમાં સુરત જીલ્લો અને અમદાવાદ સમાયેલાં છે. અને પુનાની પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટની હકૂમતની સ્થાનિક હદમાં પુના જીલ્લો, અહમદનગર જીલ્લો, સતારા જીલ્લો, અને કલાદગી (હાલનો સોલાપુર–બીજાપુર) જીલ્લો, સમાયેલાં છે.

સને ૧૮૬૫ ના ૧૫ મા આકટ માટે રજિસ્ટ્રાર તરીકે કામ ચલાવવા માટે સુરત અને પુનાના ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રારોને નીમ્યા છે.

(૨) પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમૉનિયલ કોર્ટ.

ઈલાકાના મુખ્ય શહેરો સિવાય બીજે ઠેકાણે જે કોર્ટો સ્થાપી હોય, તે કોર્ટને તે ઠેકાણાની પારસી લોકોના લગ્ન બાબતના મુકદ્દમાની જીલ્લા કોર્ટ કહેવી; અને એ પ્રકારની કોર્ટની હકૂમતની સ્થાનિક હદ, જે જીલ્લામાં તે કોર્ટ ભરાતી હોય, તે જીલ્લાની જે હદ છે તેજ સમજવી. સદરહૂ ઠેકાણે અસલ દીવાની હકૂમતવાળી મુખ્ય કોર્ટનો જે જડજ હોય તેજ જીલ્લાના લગ્ન બાબતનાં મુકદ્દમાની કોર્ટનો જડજ છે એવું સમજવું; અને આ આકટ પ્રમાણે મુકદ્દમાનો ઇનસાફ કરવામાં તેને ૭ પ્રતિનિધિઓ (ડેલીગેટો) ની મદદ મળશે. (કલમ ૧૭.)

સને ૧૮૬૫ના મુંબઇ સરકારી ગેઝેટમાં તારીખ ૧ લી જુલાઇ સને ૧૮૬૫ની જાહેરખબરથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે કે:— સને ૧૮૬૫ ના ૧૫ મા આકટની કલમ ૧૭ મીની રૂએ સિંધ પ્રાંત માટે પારસી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટ તરીકે કરાંચીની ડિસ્ટ્રિક્ટ કોર્ટને ઠરાવી છે. તે કોર્ટની હકૂમતની સ્થાનિક હદ સિંધ પ્રાંતની તેવી હદ જેટલી ગણાશે; અને સિંધમાં પારસી લગ્નના રજિસ્ટ્રાર તરીકે ત્યાંના ડેપ્યુટી રજિસ્ટ્રારને નીમ્યો છે.

(૩). ડેલીગેટોની નીમણોક.

પ્રતિનિધિ (ડેલીગેટો) તરીકે પારસીઓનેજ લેવામાં આવે છે. સ્થાનિક સરકાર તેઓની નીમણોક કરે છે. ઇલાકાના શહેરોમાં તેઓની સંખ્યા ૩૦ કરતાં વધારે હોતી નથી, અને જીલ્લામાં ૨૦ કરતાં વધારે હોતી નથી. એવી રીતે નીમાયેલા ડેલીગેટોમાંથી મુકદ્દમાનો ઇનસાફ કરવાનાં કામમાં જડજને મદદ કરવા સારૂ તેઓને, કોર્ટમાં સર નશીનની જગાએ બેસનાર જડજના હુકમ મુજબ, વારા ફરતી પસંદ કરવામાં આવે છે. અને તેઓની નીમણોક તેમની હયાતી સુધીની છે. (કલમ ૨૧, ૨૪.) એ પ્રતિનિધિઓ (ડેલીગેટો) નાં નામ સરકારી ગેઝેટમાં છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જ્યારે કોઇ ડેલીગેટ મરણ પામે, અથવા પોતાનો હોદ્દો મૂકી દેવાની તેની ઇચ્છા હોય, અથવા કામ કરવાની તે ના કહે, અથવા અશક્ત અથવા નાલાયક થાય, અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે કે બીજા કોઇ ચાલૂ કાયદા પ્રમાણે તેની ઊપર કંઇ ગુન્હો

સાબિત થાય, ત્યારે તેની જગ્યાએ બીજા કોઇ પારસીને ડેલીગેટ નીમવાનો અધિકાર સ્થાનિક સરકારને છે; અને એ પ્રમાણે નીમેલા માણસનું નામ સરકારી ગેઝેટમાં છપાવીને પ્રસિદ્ધ કરવું. (કલમ ૨૨.)

આ આક્ટ પ્રમાણે નીમેલા સઘળા પ્રતિનિધિઓ (ડેલીગેટો) ને હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે પબ્લિક સર્વન્ટ (સરકારી નોકર) ગણવા. (કલમ ૨૩.)

(૪) મુકદ્દમા ચલાવવા બાબત.

બંધ બારણે ઇનસાફ કરાવવાની પક્ષકારોમાંથી કોઇ પક્ષકારની ઇચ્છા થાય છે, ત્યારે તે મુકદ્દમો બંધ બારણે ચલાવવામાં આવે છે. (કલમ ૩૮.)

દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના જેટલા નીયમો લાગુ પડે તેટલા લાગુ પાડીને આ કોર્ટો આગલ આવેલું સઘળું કામકાજ ચલાવવામાં આવે છે. (કલમ ૪૦.).

જે એડવોકેટને, વકીલોને, તથા ઍટર્નિઓને હાઇકોર્ટમાં કામ ચલાવવાનો હક છે, તે સઘળાને આ આક્ટ પ્રમાણે સ્થપાયેલી હરકોઇ કોર્ટમાં કામ ચલાવવાનો હક છે. અને જે વકીલોને જીલ્લા કોર્ટમાં કામ ચલાવવાનો હક હોય, તે સઘળાને આ આક્ટ પ્રમાણે સ્થપાયલી ડિસ્ટ્રિક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટમાં કામ ચલાવવાનો હક છે. (કલમ ૪૫.)

(૫) કાયદાના સવાલો કોણ ચૂકવે, અને બનેલી હકીકતોનો નિકાલ કોણ કરે?

આ આક્ટ પ્રમાણે કરેલી ફરિયાદીમાં કાયદા બાબત, તથા કામ ચલાવવાની રીત બાબત, વાંધા પડે તેનો નિકાલ (કોર્ટમાં) સરનશીનની જગાએ બેસનાર જડજ કરે છે; પણ બનેલી હકીકત ઉપરથી ફેંસલો કરવો હોય, તો જે પ્રતિનિધિઓ (ડેલીગેટો) ની રૂબરૂ મુકદ્દમાનો ઇનસાફ થાય, તેઓમાંથી ઘણા જણના અભિપ્રાય પ્રમાણે થાય છે. (કલમ ૪૧.)

કલમ ૪૧ મી પ્રમાણે ડેલીગેટોના ઘણા મતથી થયલો ઠરાવ નિર્વિવાદ ઠરે છે. તે પ્રમાણે દોરાબજી વિરૂદ્ધ જરબાઇ (ઇં લૉ. રી. ૧૬ મુંબઇ. પાનું ૧૩૮.) વાળા મુકદ્દમામાં ડેલીગેટો પૈકી ૭ જણાએ એમ ઠરાવ્યું કે લગ્ન થયા પછી પ્રતિવાદીએ, વાદીના કહેવા મુજબ, બદફેલીનો ગુન્હો કર્યો હતો.

(૬) હાઇકોર્ટમાં અપીલ થાય.

દરેક મૅટ્રિમોનિયલ કોર્ટ—ચીફ અથવા ડિસ્ટ્રીક્ટના ચૂકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલે છે; તે માટે ૪૨ મી કલમમાં ઠરાવ્યું છે કેઃ—"આ આક્ટ પ્રમાણે સ્થપાયલી ચીફ અથવા ડિસ્ટ્રીક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટનો ચૂકાદો કોઇ કાયદા વિરૂદ્ધ, અથવા જે રીવાજ કાયદા સરખો ચાલતો આવ્યો હોય તેથી વિરૂદ્ધ થયો છે, અથવા મુકદ્દમાનું કામ ચલાવવામાં અથવા તપાસ કરવામાં, કોઇ મુખ્ય બાબતની ભૂલ યા ખામી રહી છે, અને તેને લીધે મુકદ્દમાની કેફિયત મુજબ ચૂકાદો કરવામાં ભૂલ અથવા ખામી રહી છે, એ સબબથી તે ચૂકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલશે; બીજા કાંઇ સબબથી ચાલશે નહીં. પણ જે ફેંસલા ઉપર અપીલ કરવી હોય તે ફેંસલો સંભળાવ્યાની તારીખથી ત્રણ કેલંડર મહિનામાં અપીલ કરવી જોઇએ."

પારસી ડિસ્ટ્રીક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટની હકૂમતની સ્થાનિક હદ્દ વખતો વખત ફેરવવાનો, અને તે હદ્દમાં પોતાના તાબાના કેટલાએક જીલ્લાને દાખલ કરવાનો, અધિકાર સ્થાનિક સરકારને છે. (કલમ ૧૮.)

કોઈ જીલ્લામાં પારસી લોકોની વસ્તી થોડી હોય તે સબબથી તે જીલ્લાને ડિસ્ટ્રીક્ટ મૅટ્રિમોનિયલ કોર્ટની હકૂમતમાં દાખલ કરવો યોગ્ય નથી એવું સ્થાનિક સરકારની નજરમાં આવે, ત્યારે તે સરકારના તાબાના જે મુલકમાં "પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટ" હોય તે કોર્ટની હકૂમતમાં તે જીલ્લો દાખલ કરવો. (કલમ ૧૯.)

સને ૧૮૯૧ ના મુંબઇ સરકારી ગેઝેટમાં તારીખ ૧૧ મી એપ્રિલ ૧૮૯૧ અને ૨૪ મી જુન ૧૮૯૧ ની જાહેરખબરથી, પારસી લગ્ન અને તલાક બાબતના સને ૧૮૬૫ ના ૧૫ મા આકટની કલમ ૧૯મીની શરતો મુજબ **એદન સંસ્થાન** અને તેના તાબાના મુલકને, મુંબઇની પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટની હકૂમતમાં દાખલ કર્યા છે, એમ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

(૭) ફરિયાદી કયાં કરવી ?

આ આક્ટ પ્રમાણે ફરિયાદી કરવી હોય, તે ફરિયાદ કરતી વખતે જે કોર્ટની હદમાં પ્રતિવાદી રહેતો હોય તે કોર્ટમાં કરવી.

ઊપર કહેલી વખતે પ્રતિવાદી બ્રિટિશ ઇંડિયામાંથી બહાર ગયો હોય તો વાદી અને પ્રતિવાદી છેવટે જે સ્થળે રહ્યા હોય ત્યાંની કોર્ટમાં ફરિયાદી કરવી. (કલમ ૨૬.)

દાખલા તરીકે વાદી પ્રતિવાદી બન્ને મુંબઈમાં રહેતા હોય, અને વાદી ફરિયાદી કરે ત્યારે પ્રતિવાદી બીજે ગામ જઇ રહ્યો હોય, તો વાદીએ ત્યાંની કોર્ટમાં ફરિયાદી કરવી. પણ જો ફરિયાદી કરતી વખતે પ્રતિવાદી બ્રિટિશ ઇંડિયાની બહાર ગયો હોય, તો વાદીએ મુંબઇમાં ફરિયાદી કરવી.

દોસાભજી વિરૂદ્ધ જરબાઇ, ઈ. લૉ. રી. ૧૬ મુંબઈ પાનું ૧૩૯.

આ દાવો કરતી વખતે તેનાં વાદી અને પ્રતિવાદી (બન્ને પારસી) મુંબઇમાં રહેતાં હતાં. કોર્ટે એમ ઠરાવ્યું કે પક્ષકારોની વચ્ચે લગ્ન આકોલામાં થયેલું, તેટલા કારણથી કોર્ટની હકૂમતનો બાધ લાગતો નથી. પારસી લગ્ન અને તલાકનો આકટ આકોલામાં અમલમાં નથી, પણ આ આકટની ૨૬ મી કલમથી સદરહૂ આકટ મુજબ સ્થપાયેલી જે કોર્ટની હકૂમતમાં દાવો કર્યાની તારીખે પ્રતિવાદી રહેતો હોય, તે કોર્ટની હકૂમતમાં કોઇપણ પારસી અથવા પારસણ પોતાનું લગ્ન રદ્દ કરાવવાનો દાવો દાખલ કરી શકે.

(૯) કોર્ટનો સિક્કો (મહોર).

આ આકટ પ્રમાણે સ્થપાયેલી દરેક કોર્ટને સારૂ એક એક સિક્કો કરવો; અને તેની કોર્ટના સઘળા હુકમનામા ઊપર, તથા હુકમ ઉપર, અને હુકમનામાની તથા હુકમની નકલો ઉપર, તે સિક્કો મારવો. તે સિક્કો કોર્ટમાં સરનશીનની જગાએ બેસનાર જડજને સ્વાધીન રહેશે. (કલમ ૨૦.)

૩. લગ્ન બાબતના મુકદ્દમા વિષે.

(૧) શું શું કારણોથી અને કઇ કઇ બીના સાબિત થયાથી, લગ્ન તોડી, છૂટા છેડા માટે દાદ મેળવા શકાય?

પારસી લોકોમાં નીચે જણાવેલા કારણોથી લગ્ન તોડી, એકમેકથી છૂટા પડવા માટે પક્ષકારો ફરિયાદી કરી શકે છેઃ—

૧. લગ્નની વખતે ખાવંદ અથવા ઓરતનું દીવાનાપણું અથવા હમેશનું ઘેલાપણું હોય ત્યારે.

૨. સ્વાભાવિક કારણોને લઇને લગ્નનો સંગ થઇ શકતો ન હોય ત્યારે.

૩. ખાવંદ અથવા ઓરત કોઇપણ સાત વર્ષ સુધી લાગલગટ ગેરહાજર હોય ત્યારે.

૪. ઓરત જારકર્મ (બદફેલી) કરે ત્યારે.

૫. ખાવંદ જારકર્મ કરે, અથવા જીવતી બાયડી ઉપર બીજી કરી તેની સાથે બદફેલી કરે, અથવા બદફેલી કરી પોતાની ઓરત ઉપર ઘાતકીપણું ગુજારે, અથવા બદફેલી કરી બે વર્ષ અથવા વધારે મુદ્દત સુધી જાણી જોઇને પોતાની ઓરતને તજી દે, અથવા જબરદસ્તીથી સંભોગ કરે, અથવા સૃષ્ટકર્મ વિરૂદ્ધ સંભોગ કરે ત્યારે.

(૨). લગ્ન રદ્દ બાતલ કરવાનું હુકમનામું કયારે મળે?

શારીરિક અથવા માનસીક નાલાયકીના સબબથી લગ્ન રદ્દ બાતલ કરાવી શકાય છે; અને તે વિષે ૨૭ મી તથા ૨૮ મી કલમમાં કહેલું છે.

"કોઇ પારસી (મરદ યા ઓરત) લગ્નની વખતે દીવાનો અથવા હમેશાં ઘેલો (ચળેલો) હોય, તો તે પારસીની ઓરત અથવા તે પારસણનો ખાવંદ ફરિયાદ કરી એવું સાબિત કરે કે લગ્નની વખતે દીવાનાપણું અથવા હમેશનું ઘેલાપણું હતું અને તે હજુ જારી છે, તો તે લગ્ન રદ્દ બાતલ ઠરશે." (કલમ ૨૭.)

પ્રતિવાદી દીવાનો અથવા હમેશાં ઘેલો છે એ વાત વાદીને લગ્નની વખતે માલૂમ હોવી ન જોઇએ; કારણ, જાણી જોઇને વાદીએ કોઇ દીવાના કે ઘેલા (પ્રતિવાદી) સાથે લગ્ન કર્યાં હોય, તેમજ લગ્ન કર્યાં તે વખતે દીવાનાપણું કે ઘેલાપણું ન હોય, પણ લગ્ન થયા બાદ પ્રતિવાદી દીવાનો કે ઘેલો થયો હોય, તો વાદીની ફરિયાદ ચાલશે નહીં. લગ્નની વખતે દીવાનાપણું અથવા ઘેલાપણું હતું, અને તે વિષે વાદી

તે વખતે અજાણ્યો હતો, અને તેનું દીવાનાપણું હજુ ચાલુ છે, એવી હકીકત હશે તોજ લગ્ન રદ્દ બાતલ ઠરાવવાનો હુકમ કોર્ટથી મળશે.

દીવાનાપણા તથા હમેશના ઘેલાપણાના સબબથી ઊપર જણાવ્યું તેમ લગ્ન રદ્દ બાતલ ઠરશે; તેમજ હરકોઇ સ્વાભાવિક કારણથી જો લગ્નનો સંગ થઈ શકતો ન હોય (એટલે લગ્ન થયા પછી ખાવંદની નામર્દાઇ, અથવા ઓરતમાં સ્ત્રીપણાની ખોટ યા ખામીને લીધે લગ્નની પૂર્ણતા થઇ શકતી ન હોય), એવું સાબિત થાય, તો ઓરત અથવા ખાવંદ ફરિયાદ કરી તે લગ્ન રદ્દ બાતલ ઠરાવી શકશે. (કલમ ૨૮.)

લગ્ન થયા પછી લગ્નનનો સંગ થયો હોય, અને ત્યારબાદ પાછળથી એવી ખામીના સબબથી લગ્નનો સંગ ન થઇ શકે એમ થાય, તો લગ્ન રદ્દ બાતલ કરાવાશે નહીં.

એસ વિરૂદ્ધ બી, ઈ. લો. રી. ૧૬ મુંબઇ. પાનું ૬૩૯.

આ કેસમાં વાદી પ્રતિવાદી (જાતે પારસી) નાં લગ્ન તેમના ધર્મની ક્રિયાઓને અનુસરીને સને ૧૮૮૨ ના માર્ચ મહિનામાં થયાં હતાં, અને ઑક્ટોબર માસમાં વાદીયણ પુખ્ત ઊમરની થઇ. ત્યારપછી આશરે ૧૭ મહિના સુધી પ્રતિવાદીના મા બાપના ઘરમાં તેની સાથે તે રહી હતી. પણ તે વખતે લગ્નનો સંગ થયો નહતો. વાદીયણમાં કે પ્રતિવાદીમાં શરીરની કાંઇ ખામી નહોતી, તેમ લગ્નનો સંગ કરવાને કાંઇ નાખુશી વાદીયણને નહોતી, પણ પ્રતિવાદી વાદીયણના ઉપર હમેશાં એવો કંટાળો અને ધિક્કાર બતાવતો હતો, જેથી વાદીયણની બાબતમાં મટાડી ન શકાય એવી નામર્દાઈ પ્રતિવાદીની હતી, એવો હોશીયાર દાક્તરોના અભિપ્રાય હતા. પુરાવા ઊપરથી ડેલીગેટોએ એકમતથી ઠરાવ્યું કે આ લગ્નનો સંગ પૂરો કરવાનું કામ શરૂઆતથીજ અશક્ય હતું, કારણ કે શરીર સંબંધી એક કારણથી, એટલે વાદીયણની બાબતમાં નામર્દાઇથી, લગ્નનો સંગ પૂરો કરવાને પ્રતિવાદી અશક્ત હતો. તેમણે એમ ઠરાવ્યું કે પક્ષકારોની વચ્ચે કાંઇપણ દગો કે અખાડા થયા નહોતા. તે ઊપરથી કોર્ટે ઠરાવ્યું કે શરૂઆતથીજ વાદીયણની બાબતમાં એવી નામર્દાઇ હતી, તે કારણથી સને ૧૮૬૫ ના આક્ટ ૧૫ માની ૨૮ મી કલમના આધારે લગ્નનો સંગ પૂરો કરવાનું કામ અશક્ય થવાના કારણો માંહેનું એક ગણવું જોઇએ, કેમકે તેથી વિરૂદ્ધ અભિપ્રાય બાંધવાને માટે તે આક્ટમાં કાંઇ આધાર નથી.”

(૩). ગેરહાજરીના સબબથી લગ્ન તોડવાનું હુકમનામું કયારે મળે?

કોઇ ખાવંદ પોતાની ઓરતથી અથવા કોઇ ઓરત પોતાના ખાવંદથી ૭ વર્ષની મુદ્દત સુધી લાગલાગટ દૂર ગેરહાજર રહે, અને તેટલી મુદ્દત સુધી તે હયાત હોય તો તેની હયાતી વિષે જેઓને ખબર મળવી જોઇએ તેઓને કશી ખબર નહીં મળે, તો તે ઓરત અથવા મરદની દરખાસ્તથી, તેનાં લગ્ન તોડવાનો કોર્ટને અધિકાર છે. (એટલે એવી હકીકત અને બીના સાબિત થવાથી છૂટા છેડા થઇ શકે) (કલમ ૨૯.)

(૪) તલાક મળવાનો હુકમ કયારે થાય?

હરકોઇ ખાવંદ તેની ઓરતે લગ્ન થયા પછી જારકર્મ (બદફેલી)નો ગુન્હો કર્યો છે, એવા કારણસર લગ્ન તોડીને તલાક મેળવવાનો હુકમ થવા ફરિયાદ કરી શકે છે.

તેમજ હરકોઇ ઓરત એવી ફરિયાદ કરી શકે છે, કે મારા ખાવંદે મારી સાથે લગ્ન થયા પછી કોઇ પરણેલી સ્ત્રી, યા વગર પરણેલી સ્ત્રી, જે વેશ્યા નથી, તેની સાથે જારકર્મનો ગુન્હો કર્યો છે; અથવા હયાત ઓરત ઊપર બીજી ઓરત કરીને તેની સંગાથે બદફેલી કરવાનો, અથવા બદફેલી કરીને ધાતકીપણાંથી તેને મારફૂટ કરવાનો ગુન્હો કર્યો છે; અથવા બદફેલી કરીને ૨ વર્ષ અથવા તેથી વધારે મુદ્દત થયાં મને જાણી જોઇને તજી દીધી છે; અથવા જબરદસ્તીથી સ્ત્રી સંભોગ કરવાનો, અથવા સૃષ્ટિક્રમ વિરૂદ્ધ સંભોગ કરવાનો ગુન્હો કર્યો છે, માટે મારા લગ્ન તોડીને મને તલાક મળવાનો હુકમ થવો જોઇએ.

એવી રીતે બદફેલીના સબબથી તલાક મળવાના હુકમ સારૂ જે ફરિયાદી થઇ હોય, તે દરેક ફરિયાદીમાં, કોર્ટ બીજી રીતે હુકમ નહીં ફરમાવે તો, જે માણસની સાથે જારકર્મ કર્યાનું કહેવાતું હોય તેને વાદીએ સહપ્રતિવાદી કરવો જોઇએ; અને ખાવંદે તે ફરિયાદી કરી હોય, તો બદફેલી કરનારે ફરિયાદીનો સઘળો અથવા થોડો ઘણો ખર્ચ આપવો એવો હુકમ કરવાને કોર્ટ મુખ્તિયાર છે. (કલમ ૩૦.)

સોરાબજી વિરૂદ્ધ બચુબાઇ, ઇ. લૉ. રી. ૧૮ મુંબઇ, પાનું ૩૬૬.

આ મુકદ્દમામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે, ૩૦ મી કલમના આધારે લગ્નના છૂટા છેડાને માટે ધણીએ કરેલી ફરિયાદીમાં, જો પ્રતિ-

વાદીયણ ૧૮ વર્ષ ઉપરાંતની ઉમરની હોય, પણ ૨૧ વર્ષની અંદરની હોય, તો તેને નાની ઉમરની ગણવી, અને તે ફરિયાદીને માટે પ્રતિવાદીયણનો વાલી નીમવો.

દારાબજી વિરૂદ્ધ જરબાઇ, ઈં. લૉ. રી. ૧૬ મુંબઇ, પાનું ૧૩૯.

આ કેસમાં એવી રીતે જાહેર થયલું છે કે ૩૦ મી કલમ લગ્ન રદ કરવાની ફરિયાદી દાખલ કરવા બાબતની છે; અને ૨ જી કલમ મુજબ "લગ્ન" એટલે "પારસીઓ વચ્ચેના આ આકટ ચાલૂ થયા પહેલાં, અથવા ચાલૂ થયા પછી, કર્યાં હોય તેવાં લગ્ન" તેથી કરીને ૩ જી કલમમાં જણાવ્યા પ્રમાણેની શરતો મુજબ જે લગ્ન થયાં હોય તેવાં લગ્નોનેજ ફકત ૩૦ મી કલમ લાગુ પડે છે એમ નથી. ગમે તે વખતે લગ્ન થયું હોય, અને ગમે તે ઠેકાણે કાયદેસર લગ્ન થયું હોય, તેને આ (૩૦ મી) કલમ લાગુ પડે છે. જો કાયદાકારોનો ઇરાદો, બ્રિટિશ ઇંડિયામાં કાયદેસર કરેલ લગ્નવાળાં પારસી સ્ત્રી પુરૂષોનેજ દાદ આપવી એમ હોત, તો તેવો ઇરાદો સ્પષ્ટ રીતે તેઓએ દર્શાવ્યો હોત. તેથી એવું ચોકસ થાય છે કે લગ્ન બ્રિટિશ ઇંડિયામાં અથવા બ્રિટિશ ઇંડિયાની બહાર થયાં હોય તેને આ કલમ લાગુ પડે છે. બન્ને પક્ષકારો લગ્નની તારીખે કોર્ટની સ્થાનિક હકૂમતમાં રહેતાં હતાં, અને ફરિયાદી કરી તે વખતે પણ તે પ્રમાણે રહેતાં હતાં, અને જે જારકર્મની બાબતમાં ફરિયાદી કરવામાં આવી હતી, તે જારકર્મ પણ કોર્ટની સ્થાનિક હકૂમતમાં થયેલું હતું તેથી હાઇકોર્ટે એવું ઠરાવ્યું કેઃ—તે કોર્ટને હકૂમત હતી, અને તે હકૂમતને ફકત પક્ષકારોના લગ્ન આકોલામાં થવાના કારણથી, કાંઇપણ પ્રકારનો બાધ લાગતો નથી.

આવાંબાઇ વિરૂદ્ધ જામાસજી, ૩ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ. પાનાં ૧૧૩, ૧૧૬.

આ કેસમાં મુંબઇના રહીશ એક પારસીએ, આ આકટ મંજૂર થયા પછી, પણ તે અમલમાં આવ્યો તે પહેલાં પોતાની પહેલી ઓરતની હયાતીમાં બીજી ઓરત કરી, તેની પહેલી ઓરતથી તેણે છૂટા છેડા મેળવ્યા નહતા, અને તેણે જાણી બુજીને ૨ વર્ષ સુધી તજી દીધી હતી. ફરિયાદ અરજીમાં જણાવેલી બીના પ્રમાણે દાવાનું કારણ ઉત્પન્ન થતું નથી એમ કહી પહેલી બાયડીની તે અરજી પારસી મૅટ્રિમોનિયલ કોર્ટે ના મંજૂર કરી. તે હુકમ ઊપર અપીલમાં જતાં, અપીલ કોર્ટે એમ

ઠરાવ્યું કેઃ—ફરિયાદ અરજીમાં કહેલી હકીકત સને ૧૮૬૫ના ૧૫માં આકટની ૩૦ મી કલમના અર્થમાં આવતી નથી—એટલે કે તે હકીકત ઉપરથી "હયાત ઓરત ઉપર બીજી કરી તેની સાથે જારકર્મ કરવાનો" અથવા "જારકર્મ કરીને જાણી જોઇને તજી દેવાનો" ગુન્હો બનતો નથી; કારણ, પારસી લગ્ન અને તલાકનો ધારો અમલમાં આવ્યો તે અગાઉ એક પારસી પોતાની પહેલી ઓરતની હયાતીમાં બીજી કરે તો તે ગેર કાયદેસર (તે વખતે) ગણાતું નહોતું. તેમ વળી આ ધારો આવાં બીજીવારનાં લગ્નોનાં ખરાપણાને, અથવા તેના પરિણામને કોઇપણ રીતે અસર કરતો નથી. જે વખતે આ ધારો મંજૂર કરવામાં આવ્યો તે વખતે કાયદાકારોએ તેને આગળ થયેલાં લગ્નોને લાગુ પાડવાનો ઇરાદો રાખ્યો નહતો એમ સિદ્ધ થાય છે. તે ઉપરથી થઇ ચુકેલાં લગ્નોને લગતા સવાલો આ આકટ પ્રમાણે ઊભા કરી શકાય નહીં. તેવા સવાલો આ આકટ અમલમાં આવ્યા પહેલાં જે કાયદો ચાલૂ હતો, તે મુજબ ચુકવવા જોઇએ.

(૫) ઇનસાફની રીતે છૂટાં પડવાનો હુકમ કયારે થાય ?

ખાવંદ જો પોતાની ઓરત ઊપર ઘાતકીપણું ગુજારે, અથવા તેને માર મારે તો તે ઓરતને ઇન્સાફની રીતે જૂદા પડવાનો હુકમ મળી શકશે.

જો ખાવંદ પોતાની ઓરત સાથે એવી રીતના ઘાતકીપણાથી વર્તે અથવા એવી રીતનો માર મારે, કે તે ઓરતને જબરદસ્તીથી તેના ખાવંદની સાથે રાખવી વાજબી નથી એવું કોર્ટની નજરમાં આવે, અથવા ખાવંદની ચાલને લીધે તે ઓરતનો જાન ધાસ્તીમાં રહે, અથવા તેના શરીરને ઇજા પહોંચે, એવી વાજબી રીતે તે ધાસ્તી રાખતી હોય, અથવા તેનો ખાવંદ હરેક વેસ્યાને ઉઘાડી રીતે પોતાની ઓરતના રહેવાના ઘરમાં લાવે, અથવા લાવી રાખે, તો તે ઓરતને ઇનસાફની રીતે જૂદી રહેવાનો દાવો કરવાનો હક છે. (કલમ ૩૧.)

નીચે જણાવેલાં એકબી કારણને લઇને ઇનસાફની રીતે જૂદાં પડવાનો હુકમ એક પારસણ પોતાના ધણીની સામે કોર્ટથી મેળવી શકેછેઃ—

ધણી તેની ઓરત તરફ એવી ઘાતકી રીતે વર્તતો હોય, અથવા તેને એવો માર મારતો હોય કે જેથી તે ઓરતને તેના ધણી સાથે રાખવી વાજબી ન હોય; અથવા

ધણીની ચાલથી તેની ઓરતનો જાન ધાસ્તીમાં રહેતો હોય, અથવા તેના શરીરને ઇજા થવાની ધાસ્તી તે ઓરતને રહેતી હોય; અથવા

ધણી વેશ્યાને ઉઘાડી રીતે તેની ઓરતના રહેવાના ઘરમાં લાવતો હોય, કે લાવી રાખતો હોય.

ઉપર કહેલાં એકપણ કારણથી ૩૧ મી કલમ પ્રમાણે દાદ મળે છે; પણ તેવા કોઇપણ સબબથી તલાકની માફક છૂટા છેડા થઇ શકતા નથી; અને તે ધણી ધણીઆણીથી એક બીજાની હયાતીમાં બીજી ઓરત કે બીજો ધણી કરી શકાતાં નથી.

(૬) તલાક આપવાનો, અથવા ઇનસાફની રીતે જૂદાં રહેવાનો હુકમ કોર્ટે ક્યારે કરવો?

કલમ ૩૦ મી પ્રમાણે તલાક મળવાનો, તથા કલમ ૩૧ મી પ્રમાણે ઇનસાફની રીતે જૂદાં પડવાનો, હુકમ મળવા સારૂ ફરિયાદી કરી હોય, તેમાં કોર્ટની ખાતરી થાય કે,

દાવા અરજીમાં લખી જણાવેલી બીના ખરી છે, અને

તે અરજીમાં જણાવેલો અપરાધ માફ કીધો નથી, અને તે મરદ તથા ઓરત સંપ કરીને તલાક લેવા આવ્યાં નથી, અને અરજદારે તે અપરાધ વિષે અખાડા કે દરગુજર કીધી નથી, અથવા તે અપરાધમાં અરજદાર સામેલ નથી, અને

ફરિયાદી કરવામાં કાંઇપણ અણઘટતી અથવા વગર કારણની ઢીલ થઇ નથી, અને

તે અરજીમાં માંગેલી દાદ નહીં આપવાનું કાંઇપણ વાજબી કારણ નથી, એવું હોય તોજ કોર્ટે તલાક આપવાનો, અથવા ઇનસાફની રીતે જૂદાં રહેવાનો હુકમ કરવો, નહીં તો કરવો નહીં. (કલમ ૩૨.)

કલમ ૩૨ મીમાં "ધાતકીપણું" એ શબ્દનો અર્થ "કાયદાની રીત પ્રમાણેનું ધાતકીપણું" થાય છે—એટલે કે, ઇજા કે જેથી જાન, શરીર અથવા તંદુરસ્તીને ધાસ્તી રહે; અથવા જાન, શરીર, કે તંદુરસ્તીને ઇજા પહોંચે એવી વાજબી રીતે ધાસ્તી રહે.

મેહેરબાઇ વિરૂદ્ધ હોરમસજી (૧૦ મુંબઇ લૉ. રીપોર્ટર, પાનું ૧૦૧૯) ના મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે કે:—અરજદાર સ્ત્રીએ જો જારકર્મ કર્યું હોય, તો તે કાયદેસર અને વાજબી કારણ ગણી, તેની તલાક મળવા બાબતની દાદ, ૩૨મી કલમ મુજબ કોર્ટ નામંજૂર કરશે.

(૭) મુકદ્દમાનો નિકાલ થતાં સુધી લવાજમો, તથા કાયમ લવાજમો, કયારે અને કેટલાં અપાવવાં ?

તલાક તેમજ ઇનસાફની રીતે જૂદાં રહેવાની ફરિયાદી કરી હોય, તે ઓરતની પેદાશ પોતાનું ગુજરાન ચાલે અને મુકદ્દમાના ખર્ચને સારૂ જોઇએ તેટલી ન હોય, તો મુકદ્દમાનો નિકાલ થતાં સુધી, ખાવંદની પાસે તે ઓરતને દર માસે, અથવા દર અઠવાડીએ, લવાજમો અપાવવાને કોર્ટ મુખ્તિયાર છે. તેમજ તલાક મળવાના, અથવા ઇનસાફની રીતે જૂદાં પડવાના હુકમનામા ઉપરથી જૂદી રહેલી ઓરતના ગુજરાનને સારૂ, કાયમ લવાજમો કોર્ટ બાંધી આપશે. એ બાબત વિષે ૩૩ મી અને ૩૪ મી કલમોમાં લખેલું છે.

જે ઓરતે, તલાક મેળવવાનો હુકમ મળવા સારૂ, અથવા ઇનસાફની રીતે જૂદાં પડવાનો હુકમ મળવા સારૂ, આ આકટ પ્રમાણે, ફરિયાદી કરી હોય, તે ઓરતની પેદાશ પોતાનાં ગુજરાનને માટે અને મુકદ્દમાના ખર્ચને માટે જોઇએ તેટલી ન હોય, અને તે અરજી કરે, તો બન્ને બાજુવાળાઓની સ્થિતિ ઉપર ધ્યાન પહોંચાડતાં કોર્ટને વાજબી દેખાય તે પ્રમાણે મુકદ્દમો ચાલૂ હોય ત્યાં સુધી, ખાવંદની પાસે ઓરતને દર માસે, અથવા દર અઠવાડીએ, તેની નક્કી ઉપજના ઘણામાં ઘણા એક પંચમાંશ લગી લવાજમો અપાવવાને કોર્ટ મુખ્તિયાર છે. (કલમ ૩૩.)

તલાક મળવાના, અથવા ઇનિસાફની રીતે જૂદાં પડવાના હુકમનામા ઉપરથી કોર્ટની નજરમાં વાજબી જણાય, તો ઓરતને એક રકમે, દર માસે, અથવા કોઇ બાંધેલી મુદ્દતે, તેની હયાતી સુધીના લવાજમો અપાવવાને કોર્ટની ખાતરી થાય તેવો બંદોબસ્ત કરવાનો ખાવંદને હુકમ કરવાને કોર્ટ મુખ્તિયાર છે.

એવો હુકમ કરતી વખતે ઓરતની પોતાની મિલ્કત ઉપર, તેના ખાવંદની શક્તી ઉપર, અને બન્ને બાજુવાળાઓની ચાલ ચલણ ઉપર ધ્યાન પહોંચાડતાં વાજબી દિસે તે કરવું; અને તે કારણસર સઘળા જરૂરના પક્ષકારો પાસે યોગ્ય દસ્તાવેજ લખાવી લેવાને, અને તેઓને દસ્તાવેજ યોગ્ય રીતે લખી આપે ત્યાંસુધી હુકમનામું કહી સંભળાવવાનું મોકૂફ રાખવાને કોર્ટ મુખ્તિયાર છે.

અગર જો ખાવંદ તે હુકમને માન ન આપે, તો તેની ઊપર નુકસાની બાબત તે ઓરતની ફરિયાદી ચાલશે; અને વળી જેટલો વખત તો ખાવંદ તે હુકમ નહીં માને તેટલો વખત જે શખસ તે ઓરતને જરૂરિયાત ચીજો પહોંચાડતો હોય તેની કીમતના પૈસા લેવાની તે શખસની ફરિયાદી તે ખાવંદ ઊપર ચાલી શકશે. (કલમ ૩૪.)

હીરાંબાઇ વિરૂદ્ધ ધનજીભાઇ, ઈં. લૉ. રી. ૧૭ મુંબઇ, પાનાં ૧૪૬, ૧૫૦.

આ મુકદ્દમામાં એક પારસણે પારસી મૅટ્રિમોનિયલ કોર્ટમાં કાયદેસર છૂટા છેડા માટે તેના ધણી ઉપર ફરિયાદી કરી. તારીખ ૧૧ મી જુલાઇ સને ૧૮૯૧ ના રોજ કોર્ટે ખોરાકી પોષાકી અપાવવા બાબત એવો હુકમ કર્યો કે ૧૫ મી એપ્રિલ સને ૧૮૯૧ થી તે કામમાં આખર હુકમનામું થાય ત્યાંસુધી પ્રતિવાદીએ તેને ખોરાકી પોષાકી આપવી. બાદ તારીખ ૧૮ મી જુલાઇ સને ૧૮૯૧ ના રોજ તે દાવો કાઢી નાંખવામાં આવ્યો, અને તે તારીખ પછી પ્રતિવાદીએ ખોરાકી પોષાકી આપવી બંધ કરી. દરમિયાન વાદીએ જજમેન્ટના રીવ્યૂને માટે હુકમ મેળવ્યો; ને તે હુકમનો ફેંસલો તારીખ ૨૭ મી જાન્યુઆરી સને ૧૮૯૨ ના રોજ કરવામાં આવ્યો. દાવો કાઢી નાંખવાના ઠરાવ સામે અને રીવ્યૂની અરજ રદ કર્યાના હુકમ સામે તારીખ ૧૮ મી માર્ચ સને ૧૮૯૨ ના રોજ વાદીએ અપીલ દાખલ કરી. બાદ વાદીએ એવો હુકમ મેળવવા અરજ કરી કે, દાવો દાખલ કર્યાની તારીખથી, અથવા જ્યારથી અટકયા હોય ત્યારથી તે અપીલનો આખરનો ફેંસલો થતાં સુધી ચડેલી અને નવી ખોરાકી પોષાકી ચાલતે દાવે વાદીને પ્રતિવાદી આપે. તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે:—

(૧) સદરહૂ અરજી રદ કરવામાં આવે છે, અને ૧૧ મી જુલાઈ સને ૧૮૯૧ ના રોજના હુકમમાં "આખરનું હુકમનામું" એ શબ્દોનો અર્થ અપીલનું આખરનું હુકમનામું નહીં, પરતું દાવાનું આખરનું હુકમનામું એવો થાયછે.

(૨) આ આક્ટ મુજબ સ્થાપવામાં આવેલી પારસી મૅટ્રિમોનિયલ કોર્ટને હુકમનામું થયા પછી, અને ચાલતી અપીલે ચાલતી તકરારની દરમ્યાન, ખોરાકી પોષાકી આપવાનો હુકમ કરવાનો અધિકાર નથી;

(૩) હારેલી ઓરતને, ફેંસલો થયા પછી, અને ચાલતી અપીલે

તેમજ જજમેન્ટના રીવ્યૂને માટે કરેલી અરજીની દરમ્યાન, ખોરાકી પોષાકી માંગવાનો અધિકાર નથી;

(૪) આ આક્ટની કોઇપણ કલમમાં "દાવો" અથવા "દાવો કરવો" એ શબ્દોના અર્થમાં અપીલનો સમાવેશ થતો નથી. આવો અર્થ કરવાથી હકૂમતના સંબંધમાં કલમ ૧૫ અને ૧૬, અને છોકરાંના હવાલાની બાબતમાં કલમ ૪૪માં વાંધા ઉઠે. અપીલ દાખલ થયા પછી પણ, ખોરાકી આપવાને આ કોર્ટને અધિકાર આપવાનો જો કાયદાકારોનો ઇરાદો હોત, તો સને ૧૮૬૯ના ઇંડિયન ડાઇવોર્સ આક્ટ ૪ની કલમ ૩૬ માફક ઘણીજ સ્પષ્ટ ભાષા તેઓ વાપરત. સને ૧૮૬૫ના ૧૫મા આક્ટની ૩૨ મી કલમથી "ચાલતે દાવે" ખોરાકી પોષાકી અપાવવાનો ધણીને હુકમ કરવાને કોર્ટને અધિકાર આપવામાં આવ્યો છે; પરંતુ તેમાં ઇંડિયન ડાઇવોર્સ આક્ટની કલમ ૩૬ મી માફક જડજના અધિકારની બાબતમાં સ્પષ્ટ લખાણ નથી; તેથી કરીને શરતી હુકમનામું થયા પછીની મુદ્દતને માટે ખોરાકી પોષાકી આપવાની બાબતનો વહીવટ એલીસ વિરૂદ્ધ એલીસ અને ડન વિરૂદ્ધ ડનના ફેંસલાઓને અનુસરતો ચલાવવો જોઇએ.

મનચેરજી વિરૂદ્ધ મોટીબાઇ, ૧૮૯૪ નું પ્રિન્ટેડ જજમેન્ટ, પાનું ૧૦૯.

આ કેસમાં ઠરાવવામાં આવ્યું છે કે:— સને ૧૮૬૫ના ૧૫મા આક્ટ પ્રમાણે તપાસમાં ધાતકીપણાનો સવાલ ડેલીગેટોને સોંપવામાં આવે તેમાં એવરી વિરૂદ્ધ બાઉડનના કામમાં એકસચેકર ચેમ્બરની કોર્ટે બતાવેલા નિયમ પ્રમાણે ચાલવું. એ નિયમ એવો છે કે:—"જો પુરાવો એવો હોય કે જ્યુરી ફક્ત કલ્પના કરી શકે, અને ન્યાય કરી શકે નહીં, તો તે જ્યુરી તરફ જવું નહીં જોઇએ." પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટે ઓરતને ખોરાકી પોષાકીની જે રકમ અપાવેલી હોય, તે ધણીની આમદાનીના ત્રીજા હિસ્સા કરતાં વધારે ન હોય, તો ઇંગ્લાંડમાં છૂટા છેડા કરવાની કોર્ટની રીત પ્રમાણે ચાલી, હાઇકોર્ટ અપીલમાં હાથ ઘાલવાને ના પાડે છે.

મોટીબાઇ વિરૂદ્ધ મોટીબાઇ, ઇં. લૉ. રી. ૨૪મું બઇ, પાનાં ૪૬૬, ૪૬૮.

આ મુકદ્દમામાં પોતાની ઓરતને તેની હયાતી સુધી ગુજરાન સારૂ દર માસે ૭૦ રૂપિયા કાયમ લવાજમ તરીકે આપવા પારસી મૅટ્રિમોનિયલ કોર્ટે તેના ખાવંદને હુકમ કર્યો; અને કલમ ૩૪મી પ્રમાણે તે

રકમ આપવા માટે તેની સ્થાવર મિલ્કતને જવાબદાર ઠેરવી એક દસ્તાવેજ લખી આપવા કોર્ટે ફરમાવ્યું. તે હુકમ મુજબ દસ્તાવેજ લખાયો. તે ધણીના મરણ પછી તેની વિધવાને પેલા ૭૦ રૂપિયાના માસિક લવાજમ ઊપરાંત તેના મરનાર ખાવંદની મિલ્કતમાંથી હિસ્સો લેવાનો તેનો હક છે, એમ કોર્ટે ઠરાવ્યું. વળી કોર્ટે એમ પણ ઠરાવ્યું કે, કલમ ૩૪મી કાયમ લવાજમ બાબત છે, અને તેમાં ફેરફાર કે સુધારો વધારો કરવા માટે કાંઇ બંદોબસ્ત કરેલો નથી.

ઓરતના ગુજરાનના લવાજમો આપવાનું હુકમનામું, અથવા હુકમ કરે, ત્યારે તે લવાજમો ઓરતને આપવા, અથવા તેની વતી પોતે જે ટ્રસ્ટીને પસંદ કીધો હોય તેને આપવા, એમ ફરમાવવાને, અને પોતાને યોગ્ય દેખાય તેવી શરતો અથવા બંદોબસ્ત કરવાને અને હરકોઇ સબબથી નવો ટ્રસ્ટી નીમવાનું નજરમાં આવશે તો વખતે વખતે નવો ટ્રસ્ટી નીમવાને, કોર્ટ મુખ્તિયાર છે. (કલમ ૩૫.)

(૮) લગ્નના હક પાછા મળવા સારૂ ફરિયાદી ક્યારે કરાય, અને હુકમનામું ક્યારે મળે?

"લગ્નના હક પાછા મેળવવા" એ શબ્દોનો અર્થ, ધણી ધણીઆણી એક બીજાથી જૂદાં રહેતાં હોય તેમને સાથે રહેવાની નવેસરથી ફરજ પાડવી એમ થાય છે. (ધનજીભાઇ વિરૂદ્ધ હીરાંબાઇ ઇં. લૉ. રી. ૨૫ મુંબઇ, પાનું ૬૪૪.)

જ્યારે કોઇ કાયદેસર કે વાજબી સબબ વગર પોતાના ખાવંદ સાથે રહેવાનું કોઇ ઓરતે બંધ કર્યું હશે, અથવા પોતાની ઓરત સાથે રહેવાનું કોઇ ખાવંદે બંધ કર્યું હશે, અથવા ખાવંદ ઓરતે એક બીજાને તજી દીધાં હશે, તો જે ખાવંદની સાથે, અથવા જે ઓરતની સાથે, રહેવાનું એ રીતે બંધ પાડ્યું હશે, તે ખાવંદ યા તે ઓરત, તેના લગ્નના હક પાછા મળવા, અને એક બીજાની સાથે જઇ રહેવા, ફરિઆદી કરી શકશે.

તે ઉપરથી ફરિયાદ અરજીમાં જણાવેલી બીના સાચી છે, અને દાદ આપવી જોઇએ એવું કારણ છે એમ કોર્ટને ખાતરી થશે, તો તે પ્રમાણે લગ્નના હક પાછા મળવાનું, તથા એક બીજા સાથે રહેવાનું હુકમનામું કરી આપવા કોર્ટ મુખ્તિયાર છે.

લગ્નના હક પાછા મળવા બાબતની ફરિયાદી યોગ્ય સબબ હોય તો થાય તે સંબંધે કલમ ૩૨મીમાં ઠરાવ્યું છે કે:—

"હરેક ખાવંદે પોતાની ઓરતને તજી દીધી હોય, અથવા વાજબી સબબ વગર તેની સાથે ખાવંદની માફક રહ્યો ન હોય; તેમજ હરેક ઓરતે પોતાના ખાવંદને તજી દીધો હોય, અથવા વાજબી સબબ વગર તેની સાથે ઓરતની માફક રહી ન હોય, તો

જે ઓરતને તજી દીધી હોય, અથવા જેની સાથે રહ્યો ન હોય, તેમજ જે ધણીને તજી દીધો હોય, અથવા જેની સાથે રહી ન હોય,

તેને ખાવંદ યા ઓરત તરીકે તેના સામાવાળા (એટલે ઓરત કે ખાવંદ) ની સાથે રહેવાની ફરિયાદી કરવાનો હક છે."

"ફરિયાદ અરજીમાં જે બીના લખેલી હોય તે વિષે, તથા અરજદાર (ફરિયાદી કરનાર) ની અરજ નામંજૂર રાખવાનાં વાજબી કારણો નથી એ વિષે કોર્ટની ખાતરી થાય, તો તે ઓરત મરદને એક બીજા સાથે રહેવાનું હુકમનામું કરી આપવાનો કોર્ટને અખ્તિયાર છે."

"એવી રીતે જે ખાવંદની અથવા ઓરતની ઉપર હુકમનામું થયું હોય, તે હુકમનામું ન માને, તો તે ધણામાં ધણા એક મહિનાની આસાન કેદની શિક્ષાને પાત્ર થશે, અથવા ધણામાં ધણા ૨૦૦ રૂપિયા સુધી દંડને પાત્ર થશે, અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે."

આ આકટ મંજૂર થયો તે પહેલાં સને ૧૮૬૬માં પ્રિવિ કાઉન્સિલે **અરદેશર વિરૂદ્ધ પીરોજબાઇ** (૬ મુર્સ ઇંડિયન અપીલ્સ, પાનું ૩૪૮.) વાળા મુકદ્દમામાં જણાવ્યું હતું કે લગ્નના હક પાછા મેળવવાની ફરિયાદી, ખરી રીતે, ધર્મ સંબંધી કામ ચલાવવાની બાબત છે; અને તેથી ધર્મ સંબંધી ધારાના નિયમો અને કાનુનોને અનુસરીને, જે પક્ષકારો પારસી (એટલે જરથોસ્તી) ધર્મ પાળતા હોય તેઓને લાગુ પાડી શકાય નહીં. અને આ મુકદ્દમામાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, મુંબઇની સુપ્રીમ કોર્ટ, પોતાની એક્લીઝિએસ્ટિકલ સાઇડમાં, એક પારસણની લગ્નના હક પાછા મળવા સારૂ કરેલી ફરિયાદ સાંભળી શકશે નહીં; પરંતુ મજકૂર મુકદ્દમામાં નામદાર જડજોએ એમ પણ જણાવ્યું હતું કે, એવા મુકદ્દમાની કેફિયતને વાજબી રીતે બંધબેસતી કરી, દીવાની હકૂમતમાં કામ ચલાવી શકાશે. તેમ વળી **મેરવાનજી**

વિરૂદ્ધ આવાંબાઇ (૨ ઓરીએન્ટલ સદર દીવાની રીપોર્ટ, પાનું ૨૦૯.) વાળો મુકદ્દમો દેખાડી આપે છે કે, મુંબઇની સદર અદાલત, પારસીઓ વચ્ચેના લગ્ન સંબંધી દાવા સાંભળી, ધારા અને રીવાજને અનુસરીને જે દાદ ઘટારત હોય તે તેઓને આપતી.

હીરાંબાઇ વિરૂદ્ધ ધનજીભાઇ, ૨ મુંબઇ લૉ રીપોર્ટસ, પાનાં ૮૪૫, ૮૪૭, ૮૪૮.

આ કેસમાં ઠરાવવામાં આવ્યું છે કેઃ—"આ (એટલે ૩૬મી) કલમમાં "કાયદેસર" એ શબ્દનો અર્થ, પક્ષકારો જે કાયદો પાળતા હોય તે કાયદાના સંબંધમાં તેના સાધારણ અર્થ પ્રમાણે કરવો જોઇએ; અને આ કલમમાં "વાજબી" અને "કાયદેસર" એ બન્ને શબ્દનો અર્થ એકજ છે.

આ મુકદ્દમામાં જાહેર કરવામાં આવ્યું છે કેઃ—ખાવંદ કે ઓરતને એક બીજા સાથે રહેવા ના પાડવાનાં કાયદેસર વાજબી કારણોમાં જારકર્મનો ગુન્હો છે. તેમ વળી ૩૧ મી કલમમાં જણાવેલી રીતનું ઘાતકીપણું ચલાવવું, અને માર મારવો, એ બીજું કાયદેસર કારણ છે, કે જે માટે એક ઓરત પોતાના ધણી સાથે રહેવાને ના પાડે. આવાં સઘળાં કારણો પારસીઓને બંધન કર્તા ખાસ ધારાઓથી મંજૂર થયલાં છે. પણ એ મંજૂર થયલાં કારણો પૂરેપૂરાં છે એમ નથી. આ કલમમાં "કાયદેસર" એ શબ્દ, પારસીઓ માટે સરકારથી મંજૂર થયેલા ધારાને, તેમજ તેઓની રીત રીવાજને લાગુ પડે છે. સરકારે મંજૂર કરેલો ધારો, બેશક, કોર્ટે જોવાનો છે; પણ રીત રીવાજ તપાસવાના કામનો નિકાલ, હકીકતના સવાલ જેવો હોઇને, ડેલીગેટો કરી શકે, એમ કોર્ટોએ સ્વિકાર્યું છે. શીરીનબાઇ વિરૂદ્ધ ખરશેદજી, ઈ. લૉ. રી. ૨૨ મુંબઇ, પાનું ૪૩૦, ના મુકદ્દમામાં, બાળલગ્ન કરવાની રીત પારસીઓમાં રીવાજ તરીકે ચાલૂ છે એવો નીચેની કોર્ટનો ઠરાવ, હકીકતને લગતો સવાલ ગણી, હાઇકોર્ટે બીજી અપીલમાં તે ફરી તપાસી શકાય નહીં એમ ઠરાવ્યું છે; અને પારસી કોમમાં એક ખાવંદ પોતાની ઓરત સાથે રહેવા ના પાડવાનું કાયદેસર કારણ શું ગણાય, તે સવાલનો નિર્ણય કરવાનો અધિકાર ડેલીગેટો હસ્તક છે.

મજકૂર હીરાબાઇ વિરૂદ્ધ ધનજીભાઇવાળા મુકદ્દમાના ૮૪૫ માં પાના પર જાહેર કરવામાં આવ્યું છે કે— લગ્નના હક પાછા મળવા વાજબી

રીતે ના પડાય તે માટે જે કારણો દેખાડવામાં આવે, તે કારણો ગંભીર અને વજનદાર હોવાં જોઇએ; અને વળી લગ્નથી ઉત્પન્ન થતી ફરજો નીતિથી અદા નહીં કરી શકાય એવાં તે કારણો હોવાં જોઇએ.

"મુનસફી", એ શબ્દ જ્યારે ઇનસાફની કોર્ટને લાગુ પાડવો હોય, ત્યારે તેનો અર્થ કાયદાને અનુસરતી ન્યાયાનુસાર મુનસફી થાયછે. અને એ મુનસફી નિયમો પ્રમાણે વાપરવી જોઇએ, પોતાની મરજી માફક નહીં; તેમજ તે આપ ખુદ, મોઘમ, અને કલ્પિત નહીં હોવી જોઇએ, પણ કાયદેસર અને નિયમપૂર્વક હોવી જોઇએ.

કાવશજી વિરૂદ્ધ શીરીનબાઇ, ઇ. લૉ. રી. ૨૩ મુંબઇ, પાનું ૨૭૯.

આ મુકદ્દમામાં જાહેર કરવામાં આવ્યું છે કે, ૩૬ મી કલમ પ્રમાણે જે કરાર વડે પોતાની ઓરતને જૂદી રહેવા દેવાને ધણીએ કબૂલ કર્યું હોય, તે કરારનો આધાર, લગ્નના હક પૂરા કરવા એટલે પાછા મળવા બાબત ધણીએ કરેલી ફરિયાદીના બચાવ (ડીફેન્સ) તરીકે, તે ઓરત બતાવી શકશે.

અરદેસર વિરૂદ્ધ આવાંબાઈ, ૯ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ, પાનું ૨૯૦.

આ આકટ પ્રમાણે લગ્નના હક પાછા મળવા બાબતના હુકમનામાની બજાવણી ૩૬ મી કલમની શરતો મુજબ થઇ શકશે; અને તે શરતો દીવાની કામ ચલાવવાની રીતના કાયદામાં એ બાબત માટે ઠરાવેલી સાધારણ ધારાને બદલે છે એમ સમજવું.

હિંદુસ્તાનની મુદ્દતના સને ૧૮૭૭ના ૧૫ માં આકટની કલમ ૨૩ મી, અને એ આકટના બીજા પરિશિષ્ટની રકમ ૩૫ મી ધ્યાનમાં લેતાં, પારસી લગ્ન અને તલાક બાબતના ધારા પ્રમાણે એક પારસણે લગ્નના હક પાછા મળવા બાબત માગણી કરી હોય, અને પુખ્ત ઉમરના અક્કલ હોશીઆરીમાં હોય તેવા તેના ધણીએ તે હક આપવાને ફરિયાદી કરવાની બે વર્ષ પહેલાં, ના પાડી હોય, તો તે પારસણે પોતાના ધણી ઉપર કરવાની ફરિયાદીને મુદ્દતનો બાધ લાગે છે, એમ ધનજીભાઇ વિરૂદ્ધ હીરાંબાઇ, ઈ. લૉ. રી. ૨૫ મુંબઇ, પાનું ૬૪૪ વાંળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે.

(૯) કારજ, યા માગણી કે સગપણ.

માગણી, એટલે સગપણ અથવા અદેશાવાની બાબતમાં, મુંબઇની સદર દીવાની અદાલતે નવરોજી ખરશેદજી વિરૂદ્ધ ધનાબાઇ (૧ બોરોડેલ મુંબઇ સદર દીવાની રીપોર્ટ, પાનું ૩૮૨.) વાળા એક ઘણા જુના મુકદ્દમામાં, સને ૧૮૧૧ ના ઑકટોબર મહિનાની ૨૧ મી તારીખે મોદી, દસ્તુર અને પંચાયતના મેમ્બરોના મત અને અભિપ્રાય ઉપરથી એમ ઠરાવ્યું હતું, "કે જેમ પૂરેપૂરૂં થયેલું લગ્ન તોડી શકાતું નથી તેવી રીતે માગણીનો કરાર પણ તોડી શકાય નહીં."

"પારસીઓમાં કોઇપણ કારણુંસર લગ્ન કરવાનો કોલકરાર કદીપણ તોડાયે નહીં, અને પક્ષકારોને તે કરાર પ્રમાણે ચાલી લગ્ન કરવાની ફરજ પાડવી જોઇએ," એવો એકસો વર્ષ પહેલાંનો પંચાયતનો અભિપ્રાય ઇકિવટી અને ધારાના નિયમ વિરૂદ્ધ છે.

લગ્ન કરવાનો કોલકરાર પક્ષકારોની મરજી તથા રાજીખુશી ઉપર આધાર રાખતો હોઇને, કોર્ટ તેવા કરારને અમલમાં મૂકવા પક્ષકારોને ફરજ પાડી શકે નહીં. એ પ્રમાણે પારસીઓમાં "કારંજ," એટલે લગ્ન કરવાનો કરાર યા વચન, લગ્ન કરતાં પહેલાં કોઇપણ વખતે તોડી શકાય; અને લગ્નનો કોલ તોડયા બાબત કારજ તોડનાર સામે ફરિયાદી કરી નુકસાનીની દાદ દીવાની કોર્ટથી મેળવી શકાય.

સ્પેસિફિક રીલીફ આકટ (૧૮૭૭ નો ૧ લા) ની ૨૧ મી કલમની ૨ જી રકમ ઉપરના દાખલામાં એમ જણાવેલું છે કે, બ સાથે લગ્ન કરવા અ કરાર કરે છે, પણ એવા કરાર મુજબ ચાલી, કોર્ટ લગ્ન કરવા ફરજ પાડી શકે નહીં.

(૧૦) બાળ લગ્ન કાયદેસર ગણાય છે.

સને ૧૯૬૨ માં પારસી લૉ ઍસોસિએશને કમિશન રૂબરૂ એક ડેપ્યુટેશન મોકલી, બાળવયનાં લગ્નો તથા કારજો (લગ્નના કોલ કરાર) માંથી ઉત્પન્ન થતી ફરજો તથા જોખમ તોડાય, તો તે વિષે દીવાનીમાં દાદ મળવા, તથા ફોજદારી કરી સજા કરાવવા, બાબત અરજ કરી હતી; પણ નામદાર સરકારે તે અરજ નામંજૂર કરી, એવું જણાવ્યું કે, એવી બાબતો ઉપર આ આકટમાં કોઇ કલમ મૂકી તેવાં લગ્નો અને કારજ

ફરવાની મના કરવા જેમ સરકાર ઇચ્છતી નથી, તેમજ બાળલગ્ન માટે ખાસ કલમ આ આકટમાં ઉમેરવી એ પણ કાયદાકારો વાજબી ગણતા નથી; કારણ કે, એ બાબત પરના રીવાજ તથા રસમ હિંદુઓ સાથે રહેવાથી પારસીઓએ પોતામાં દાખલ કર્યા છે; એ રીવાજને કાયદો નુકસાન કારક ગણે છે, તથા પારસીઓ પોતે પણ નુકસાનકારક માને છે; તેમ વળી એ રીવાજ માટે પારસીઓના ધર્મમાં કાંઇપણ ફરમાન નથી. એ એવી રસમ છે કે જેને લઇને સંસારી તથા નીતિ સંબંધી સુધારા વધારા પારસી કોમમાં દાખલ થતા અટકે છે.

બાળ લગ્ન વિષે ઇસારો માત્ર આ આકટની ૩૭ મી કલમમાં છે. તેમાં ઠરાવ્યું છે કે:—"પારસી લોકોનાં લગ્ન અમલમાં લાવવાની, અથવા તેવાં કોઇ લગ્ન બાબતનો કાંઇ કરાર, અથવા લગ્નમાંથી જે કરાર નિકળે તે કરાર અમલમાં લાવવાની ફરિયાદી, ખાવંદની ઊમર, ફરિયાદી કરતી વખતે, ૧૬ વર્ષની પૂરી થઇ ન હોય, અથવા ઓરતની ઊમર ૧૪ વર્ષની પૂરી થઇ ન હોય, તો કોઇ કોર્ટમાં કરી શકાશે નહી.

બાળ લગ્નની બાબતમાં **પેસોતન વિરૂદ્ધ મેહેરબાઇ** (ઇ. લૉ. રી. ૧૩ મુંબઇ, પાનાં ૩૦૩, ૩૦૯ થી ૩૧૨,) વાળા મુકદ્દમામાં મુંબઇની હાઇકોર્ટે જાહેર કર્યું છે કે:—

"પારસીઓના ધર્મશાસ્ત્રમાં બાળલગ્નના રીવાજ માટે જો કે કાંઇપણ આધાર માલૂમ પડતો નથી, તોપણ પશ્ચિમ હિંદુસ્તાનના પારસીઓએ આ રીવાજ ઘણાક સૈકાથી એટલી હદે સામાન્ય રીતે ગ્રહણ કીધો છે કે, હિંદુઓમાં જેમ આવાં લગ્ન કાયદેસર ગણાય છે તેજ પ્રમાણે પારસીઓમાં પણ ગણાય છે; અને લગ્નના પક્ષકારો પાછળથી આવું લગ્ન કબૂલ રાખે યા, નાકબૂલ કરે તો તેથી કાંઇ બાધ આવતો નથી."

"સને ૭૧૭ માં પારસીઓ પશ્ચિમ હિંદુસ્તાનમાં આવી વસ્યા, અને તેમને હિંદુ લોકો સાથે રહેવાની ફરજ પડી, અને પોતાના સંસારી કાયદા તથા રીવાજની ગેરહાજરીમાં, તે હિંદુભાઇઓના કાયદા તથા રસમનો એ પારસીઓએ સ્વિકાર કર્યો. બાળ લગ્નનો રીવાજ એવી રીતે તેઓમાં દાખલ થયો છે એ બીન શક છે. હાલના સમયમાં જે ઊંચા પ્રકારની કેળવણી તથા સુધારાને પારસી લોકો પહોંચ્યા છે, તે ઊંચી સ્થિતિથી હવે એવી જાતના લગ્નનો અનાદર થયો છે, તોપણ આવાં લગ્નો હાલ પણ ચાલૂ છે અને કબૂલ રખાય છે."

"સામાન્ય રીતે હિંદુસ્તાનના પારસીઓ ઈંગ્લાંડમાં ચાલતા કાયદાને આધીન છે એમાં કાંઇ શક નથી. તેઓ લિખિત કાંઈપણ કાયદો ઇરાનથી પોતાની સાથે લાવ્યા નહોતા, તેથી તેઓની સઘળી સાધારણ તકરારોનો નિકાલ ઇંગ્લાંડના કાયદાના આધારે થાય છે. પણ પારસીઓની લગ્ન સંબંધી તકરારો માટે એક ખાસ કોર્ટ સ્થપાઇ છે. લગ્ન રદ બાતલ ઠરાવવાનો હુકમ આપવાની સત્તા આ ખાસ કોર્ટને છે. પણ જે મુકદ્દમામાં લગ્ન બીલકુલ થયું નથી એમ હોય, ત્યાં કાંઇપણ હુકમ તેવી કોર્ટ કરી શકતી નથી."

"પ્રિવિ કાઉન્સિલે અરદેશર વિરૂદ્ધ પીરોજબાઇ વાળા મુકદ્દમામાં એવું ઠરાવ્યું હતું કે વર વહૂનો સંબંધ જોડી આપવા સારૂ જે સવાલ ઉભા થાય, તેમાં માત્ર ખ્રિસ્તિઓનેજ ઇંગ્લાંડની કોર્ટની ધર્મ સંબંધી હકૂમત લાગુ પડે છે; પણ પ્રિવિ કાઉન્સિલે એવું સૂચવ્યું હતું કે પારસીઓમાં વર વહૂના કર્તવ્ય તથા ફરજોનો ભંગ થાય ત્યારે, કાંઇપણ દાદ આપવા સારૂ સુપ્રીમ કોર્ટ દીવાની રાહે હુકમ કરી શકે."

"સુપ્રીમ કોર્ટ પછી હાઇકોર્ટને તે કોર્ટની સઘળી સત્તા મળી; અને હાઇકોર્ટને દરેક પ્રકારના દાવા પોતાની અસલ દીવાની હકૂમતની અંદર ચુકવવા સારૂ ખાસ સત્તા આપવામાં આવી છે. એ પ્રમાણે જે બાબતો પારસીઓની ખાસ કોર્ટની હકૂમતમાં નથી તેમનો સમાવેશ હાઇકોર્ટની સદરહૂ બોહોળી હકૂમતમાં થાય છે."

"હાઇકોર્ટને ચાર્ટર આપવાનો હેતુ, બધા પ્રતિબંધ તોડવાની, તથા એ કોર્ટને દરેક પ્રકારની બાબત સાંભળવાની તથા દરેક ગેરઇનસાફ દૂર કરવાની, સત્તા આપવાનો છે; માટે "દરેક પ્રકારના દાવા સાંભળવાની" એ શબ્દોમાં પારસીઓનાં લગ્ન સંબંધી દાવાઓનો પણ સમાવેશ થાય છે- પરંતુ તેમ કરતાં એક ખાસ કોર્ટને લગ્નના કરારને લગતા ઘણાક સવાલોનું નિરાકરણ કરવાની સત્તા આપનાર પારસી લોકોના લગ્ન બાબતના આકટને પણ ધ્યાનમાં રાખવો જોઇએ."

(૧૧) પક્ષકારો ફરી લગ્ન ક્યારે કરી શકે?

લગ્ન તોડવાનું હુકમનામું થાય તોપણ, તુરતાતુરત પક્ષકારોને ફરીથી પોતાનાં લગ્ન કરવાની છૂટ નથી; એ બાબત ઉપર ૪૩ મી કલમમાં ઠરાવ્યું છે કેઃ—

"લગ્ન તોડવાનાં હુકમનામાં ઉપર અપીલ કરવાની આ આક્ટમાં કહેલી મુદ્દત પૂરી થઈ હોય (એટલે કે ૪૨ મી કલમમાં ઠરાવ્યા મુજબ હુકમનામું થયાની તારીખથી ત્રણ મહિના સુધી સામાવાળો અપીલ કરેછે કે નહીં તે માટે રાહ જોયા પછી), અને તે મુદ્દત દરમિયાન અપીલ થઇ ન હોય, અથવા

સદરહૂ પ્રકારની અપીલ (થઇ હોય તે) કાઢી નાંખી હોય, અથવા લગ્ન તોડવાં એવો ઠરાવ અપીલના ફેંસલામાં કોર્ટથી થયો હોય, ત્યારેજ

જેમ મોતથી પક્ષકારોનાં લગ્ન તૂટયાં હોય, તે પ્રમાણે, હરેક પક્ષકારને કાયદેસર રીતે પાછાં પોતાનાં લગ્ન કરવાનો અખ્તિયાર છે.

ટુંકામાં, લગ્ન તોડવાનું હુકમનામું થયા પછી, સામા પક્ષવાળો હુકમનામાની તારીખથી ત્રણ માસમાં અપીલ ન કરે, અથવા તે મુદ્દતમાં અપીલ કરી હોય અને અપીલ કોર્ટે લગ્ન તોડવાનો ઠરાવ આપ્યો હોય, તો ફરીથી પોતાનાં લગ્ન કરવાની પક્ષકારોને છૂટ છે; તે પહેલાં ફરીથી લગ્ન કરવાનો પક્ષકારોને અખ્તિયાર નથી.

---

૪. પક્ષકારોનાં છોકરાં બાબત.

મુકદ્દમો ચાલતો હોય ત્યાં સુધી, તથા આખરનું હુકમનામું થયા પછી, તે મુકદ્દમાનાં પક્ષકારોનાં છોકરાંની સંભાળ, ગુજરાન, અને કેળવણી બાબત કોર્ટ હુકમ કરી શકે છે, તે વિષે ૪૪ મી કલમમાં ઠરાવ્યું છે કે:—

"સોળ વર્ષની અંદરની ઉમરનાં જે છોકરાંનાં માબાપની વચ્ચે માંહો માંહે ઇનસાફની રીતે જૂદાં પડવાનો હુકમ, અથવા લગ્ન રદ્દ બાતલ કરવાનું હુકમનામું, કરાવવા સારૂ અથવા લગ્ન તોડવા સારૂ, આ આક્ટ પ્રમાણે ફરિયાદી થઇ હોય, તે ફરિયાદીમાં તે છોકરાંની સંભાળ બાબત, તથા ગુજરાન બાબત, તથા કેળવણી બાબત, પોતાને યોગ્ય જણાય તેવો વખતો વખત દરમિયાન હુકમ કરવાનો અખ્તિયાર, તથા આખરના હુકમનામામાં ઠરાવ કરવાનો અખ્તિયાર, કોર્ટને છે; અને આખરનું હુકમનામું થયા પછી આ કારણસર લખેલી અરજી આવે, તો સદરહૂ પ્રકારના આખરના હુકમનામા ઉપરથી, અથવા તેવું હુકમનામું કરાવવા સારૂ ફરિયાદ ચાલૂ હોય તો દરમિયાન હુકમ ઉપરથી, તે છોકરાંની સંભાળ બાબત,

તથા ગુજરાન બાબત, તથા કેળવણી બાબત, કોર્ટ જેવા હુકમ તથા ઠરાવ કરે, તેવા હુકમ તથા ઠરાવ વખતો વખત કરવાનો અખ્તિયાર પણ કોર્ટને છે."

કલમ ૪૫ મી પ્રમાણે જ્યારે ઓરતની બદફેલીને લીધે તલાકનું કે જૂદાં પડવાનું હુકમનામું કોર્ટ કરે, ત્યારે છોકરાંના ફાયદા સારૂ તે ઓરતની માલ મિલ્કત નીમી આપવા બાબત કોર્ટ હુકમ કરી શકે છે.

"કોઇ ફરિયાદીમાં ઓરતની બદફેલીને લીધે તલાક આપવાનું, અથવા ઇનસાફની રીતે જૂદાં પડવાનું હુકમનામું કોર્ટ કરે, તો ફરિયાદીમાં ઓરતના કબજા માંહેની અમુક માલ મિલ્કત ઉપર તેનો હક પહોંચે છે, અથવા અમુક વાત થશે તો અમુક માલ મિલ્કત ઉપર તેનો હક પહોંચશે, એવું કોર્ટને બતાવવામાં આવશે તો, તે લગ્નથી થએલાં છોકરાંનાં, અથવા તેઓમાંથી અમુકનાં ફાયદા સારૂ, પોતાને વાજબી જણાય તે પ્રમાણે તે માલ મિલ્કત, અથવા તેનો કાંઇ ભાગ, નીમી આપવા બાબત હુકમ કરવાનો અખ્તિયાર કોર્ટને છે."

---

૫. શિક્ષા અમલમાં લાવવાની રીત બાબત.

(૧) આ આક્ટ પ્રમાણે ગુન્હો થાય તેનો ઇનસાફ કોણ કરે?

"આ આક્ટ પ્રમાણે થયેલા સઘળા ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર માજીસ્ટ્રેટનો અખ્તિયાર ચલાવનાર કોઇપણ અમલદારને છે. પરંતુ જ્યારે ગુન્હેગારને થવી જોઇતી કેદની મુદ્દત, સદરહુ અમલદાર જે સ્થળનો હોય તે સ્થળના ચાલૂ કાયદા પ્રમાણે જેટલી કેદની શિક્ષા ફરમાવવાના તેના અધિકારની ઉપરાંતની હોય, ત્યારે ઇનસાફ થવા સારૂ ગુન્હેગારને સેશન્સ કોર્ટમાં કમિટ કરવો." (કલમ ૪૬.)

(૨) હાઇકોર્ટની સ્થાનિક હદમાં કરેલા ગુન્હા બાબત શિક્ષા.

"જે ગુન્હા બાબત દંડ, અથવા દંડ અને ઘણામાં ઘણા ૬ મહિના સુધીની કેદની શિક્ષા કરવાનું આ આક્ટમાં ઠરાવ્યું છે, તેવો કોઇ ગુન્હો હાઇકોર્ટની અસલ દીવાની હકૂમતની સ્થાનિક હદમાં કોઇ માણસ કરશે, તો જે સ્થળે તે કોર્ટ ભરાતી હોય, તે સ્થળની પોલીસના હર કોઈ માજીસ્ટ્રેટે સંક્ષિપ્ત રીતે ગુન્હો સાબિત થયા પછી તે ગુન્હા બાબત શિક્ષા કરવી." (કલમ ૪૭.)

(૩) આ આકટના આધારથી કરેલો દંડ વસૂલ કેમ કરાય ?

આ આકટનાં આધારથી કરેલો દંડ ન આપે, તો તે સઘળો દંડ, દંડ કરનાર અમલદારે પોતાની સહીનું વારંટ આપીને ગુન્હેગારની જંગમ માલ મિલ્કત જપ્ત કરીને, તથા વેચીને વસૂલ કરવો. ઉપર કહેલો દંડ તાબડતોબ આપવામાં ન આવે, ત્યારે તે જપ્તિના વારંટના પરિણામની હકીકત યોગ્ય વખતે લખાઇ આવે ત્યાંસુધી ગુન્હેગારને પકડીને પહેરામાં બેસાડી મૂકવાનો હુકમ કરવાને સદરહૂ અમલદાર મુખ્તિયાર છે; પણ જપ્તિનાં વારંટના પરિણામની હકીકત જે સ્થળે તથા જે વખતે મોકલી હોય તે સ્થળે તથા તે વખતે, હાજર થવાનો સદરહૂ અમલદારની ખાતરી થાય તેવો જામીન ગુન્હેગાર આપે, તો ગુન્હેગારને પકડીને પહેરામાં બેસાડવો નહીં.

દંડ વસૂલ થાય તેટલી માલ મિલ્કત જપ્તિમાં મળી નથી, એવું જપ્તિના વારંટના પરિણામની હકીકત લખાઇ આવી હોય તે ઉપરથી દેખાય, અને ગુન્હેગાર તાબડતોબ દંડ ન આપે, અથવા

ગુન્હેગારની કબૂલાત ઉપરથી, અથવા બીજી રીતે સદરહૂ અમલદારની ખાતરી થાય કે, જપ્તિનું વારંટ આપવામાં આવે તોપણ દંડ વસૂલ થાય તેટલી માલ મિલ્કત ગુન્હેગાર પાસે નથી, તો

પોતાની સહીનું વારંટ આપીને, ૫૦ રૂપિયા કરતાં વધારે દંડ ન હોય, તો ઘણામાં ઘણા બે કેલેંડર મહિના સુધી કેદમાં રાખવા સારૂ; અથવા ૧૦૦ રૂપિયા કરતાં વધારે દંડ ન હોય, તો ઘણામાં ઘણા ચાર કેલેંડર મહિના સુધી કેદમાં રાખવા સારૂ, અને બીજે પ્રસંગે ઘણામાં ઘણા છ કેલેંડર મહિના સુધી કેદમાં રાખવા સારૂ, ગુન્હેગારને તુરંગમાં મોકલવાને સદરહૂ અમલદાર મુખ્તિયાર છે. પણ દંડનો અવેજ આપે તો ઉપર કહેલા પ્રસંગોમાંના હરકોઇ પ્રસંગે ગુન્હેગારને કેદમાંથી છોડી મૂકવો. (કલમ ૪૮ થી ૫૦.)

૬. મૅટ્રિમોનિયલ કોર્ટોએ શી રીતે કામ ચલાવવું તે વિષેના નિયમો (કાનુનો) હાઇકોર્ટે કરવા બાબત.

જે ઇલાકામાં અથવા અમલમાં હાઈ કોર્ટ સ્થપાઇ હોય, તે ઇલાકાની અથવા અમલની પારસી ચીફ અને ડિસ્ટ્રિકટ મૅટ્રિમોનિયલ કોર્ટે શી રીતે વહીવટ તથા કામ ચલાવવું, તે વિષેના, પોતાને વખતો વખત યોગ્ય જણાય તેવા, કાયદા તથા કાનુન હાઇ કોર્ટે આ આકટના ઠરાવ પ્રમાણે, અથવા આ આકટમાં કહેલા બીજા આકટના ઠરાવ પ્રમાણે, કરવા. તે કાયદા તથા કાનુન વખતો વખત રદ્દ કરવાનો, અથવા તેમાં ફેરફાર કરવાનો, કુલ અખ્તિયાર હાઇ કોર્ટને છે. એ સઘળા કાયદા કાનુન, તથા તે રદ્દ કરવાના હુકમ, તથા તેમાં જે ફેરફાર કીધા હોય તે ફેરફાર, સરકારી ગેઝેટમાં છપાવીને, પ્રસિદ્ધ કરવા. (કલમ ૫૧.)

આ આકટ પ્રમાણે જે અધિકાર સ્થાનિક સરકારને આપ્યો છે, તે અધિકાર ઇંડિયા સરકારના પ્રત્યક્ષ તાબામાં બ્રિટિશ ઇંડિયાનો જે ભાગ હોય તે ભાગનો રાજકારભાર ચલાવનાર મૂખ્ય અમલદારને આપવાને ઇંડિયાના ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ મુખ્તિયાર છે. (કલમ ૫૨.)

મુંબઈ ઇલાકાની પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટના કાયદા કાનુન.

(સને ૧૯૦૭ ની સાલના મુંબઇની હાઇકોર્ટના રૂલ્સ અને ફૉર્મસ.)

પ્રકરણ ૩૩ મું. કલમ ૭૧૧ થી ૭૨૨.

નીચે જણાવેલા નિયમોથી જ્યાં જ્યાં દીવાની કામ ચલાવવાની રીતના કાયદાના ધોરણોમાં કાંઇ હેરફેર યા ફેરફાર થતો હોય, તે સિવાય સઘળાં પ્રોસીડિંગો (કામો) દીવાની કામ ચલાવવાની રીતના કાયદાના ધોરણો મુજબ કરવાં.

જ્યારે વાદી લગ્ન રદ્દ બાતલ કરાવવાનું હુકમનામું મેળવવા માંગતો હોય, અથવા જ્યારે તેને (વાદીએ) જાર કર્મના સબબથી લગ્નના છૂટા છેડા માંગ્યા હોય, ત્યારે ફરિયાદ અરજીમાં જણાવવું જોઇએ કે તેની (વાદીની) અને તે લગ્ન અથવા કહેવાતા લગ્નના બીજા પક્ષકાર વચ્ચે, અથવા તેની (વાદીની) અને જેને જાર કર્મનો ગુન્હો કર્યો એમ કહેવાતું હોય તેની વચ્ચે કાંઇ સંપ કે સામેલગીરી, તેમજ કોઇ રીતના અખાડા કે આંખ મીચામણી થયેલી નથી.

લગ્ન રદ્દ બાતલ કરવાની ફરિયાદ અરજીનો નમૂનો.

પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટના જડજ સાહેબ જોગ.

એ. બી.

વિ.

સી. ડી.

તા૦ ૧૯

૧. કે વાદી, તે વખતે કુંવારી, પ્રતિવાદી, જે તે વખતે કુંવારો હતો તેની સાથે ઠેકાણે તા૦ ૧૯ ને રોજ પરણી હતી, પણ તે લગ્ન કાયદેસર નહતું.

૨. કે મજકૂર તા૦ ૧૯ થી તા૦ ૧૯ સુધી વાદી પ્રતિવાદી સાથે જૂદે જૂદે ઠેકાણે અને ખાસ કરીને મજકૂર ઠેકાણે રહી હતી, અને તેમની વચ્ચે લગ્નનો સંગ પણ થયો હતો.

૩. કે મજકૂર પ્રતિવાદીએ તે કહેવાતાં લગ્નનો ધણી તરીકે સંભોગ કરી સંગ કદીબી પૂરો કર્યો નથી.

૪. કે વાદીના જ્યારે તે કહેવાતાં લગ્ન થયાં, ત્યારે નામર્દાઇ અથવા બગડેલાં અંગના સબબથી મજકૂર પ્રતિવાદી કાયદેસર લગ્ન કરી શકે એવી સ્થિતિમાં નહતો.

૫. કે મુકદ્દમાની બાબતને સંબંધે તેની (વાદીની) અને મજકૂર પ્રતિવાદી વચ્ચે કાંઇ પણ સંપ નથી, કે અખાડા કરવામાં આવ્યા નથી.

તેટલા માટે વાદીની અરજ એ છે જે આપ નામદાર મજકૂર લગ્ન રદ્દ બાતલ ઠરાવશો.

છૂટા છેડા માટે ફરિયાદ અરજીનો નમૂનો.

પારસી ચીફ મૅટ્રિમોનિયલ કોર્ટના જડજ સાહેબ જોગ.

એ. બી.

વિ.

સી. બી. (અને આર. એસ., જે હોય તે.)

તા૦ ૧૯

૧. કે હું વાદી સી. બી. સાથે તા૦ ૧૯ રોજ ઠેકાણે કાયદેસર રીતે પરણ્યો હતો.

૨. કે મજકૂર લગ્ન થયા બાદ વાદી તેની મજકૂર ઓરતની સાથે ઠેકાણે અને ઠેકાણે રહયો હતો, અને તેની સાથે સંગ પણ થયો હતો; અને વાદી અને તેની મજકૂર ઓરતને તે લગ્નથી ત્રણ છોકરાં, એટલે એક દીકરો અને બે દીકરી (જે હોય તે) થયાં હતાં.

૩. કે તા૦ ૧૯ ને રોજ અને તે રોજ અને મા વચ્ચેના દીવસોમાં મજકૂર સી. બી., પ્રતિવાદીએ ઠેકાણે માં આર. એસ. સાથે બદફેલી કરી હતી.

૪. કે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં મજકૂર સી. બી. પ્રતિવાદી મજકૂર આર. એસ. ને ઠેકાણે વારંવાર મળતી, અને અનેક વખતે મજકૂર આર. એસ. સાથે બદફેલી કરતી હતી.

૫. કે આ મુકદ્દમાને સંબંધે વાદી અને મજકૂર સી. બી. પ્રતિવાદી અને આર. એસ. અથવા એ બેમાંના એકુની વચ્ચે કાંઇપણ સંપ યા કોઇપણ રીતના અખાડા થયેલા નથી.

વાદી, તેટલા માટે અરજ કરે છે કે આપ નામદાર એવું હુકમનામું કરી આપો કે (જે દાદ જોઇતી હોય તે લખવી), અને આપ નામદારને વાજબી અને યોગ્ય લાગે તેવી એ સંબંધી વધારે અને બીજી દાદ આપો.

પ્રતિવાદી ઉપર સમન્સ કાઢવામાં આવે તેમાં એમ જણાવવું જોઇએ કે મુકદ્દમો સાંભળવાને ઠરાવેલા દીવસના ઓછામાં ઓછા દસ દીવસ પહેલાં તેના કામનો જવાબ, અને ફરિયાદ અરજીમાં લખેલા મૂખ્ય આરોપો ઉપર તેનો જવાબ રજુ કરી તેને નોંધાવવો. આ મુદ્દત પછી કોઇપણ જવાબ કોર્ટના ખાસ હુકમ વિના દાખલ કરાશે નહીં; એવી રીતે વેળાસર જવાબ દાખલ કરવામાં ન આવશે તો મુકદ્દમો સાંભળવાને ઠરાવેલા દીવસે એક તરફી રીતે કામ ચલાવવાને કોર્ટ મુખ્તિયાર છે.

લગ્ન રદ બાતલ કરવાના હુકમનામાની ફરિયાદ અરજી ઉપર પ્રતિવાદીના જવાબનો નમૂનો.

તા૦ ૧૯

એ. બી.

વિ.

સી. ડી.

૧. કે મેં પ્રતિવાદીએ રીતસર થયેલા

સદરહૂ લગ્નનો સંગ પૂરો કર્યો છે, અને હું લગ્ન થયું તે વખતે અને ત્યારપછી સંભોગ કરી શકું એવી સ્થિતિમાં હતો, અને હજુ પણ છઉં એમ તપાસ ઉપરથી માલૂમ પડશે.

તેટલા સારે પ્રતિવાદી નમ્રતાથી અરજ કરે છે કે આપ નામદાર સદરહૂ અરજ તથા હુકમનામું રદ્દ કરવા ફરમાવશો વગેરે.

લગ્નના છૂટા છેડા માટે ફરિયાદ અરજી ઉપર પ્રતિવાદીના જવાબનો નમૂનો.

તા૦ ૧૯

એ. બી.

વિ.

સી. ડી.

૧. પ્રતિવાદી સી. ડી., પી. એ. તેના વકીલથી, મુખ્તિયારથી (અથવા પોતે જાતે) જણાવે છે કે સદરહૂ ફરિયાદ અરજીમાં લખ્યા મુજબ આર. એસ. સાથે બદફેલીનો ગુન્હો કર્યાનો તે (પ્રતિવાદી) ઇનિકાર કરેછે.

૨. પ્રતિવાદી વધુ એમ જણાવવા માંગે છે કે તા૦ ૧૯ ને રોજ તથા તે દીવસ અને ની વચ્ચેના બીજા દીવસોમાં સદરહૂ વાદી એ. બી. એ ઠેકાણે એક્ષ. વાઇ. કે જે એક પરણેલી ઓરત છે ઇત્યાદી, તેની સાથે જારકર્મનો ગુન્હો કર્યો છે. (એ મુજબ પ્રતિવાદીએ અખાડા, માંડવાળ, અથવા બીજી બાબતો જે ઉપર વાદીની ફરિયાદ અરજી રદ્દ કરાવવાના કારણ તરીકે આધાર રાખી શકાય એ ઉમેરવાં.)

૩. પ્રતિવાદી વધારે જણાવવા માંગે છે કે વાદી આ મુકદ્દમામાં હુકમનામું મેળવે તે કારણસર તેની સાથે પ્રતિવાદીએ સંપ કીધો નથી, યા કશા અખાડા કર્યા નથી; તેટલા માટે પ્રતિવાદી નમ્રતાથી અરજ કરે છે કેઃ—આપ નામદાર તે ફરિયાદ અરજી તથા હુકમનામાની અરજ ના મંજૂર કરશો વગેરે.

સઘળી ફરિયાદ અરજીઓ, લિખિત જવાબો, અરજીઓ અને સઘળી જવાબરૂપી તકરારો માટે રીતસર એકરાર કરવો, અને કાયદેસર રીતે તેપર સ્ટૅમ્પ મારવો, નહીંતો તે લેવામાં અને દાખલ કરવામાં આવશે નહીં.

લગ્ન રદ્દ કરવાના, અથવા ઇનસાફની રીતે જૂદા પડવાના, કે લગ્ન તોડવાના હુકમનામાની બાબતોમાં પ્રતિવાદીએ પોતાના જવાબમાં જાહેર કરવું જોઇએ કે તેની અને લગ્નના બીજા પક્ષકાર વચ્ચે કાંઇપણ રીતનો દગો યા આંખ મીચામણી છે નહીં.

જ્યારે પક્ષકારો વચ્ચેના લગ્ન કબૂલ રાખતો પ્રતિવાદીનો જવાબ દાખલ કરવામાં આવ્યો હોય, અને દાવામાં ખાવંદ હાજર થયો હોય, ત્યારે ઓરતને પોતાને માટે લવાજમ મળવા સંબંધે અરજી કરવી હોય, તો તે નીચે લખેલા નમૂના મુજબ કરી શકશે; અને તેવી અરજી સાંભળવા એક દીવસ મુકરર કરવામાં આવશે.

લવાજમ મળવા બાબતની અરજીનો નમૂનો.

પારસી ચીફ મેટ્રિમોનિયલ કોર્ટના જડજ સાહેબ જોગ.

સી. બી.

વિ.

એ. બી.

તા૦ ૧૯

એ. બી. ની હકદાર ઓરત પ્રતિવાદી સી. બી. ની અરજએ છે જે:—

૧. મજકૂર વાદી એ. બી. ઠેકાણે ઘણા વર્ષો થયાં ધંધો કરે છે, અને તે ધંધામાં ખર્ચ ખુટણ બાદ કરતાં રૂપિયાની તેની વાર્ષિક આવક છે.

૨. મજકૂર વાદી એ. બી. પાસે રેલ્વે કંમ્પનીના રૂપિયાની કીમતના શેરો છે, જેનો દર સાલ ચોખ્ખે ચોખ્ખો રૂપિયાનો ફાળો તેને મળે છે.

૩. સદરહૂ ધંધામાંથી કરેલી રૂપિયાની કીમતની મિલ્કત મજકૂર વાદી એ. બી. ના કબજામાં છે. (અને એજ પ્રમાણે બીજી સ્થાવર કે જંગમ મિલ્કત ખાવંદ પાસે હોય તે વિષે લખી જણાવવું.)

મારે પ્રતિવાદી નમ્રતાથી અરજ ગુજારે છે કે, આપ નામદાર સાહેબ મુકદ્દમાનો નિકાલ થતાં સુધીના (અથવા કાયમના) લવાજમ તરીકે જેટલી રકમ વ્યાજબી લાગે તેટલી અપાવવા કૃપા કરશો.

લવાજમ સંબંધી અરજી દાખલ કર્યા બાદ, તેની એક નકલ તુરત (અરજદારના) ખાવંદ ઉપર મોકલવી; તે નકલ મળ્યા પછી ૧૫ દીવસમાં જેમ દાવા અરજી લખાય છે અને તે માટે રીતસર એકરાર થાય છે તેમ લખી અને એકરાર કરી ખાવંદે તે અરજી સામે પોતાનો જવાબ દાખલ કરવો; નહીં તો કોર્ટ એક તરફી રીતે કામ ચલાવશે.

ખાવંદનો જવાબ દાખલ થયા બાદ, તેની ઓરત મુકદ્દમાનો નિકાલ થતાં સુધી લવાજમ અપાવવા હુકમ કરવા કોર્ટને અરજ કરી શકશે. પણ એવી અરજ કરવાને ચાર દીવસ પહેલાં, તેવી અરજી તે કોર્ટને કરનાર છે, એવો પોતાનો વિચાર તે ઓરતે પોતાના ખાવંદને અથવા તેના મુખ્તિયારને યા વકીલને નોટીસથી જાહેર કરવો. જે જવાબ તે ખાવંદ આપે તે સંતોષકારક ન લાગે, તો ખર્ચ સંબંધી જે હુકમ થાય તે કબૂલ રાખી, તે ઓરત પોતાની અરજી સાંભળવા માટે એક દીવસ મુકરર કરાવવા અરજ કરી શકશે, જે વખતે મજકૂર લવાજમ સંબંધી અરજીના આધારમાં અને તેની વિરૂદ્ધ સાક્ષીઓ તપાસવામાં આવશે.

જો કોઇ ઓરતે ઇનસાફની રીતે જૂદા પડવાનું હુકમનામું મેળવ્યું હોય, તે પહેલાં તેણે લવાજમ માટે અરજી દાખલ કરી હોય, પણ વચ્ચે અપીલ ન થઇ હોય, તો કાયમ લવાજમ માટે તે ઓરત કોર્ટને અરજ કરી શકશે; પણ તેમ કર્યાની આઠ દીવસ પહેલાં કોર્ટને એવી અરજ કરવાનો તેનો ઇરાદો છે એમ પોતાના ખાવંદને અથવા તેના મુખ્તિયાર યા વકીલને તે ઓરતે નોટીસથી જાહેર કરવું.

કોઇપણ ફેંસલો આપવાની વચ્ચે થતી અરજીના આધારમાં તથા તેની વિરૂદ્ધ જે કાંઇ એકરારનામાં અને દરખાસ્ત રજુ કરવામાં આવે તે પુરાવામાં લેવા, અને તે ઉપર અમલ કરવા કોર્ટ મુખ્તિયાર છે.

એવાં એકરારનામાં હાઇકોર્ટની અસલ બાજુમાં જે કમિશનર આગલ કરવાં ઠરાવ્યાં હોય તેની આગલ, અથવા હાઇ કોર્ટની અપીલ બાજુમાં રજીસટ્રાર અથવા ડેપ્યુટી રજીસટ્રાર આગલ કરવાં.

ફીનું પત્રક.

(મુંબઇની હાઇ કોર્ટ રૂલ્સ પ્રમાણે.)

સને ૧૮૯૫ ના ૧૫ માં આકટ મુજબ ચાલેલા મુકદ્દમામાં નીચે લખ્યા પ્રમાણેજ ફી અપાવવામાં આવશે:—

	રૂ. આ. પા.
દરેક દાવા અરજી પર.	૨૦—૦—૦
દરેક બીજા દસ્તાવેજ પર....	૦—૮—૦
દરેક સમન્સ અને સાક્ષી સમન્સ કાઢવા માટે. ...	૧—૦—૦
દરેક હુકમનામું અથવા હુકમ તૈયાર કરવા અને તેની નકલ કરવાના.	૫—૦—૦
દરેક દસ્તાવેજ પર સીલ એટલે મોહોર કરવાનો. ...	૧—૦—૦
પ્રતિજ્ઞા આપવાનો.	૧—૦—૦
સમન્સ બજાવવાના.	૦—૮—૦
દાવા અરજી યા જવાબ રજુ કરવાને દીવસે (એડવોકેટને રોકયો ન હોય ત્યારે) એટર્નિ કે પ્લીડરની હાજરીના.	૪૫—૦—૦
(દાવો સાંભળવાને રોજ જો મુદ્દા મુકરર થયા નહોય તો) મુદ્દા મુકરર કરવા, અથવા કોઈ તકરારી દરખાસ્તની સુનાવણી વેળા:	
એડવોકેટ હાજર થાય તો	૬૦—૦—૦
એટર્નિ યા પ્લીડર એડવોકેટ વગર હાજર થાય તો	૪૦—૦—૦
એડવોકેટ સાથે એટર્નિ યા પ્લીડર હાજર થાય તો	૩૦—૦—૦
દાવાની સુનાવણીને પહેલે દીવસે:	
એડવોકેટ હાજર થાય તો	૭૫—૦—૦
પ્લીડર અથવા એટર્નિ હાજર થાય તો	૬૦—૦—૦
પ્લીડર યા એટર્નિ એડવોકેટ સાથે હાજર થાય તો	૪૫—૦—૦

ત્યાર પછીના દરેક દીવસ પર:

એડવોકેટ હાજર થાય તો	૬૦—૦—૦
એટર્નિ અથવા પ્લીડર હાજર થાય તો	૪૫—૦—૦
એડવોકેટ સાથે એટર્નિ યા પ્લીડર હાજર થાય તો	૩૦—૦—૦
ખર્ચનું બીલ નક્કી કરવાના.	૪—૦—૦
બજાવણીના ખર્ચના.	૪૫—૦—૦
પ્રોસીડિંગ સાથે ઝડતીના હુકમનો...	૧—૦—૦

ધંધાદારી સાક્ષીઓ માટે દર:

બ્રિગેડ સર્જન	૧૦૦—૦—૦
સર્જન મેજર	૭૫—૦—૦
સર્જન	૫૮—૦—૦
વીસ વર્ષ ઉપરાંતના અનુભવનો એસિસ્ટન્ટ સર્જન	૫૦—૦—૦
વીસ વર્ષની અંદરના અનુભવનો એસિસ્ટન્ટ સર્જન	૨૫—૦—૦

જરૂરના તરજુમાનો ખર્ચ પણ અપાવવામાં આવશે.

કોર્ટનો કલાર્ક પક્ષકારો વચ્ચેનો ખર્ચ નક્કી કરશે.

કન્યાને આપેલી પહેરામણી બાબત.

કન્યાને સમર્પણ કરતી વેળાએ અને ત્યારપછી, તેમજ લગ્ન વખતે અને લગ્ન થયા બાદ, જે બક્ષિશો આપવામાં આવે છે તેની માલિકીના સંબંધમાં પારસીઓમાં ચાલતો રીવાજ શું છે?

બરજોરજી વિરૂદ્ધ પેસ્તનજી (સને ૧૮૭૬ ના નંબર ૬૦૦) ના મુકદ્દમામાં જડજ મી૦ બેલીએ તારીખ ૨૦ મી સપ્ટેમ્બર ૧૮૭૭ ના રોજ ઠરાવ્યું હતું કે, "જે ઘરેણાં, નાણાં વગેરે લગ્ન વખતે કન્યાને તેના ધણીએ, અથવા તેના (ધણીના) મા બાપે અને સગાંએ આપ્યાં હોય, તે, તેઓનું લગ્ન જારી રહે ત્યાંસુધી, ધણી ધણીઆણીની મજમુ માલિકીનાં છે, અને એમાંનું એક ગુજરી જાય ત્યારે બીજાને તે સઘળું (સર્વાઇવરના હકથી) મળે છે," એવો રીવાજ સાબિત થયો હતો.

તે પછીનો બીજો મુકદ્દમો **મેરવાનજી વિરૂદ્ધ રૂસ્તમજી** (સને ૧૮૮૩ ના નંબર ૨૫૪.) નો છે. તેમાં તારીખ ૪ થી સપ્ટેમ્બર સને ૧૮૮૪ ના રોજ જડજ મી૦ બર્ડવુડે બરજોરજી વિરૂદ્ધ પેસ્તનજીવાળા ઉપર કહેલા મુકદ્દમાનો આધાર લઇને ઠરાવ્યું હતું કે, "ઉપર કહેલો રીવાજ કન્યાની તરફથી તેમજ વરની તરફથી આપેલી ભેટ અને પહેરામણીને લાગુ પડે છે; અને છોકરાંના જન્મથી તે રીવાજને કાંઇ અસર થતી નથી."

ત્યારપછી સને ૧૮૯૨ ની સાલમાં **બેહરામજી વિરૂદ્ધ જમશેદજી** (ઇં. લૉ. રી. ૧૬ મુંબઇ, પાનું ૬૩૦) વાળા મુકદ્દમામાં, કન્યાને અપાયલી બક્ષિશોની માલિકીની બાબતમાં પારસીઓમાં જે રીવાજ છે, તે ઉપલા બે મુકદ્દમામાં મુંબઇની હાઇ કોર્ટે જાહેર કરેલો હોઇને, જડજ મી૦ પારસન્સે ઠરાવ્યું કે, પારસીઓના ચાલતા રીવાજ પ્રમાણે અદરાતી વખતે, અદરાયા પછી, લગ્ન થતાં પહેલાં, તેમજ લગ્ન વખતે, નાણાં અને ઘરેણાંની જે બક્ષિશો કન્યાને કરવામાં આવી હોય તે બક્ષિશો અને તેનો વધારો, ધણી ધણીઆણીની હયાતી સુધી તેમની મજમુ માલિકીનાં છે; અને તેઓ પૈકી એક ગુજરી જાય, ત્યારે તે સઘળી બક્ષિશો તથા વધારો કૂલ હકની સાથે જે જીવતું રહ્યું હોય તેને મળે છે. વળી ખાસ અને

કીમતી લુગડાં (એટલે ખાસ પ્રસંગેજ અને ખાસ ક્રિયા કરતી વેળાએજ જે લુગડાં પહેરવાનો ઇરાદો રાખ્યો હોય તેવાં લુગડાં) ઉપર જણાવેલા વખતની દરમિયાન બક્ષિશ તરીકે મળેલાં હોય, તે બાબતમાં પણ ઊપર કહેલો રીવાજ ચાલે છે.

મનચેરજી બમનજી વિરૂદ્ધ નસરવાનજી મનચેરજી (ઈ. લૉ. રી. ૨૦ મુંબઇ, પાનું ૧૧.) ના મુકદ્દમામાં ચીફ જસ્ટિસ ફેરેને કહ્યું છે કે:—"વરના બાપે પોતાના દીકરાના લગ્ન પ્રસંગે કન્યાને ઘરેણાં આપવાં, અથવા ઘરેણાં ખરીદવાને નાણાં આપવાં, એવો રીવાજ પારસીઓમાં છે. એવાં ઘરેણાં વર કન્યાની મજમુ મિલ્કત ગણાય છે."

ટુંકમાં અદરાતી વખતે, અદરાયા પછી, લગ્ન થતાં પહેલાં, અને લગ્નની વેળાએ, કન્યાનાં સગાંએ, કે તેના ધણીએ, કે તે ધણીનાં સગાંએ ઘરેણાં અને નાણાંની જે ભેટ અને બક્ષિશ કન્યાને આપી યા કરી હોય, તેની બાબતમાં અને તેના વધારાની બાબતમાં રીવાજ એ છે જે, એવી બક્ષિશો, જ્યાં સુધી તેઓનું લગ્ન જારી રહે ત્યાં સુધી, તે ધણી ધણીઆણીની મજમુ મિલ્કત ગણાય છે, અને તેઓ પૈકી એક ગુજરે ત્યારે બીજાને તે સઘળું (સર્વાઇવર તરીકે) પહોંચે છે.

બરજોરજી ભીમજી વિરૂદ્ધ ફિરોઝશાહ ધનજીશાહ.

આગલા વખતમાં મોદી, દસ્તુર, અને પંચાયતના મત પ્રમાણે રીત રીવાજ મુજબ જીલ્લામાં કોર્ટો મુકદ્દમાનાં ફેંસલા કરતી હતી, તે મુજબ લગ્નની વખતે ધણીએ આપેલાં લુગડાં તથા ઘરેણાંની માલિકીના સંબંધે ચુકેલો આ એક ઘણો જુનો મુકદ્દમો મુંબઇની સદર દીવાની અદાલતે સને ૧૮૨૦ થી ૧૮૪૦ સુધીમાં ચુકાવેલા મુકદ્દમા માંહેના ચૂંટી કાઢેલા મુકદ્દમાના રીપોર્ટોના ૨૦૬ માં પાના ઉપરથી લીધો છે.

ઉપલા કેસમાં ફિરોઝશાહ નામનો એક પારસી બરજોરજી નામના બીજા પારસીની બેન હીરાંબાઇ સાથે સંવત ૧૮૫૩ માં પરણ્યો હતો; જે વેળાએ ઘરેણાં અને લુગડાં હીરાંબાઇને તેણે આપ્યાં હતાં. પરણ્યા પછી થોડા વખતમાં તેઓ છૂટાં પડયાં. અને સંવત ૧૮૭૬ માં અને ત્યારબાદ ફિરોઝશાહે તેને (હીરાંબાઇને) પૈસા આપ્યા. સંવત ૧૮૮૧ માં

હીરાંબાઇ મરણ પામી. તેણે પોતાનું વિલ કરી પોતાની સઘળી મિલ્કત પોતાના ભાઇ બરજોરજીને આપી હતી; અને બરજોરજીએ મજકૂર વિલની રૂએ જેટલા નાણાં હીરાંબાઇને ખાતે શાહુકારને ત્યાં અનામત હતાં તે પોતાને કબજે કર્યાં. તે ઉપરથી હીરાંબાઇના ધણી મજકૂર ફિરોઝશાહે પોતાની મરનાર ધણીઆણીની મિલ્કતમાંથી પોતે તેને આપેલાં ઘરેણાં, લુગડાં, રોકડનાણું વગેરે કુલ રૂપિયા ૨૪,૫૦૦ વસૂલ કરવા દાવો કર્યો, એમ કહીને કે મારી મરનાર ધણીઆણીની મિલ્કતનો હું હકદાર વારસ છું; તે મિલ્કત મારી તરફથી તેને મળેલી છે; અને એવી રીતે મારા તરફથી મળેલી મિલ્કત કોઇ બીજાને વિલ અથવા કોઇ પણ બીજા પ્રકારથી કાયદેસર રીતે અપાય નહીં. સુરતના આસિસ્ટન્ટ જડજે ફિરોઝશાહનો દાવો કાઢી નાખ્યો. તે ઉપરથી જીલ્લા કોર્ટમાં અપીલ થઇ; તેમાં ફિરોઝશાહના લાભમાં રૂપિયા ૧૦,૪૮૦--૭-૬ નું હુકમનામું થયું; અને હીરાંબાઇએ કરેલું વિલ રદ્દ ગણાયું. મજકૂર બરજોરજીએ તે ઉપરથી મુંબઇની સદર અદાલતમાં અપીલ કરી; અને સદર અદાલતના નામદાર જડજો એકમતે એ વિચાર ઉપર આવ્યા કે હીરાંબાઇએ કરેલું વિલ ખરૂં છે કે કેમ, તે કોમના રીવાજ સંબંધીનો સવાલ છે, કારણ કે તે બાબત ઉપર કાંઇબી લિખિત કાયદો પારસીઓમાં નથી; અને તેથી મુંબઇની પારસી પંચાયતનો અભિપ્રાય મેળવવા સદરહૂ નામદાર જડજોએ ઠરાવ્યું. મુંબઇની પારસી પંચાયતને નીચે પ્રમાણે સવાલ પૂછાયો:—

"જો એક ઓરત પોતાના ખાવંદથી છૂટી પડયા પછી, તેની તરફથી મળેલાં ઘરેણાં અને લુગડાં વેચી, અથવા પોતાની મહેનત મજૂરીથી, યા પોતાના ખાવંદ તરફથી મળતા ભરણ પોષણના લવાજમમાંથી બચાવી, કાંઇ મિલ્કત ભેગી કરે, તો એ પ્રમાણે ભેગી કરેલી મિલ્કત પોતાના ખાવંદને નહીં આપતાં, કોઇ બીજાને વિલ કરી, અથવા બીજા કોઇ પ્રકારથી તે આપી શકે? કે એવી રીતે વિલથી કરેલી તે મિલ્કતની વ્યવસ્થા રદ્દ બાતલ ગણાય?"

ઉપલા સવાલનો જવાબ નીચે મુજબ મળ્યો:—

"જો કોઈ પારસી પોતાની ઓરતને પોતાથી છૂટી પાડે, અને તેણે ભરણ પોષણ, અથવા ખોરાકી યા લુગડાં માટે કોઇ જડજના હુકમથી, યા

પોતપોતા વચ્ચે કબુલાતથી, કાંઇ લવાજમ નક્કી કર્યો હોય, સે તે ખાવંદે આપ્યો હોય; અને તેવા લવાજમમાંથી બચાવ કરી, અથવા પોતાના ખાવંદ પાસેથી મળેલા ઘરેણાં અને લુગડાં વેચી, અથવા પોતાની મહેનત મજૂરીથી, કાંઇ મિલ્કત કે પુંજી તે ઓરતે એકઠી કરી હોય, અથવા કોઇ બીજા તરફથી તે ઓરતને કાંઇ મિલ્કત મળી હોય, તો પોતાના ખાવંદને કાંઇ ન આપતાં, તે સઘળી મિલ્કત અને પુંજી બીજા કોઇપણ માણસને તે ઓરત વિલ કરી આપી દઈ શકે; અને તે માલ મિલ્કતની એવી રીતે કરેલી વ્યવસ્થા ખરી અને કાયદેસર ગણાય. જો વિલ ન કર્યું હોય, તો એવી સઘળી મિલ્કત અને પુંજી તે સ્ત્રીના માબાપ તરફના ખેશીઓને મળે. આ મુજબનો રીવાજ ઘણા લાંબા વખતથી પારસીઓમાં ચાલૂ છે, અને મુંબઇની પંચાયતે તેવો રીવાજ માન્ય કર્યો છે, અને ઠરાવ્યો છે" પંચાયતે વધુ એમ જણાવ્યું કે, "જો કોઇ પારસી પોતાની ઓરતને પોતાથી જૂદી પાડે તે વેળાએ, તે ઓરત પોતાના ખાવંદ સાથે એવી કબૂલાત કરી બંધાય, કે સારાં ભરણ પોષણના નાણાં અને મારાં ઘરેણાં લુગડાં, મારા મોત પછી મારા ધણીને પહોંચે, તો એવાં લખાણના પુરાવાની હયાતીથી વિલ યા બીજા પ્રકારથી તે સ્ત્રી તેવી મિલ્કત કોઇ બીજા માણસને આપી શકે નહીં; અને તે સ્ત્રીના હવાલા માંહેની, અને તેના ખાવંદ તરફથી મળેલી, મિલ્કત તે ખાવંદને મળે છે; પરંતુ જો મજકૂર લખાણમાં એવી કાંઇ શરતો ન હોય, તો પોતાની ઓરતની મિલ્કત ઉપર ધણીને કશો હક રહેતો નથી.

આ બાબત ઊપર આવા પારસી રીત રીવાજના સ્પષ્ટ ખુલાસા ઊપરથી, અને ખાવંદ તરફથી તકરારી મિલ્કત તે ઓરતને મળી હતી એમ સાબિત ન થવાથી, સને ૧૮૩૯ ના સપ્ટેમ્બર મહિનાની ૧૦ મી તારીખે વાદી ફિરોઝશાહનો દાવો ખર્ચ સાથે યોગ્ય કોર્ટના જડજોએ રદ કરી કાઢી નાંખ્યો હતો.

ભાગ બીજો.

વારસા હિસ્સાની બાબત.

દીબાચો.

હિંદુસ્તાનની પારસી કોમમાં ધારા તરીકે ચાલતા આવતા રીવાજો તથા તેમના માટે ખાસ ધારા બાંધવાની જરૂરીઆત વિષે પારસી લૉ કમિશનના તારીખ ૧૩ મી ઑકટોબર સને ૧૮૬૨ ના સ્પષ્ટ વિદ્વતાભરેલા, અને સંપૂર્ણ રીપોર્ટ ઉપરથી એવું માલૂમ પડે છે, કે ઇ. સ. ૧૮૬૫ પહેલાં ઇલાકાનાં શહેરોમાં રહેનાર પારસીઓનું સંસાર વ્યવહારી અને ધારા સંબંધીનું ધોરણ જીલ્લાના પારસીઓમાં ચાલતા ધોરણથી તદ્દન જૂદા પ્રકારનું હતું.—ઇલાકાના શહેરોના પારસીઓને તેમની મિલ્કતના સંબંધમાં જે ધારો લાગુ પાડવામાં આવતો, તે અંગ્રેજી "સ્ટેચ્યૂટ ઑફ ડિસ્ટ્રિબ્યૂશન" નામનો ધારો હતો, અને જીલ્લામાં સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૪ થો લાગુ પાડેલો હતો. એ રીતે ઇલાકાનાં શહેરોના, ને જીલ્લાના, પારસીઓની માલ મિલ્કતની વ્યવસ્થા સંબંધે એકજ ધારો નહોતો. જીલ્લામાં તો ફક્ત અનિશ્ચિત અને અસ્થિર રીવાજો તથા રસમો ઉપર આધાર રાખી માલ મિલ્કતની વ્યવસ્થાના ચુકાદા કરવામાં આવતા હતા. ભરોસો રાખી ઇનસાફ આપી શકાય એવા એ રીવાજો નહોતા; એટલુંજ નહીં પણ તેથી નવા નવા કજીઆ ટંટા ઉત્પન્ન થતા, અને ખરા ધારાની ગેરહાજરીને લીધે ઇનસાફ આપવામાં અગવડ તથા ઢીલ થતી.

ઇ. સ. ૧૮૩૫ ની સાલમાં એવો બનાવ બન્યો કે જેથી મુંબઇવાસી પારસીઓમાં વારસા હિસ્સાની બાબતમાં એક ચોકસ ધારો થવાની ચિંતા અને ફિકર સાથે ખાહેશ ઉત્પન્ન થઇ. સાલ મજકૂરમાં એક પારસી, વસિયતનામું કર્યા વગર, ગુજરી ગયો. તેની સઘળી સ્થાવર મિલ્કત અંગ્રેજી ધારાની રૂએ વડા દીકરા તરીકે પોતાને એકલાને મળવા માટે મુંબઇની તે વખતની સુપ્રીમ કોર્ટમાં મરનારના સૌથી વડા દીકરાએ દાવો કર્યો. આથી મુંબઇ નિવાસી પારસીઓમાં મોટો ગભરાટ ફેલાયો. તેઓના

જોવામાં આવ્યું કે સ્થાવર મિલ્કતનો અંગ્રેજી ધારો તેમને લાગુ કરવામાં આવે, તો આગળ ઉપર એ દાખલો બેહુદો અને નુકસાનકારક થઇ પડે; એમ વિચારી સને ૧૮૩૫ના નવેમ્બર મહિનાની ૨૦ મી તારીખે મુંબઇના વતની પારસીઓએ લેજિસ્લેટિવ કાઉન્સિલને ઘણી સહીઓવાળી એક મોટી અરજી મોકલાવી; તેમાં ઉપર કહેલો અંગ્રેજી ધારો તેમને લાગુ પાડવો મુનાસિબ નથી, જેથી તે લાગુ થતો અટકાવવા માટે તેઓએ આજીજી કરી. તેનું પરિણામ એ આવ્યું કે નામદાર સરકારે "પારસી ચેટલ્સ રીયલ આકટ" નામનો સને ૧૮૩૭ નો ૯ મો આકટ પસાર કર્યો. આથી ઇલાકાનાં શહેરના પારસીઓ સ્થાવર મિલ્કતના વારસા હિસ્સાના અંગ્રેજી ધારાના બંધનમાંથી થોડે દરજ્જે મુક્ત થયા.

અંગ્રેજી ધારા મુજબ વારસા હિસ્સાના સંબંધે સ્થાવર અને જંગમ એ બે વિભાગમાં મિલ્કતની વહેંચણી કરવાનું જે પ્રકરણ છે, તે ઇલાકાનાં શહેર બહાર, જીલ્લામાં વસતા પારસીઓને કદિ લાગુ પાડવામાં આવેલજ નહતું; કારણ કે સ્થાવર મિલ્કત સંબંધી અંગ્રેજી ધારાના આ વધારાનાં તત્વો જીલ્લાના પારસીઓના સંબંધમાં કદિ અમલમાં મૂકવામાં આવ્યા નહતા; અને ઉપર કહ્યા મુજબ સને ૧૮૬૫ પહેલાં જીલ્લામાં વસતા પારસીઓના મુકદ્દમાં, ઇકિવટી અને શુદ્ધ ન્યાયના નિયમોથી ફેરવાયેલા તેમની જ્ઞાતીના મુકરર થયેલા રીવાજ પ્રમાણે, ચુકવવામાં આવતા હતા.

આ જગોએ કહેવું જોઇએ કે અંગ્રેજી ઇક્વિટી કોર્ટની કામ ચલાવવાની રીતી (પ્રેક્ટીસ) માં જરૂરીઆત સુધારા વધારા કરી જીલ્લામાં કામ લેવામાં આવતું, તે કાંઇ અંગ્રેજી ધારાના વિશેષ અને ચોકસ ધોરણ લાગુ પાડવા માટે નહીં, પરંતુ ઇક્વિટી અને શુદ્ધ ન્યાયના તત્વોનો ખુલાસો કહી બતાવી એક સરખી અસર ઉત્પન્ન કરવાના હેતુ સર થતું. (મીઠીબાઇ વિરૂદ્ધ લીમજી બનાજી, ઇં. લો. રી. ૫ મુંબઇ, પાનું ૫૦૬; જાંહાંગીર વિરૂદ્ધ પીરોજબાઇ, ઈ. લો. રી. ૧૧ મુંબઇ, પાનું ૪૬; મંચેરજીશાહ વિરૂદ્ધ કામરૂનીશા બેગમ, ૫ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ, પાનું ૧૦૯; શાપુરજી વિરૂદ્ધ ડોસાભાઈ, ઇં. લો. રી. ૩૦ મુંબઇ, પાનાં ૩૬૧, ૩૬૨.)

નવરોજી વિરૂદ્ધ પીરોજબાઈ, ઇં. લૉ. રી. ૨૬ મુંબઈ, પાનાં ૬૮, ૮૭.

આ મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે કેઃ—નવરોજી વિરૂદ્ધ રોજર્સ

(૪ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ, પાનું ૧) ના ચુકાદા પછી સને ૧૮૬૫ના ૧૦, ૧૫, અને ૨૧ માં આક્ટો અમલમાં આવ્યા ત્યાં સુધી, મુંબઇના ટાપુમાંહેના પારસીઓને તેમની મિલ્કત સંબંધે, સુપ્રીમ કોર્ટની, અને તે કોર્ટ બંધ પડયા પછી હાઇ કોર્ટની, અસલ હકૂમતમાં અંગ્રેજી ધારો, અમુક અપવાદોની શરતે, એક સરખી રીતે લાગુ પાડવામાં આવતો હતો.

સને ૧૮૩૭ નો ૯ મો આકટ, જે સને ૧૮૬૮ ના ૮ મા આકટથી રદ્દ થયેલો છે, તે ફક્ત મુંબઇ શહેરમાંજ નહીં પણ ઇલાકાનાં તમામ શહેરોમાં ચાલતો હતો. (રોજર્સ વિરૂદ્ધ નલરોજી, ૪ મુંબઇ હાઇ કોર્ટ રીપોર્ટ. પાનું ૧૧૪.)

સને ૧૮૩૭ ના ૯ માં આકટમાં ઠરાવ્યું હતું કેઃ—સુપ્રીમ કોર્ટની હદમાં દરેક વસિયતનામું કરી, અથવા કર્યા વગર, ગુજરી જનાર પારસીની માલ મિલ્કત વારસને આપતી વખતે, તે માલ મિલ્કત "ચેટલ્સ રીઅલ" (જંગમ મિલ્કત) જેવીજ છે, અને અગાઉ હમેશા તેવીજ હતી, એવું સમજવું.

સને ૧૮૩૭ નો આકટ ૯ મો પસાર થવાથી ઇલાકાનાં શહેરોનાં પારસીઓને કાંઇક લાભ થયો; પણ તેથી જીલ્લાના પારસીઓને કાંઇએ ફાયદો મળ્યો નહીં. ઇલાકાનાં શહેરોના પારસીઓને ફક્ત એટલોજ ફાયદો થયો કે પ્રાઇમોજેનિચર (સઘળી સ્થાવર મિલ્કત વડા દીકરાને મળે તેવો વડિલ હક) ના અંગ્રેજી ધારાના અમલમાંથી તેઓ છૂટા થયા; પણ વિલ કર્યા વગર ગુજરી જનાર પારસીની સર્વે પ્રકારની મિલ્કતના સંબંધમાં તો તેઓને અંગ્રેજી ધારાને તાબે રહેવું પડયું; જેથી વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસીની માલ મિલ્કતમાંથી, તેની વિધવાને ત્રીજો હિસ્સો મળતો, અને તે મિલ્કતનો બાકીનો ભાગ મરનારના છોકરાં અને તેમનાં પ્રતિનિધિઓ વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપવામાં આવતો. આ પ્રમાણેની વહેંચણી ઇલાકાનાં શહેરોના પારસીઓની હાજતોને બિલકુલ અનુકુલ ન હોઇને, તેમજ તેમના રીવાજ અને રસમથી તદન વિરૂદ્ધ હોઇને, તેઓને ખરેખરી અને મોટી અગવડ પડતી હતી.

પારસીઓમાં મંજૂર થયેલો ધારો, અથવા કાયદાના જુના પુસ્તકો, કે વગર લખેલા કાયદાના આધાર રાખવા લાયક કાંઇપણ હેવાલ ન હોવાના સબબથી, પોતાનાં કુટુંબના શું શું હકો અને ફરજો છે તે કોઇપણ

પારસી જાણતો નહોતો; અને વધારે સારા તથા સંતોષકારક અને જથુનાં વારસા હિસ્સાના ધારાની ખાસ જરૂરીઆત હોઇને, પારસીઓએ તારીખ ૨૦ મી ઑગસ્ટ સને ૧૮૫૫ ના રોજ પોતાને અનુકુળ ધારા બાંધવાને જે જે પગલાં ભરવાં હોય તેનો વિચાર કરવા, અને તે દાખલ કરવા માટે, મુંબઇમાં શેઠ કાવસજી બહેરામજીના આતશ બહેરામમાં એક મોટી સભા બોલાવી. આ કામને માટે નીમાયેલ પારસી લૉ એસોસિએશનની મેનેજીંગ કમિટીએ ધારાનો એક ખરડો તૈયાર કરી તારીખ ૩૧ મી માર્ચ સને ૧૮૬૦ ના રોજ લેજિસ્લેટિવ કાન્સિલ હજૂર રજુ કર્યો. લેજિસ્લેટિવ કાઉન્સિલની સિલેક્ટ કમિટીએ ત્યારબાદ પોતાનો રીપોર્ટ કર્યો; તે ઉપરથી હિંદુસ્તાનના પારસી ટોળામાં ધારા તરીકે ચાલતા આવેલા રીવાજો વિષે, તથા તે બાબે ખાસ ધારા બાંધવાની જરૂરીઆત વિષે, તપાસ કરવાને એક કમિશન સને ૧૮૬૧ ના ડિસેમ્બર મહિનાની ૨૬ મી તારીખે નીમાયું. પારસી લૉ કમિશને ત્યારપછી તારીખ ૧૩ મી ઑકટોબર સને ૧૮૬૨ ના રોજ એક રીપોર્ટ કર્યો; અને આખરે લાંબા વખતથી ચાલતી અડચણ "પારસી સકસેશન આકટ" નામનો સને ૧૮૬૫નો ૨૧ મો આકટ પસાર થવાથી દૂર થઇ.

વગર વસિયતે ગુજરી જનાર પારસી (સ્ત્રી પુરૂષ) ના વારસા હિસ્સા બાબતનો આ ઉપર કહેલો આકટ છે. વિલ કરી ગુજરી જનાર પારસી (સ્ત્રી પુરૂષ) ના વારસાને સંબંધે "ઇંડિયન સકસેશન (સને ૧૮૬૫ ના ૧૦ મા) આકટ માંહેનો વિલ બાબતનો ધારો લાગુ પાડેલો છે.

આ આકટ (પારસીઓનો વારસા બાબતનો સને ૧૮૬૫ નો ૨૧ મો) શેડયૂલ ડિસ્ટ્રીક્ટ સિવાય આખા બ્રિટિશ ઇંડિયાને લાગુ પડે છે. અને નીચે જણાવેલા શેડયૂલ ડિસ્ટ્રીકટોમાં પણ તે લાગુ પડે છે:—

સિંધ; વેસ્ટ જલપાયગરી, હઝારીબાગ, લાહોરદગ અને માનભુમ જીલ્લા; દાલભુમ પરગણું; સિંગભુમ જીલ્લામાં કોલ્હાન; જહાંસી ડિવિઝન; કમાઉન અને ગરવ્હાલ; મિરઝાપુર જીલ્લાનો શેડ્યૂલમાં દર્શાવેલો ભાગ; જોનસર બાવર; હઝારા, પેશાવર, કોહાત, બાનુ, દેરાઇસમાઇલખાન અને દેરાગાઝીખાન જીલ્લા; અજમેર અને મેરવારા; સિલહત જીલો; નોર્થ વેસ્ટર્ન પ્રોવિન્સીઝ, તરાઇ. પણ લાહોલના શેડ્યૂલમાં દર્શાવેલા જીલ્લાને આ આકટ લાગુ પાડવામાં આવ્યો નથી.

વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસી લોકોની માલ મિલ્કતના વારસા બાબતનો ધારો.

સને ૧૮૬૫ નો આકટ ૨૧ મો.

નામદાર ગવર્નર જનરલે સને ૧૮૬૫ ના એપ્રિલ મહિનાની
૧૦ મી તારીખે મંજૂર કર્યો.

કઇ કઇ માલ મિલકતના સંબંધમાં મરનાર વસિયતનામું કર્યા વગર ગુજરી ગયો કહેવાય?

હિંદુસ્તાનના વારસા હિસ્સા બાબતના સને ૧૮૬૫ ના ૧૦ માં આકટની કલમ ૨૫ મી પારસીઓને લાગુ પડે છે, તે પ્રમાણે "જે માલ મિલ્કતની અમલમાં આવે તેની વ્યવસ્થા વિલમાં કરી ન હોય, તે સઘળી માલ મિલ્કતનું વિલ કર્યા વગર ગુજરી જનારને **વગર વસિયતે ગુજરનાર** સમજવો."

દાખલા તરીકે—જો ગુજરનારે વસિયતનામું કર્યુંજ ન હોય, તો તે પોતાની સઘળી માલ મિલ્કતનું વિલ કર્યા વગર ગુજરી ગયેલો ગણાય.

જો વિલ કર્યું હોય, અને એગ્ઝેક્યૂટર નીમ્યા હોય, પણ તેમાં બીજું કાંઇ લખ્યું ન હોય, અથવા વિલમાં પોતાની સઘળી માલ મિલ્કત કાયદા વિરૂદ્ધ કામ માટે આપવાનું લખ્યું હોય, તો તે પોતાની માલ મિલ્કતની વ્યવસ્થાના સંબંધમાં વિલ કર્યા વગર ગુજરી ગયો ગણાય.

તેમ વળી વિલમાં ૧૦૦૦ રૂપિયા, અમુક એક માણસને, અને ૧૦૦૦ રૂપિયા, અમુક બીજા માણસના વડા દીકરાને, આપવાનું લખ્યું હોય; અને બીજા કોઇને કાંઇ આપવાનું તેમાં લખ્યું ન હોય, અને તે ફક્ત ૨૦૦૦ રૂપિયાની પુંજી મૂકીને ગુજરી જાય; અને જે બીજા માણસના વડા દીકરાને ૧૦૦૦ રૂપિયા આપવા લખેલું તે માણસ એકે દીકરો મૂકયા સિવાય વિલ કરનારની હયાતીમાં ગુજરી જાય, તો આ ૧૦૦૦ રૂપિયાની વ્યવસ્થાના સંબંધમાં તે વિલ કર્યા વગર ગુજરી ગયો ગણાય.

એરચશાહ વિરૂદ્ધ જરબાઇ, ઈં. લો. રી. ૪ મુંબઇ, પાનું ૫૩૭.

આ કેસમાં એક પારસીએ પોતાના વિલમાં પોતાની તમામ મિલ્કત પોતાના ભાઇને આપવાનું લખી, પોતાની ઓરત તથા દીકરાને મિલ્કતમાંનો કાંઇ હિસ્સો ન આપવાનું ખુલ્લા શબ્દોમાં જણાવી તેમને રદ્દ બાતલ કર્યા. મજકૂર ભાઈ તે પારસીની હયાતીમાં ગુજરી ગયો, તેથી તેની સઘળી મિલ્કતની વ્યવસ્થા સંબંધે તે વિલ કર્યા વગર ગુજરી ગયો એમ ગણાયું, અને કોર્ટે તે પારસીની વિધવા અને દીકરીને (જેઓને તેણે રદ્દ બાતલ કર્યા હનાં તેઓને) તેની તમામ મિલ્કત અપાવી.

હોરમજી વિ. જમશેદજી, ૧૮૯૩ નું પ્રિંટેડ જડજમેન્ટ પાનું ૩૩૩.

આ મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે કે, જો કોઇ વસિયતનામું કરનાર પોતાના વસિયતનામામાં પોતાના કોઇ વારસને કાંઇપણ વારસો નહીં આપવો એમ લખી, રદ્દ બાતલ કરે; અને કોઇ ધારા વિરૂદ્ધની બક્ષિશ કરવા તેણે લખ્યું હોય, તે બક્ષિશ રદ્દ બાતલ ગણાય, અને તેટલો તે મરનારની મિલ્કતનો ભાગ વસિયતનામું કર્યા વગરનો ગણાયાથી, જે વારસને રદ્દ બાતલ કર્યો હોય તેને તે રદ્દ થયેલી બક્ષિશના ભાગમાં, પોતાનો હિસ્સો લેવાનો હક છે.

પોતાની પાછળ સીધા વારસો, યા વિધવા, યા રંડાયેલો ધણી મૂકીને વગર વસિયતે ગુજરી જનાર પારસી અથવા પારસણની માલ મિલ્કતની વહેંચણી.

વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસીની માલ મિલ્કતમાં સ્ત્રીઓને શું હક પહોંચે તે બાબત હિંદુસ્તાનના પારસીઓમાં ધારા તરીકે ગણાતા રીવાજો, ફક્ત હિંદુ રીવાજો હતા, જે તેઓએ હિંદુઓ સાથેના તેમના લાંબા વખતના સમાગમથી પોતાને લાગુ પાડયા હતા. પારસીઓને પોતાના ધારા જેવું કાંઇપણ નહોતું. ઇરાનથી આવ્યા ત્યારે તેઓ પાસે જે પુસ્તકો હતાં, તે જતાં રહ્યાં અથવા ખોવાઇ ગયાં હતાં. સંજાણના રાણા સાથે કરેલા કરાર મુજબ વર્તવાને તેઓ બંધાયા હતા. હિંદુઓનાં રીત રીવાજ તેઓમાં બેમાલૂમ દાખલ થયાં હતાં, અને એવા રીવાજને તેઓ પોતાનો ધારો સમજી પાળતા. તેથી હિંદુઓની માફક સ્ત્રીઓને કાંઇપણ હક આપવા બાબતમાં પારસીઓ વિરૂદ્ધ હતા; અને વિધવા તથા દીકરીને ભરણ પોષણ સિવાય કાંઇપણ વધારે હક આપવા તેઓએ વાજબી ધાર્યું નહતું.

પારસીઓના ધર્મ પુસ્તક અથવા બીજા સત્તાવાર લખાણ ઉપરથી, સ્ત્રીઓના હક પહોંચવા બાબત પારસી લૉ કમિશનના રીપોર્ટ ઉપરથી નીચે મુજબ માલૂમ પડે છે:—

ઝંદ અવસ્થામાં કાંઇ ચોકસ નીકળતું નથી; પણ ડૉકટર હાઉગ લખે છે કે "વારસાના હક ઉપરથી સ્ત્રીને બાતલ કરવી એ અસલ જરથોસ્તી દીનની મતલબને મળતું હોય એમ હું માનતો નથી."

દાદેસ્તાને દીન નામના પહેલવી ભાષાના પુસ્તક ઉપરથી એવું જણાય છે કે વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસીની મિલ્કત ઉપર સ્ત્રીઓનો વારસ તરીકે હક છે, પણ તેમાં તેઓને કેટલો હિસ્સો આપવો તે ખુલ્લું દેખાતું નથી.

ખુલાસયે દીન નામના ફારસી પુસ્તકમાં માબાપની મિલ્કતમાંથી દરેક દીકરાને એક હિસ્સો તથા દરેક દીકરીને અર્ધો હિસ્સો આપવો એવું જણાય છે; અને વસિયતનામું કર્યા વગર ગુજરનાર પારસીની માલ મિલ્કતમાંથી તેની વિધવાને પણ વારસ તરીકે હિસ્સો મળે છે, એમ એ પુસ્તક ઉપરથી માલૂમ પડે છે.

સ્ત્રીઓને વસિયતનામું કર્યા વગર ગુજરનાર પારસીની માલ મિલ્કતમાં વારસાનો હક પહોંચે છે, તેમ જાણીતા દસ્તુરોના મત પારસી લૉ એસોસિએશનને મળ્યાં હતાં. વળી એવું માલૂમ પડે છે કે વસિયતનામું કર્યા વગર ગુજરનાર પારસણની મિલ્કતમાં તેની દીકરીઓને હક છે.

જીલ્લાના પારસીઓ વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસીની માલ મિલ્કતમાંથી વિધવા અને દીકરી દરેકને બે આનાથી વધારે આપવા માંગતા નહોતા; તેઓ તથા ઇલાકાના શહેરોના પારસીઓમાં એ બાબત મોટો મતફેર હતો; અને આખરે નામદાર સરકારે જીલ્લાના તથા ઇલાકાના શહેરોના પારસીઓ માટે એક આકટ મંજૂર કરી, ગમે તે ભાગમાં બ્રિટિશ હકૂમત હેઠળ રહેતા સઘળા પારસીઓને એક સરખી રીતે તે લાગુ પાડયોછે.

આ ભાગમાં હવે પછી જ્યાં જ્યાં "માલ મિલ્કત" એ શબ્દો આવે ત્યાં ત્યાં સ્થાવર તથા જંગમ બન્ને જાતની મિલ્કત સમજવી.

તેમ "માલ મિલ્કત" એ શબ્દોને સંબંધે ગુજરનાર પારસી યા પારસણની "વસિયતનામું કર્યા વગરની માલ મિલ્કત" સમજવી.

વિધવા અને છોકરાંમાં મિલ્કતની વહેંચણી.

પારસીઓના વારસા બાબતના આક્ટની ૧ લી કલમ પ્રમાણે કોઇ પારસી પોતાની પાછળ વિધવા અને છોકરાં મેલીને ગુજરી જાય, તો તેની મિલ્કતમાંથી તેના દરેક દીકરાને વિધવા કરતાં બમણો ભાગ, અને વિધવાને દરેક દીકરી કરતાં બમણો ભાગ, મળે છે.

દાખલા.

એક પારસી પોતાની પાછળ વિધવા, એક દીકરો, અને એક દીકરી મૂકી ગુજરી જાય, અને તેની પુંજી ૨૮૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના સાત ભાગ કરવા. તેમાંહેથી એક ભાગ (૪૦૦૦ રૂપિયા) તેની દીકરીને આપવો, બે ભાગ (૮૦૦૦ રૂપિયા) વિધવાને આપવા, અને ચાર ભાગ (૧૬૦૦૦ રૂપિયા) તેના દીકરાને આપવા.

એજ પ્રમાણે જો વિધવા, ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ હોય, અને પુંજી ૩૪૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના સત્તર ભાગ કરવા, તે માંહેના ત્રણ ભાગના ત્રણ દીકરીઓ વચ્ચે (દરેક દીકરીને ૨૦૦૦ રૂપિયા) ૬૦૦૦ રૂપિયા આપવા, બે ભાગ વિધવાને (એટલે ૪૦૦૦ રૂપિયા) આપવા, અને બાર ભાગના ત્રણ દીકરાઓ વચ્ચે (દરેક દીકરાને ૮૦૦૦ રૂપિયા) ૨૪૦૦૦ રૂપિયા આપવા.

જો વિધવા અને ચાર દીકરા હોય, પણ દીકરી ન હોય, અને પુંજી ૩૬૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના નવ ભાગ કરવા. તે માંહેથી એક ભાગ વિધવાને (૪૦૦૦ રૂપિયા) આપવો, અને આઠ ભાગના ચાર દીકરાઓ વચ્ચે (દરેક દીકરાને ૮૦૦૦ રૂપિયા) ૩૨૦૦૦ રૂપિયા આપવા.

જો વિધવા અને આઠ દીકરીઓ હોય, પણ દીકરો ન હોય, અને પુંજી ૪૦,૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના દસ ભાગ કરી, તે માંહેનાં બે ભાગ વિધવાને (૮૦૦૦ રૂપિયા) આપવા, અને આઠ ભાગના આઠ દીકરીઓ વચ્ચે (દરેક દીકરીને ૪૦૦૦ રૂપિયા) ૩૨૦૦૦ રૂપિયા આપવા.

આ આક્ટ હસ્તીમાં આવ્યા અગાઉ પારસી વિધવાને જીંદગી પર્યંત ફક્ત યોગ્ય ગુજરાન અને રહેવાને મકાન પોતાના ધણીના વારસો પાસેથી લેવાનો હક હતો. ધણીની મિલ્કતમાંથી તેની વિધવાને કાંઇ હિસ્સો મળતો નહોતો, એમ મોટાભાઇ વિરૂદ્ધ ડોસીબાઇ (સને ૧૮૭૭ ના પ્રિંટેડ જજમેંન્ટ પાનું ૧૦૬.) વાળા મુકદ્દમા ઊપરથી જણાય છે.

"દીકરો" અને "દીકરી" એ શબ્દોમાં સાવકા દીકરા અથવા સાવકી દીકરીનો, તેમજ દત્તક લીધેલ દીકરા કે દીકરીનો સમાવેશ થતો નથી; પણ બાપના મરણ પછી જન્મેલ દીકરા કે દીકરીનો સમાવેશ એ શબ્દોમાં થાય છે.

સાવકાં છોકરાં.

એક પારસીને તેના પ્રથમના લગ્નથી થયેલ છોકરાં તેની હયાત ઓરતનાં સાવકાં છોકરાં કહેવાય; તેમજ એક પારસણને તેના પ્રથમના લગ્નથી થએલ છોકરાં તેના હયાત ધણીના સાવકાં છોકરાં કહેવાય; અને તેથી તેઓને પોતાની સાવકી મા અથવા સાવકા બાપની મિલ્કતમાંથી કાંઇ પણ હિસ્સો મળતો નથી.

દત્તક. (પાલક યા ધર્મપુત્ર.)

હિંદુઓની માફક ખાસ કરીને દત્તક જેવું પારસીઓમાં કાંઈ નથી. એક પારસી પોતાના મરણ પછીની ક્રિયા કરવા માટે દત્તક લઇ શકે; પણ તેથી કરીને તે દત્તક છોકરાને, મરનારની મિલ્કતમાંથી વસિયતનામું કરી કાંઇ અપાયું ન હોય, તો તેને કાંઇપણ વારસો મળતો નથી. એવો દત્તક લીધેલ છોકરો—**પાલક** અગર **ધર્મપુત્ર** કહેવાય છે. પોતાની હયાતીમાં કોઇએ દત્તક લીધો હોય, તો તે **પાલક** કહેવાય છે, અને તે માણસના ગુજર્યા બાદ તેની મોતની ક્રિયા કરવા માટે દત્તક લેવાયેલ હોય, તો તે **ધર્મપુત્ર** કહેવાય છે. (**હીમાબાઇ વિરૂદ્ધ પુંજીઆભાઇ**, ૧ સધરલેન્ડ પ્રિવિ કાઉન્સિલ જજમેન્ટો. પાનું ૨૮.)

બોરોડેલના મુંબઇ સદર દિવાની રીપોર્ટ વૉલ્યૂમ પહેલાનાં બીજા પાના હેઠળની નોટમાં પારસી મુકદ્દમાઓમાં "ધારા" (Laws) એ શબ્દના ઉપયોગ અને વપરાશ માટે નીચે પ્રમાણે કહેલું છે:—

આ અને બીજા પારસી લોકના મુકદ્દમાઓમાં, "ધારા" એ શબ્દ મોદી, વડા દસ્તુર અને પારસી કોમના બીજા મેમ્બરોએ જે નિયમો મુકરર કર્યા હોય તેને લાગુ પાડવામાં આવ્યો છે. ખરી રીતે જોતાં પારસીઓના પોતાના ધારા તરીકે તો કાંઇ પણ નથી, કારણ કે ઇરાનથી નિકળ્યા તે વખતે જે પુસ્તકો તેઓ પાસે હતાં તે સઘળાં ખોવાઇ ગયાં હતાં, અને સંજાણના હિંદુ રાણા સાથે કોલકરારમાં જે શરતો પાળવાને

તેઓ બંધાયા હતા, અને જે દેશ રીવાજ, દેશના લોકના પરિચયમાં આવતાં, તેઓમાં બેમાલૂમ રીતે દાખલ થયો હતો,—તે શરતો અને દેશ રીવાજ પારસીઓ માટે તેમના કાયદાનો સંગ્રહ અથવા કૉમન લૉ બનેલો છે, કે જે એક હિંદુની આખી જીંદગીને નિયમિત કરનાર હિંદુ ધારાપર રચાયેલા દેશ રીવાજથી થોડીજ બાબતમાં જૂદો પડે છે. દત્તક, લગ્નના કરારની બાબત વિગેરે, હિંદુ ધર્મની સાથે જોડાયલી બાબતોમાં પણ હિંદુઓની ક્રિયાઓ પારસીઓ જેમ તે ક્રિયાઓ કરે છે તેમ ઘણીખરી છે; અને ખરેજ તેમના ધર્મદીન અને એતેકાદ સિવાય બીજી સઘળી રીત અને બાબતમાં તેઓ હિંદુઓથી ખસૂસ જૂદા પડતા માલૂમ પડતા નથી; અને ખરી રીતે તેઓને પોતાનો કોઇ ખાસ ધારો નથી એમ કહી શકાય.

નવી વહૂ વિરૂદ્ધ પેસ્તનજી (૧ બોરોડેલ મુંબઇ સદર દિવાની રીપોર્ટ. પાનાં ૩ અને ૫.) વાળા મુકદ્દમાં ઉપરથી નીચે મુજબ હકીકત નીકળે છે:—

દત્તક લેવાનો હિંદુઓનો રીવાજ પારસીઓએ પોતામાં દાખલ કર્યો છે; અને જેને દીકરો ન હોય તે પારસી દત્તક લે, તો તેમ કરવામાં તેની ઓરતની સંમતિ મેળવી હોય તો વધારે સારૂ; પણ તેની સંમતિ લેવીજ જોઇએ એમ નહતું.

જેને દત્તક તરીકે લેવો હોય તેને દત્તક લેનારે પોતાને ખોળે બેસાડવોજ જોઇએ એમ નહતું. દત્તક લેનાર અને દત્તક, એક બીજાને બાપ અને દીકરા કહી બોલાવે એટલે તે કાયદેસર દત્તક લીધેલો ગણાતો હતો.

ઊઠમણા (એટલે મરણ પછી ત્રીજા દીવશ) ની ક્રિયા કોઇ પણ કરે, અને તેથી વારસના હકને કશી હરકત આવતી નહીં. એ પ્રમાણે દત્તક સંબંધે પારસી ધારો હતો.

કોઇનો એક પૂરો દીકરો દત્તક તરીકે બીજો માણસ લઇ શકે કે કેમ, તેમ વળી દત્તક લીધેલો દીકરો પોતાના ખરા બાપની માલ મિલ્કતનો વારસો લેવામાંથી તદન નિકળી જાય છે કે કેમ, અને એક દત્તક લીધો હોય તેને પડતો મેલી બીજો દીકરો દત્તક તરીકે લેવાય કે કેમ, એ સવાલો ઊપર મતફેર હતો, એમ પણ મજકૂર નવી વહૂ વિરૂદ્ધ પેસ્તનજી વાળા મુકદમાંમાંથી માલૂમ પડે છે.

બાપના મરણ પછી જન્મેલાં (પૉસ્થૂમસ) છોકરાં.

બાપના મરણ પછી જન્મેલાં છોકરાંની બાબતમાં પારસી ધારામાં કોઇપણ જગોએ કાંઇ સ્પષ્ટ કહેવાયલું નથી, અને આ લેખકને "પારસી લૉ" નામનું અંગ્રેજી પુસ્તક રચતાં એ બાબત ઊપર શંકા ઊત્પન્ન થવાથી, તેના ખુલાસા માટે પોતાના ખર્ચે, મુંબઇની હાઇ કોર્ટના નામાંકિત બારિસ્ટર મી૦ ઇનવેરારેટી સાહેબનો મત મેળવવો પડયો હતો, જે નીચે પ્રમાણે છે:—

"આ ધારા (આકટ) માં બાપના મરણ પછી જન્મેલાં છોકરાં માટે કોઇ ઠેકાણે જો કે ખાસ કરીને કાંઇ કહેલું નથી, તોપણ તેઓને આ ધારા મુજબ હિસ્સો મળવો જોઇએ. આ ધારો પસાર થયા પહેલાં કોઇ પારસીના ગુજરવા પછી તેનું કોઇ છોકરૂં જન્મે, અને મરનારે પોતાની મિલ્કત બાબે વસિયતનામું કરેલું ન હોય, તો તેની મિલ્કતમાંથી, અંગ્રેજી ધારા પ્રમાણે, તેવા પાછળથી જન્મેલાં ફરજંદને વારસો મળતો. ઇગ્લાંડના કૉમન લૉની રૂએ ગર્ભ માંહેનું છોકરૂં બાપની હયાતીમાં જન્મેલાં છોકરાંની બરાબર ગણાય છે. હિંદુસ્તાનના સને ૧૮૬૫ ના ૧૦ માં આકટની ૨૩ મી કલમમાં ગર્ભ માંહેના બાળક બાબેની સ્થિતિ વિષે જે ઠરાવ છે તેવો કાંઇ ઠરાવ જો કે અંગ્રેજી સ્ટેચ્યૂટસ ઓફ ડિસ્ટ્રિબ્યૂશનમાં નથી, તોપણ તે સ્ટેચ્યૂટસની રૂએ તેવાં બાલકને વસિયતનામું કર્યા વગર ગુજરનાર બાપની મિલ્કતમાં વારસાનો હક પહોંચે છે. હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ઊપર કહી ૨૩ મી કલમ પારસીઓને લાગુ પાડેલી નથી, તે ઊપરથી પ્રથમ દર્શનીક રીતે એવું લાગે છે કે ગર્ભ માંહેનું એક પારસી બાળક તેના વસિયતનામું કર્યા વગર મરનાર બાપની મિલ્કતમાં કાંઇ હિસ્સો લઇ શકે નહીં; પરંતુ આ ૨૩ મી કલમ ગર્ભ માંહેનું બાળક જે દરજ્જો યા પદ ધરાવે છે તે સંબંધી, ફક્ત હકસૂચક કલમ છે; અને એ કલમ પારસીઓને લાગુ પાડેલી નહીં હોવાથી, વગર વસિયતે ગુજરનાર પારસીઓના વારસા બાબતનો આકટ અમલમાં આવ્યા પહેલાં જે દરજ્જો અથવા પદ ગર્ભ માંહેનું બાળક ધરાવતું, તે દરજ્જા કે પદથી જૂદો દરજ્જો યા પદ, મજકૂર આકટ પસાર થયા પછી, તેવું બાળક વારસાની બાબતમાં ધરાવે એવો ઇરાદો કાયદાકારોનો હતો એમ કહી શકાય નહીં. હિદુસ્તાનના વારસા બાબતના આકટની ૮૬ મી કલમ

પારસીઓને લાગુ પાડવામાં આવી છે; તેમાં એમ ઠરાવ્યું છે કે વસિયત-નામામાં, સંબંધ દેખાડનારા જે શબ્દો છે તે ગર્ભ માંહેનું જે બાળક પાછળથી જીવતું જન્મે તેને લાગુ પડે છે. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે વગર વસિયતે ગુજરી જવાની બાબત વસિયતનામું કરી ગુજરી જવાની બાબતથી જૂદું પરિણામ આપે એવું ધારાબાંધનારે ધારેલું હોઇ શકે નહીં.

વિધવા ન હોય ત્યારે છોકરાંમાં મિલકતની વહેંચણી.

કલમ ૧ લી પ્રમાણે જ્યારે એક પારસી પોતાની પાછળ વિધવા અને છોકરાં મૂકી ગુજરી જાય, ત્યારે તેની મિલકતમાથી દરેક દીકરાના હિસ્સા કરતાં અર્ધો હિસ્સો વિધવાને, તથા દરેક દીકરીને વિધવાના હિસ્સા કરતાં અર્ધો હિસ્સો મળે છે. પણ જો મરનારને વિધવા ન હોય, અને ફક્ત છોકરાંજ હોય, તો કલમ ૩ જી માં ઠરાવ્યું છે કે, દરેક દીકરાને દરેક દીકરીના ભાગ કરતાં ચારગણો ભાગ મળે.

દાખલા.

એક પારસી પોતાની પાછળ એક દીકરો અને એક દીકરી મેલી વગર વસિયતે ગુજરી જાય, અને તેની પુંજી ૫૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના પાંચ ભાગ કરી, તે માંહેના એક ભાગના ૧૦૦૦ રૂપિયા દીકરીને આપવા, અને ચાર ભાગના ૪૦૦૦ રૂપિયા દીકરાને આપવા.

જો બે દીકરા અને ત્રણ દીકરીઓ હોય, અને પુંજી ૩૩૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના અગીઆર ભાગ કરવા. તે માંહેથી ત્રણ ભાગના ત્રણ દીકરીઓ વચ્ચે (દરેક દીકરીને ૩૦૦૦ રૂપિયા) ૯૦૦૦ રૂપિયા આપવા, અને બાકીના ૨૪૦૦૦ રૂપિયા બે દીકરા વચ્ચે (દરેક દીકરાને ૧૨૦૦૦ રૂપિયા) આપવા.

જો ફક્ત દીકરા અથવા ફક્ત દીકરીઓજ હોય, તો મરનારની પુંજી તેઓ પોત પોતામાં સરખે ભાગે વહેંચી લે છે.

૧ લી અને ૩ જી કલમમાં છોકરાં, એટલે તે મરનાર પારસીની વિધવાના પેટના, તેમજ તેની કોઇ આગલી ગુજરી ગયેલ ઓરતના પેટના હોય તે. એ સઘળાં તેનાં સગાં છોકરાં થાય, તેથી તેમના મરનાર બાપની મિલકતના તેઓ વારસ ગણાય.

રંડાયેલા ધણી અને છોકરાંમાં, અને રંડાયેલો ધણી ન હોય પણ છોકરાં હોય, ત્યારે તે છોકરાંમાં મિલ્કતના વહેંચણાં.

કલમ ૧ લી અને ૩ જી માં ઉપર જણાવ્યા પ્રમાણે, મરનાર જો પારસી હોય, તો તેની મિલ્કતની વહેંચણી થાય છે. પણ મરનાર જ્યારે પારસણ હોય, અને પોતાની પાછળ રંડાયેલો ધણી તથા છોકરાં મેલીને ગુજરી જાય, તો તેની મિલ્કતમાંથી દરેક ફરજંદના હિસ્સા કરતાં તે રંડાયેલા ધણીને બમણું મળે છે; અને જો રંડાયેલો ધણી ન હોય, ને ફક્ત છોકરાં હોય, તો દીકરા અને દીકરી વચ્ચે તેમની માની મિલ્કત સરખે ફાળે વહેંચાય છે. (કલમ ૨ અને ૪.)

દાખલા તરીકેઃ—એક પારસણ પોતાની પાછળ રંડાયેલો ધણી, ચાર દીકરા તથા ત્રણ દીકરીઓ મેલી ગુજરી જાય, અને તેની પુંજી ૯૦,૦૦૦ રૂપિયાની હોય, તો તે પુંજીના નવ ભાગ કરવા. તે માંહેથી બે ભાગ એટલે ૨૦,૦૦૦ રૂપિયા તેના રંડાયેલા ધણીને આપવા, અને બાકી રહેલ૭૦,૦૦૦ રૂપિયા ચાર દીકરા અને ત્રણ દીકરીઓને સરખે ભાગે (એટલે દરેકને ૧૦,૦૦૦ હજાર રૂપિયા) આપવા.

કલમ ૨ જી અને ૪થી માં છોકરાં, એટલે મરનાર પારસણના રંડાયેલા ધણીના પેટનાં, યા તેના આગલા ઘરના હોય તે. એ સઘળાં તેના સગાં છોકરાં થાય, તેથી તેમની મરનાર માની મિલ્કતના તેઓ વારસ થાય છે.

પારસીઓના વારસા બાબતના આકટની ૨ જી કલમ, અંગ્રેજી ધારાનો નિયમ ફેરવી નાંખી, પોતાની મરનાર ઓરતની મિલ્કતમાં તેના ધણીને હિસ્સો પહોંચવા માટે ખુલ્લે ખુલ્લો ઠરાવ કરે છે; અને આ આકટ ચાલૂ થયા પછી વસિયતનામું કર્યા વગર ગુજરનાર પારસણની મિલ્કતની વહેંચણી આ આકટના ઠરાવો પ્રમાણે થશે, એમ શાપુરજી વિરૂદ્ધ રૂસ્તમજી (૫ મુંબઇ લૉ રીપોર્ટર, પાનાં ૨૫૩-૨૫૫.) વાળા મુકદ્દમામાં જાહેર થયું છે.

માબાપની માલ મિલ્કતમાંથી જે હિસ્સો તેમનાં છોકરાંઓને મળેછે, તે બાબતમાં પારસીઓના વારસાના ધારાની પહેલી ચાર કલમો ઉપરથી એમ નીકળે છે કે, બાપની મિલ્કતમાં દીકરીના હિસ્સા કરતાં ચારગણા ભાગનો વારસ દીકરો થાય છે; પણ માની મિલ્કતની, દીકરા દીકરીમાં, સરખે ભાગે વહેંચણી થાય છે.

પ્રતિનિધિ તરીકેનો હક—માબાપની હયાતીમાં ગુજરી ગયેલાં છોકરાંના હિસ્સાની વહેંચણી.

કલમ ૫ મી પ્રમાણે, જો કોઇ દીકરો કે દીકરી તેના મા કે બાપની હયાતીમાં ગુજરી જાય, અને ત્યારપછી તેના મા કે બાપ ગુજરે, તો મા કે બાપના મરણ વખતે તે દીકરો કે દીકરી જીવતાં હોત, અને જે રીતે પોતાનો હિસ્સો લેવા હકદાર થાત, તે પ્રમાણેજ તેના ભાગનો તે હિસ્સો, તે મા કે બાપની હયાતીમાં ગુજરનાર દીકરાની વિધવા અને છોકરાંને, અને તે મા કે બાપની હયાતીમાં ગુજરનાર દીકરીના રંડાયેલા ધણી અને છોકરાંને પહોંચે છે.

કોઇ પારસીની હયાતીમાં તેનો દીકરો ગુજરી ગયો હોય, અને તે મરનાર દીકરાની વિધવા અને છોકરાં હોય, તો તે વિધવાને તેના સસરાની તથા તે છોકરાંને તેમના બપાવાની માલ મિલ્કતમાંથી ફાળો મળે છે. તેમજ કોઇ પારસીની હયાતીમાં તેની દીકરી ગુજરી ગઇ હોય, અને તે મરનાર દીકરીનો રંડાયેલો ધણી અને છોકરાં હોય, તો તે રંડાયેલા ધણીને તેના સસરાની, તથા તે છોકરાંને તેમના મમાવાની, મિલ્કતમાંથી ભાગ મળે છે. વળી એવીજ રીતે જો કોઇ પારસણની હયાતીમાં તેનો દીકરો ગુજરી ગયો હોય, અને તે મરનાર દીકરાની વિધવા અને છોકરાં હોય, તો તે વિધવાને તેની સાસુની, તથા તે છોકરાંને તેમની બપાઇની મિલ્કતમાંથી હિસ્સો મળે છે. તેમજ જો કોઇ પારસણની હયાતીમાં તેની દીકરી ગુજરી ગઇ હોય, અને તે મરનાર દીકરીનો રંડાયેલો ધણી તથા છોકરાં હોય, તો તે રંડાયેલા ધણીને તેની સાસુની, અને તે છોકરાંને તેમની મમાઇની, મિલ્કતમાંથી ફાળો મળે છે.

ઉપલી કલમમાં "રંડાયેલો" એ શબ્દનો અર્થ મરનાર ઓરતના સંબંધેજ રંડાયેલો એમ છે; તે રંડાયેલો ફરીથી પરણ્યો હોય, અગર પરણી શકે તેવું હોય, તેનો વિચાર કરવાનો નથી. જો બીજું લગ્ન કરે, તો તે તેની મરનાર ઓરતની મિલ્કતમાંથી રંડાયેલા ધણી તરીકે હિસ્સો લેવા હકદાર ન થાય એમ ઠરાવ કરવાની કાયદાકારોની મરજી હોત, તો આ આકટની ૭ મી કલમ નીચેની સગાંઓની રકમોની ૧૦મી અને ૧૪ મી રકમોમાં જોઇતા શબ્દો વાપરી, બીજું લગ્ન કરવાથી હિસ્સામાંથી બાતલ થાય છે, એમ કહ્યું છે, તેમ તેવા શબ્દો આ ૫ મી કલમમાં પણ તેઓ વાપરત.

જાંહાંગીર વિરૂદ્ધ પીરોજબાઈ, ઈં. લૉ. રી. ૧૧ મુંબઇ, પાનું ૧.

આ મુકદ્દમામાં એક પારસી વગર વસિયતે સને ૧૮૮૫ માં પોતાની પાછળ વિધવા, બે દીકરીઓ, અને પોતાની હયાતીમાં મરણ પામેલી જ નામની દીકરીના વારસોને મૂકી ગુજરી ગયો. જ આ દાવાની તારીખ પહેલાં ૩૪ વર્ષ ઉપર મરણ પામી હતી, અને વારસ તરીકે તેની પાછળ તેનો ધણી (વાદી) અને એક દીકરી હતાં. જ ના મરણ પછી વાદીએ ફરીથી લગ્ન કર્યું; અને આ દાવાની તારીખે તેની બીજી ઓરત હયાત હતી. મજકૂર. મરનાર પારસીની મિલ્કતનું વહીવટ પત્ર તેની વિધવાને આપવામાં આવ્યું હતું. મરનાર પારસીની દીકરીઓમાંની એક દીકરી નામે જ નો તે રંડાયેલો ધણી છે, અને પારસી ધારાની કલમ ૫ મી પ્રમાણે મજકૂર મરનારની મિલ્કતમાંથી હિસ્સો લેવાનો તેનો હક છે, એવી તકરાર લાવી, વાદીએ તે મિલ્કત-માંથી હિસ્સો મળવા દાવો કર્યો.

મુંબઇની હાઇકોર્ટે એમ ઠરાવ્યું કે:—પારસીઓના વારસા બાબતના આકટની ૫ મી કલમના અર્થ પ્રમાણે વાદી, જ નો રંડાયેલો ધણી છે, અને તેથી મજકૂર મરનાર પારસીની મિલ્કતમાંથી હિસ્સો લેવાનો તેનો હક છે.

મનચેરજી દાવર વિ. મીઠીબાઇ. ઈં. લૉ. રી. ૧ મુંબઇ, પાનું ૫૦૬.

૫ મી કલમમાં વપરાયેલા "વિધવા અથવા રંડાયલો ધણી અને છોકરાં," એ શબ્દો ઉપરથી એમ સમજવાનું નથી, કે મા કે બાપની હયાતીમાં ગુજરી જનાર છોકરાંને જો ફરજંદ હોય તોજ, તે મરનાર દીકરાની વિધવાને, અથવા તે મરનાર દીકરીના રંડાયેલા ધણીને, પોતાના સસરા કે સાસુની માલ મિલ્કતમાંથી હિસ્સો મળે. વિધવા યા રંડાયેલો ધણી અને તેનું ફરજંદ બન્ને હયાત હોવાની જરૂર નથી. મા કે બાપની હયાતીમાં ગુજરનાર ફરજંદની વિધવા કે તે ફરજંદનો રંડાયેલો ધણી હોય, અને તે મરનાર ફરજંદને છોકરાં હોય યા ન હોય, તોપણ તેની વિધવા કે તેનો રંડાયેલો ધણી, પેલા ફરજંદના વગર વસિયતે ગુજરી જનાર મા કે બાપની મિલ્કતમાંથી હિસ્સો લેવાને હકદાર થાય છે.

સીધા વારસ ન હોય, પણ વિધવા કે રંડાયેલો ધણી હોય, ત્યારે મિલ્કતની વહેંચણી.

મરનાર પારસીને ફક્ત વિધવા, કે મરનાર પારસણને ફક્ત રંડાયેલો ધણી હોય, ને સીધા વારસ કોઇ ન હોય, તો તેની માલ મિલ્કતનો અર્ધો હિસ્સો તે મરનારનાં મા અને બાપ જો બન્ને જીવતાં હોય, તો તેઓને અથવા એ બે માંહેનું જે જીવતું હોય તેને, મળે છે; અને બાકીનો અર્ધો હિસ્સો મરનારની વિધવા, અથવા રંડાયેલા ધણીને પહોંચે છે.

મરનારનાં મા અને બાપ બન્ને હયાત હોય, તો ઉપર કહ્યા મુજબ જે અર્ધો ભાગ મરનારની મિલ્કતમાંથી તેઓને મળે, તેમાં બાપને માના કરતાં બમણો ભાગ મળવો જોઇએ.

જો મરનાર પારસી યા પારસણનાં મા કે બાપ એ માંહેનું એક હયાત ન હોય, તો તેઓ જીવતાં હોત અને જે અર્ધો હિસ્સો મરનારની મિલ્કતમાંથી તેઓ લેત, તે અર્ધો ભાગ, મરનારના બાપની તરફના નજીકના સગાંને નીચે લખેલા અનુક્રમ પ્રમાણે મળે છેઃ—

(૧) ભાઇઓ તથા બેનો, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં મરણ પામ્યાં હોય, તેઓનાં છોકરાં, અથવા સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ). તેઓ માંહેનું કોઇ ન હોય, તો

(૨) બપાવો અને બપાઇ. જો બપાવો કે બપાઇ ન હોય, તો

(૩) બપાવાના દીકરા (કાકા), અને દીકરીઓ (ફુઇઓ), અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં મરણ પામ્યાં હોય તેઓના સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ). તેઓ માંહેનું કોઈ ન હોય, તો

(૪) બપાવાનો બાપ અને બપાવાની મા. એ કોઇ ન હોય, તો

(૫) બપાવાના બાપના દીકરા (બાપના કાકા), અને દીકરીઓ (બાપની ફુઇઓ), અને તેઓ માંહેથી જે કોઈ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

ઉપર કહેલાં પાંચ જાતનાં બાપ તરફનાં સગાં માંહેના કોઇપણ સગાંને વારસો મળે, ત્યારે મરનારની માલ મિલ્કતની વહેંચણી એવી રીતે કરવી કે એક સરખી પાયરીના સગપણમાં દરેક પુરૂષ દરેક સ્ત્રીના ભાગ કરતાં બમણો લે.

બાપની તરફનાં નજીકનાં સગાં માંહેનું કોઇપણ સગું ન હોય, તો મરનાર પારસીની વિધવા, અથવા મરનાર પારસણનો રંડાયેલો ધણી, તેની સઘળી માલ મિલ્કત લે છે. (કલમ ૬.)

ઉપરની રકમ (૧) માં "ભાઇઓ" અને "બેનો" એ શબ્દોથી એકજ બાપનાં પેટનાં છોકરાં સમજવાં, પછી તેમની મા જૂદી જૂદી હોય તો કાંઇ હરકત નહીં—બાપ એકજ હોવો જોઇએ.

મનચેરજી દાવર વિરૂદ્ધ મીઠીબાઈ, ઇં. લો. રી. ૧ મુંબઈ, પાનું ૫૧૧.

આ મુકદ્દમામાં હકીકત એમ હતી કે:—એક પારસી પોતાની પાછળ દીકરા, દીકરીઓ, પોતાની હયાતીમાં ગુજરી જનાર એક દીકરાનાં ફરજંદો, અને પોતાની હયાતીમાં ગુજરી જનાર બીજા એક દીકરાની વિધવા મૂકી, વસિયતનામું કર્યા વગર ગુજરી ગયો; અને તેના મરણ પછી એક દીકરી જન્મી હતી. તેમાં કોર્ટે ઠરાવ્યું કે, મરનારની હયાતીમાં વગર ફરજંદે ગુજરી જનાર દીકરો, તેના બાપના મરણ વખતે જીવતો હોત, ને પોતાના બાપની મિલ્કતમાંથી જે હિસ્સો તે લેત, તે હિસ્સાનો અર્ધ ભાગ તે દીકરાની વિધવાને મળે, અને તે હિસ્સાનો બાકીનો અર્ધો ભાગ વગર વસિયતે મરનારના ફરજંદોને, જેમાં મજકૂર પાછળથી જન્મેલ દીકરીનો પણ સલામેશ થાય છે, તેઓને, તથા મરનારની હયાતીમાં ગુજરી જનાર એક દીકરાનાં છોકરાંને પહોંચે.

ટુંકમાં, જો મા કે બાપની હયાતીમાં ગુજરનાર દીકરાની વિધવા ન હોય, યા તેમની હયાતીમાં ગુજરનાર દીકરીનો રંડાયેલો ધણી ન હોય, પણ તે દીકરા કે દીકરીનાં છોકરાં હોય, તો તેમને ૫ મી કલમ પ્રમાણે હિસ્સો મળે છે; પણ જો મા કે બાપની હયાતીમાં ગુજરનાર દીકરા કે દીકરીને કાંઇ છોકરૂં ન હોય, પણ તે દીકરાની વિધવા કે દીકરીનો રંડાયેલો ધણી હોય, તો તે દીકરો કે દીકરી તેના મા કે બાપના મરણ વખતે હયાત હોત, અને જેટલો હિસ્સો તેને મળત, તે હિસ્સાનો નીમ એટલે અર્ધો ભાગ મજકૂર વિધવા કે રંડાયેલા ધણીને ૬ ઠ્ઠી કલમ મુજબ મળે છે.

એવી રીતે કોઇ પારસી કે પારસણ વસિયતનામું કર્યા વગર ગુજરી જાય, અને તેની પાછળ સીધા વારસ, કે વિધવા યા રંડાયેલો ધણી હોય, તો તે મરનારની મિલ્કતની વહેંચણી ૬૬ માં પાનાથી ૭૫ માં પાના સુધી આગળ વર્ણવ્યામાં આવ્યું છે, તે પ્રમાણે થાય છે.

સીધા વારસ, વિધવા યા રંડાયેલો ધણી ન હોય, ત્યારે મિલકતની વહેંચણી.

જ્યારે મરનાર પારસી અથવા પારસણની પાછળ સીધા વારસ માંહેનું કોઇપણ ન હોય, અથવા તો વિધવા યા રંડાયેલો ધણી પણ ન હોય, ત્યારે નીચે લખેલા અનુક્રમે તેનાં નજીકના સગાંને તેની માલ મિલ્કતનો વારસો પહોંચે છે:—

(૧) બાપ અને મા. જો બાપ કે મા ન હોય, તો

(૨) ભાઇઓ અને બેનો, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં મરણ પામ્યાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

"ભાઇઓ" અને "બેનો," એ શબ્દોથી એકજ બાપથી પેદા થયેલાં છોકરાં સમજવાં; પછી તેમની મા જૂદી જૂદી હોય તો હરકત નહીં— બાપ તો એકજ હોવો જોઇએ.

ઉપલી ૨જી રકમ મુજબ ભાઇઓ અને બેનો અને મરનારની હયાતીમાં ગુજરી જનાર ભાઈ કે બેનનાં સીધા વારસોમાં મિલકતની વહેંચણ કરતી વખતે પ્રથમ વહેંચણ શાખાવાર કરવી જોઇએ. એટલે મરનાર ગુજરી જાય ત્યારે જે ભાઇઓ હયાત હોય, અને મરનારની હયાતીમાં ગુજરી ગયેલ તેના કોઇ ભાઇના સીધા વારસ પણ હોય, તો દરેક હયાત ભાઇઓ મરનારની હયાતીમાં ગુજરી ગયેલ મજકૂર ભાઇના સીધા વારસો ભેગા સરખો હિસ્સો લેશે. જો સઘળા ભાઇઓ મરણ પામ્યા હોય, તો દરેક હયાત હોઇને જે હિસ્સો લેત, તે હિસ્સો તે દરેકના સીધા વારસને પહોંચશે. ઉપર પ્રમાણે બન્ને જાતની વહેંચણ વેળા મરનારની હયાતીમાં ગુજરનાર બેન હોય, તો તે બેનનો અર્ધો હિસ્સો તેના સીધા વારસોને મળશે. (હીરજીભાઇ વિરુદ્ધ બરજોરજી, ઈ. લૉ. રી. ૨૨ મુંબઇ, પાનું ૭૦૯.)

કલમ ૬ ઠ્ઠી અને ૭ મી માં અપવાદ સુધીના શબ્દોનો એટલોજ અર્થ છે કે, અનુક્રમે વર્ણવેલાં સગાંની રકમોમાં ૧ લી રકમનાં સઘળાં માણસો મરણ પામ્યાં હોય, તોજ ૨ જી રકમમાં જણાવેલું કોઇ માણસ વારસો લઇ શકે; અને તેજ પ્રમાણે સગાંની જૂદી જૂદી રકમોમાં જણાવેલાં માણસો વિષે જાણવું. જૂદી જૂદી રકમોમાં જણાવેલાં માણસોની વચ્ચે ઉત્તરોતર પસંદગી બતાવવા જરૂર છે; એકજ રકમમાં

જણાવેલાં માણસોની વચ્ચે કોઇપણ જાતની પસંદગી કરવાની નથી. મિલ્કતની વહેંચણ વખતે ફક્ત એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે સરખા દરજ્જાની સગાઇનો એક પુરૂષ અને એક સ્ત્રી હોય, તો તે સ્ત્રી કરતાં બમણો હિસ્સો તે પુરૂષને મળે એ મુજબ વહેંચણ કરવી.

જો રકમ (૨) માં કહ્યાં માંહેના કોઇ સગાં ન હોય, તો

(૩) બપાવો અને બપાઇ. એ બે માંહેનું કોઈ ન હોય, તો

(૪) બપાવાનાં છોકરાં (કાકા અને ફુઇઓ), અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ). જો આ રકમ માંહેનું કોઇ ન હોય, તો

(૫) બપાવાનો બાપ તથા બપાવાની મા. એ માંહેનું એકે ન હોય, તો

(૬) બપાવાના બાપના છોકરાં, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ). એ માંહેનું કોઇ ન હોય, તો

(૭) માના પેટના ભાઇઓ તથા માના પેટની બેનો, અને તેઓ-માંથી જે કોઈ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

માના પેટના "ભાઇઓ" અને "બેનો", એટલે એકજ માને પેટે જૂદા જૂદા બાપથી જન્મેલાં ભાઇ બેન સમજવાં.

જો રકમ (૭) માંહેનું કોઇ ન હોય, તો

(૮) મમાવો અને મમાઇ. એ બન્ને માંહેનું એકે ન હોય, તો

(૯) મમાવાનાં છોકરાં, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ). તેઓ કોઇ ન હોય, તો

(૧૦) દીકરાની વિધવા. પછી

(૧૧) ભાઇની વિધવા. પછી

(૧૨) બપાવાના દીકરા (કાકા) ની વિધવા. પછી

(૧૩) મમાવાના દીકરા (મામા) ની વિધવા. પછી

(૧૪) મરનારની ગુજરી ગયેલી દીકરીઓના રંડાયેલા ધણી (મરનારના જમાઇઓ).

મરનારના મરણુની વેળાએ યા તે આગમચ, જે રકમ (૧૦) થી રકમ (૧૪) માંહેના વારસોએ બીજી વારનાં લગ્ન કર્યાં ન હોય, તોજ તેઓ મરનારની માલ મિલ્કતનો હિસ્સો લેવા હકદાર થાય છે. એટલે કે મરનારના મરણ સુધીમાં તેઓએ બીજી વારનાં લગ્ન કર્યાં હશે, તો તેઓ મરનારની મિલ્કતના વારસામાંથી રદ્દ બાતલ થશે, એમ ખુલ્લે ખુલ્લા શબ્દોમાં ઉપલી રકમ (૧૦) થી રકમ (૧૪) માં ઠરાવેલું છે. પણ એવા સ્પષ્ટ શબ્દો આગળ ૫ મી કલમમાં વાપરેલા નથી, તેથી મરનારના દીકરાની વિધવા, અથવા મરનારની દીકરીઓના રંડાયેલા ધણીએ બીજી-વાર લગ્ન કર્યાં હોય કે ન હોય તે વાત પર ધ્યાન આપ્યા વિના, તે વિધવા કે તે રંડાયેલા ધણીને પોતાના સસરા યા સાસુની મિલ્કતમાંથી તે (૫ મી) કલમમાં ફાળો મળે છે.

રકમ (૧૪) માં કહેલો કોઇ રંડાયેલો ધણી ન હોય, તો

(૧૫) મમાવાનો બાપ યા મા. એ કોઈ ન હોય, તો

(૧૬) મમાવાના બાપનાં છોકરાં, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ). તે પછી

(૧૭) બપાઇનો બાપ અને મા. એ કોઇ ન હોય, તો

(૧૮) બપાઇના બાપના છોકરાં, અને તેઓમાંથી જે કોઇ મરનારની હયાતીમાં ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

ઉપર કહેલા અઢાર (૧૮) પ્રકારનાં સગાં માંહેના કોઇબી એક પ્રકારના સગામાં વારસો વહેંચતી વેળા મરનારની માલ મિલ્કતની વહેંચણી એવી રીતે કરવી, કે એક સરખી પાયરીના સગપણમાં દરેક પુરૂષને દરેક સ્ત્રીના ભાગ કરતાં બમણો હિસ્સો મળે. (કલમ ૭.)

જ્યારે ૭ મી કલમમાં ઊપર કહેલાં સગાં માંહેનું કોઇબી સગું ન હોય, ત્યારે છેવટે મરનારની સઘળી માલ મિલ્કત સરકારમાં જાય છે.

પારસી આક્ટની રૂએ મરનારની વિધવા કે તેનો રંડાયેલો ધણી અને છોકરાં હયાત હોય, તો મરનારનાં ભાઇ બેનમાં તેની મિલ્કતનો વારસો વહેંચાતો નથી; મરનારને છોકરાં ન હોય, અથવા વિધવા કે રંડાયેલો ધણી ન હોય, તોજ તેના ભાઈ બેનોને તેની મિલ્કતનો ફાળો મળે છે. (એરચશાહ વિરૂદ્ધ જરબાઇ, ઈ. લૉ. રી. ૪ મુંબઇ, પાનું ૫૩૭).

હીરજીભાઇ વિરૂદ્ધ બરજોરજી, ઇં. લૉ. રી. ૨૨ મુંબઇ, પાનું ૮૦૯.

આ મુકદ્દમામાં જરબાઇ નામની એક પારસી વિધવા વગર ફરજંદે વસિયતનામું કર્યા વગર ગુજરી ગઇ. તેનો બાપ, મા, અને ત્રણ ભાઇ અને બે બેન તેની હયાતીમાં ગુજરી ગયાં હતાં. તેઓ માંહેના બે ભાઇ અને એક બેનને ત્યાં છોકરાં હતાં; અને આ છોકરાં માંહેનાં કેટલાંક, પોતાની પાછળ છોકરાં મૂકી, જરબાઇની હયાતીમાં ગુજરી ગયાં હતાં; અને વળી આ છોકરાં માંહેના બે છોકરાં, પોતાની પાછળ છોકરાં મૂકી, જરબાઇની હયાતીમાં ગુજરી ગયાં હતાં. મરનાર જરબાઇની માલ મિલ્કતની વહેંચણી સંબંધે મુંબઇની હાઇકોર્ટે ઠરાવ્યું કેઃ—

તે મિલ્કતના પાંચ ભાગ કરવા, અને જરબાઇની હયાતીમાં પોતાની પાછળ છોકરાં મૂકી ગુજરનાર તેના બે ભાઇઓનાં તે પાંચમાંથી ચાર ભાગ કાઢવા, એટલે દરેક ભાઇના હિસ્સા તરીકે તે મિલ્કતનો ૨/૫ ભાગ કાઢવો; અને જરબાઇની એક બેન જે તેની હયાતીમાં પોતાની પાછળ છોકરાં મૂકી ગુજરી ગઇ હતી, તેને માટે તે પાંચ ભાગ માંહેનો બાકી રહેલો એક ભાગ કાઢવો, એટલે જરબાઇની તે બેનના હિસ્સા તરીકે મિલ્કતનો ૧/૫ ભાગ કાઢવો. જૂદા કાઢેલા દરેકના દરેક હિસ્સા તેમની પોત પોતાની ઉતરતી ઓલાદમાં એવી રીતે વહેંચવા કે, એ ઉતરતી ઓલાદમાંનો કોઇપણ પુરૂષ યા સ્ત્રી તેના વડીલની સાથે એકી વખતે ભાગ લે નહીં; અને દરેક હિસ્સાની વહેંચણ તથા પેટા વહેંચણ કરતી વેળા એવી રીતે ભાગ પાડવા કે, એક સરખી પાયરીના સગપણમાં દરેક પુરૂષ દરેક સ્ત્રીના ભાગ કરતાં બમણો ભાગ લે.

ઇંડિયન સકસેશન આકટના કયા ભાગ પારસીઓને લાગુ પડતા નથી ?

સને ૧૮૬૫ ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટનો ભાગ ત્રીજો આખો; ભાગ ચોથો, કલમ ૨૫ મી સિવાય, આખો; ભાગ પાંચમો આખો; અને કલમ ૪૩ મી પારસીઓને લાગુ પડતા નથી. એ સિવાય મજકૂર આકટના બાકીના સઘળા ભાગ તેઓને લાગુ પાડવામાં આવ્યા છે.

(કલમ ૮.)

વસિયતનામું કર્યાં વગર ગુજરી જનાર પારસીઓની માલ મિલ્કતના વારસાની બાબત વિષે દરેક માણસ સહેલથી સમજી શકે, એવી સાદી ભાષા અને સરળ ઇબારતમાં, આજ સુધીના કોર્ટથી થયેલ ચુકાદા યોગ્ય જગ્યાએ ટાંકી, ઘટીત ઠેકાણે ચોખ્ખી ખુલાસાવાર ટીકા આપી, વિસ્તારથી વર્ણન કર્યા પછી, તે બાબત ઉપર નામદાર ગવર્નર જનરલે મંજૂર કરેલો સને ૧૮૬૫ નો નંબર ૨૧ વાળો આકટ સદાબરો આ નીચે આપ્યો છે.

સને ૧૮૬૫ નો આકટ ૨૧ મો.

ગવર્નર જનરલે સને ૧૮૬૫ ના એપ્રિલ મહિનાની
૧૦ મી તારીખે મંજૂર કર્યો.

વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસી લોકોની માલ મિલ્કતના વારસા બાબતનો ધારો નક્કી કરવા તથા સુધારવા બાબતનો આકટ.

વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસી લોકોની માલ મિલ્કતના વારસા બાબતનો ધારો નક્કી કરવો અને સુધારવો યોગ્ય છે, વાસ્તે નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

૧. કોઇ પારસી મરણ પામે, ને તેની વિધવા અને છોકરાં હોય, તો જે માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર તે ગુજરી ગયો હોય તે માલ મિલ્કત તે વિધવા અને છોકરાંને એવી રીતે વહેંચી આપવી કે, દરેક દીકરાને વિધવાના ભાગ કરતાં બમણો ભાગ મળે, અને વિધવાને દરેક દીકરીના ભાગ કરતાં બમણો ભાગ મળે.

૨. કોઇ પારસણ મરણ પામે, ને તેનો રંડાયેલો ધણી અને છોકરાં હોય, તો જે માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર તે ગુજરી ગઇ હોય તે માલ મિલ્કત તે રંડાયેલા ધણી અને છોકરાંને એવી રીતે વહેંચી આપવી કે, રંડાયેલા ધણીને દરેક છોકરાંના ભાગ કરતાં બમણો ભાગ મળે.

૩. કોઇ પારસી મરણ પામે, તેની વિધવા ન હોય પણ તેને ફક્ત છોકરાંજ હોય, તો જે માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર તે મરી ગયો હોય તે માલ મિલ્કત તે છોકરાંને એવી રીતે વહેંચી આપવી કે, દરેક દીકરાને દરેક દીકરીના ભાગ કરતાં ચોગણો ભાગ મળે.

૪. કોઇ પારસણ મરણ પામે, તેનો રંડાયેલો ધણી ન હોય પણ તેને ફક્ત છોકરાંજ હોય, તો જે માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર તે ગુજરી ગઇ હોય તે માલ મિલ્કત છોકરાંને સરખે ભાગે વહેંચી આપવી.

૫. કોઇ પારસી (પુરૂષ યા સ્ત્રી) વસિયતનામું કર્યા વગર મરણ પામે, તેની હયાતીમાં તેનું કોઇ છોકરૂં મરી ગયું હોય, તો તે મરનાર છોકરૂં તેના મા કે બાપના મરણ વખતે હયાત હોત અને વારસદાર તરીકે જે હિસ્સો તે લેત, તે હિસ્સો માબાપની હયાતીમાં મરી ગયેલ તે દીકરા કે દીકરીનાં ફરજંદો, અને વિધવા યા રંડાયેલો ધણી લે.

૬. કોઇ પારસી (પુરૂષ યા સ્ત્રી) મરણ પામે, ને તેની વિધવા યા તેનો રંડાયેલો ધણી હોય, પણ તેનાં સીધા વારસ (તેની ઉતરતી ઓલાદ) ન હોય, અને તે પારસીના માબાપ જીવતાં હોય, તો તે બન્ને જણ અથવા તેમાંથી એક મરી ગયું હોય તો બીજું, જે માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર તે પારસી મરી ગયો હોય તે માલ મિલ્કતનો અર્ધો ભાગ લે, અને અર્ધો ભાગ તેની વિધવા યા તેના રંડાયેલા ધણીને મળે.

મરનાર પારસીના માબાપ હયાત હોય, તો બાપને માના કરતાં બમણો ભાગ મળે.

વસિયતનામું કર્યા વગર મરનાર પારસીના મરણ વખતે તેના મા કે બાપ હયાત ન હોય, તો તેના બાપની તરફનાં જે નજીકના સગાં આ આકટને જોડેલા પહેલા પરિશિષ્ટમાં લખેલ અનુક્રમે હોય, તેઓને તે મા બાપ હયાત હોત ને જે અર્ધો ભાગ મળત, તે અર્ધો ભાગ મળે.

સદરહૂ પરિશિષ્ટમાં જે સગાંનું નામ પહેલું હોય તેને પ્રથમ ભાગ મળે; તે ન હોય તો જેનું નામ બીજું હોય તેને મળે; તે બીજો પણ ન હોય, તો જેનું નામ ત્રીજું હોય તેને મળે. એ પ્રમાણે અનુક્રમે આગળ સમજવું.

પણ માલ મિલ્કત એવી રીતે વહેંચી આપવી કે જે પંક્તિના સગપણમાં પુરૂષ હોય તેજ પંક્તિના સગપણમાં સ્ત્રી હોય, તો તેવા દરેક પુરૂષને તેવી દરેક સ્ત્રીના ભાગથી બમણો ભાગ મળે.

બાપની તરફના સગાં ન હોય, તો વસિયતનામું કર્યા વગર મરનાર પારસીની વિધવાને અથવા મરનાર પારસણના રંડાયેલા ધણીને સઘળી માલ મિલ્કત મળે.

૭. કોઇ પારસી (પુરૂષ યા સ્ત્રી) મરણ પામે, ને તેનાં સીધા વારસ (તેની ઊતરતી ઓલાદ) ન હોય, તેમ તેની વિધવા ન હોય, અથવા તેનો રંડાયેલો ધણી ન હોય, તો આ આક્ટને જોડેલાં બીજાં પરિશિષ્ટમાં દર્શાવ્યા અનુક્રમ પ્રમાણે જે નજીકનો સગો હોય, તેને માલ મિલ્કત બાબતનું વસિયતનામું કર્યા વગર મરનાર પારસીની સઘળી માલ મિલ્કત મળે.

સદરહૂ પરિશિષ્ટમાં જે નજીકના સગાનું નામ પહેલું હોય તેને પ્રથમ માલ મિલ્કત મળે; તે ન હોય તો જેનું નામ બીજું હોય તેને મળે; તે ન હોય તો જેનું નામ ત્રીજું હોય તેને મળે. એ પ્રમાણે અનુક્રમે સમજવું.

પણ માલ મિલ્કત એવી રીતે વહેંચી આપવી કે, જે પંક્તિના સગપણમાં પુરૂષ હોય તેજ પંક્તિના સગપણમાં સ્ત્રી હોય, તો તેવા દરેક પુરૂષને તેવી દરેક સ્ત્રીના ભાગ કરતાં બમણો ભાગ મળે.

૮. વારસા બાબતનો હિંદુસ્તાનનો સને ૧૮૬૫ નો આક્ટ છે, તેના હેઠળ લખેલા ભાગ પારસીઓને લાગુ પડતા નથી; તેની વિગતઃ— ત્રીજો ભાગ આખો, અને ૨૫ મી કલમ સિવાયનો આખો ચોથો ભાગ, અને પાંચમો ભાગ આખો, અને ૪૩ મી કલમ.

પહેલું પરિશિષ્ટ.

(૧) ભાઇઓ તથા બેનો, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં છોકરાં યા તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

(૨) બપાવો અને બપાઇ.

(૩) બપાવાના દીકરા અને દીકરીઓ, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઉતરતી ઓલાદ).

(૪) બપાવાનો બાપ અને બપાવાની મા.

(૫) બપાવાના બાપના દીકરા અને દીકરીઓ, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

બીજું પરિશિષ્ટ.

(૧) બાપ અને મા.

(૨) ભાઇઓ તથા બેનો, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ. (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૩) બપાવો અને બપાઇ.

(૪) બપાવાના છોકરાં, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૫) બપાવાનો બાપ અને મા.

(૬) બપાવાના બાપનાં છોકરાં, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ. (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૭) માના પેટના ભાઇઓ તથા બેનો, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૮) મમાવો અને મમાઇ.

(૯) મમાવાના છોકરાં, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ. (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૧૦) દીકરાની વિધવા, જો વગર વસિયતે મરનારના મરણની વેળાએ અથવા તે અગાઉ તેણે બીજી વારનાં લગ્ન કર્યાં ન હોય તો.

(૧૧) ભાઇની વિધવા, જો વગર વસિયતે મરનારના મરણ વેળાએ અથવા તે અગાઉ તેણે બીજી વારનાં લગ્ન કર્યાં ન હોય તો.

(૧૨) બપાવાના દીકરાની વિધવા, જો વગર વસિયતે મરનારના મરણ વેળાએ અથવા તે અગાઉ તેણે બીજીવારનાં લગ્ન કર્યાં ન હોય તો.

(૧૩) મમાવાના દીકરાની વિધવા, જો વગર વસિયતે મરનારના મરણ વેળાએ અથવા તે અગાઉ તેણે બીજીવારનાં લગ્ન કર્યાં ન હોય તો.

(૧૪) વસિયતનામું કર્યા વગર મરનારની ગુજરી ગયેલી દીકરીઓના ખાવંદ, જો વગર વસિયતે મરનારના મરણની વેળાએ અથવા તે અગાઉ તેઓએ બીજીવારનાં લગ્ન કર્યાં ન હોય તો.

(૧૫) મમાવાનો બાપ અને મા.

(૧૬) મમાવાના બાપના છોકરાં, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

(૧૭) બપાઇનો બાપ અને મા.

(૧૮) બપાઇના બાપના છોકરાં, અને વગર વસિયતે મરનારની હયાતીમાં તેઓમાંથી જે કોઇ ગુજરી ગયાં હોય તેઓનાં સીધા વારસ (એટલે તેઓથી ઊતરતી ઓલાદ).

વસિયતનામુ કરી ગુજરી જનાર પારસી સ્ત્રી પુરૂષની માલ મિલ્કતની વ્યવસ્થા બાબત.

પારસીઓને હિંદુસ્તાનનો સને ૧૮૬૫નો ૧૦મો આક્ટ લાગુ પડે છે.

મોદી કેખુશરૂ વિરૂદ્ધ કુવરબાઈ (૬ મુર્સ ઇંડિયન અપીલ, પાનું ૪૪૯) વાળા મુકદ્દમામાં એમ ઠરાવવામાં આવ્યું છે કે, વસિયતનામું કરી ગુજરી જનાર બ્રિટિશ ઈંડિયાના નિવાસી પારસીઓના વારસા-હિસ્સા સંબંધમાં તેમને હિંદુસ્તાનનો વારસા બાબતનો સને ૧૮૬૫નો ૧૦મો આક્ટ લાગુ પાડવામાં આવ્યો છે.

આ આક્ટના જે જે ભાગ પારસીઓને લાગુ પડતા નથી, તે તે ભાગમાં સમાયેલી બાબતોનો નામદાર સરકારે પારસીઓના વારસાના ખાસ ધારા (સને ૧૮૬૫ના ૨૧માં આક્ટ)માં સમાવેશ કરી આપ્યો છે; જે વિષે ૬૩માં પાનાથી ૮૪ માં પાના સુધી વર્ણન થઇ ગયું છે.

હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ૪થી કલમ— તેથી એક પારસણને પોતાની મિલ્કતની વ્યવસ્થા કરવાની મળેલી છૂટ.

સને ૧૮૬૫ના હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટના જે ભાગ પારસીઓને લાગુ પડે છે તેની શરૂઆત એ ધારાની એક ઘણીજ અગત્યની કલમથી કરીશું.

એ કલમ તે આક્ટની ચોથી કલમ છે. સને ૧૮૬૫ની સાલ પહેલાં ઇલાકાનાં શહેરોનાં પારસીઓને ઈંગ્લાંડના "કૉમન લૉ"ના નિયમો લાગુ પડતા; અને તે ધારાના એક ખાસ નિયમ પ્રમાણે માલ મિલ્કતના સંબંધે મરદ અને ઓરત બન્ને ભેગાં એક માણસ તરીકે લેખાતાં; તેથી ધણી હયાત હોય ત્યાંસુધી, એક ઓરત, કરાર કરવા અને માલ મિલ્કત પોતાના હવાલામાં રાખવા, તેમ તેની વ્યવસ્થા કરવા તદ્દન નાલાયક ગણાતી.. જે મિલ્કત, અવેજ વગેરે લગ્ન વખતે યા લગ્ન બાદ, એક ઓરતને પોતાના કુટુંબ તરફથી કે બીજાં કોઈ તરફથી વારસામાં અથવા ભેટ તરીકે— એટલે કોઇબી પ્રકારે મળતી, તે સઘળી માલ મિલ્કત ઊપર, લગ્નના

સબબથી, તે ઓરતના ધણીનો ધણી દરજ્જે હક અને અખ્તિયાર પહોંચતો; પણ પોતાના ધણીની હયાતીમાં તે ઓરત જાતે તે મિલ્કતની કાંઇપણ વ્યવસ્થા કરી શકતી નહીં.

તેની જંગમ માલ મિલ્કત ઉપરતો તે ઓરતના ધણીનો પૂરેપૂરો હક થતો; અને પોતાની ઓરતની સ્થાવર મિલ્કતની ઉપજ નિપજ ધણી પોતાની મરજી મુજબ વાપરતો. ઓરતની જંગમ માલ મિલ્કત ઉપર તેના ધણીના કરજ માટે. તેના લ્હેણદારનો દાવો ચાલતો; પણ તેવા પ્રકારની મિલ્કત, વસિયત કરી તે ધણી પોતાની ઓરતની હયાતીમાં, આપી શકતો નહીં; અને વસિયતનામાં સિવાય બીજી કોઇ રીતે જંગમ મિલ્કતની વ્યવસ્થા કર્યા વગર પોતાની ઓરતની હયાતીમાં તે મરણ પામે, તો તે સઘળી મિલ્કતની કુલ માલિક તે ઓરત થતી.

મજકૂર હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ચોથી કલમે પરણેલી સ્ત્રીની માલ મિલ્કતને સંબંધે મોટો અને ઘણો અગત્યનો ફેરફાર દાખલ કર્યો છે— અને હવે લગ્ન કરવાથી હક તથા અધિકાર મળતોએ નથી અને જતોએ નથી.

ચોથી કલમમાં ઠરાવ્યું છે કે:—

"કોઇ પુરૂષ અથવા સ્ત્રી પરણી હોય, તો તે લગ્નના સબબથી, તે સ્ત્રીની માલ મિલ્કત ઉપર તે ધણીનો, અથવા તે ધણીની માલ મિલ્કત ઉપર તે સ્ત્રીનો હક પહોંચતો નથી; અને તે પુરૂષ અથવા સ્ત્રી પરણી નહોત, અને તેને પોતાની માલ મિલ્કત બાબત જે કાંઇ કામ કરવાનો અધિકાર હોત તે કામ કરવાને તેને લગ્નના સબબથી કાંઇજ હરકત પડતી નથી."

ઈંગ્લાંડના "કૉમન લૉ" પ્રમાણે ધણીની હયાતીમાં અને પરણેલી જીંદગી ચાલુ રહે ત્યાંસુધી, મરદ ઓરતને ભેગી મળેલી મિલ્કતમાં દરેકને અર્ધોઅર્ધ સરખો ભાગ મળતો નહીં; પણ ધણી તે મિલ્કતનું ભાડું અને ઉપજ પોતાની મરજી માફક વાપરતો અને ખાતો. એજ ધારા પ્રમાણે અગાઉ કોઇ દેણદાર તેના લ્હેણદારને પરણે તો તેનું દેવું ફીટી જતું.

સને ૧૮૬૫ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખથી, મજકૂર ચોથી કલમની રૂએ એક પરણેલી સ્ત્રી તેની માલ મિલ્કતને સંબંધે આ સઘળી હરકત અને મુસ્કેલીમાંથી મુકત થઇ છે, અને હવે હરેક પોતાની મિલ્કત પોતાની તરીકે રાખી પોતાની મરજી મુજબ તેની વ્યવસ્થા કરવાને મુખ્તિયાર છે.

સને ૧૮૬૫ પહેલાં પારસીઓને અંગ્રેજી ધારાના ઉપર જણાવેલા નિયમો લાગુ પડતા, અને તે કારણને લીધે એક પારસણ પોતાના ધણીની હયાતીમાં કોઇપણ પ્રકારની મિલ્કતની વ્યવસ્થા કરવાનો સ્વતંત્ર અખ્તિયાર ધરાવતી નહતી; પણ ઓરતની હરેક મિલ્કત ઉપર તેના ધણીનો હક ઘણે દરજ્જે ચાલતો. આ ભારે સંસારી સંકટ અને અડચણમાંથી એક પારસણ હવે મજકૂર ચોથી કલમથી છૂટી થઇ છે.

સને ૧૮૬૬ ની સાલ પહેલાં પરણેલી પારસણ પોતાની માલ મિલ્કતની વ્યવસ્થા કરવા સંબંધે સ્વતંત્ર નથી.

હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ૩૩૧ મી કલમમાં ઠરાવ્યું છે કે, આ આકટની ચોથી કલમ સને ૧૮૬૬ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પહેલાં જે લગ્ન થયાં હશે તેવા લગ્નને લાગુ નથી—એટલે કે એ તારીખ પછી જે લગ્ન થાય તે લગ્નને ચોથી કલમ લાગુ છે. વળી આ ૩૩૧ મી કલમમાં એમ પણ ઠરાવ્યું છે કે, સને ૧૮૬૬ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પહેલાં કરેલાં હરકોઇ વસિયતનામાને અથવા વસિયતનામું કર્યા વગર ગુજરનાર માણસની માલ મિલ્કતને આ આકટના નિયમો લાગુ નથી.

આ હકીકત ધ્યાનમાં રાખવા જોગ છે, અને એ જાણવું અગત્યનું છે કે, સને ૧૮૬૬ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પહેલાં પરણેલી પારસણ વસિયતનામું કર્યા વગર ગુજરી જાય, તો પારસીઓના વારસ બાબતના સને ૧૮૬૫ ના ૨૧ મા આકટના નિયમો પ્રમાણે જેમ વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર પારસણની મિલ્કતની તેના વારસોમાં વહેંચણી થાય છે, તેમ તેની મિલ્કત વહેંચી શકાશે નહીં. તેમજ જો ઉપલી તારીખ પહેલાં પરણેલી પારસણે વસિયતનામું કર્યું હશે, તો તે પણ ટકી શકશે નહીં. અને તે પારસણની માલ મિલ્કતની અંગ્રેજી ધારાના નિયમો મુજબ વહેંચણી થશે.

મુંબઇની હાઇકોર્ટે શાપુરજી વિરૂદ્ધ રૂસ્તમજી (૫ મુંબઇ લૉ રીપોર્ટર, પાનું ૨૫૫) વાળા મુકદમામાં ઠરાવ્યું છે કે, પારસીઓના વારસા બાબતનો આકટ અમલમાં આવ્યો ત્યારપછી જે કોઇ પારસણ વગર વસિયતે મરણ પામે તેની માલ મિલ્કતને તે આકટ લાગુ પડે છે.

૧ લી જાન્યુઆરી ૧૮૬૬ ના રોજ પહેલાં પરણેલી કોઈ પારસણને વસિયતનામું કરી પોતાની મરજી માફક પોતાની માલ મિલ્કતની વ્યવસ્થા કરવી હોય, તો પોતાના જૂદા ઉપયોગમાં લઇ શકે એવા પ્રકારની મિલ્કતનું વસિયતનામું કરવા તે મુખ્તિયાર છે; પણ બીજી સઘળી માલ મિલ્કત સંબંધે તેણે કરેલ વસિયતનામું કાયદેસર ગણાય અને બહાલ રહે તે માટે તેના ધણીની સંમતિ મેળવવાની જરૂર છે. જો તે પારસણની હયાતીમાં તેનો ધણી ગુજરી જાય, તો પછી પોતાની સઘળી માલ મિલ્કતની તે પારસણ સ્વતંત્ર માલિક થવાથી, વસિયતનામું કરી પોતાની મરજી પડે તેમ તે સઘળી માલ મિલ્કતની વ્યવસ્થા કરી શકે છે.

દાગીના સબંધે પારસીઓની બાબતમાં અંગ્રેજી ધારાના નિયમો સિવાય બીજા કોઇ નિયમ લાગુ નથી; તેથી "ગ્રહામ વિરૂદ્ધ લંડનડેરી" ના કેસમાં થયેલ ઠરાવને અનુસરીને ધનજીભાઇ વિરૂદ્ધ નવાજબાઇ (ઇં. લૉ. રી. ૨ મુંબઇ, પાનું ૭૫.) વાળા મુકદ્દમામાં હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે, જે દાગીના અને ઘરેણાં કોઇ ઓરતને માટે તેના ધણીના મરનાર બાપે ખરીદેલાં હોય, તે તે ઓરતના જૂદા ઉપયોગ માટેની મિલ્કત ગણાય, અને તેટલા કારણસર તે ઓરતનો ધણી તે ઘરેણાં પોતાને મળવા સારૂ દાવો કરી શકે નહીં.

પરણેલી સ્ત્રીની માલ મિલ્કત સંબંધી હક બાબતમાં હિંદુસ્તાનમાં "પરણેલી સ્ત્રીની મિલ્કતના" સને ૧૮૭૪ ના આકટ ૩ જાથી ફેરફાર થયોછે.

સદરહૂ આક્ટ મંજુર થયા પછી એક પરણેલી સ્ત્રી જે પગાર લાવે તથા જે કમાઇ કરે તે પોતાના જૂદા ઉપયોગમાં લઈ શકે એવી મિલ્કત તે સદરહૂ આક્ટની રૂએ ગણાયછે; પોતાના ધણીની સંમતિ યા મદદ વગર પોતાના ફાયદા માટે તે વીમો ઉતરાવી શકેછે; જે મિલ્કત પોતાના જૂદા ઉપયોગમાં લઇ શકાય એવી હોય, તે માટે તે પોતાનાં નામથી દાવો કરી શકેછે, અને તેવી મિલ્કત સંબંધે જે કરાર તે સ્ત્રીએ બીજા માણસો સાથે કર્યા હોય, તે માટે તે મિલ્કત ઉપર તે સ્ત્રીની સામે દાવો લાવી શકાયછે.

(કલમ ૪, ૫, ૭, ૮.)

મુંબઇની હાઇકોર્ટે, ખરશેદજી વિરૂદ્ધ રૂસ્તમજી (ઈં. લૉ. રી. ૧૧ મુંબઇ, પાનાં ૩૫૨, ૩૫૪.) વાળા મુકદ્દમામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:—

(૧). સને ૧૮૬૫ નો આકટ ૧૦ મો અને સને ૧૮૭૪ નો આક્ટ ૩ જો મંજૂર કરવામાં કાયદાકારોનો હેતુ એવો હતો કે પરણેલી સ્ત્રીની સ્થિતિ, તેની મિલ્કતની વ્યવસ્થા કરવા સંબંધે કુંવારી સ્ત્રીની સ્થિતિના સરખી કરવી.

(૨) સને ૧૮૬૫ના ૧૦માં આક્ટની ચોથી કલમ તથા સને ૧૮૭૪ના ૩ જા આક્ટની સાતમી કલમ સાથે વાંચતાં એવું નીકલે છે, કે સને ૧૮૬૬ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પછી પરણેલી સ્ત્રીઓ જેમ તેઓ કુંવારી હોઇને પોતાની મિલ્કત પોતાના હવાલામાં રાખી શકે તેમ તે રાખી શકે છે, તે માટે દાવા કરી શકે છે, અને તે મિલ્કતના સંબન્ધમાં તેઓ ઉપર દાવા લાવી પણ શકાય છે. તોપણ આ બે કલમોમાં પરણેલી સ્ત્રીઓના કરાર કરવાના અધિકાર વિષે કાંઇપણ ગોઠવણ રાખવામાં આવી નથી.

(૩) કરાર કરવાના તેઓના અધિકાર બાબત સને ૧૮૭૪ના આક્ટ ૩ જાની ૮ મી કલમમાં ગોઠવણ થયેલી છે, અને તે કલમ સને ૧૮૬૬ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પછીથી તેમ તે પહેલાં પરણેલી સ્ત્રીઓને લાગુ પડે છે. તે કારણથી કરાર કરવાની તારીખે જેમ તેઓ કુંવારી હોઇને કરાર કરી શકે, તેમ તે તારીખે પરણેલી હોય તોપણ કરાર કરી શકે છે. પરંતુ જૂદા ઊપયોગમાં લઇ શકાય એવી તેમની માલ મિલ્કતજ તેઓના કરેલ કરારને માટે જોખમદાર ઠરાવી શકાય છે.

પોતાની ઓરતે કરેલ દેવાં યા કરજ માટે તેનો ધણી જો કે જોખમદાર થતો નથી, તોપણ જે દેવું ઓરતની મારફતે તેના ધણીએ કરાવ્યું હોય તે માટે તો તે જોખમદાર થાય છે.

લગ્ન થયાં પહેલાં તેની ઓરતે કરેલ કરજ માટે, લગ્ન થયા બાદ, તેનો ધણી તે ઓરતની ભેગો, "કૉમન લૉ" મુજબ, અગાઊ, જોખમદાર થતો; પરંતુ તારીખ ૩૧ મી ડિસેમ્બર ૧૮૬૫ના રોજ પછી પરણેલા પુરૂષને શિર સને ૧૮૭૪ના ૩ જા આક્ટની ૯ મી કલમ પ્રમાણે, તેની સાથે લગ્ન કર્યાં પહેલાં તેની ઓરતે કરેલ કરજની જોખમદારી રહેતી નથી; અને તે ઓરતે પોતાનાં લગ્ન અગાઊ કરેલું કરજ તે ઓરતના જૂદા ઊપયોગમાં લઇ શકાય એવી મિલ્કતમાંથી અપાય છે.

હિંદુસ્તાનનો વારસાનો સને ૧૮૬૫નો આક્ટ પ્રસિદ્ધ થયાં પહેલાં અંગ્રેજી કાયદા મુજબ પોતાની ઓરતની જાતકી મિલ્કત ઊપર જે હક તેના ધણીને મળતો, તે ખાસ હક હવે એક પારસી ધણીને મળતો નથી, એમ શાપુરજી વિરૂદ્ધ ડોસાભાઇ (ઈ. લૉ. રી. ૩૦ મુંબઇ, પાનું ૩૫૯.) વાળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે.

નિવાસ (ડૉમિસાઇલ).

હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટનો બીજો ભાગ નિવાસ યાને કાયમ રહેઠાણ સંબંધે છે; તે ભાગ પારસીઓને લાગુ પડે છે.

(૧) મરનારની જંગમ અને સ્થાવર મિલ્કતના વારસા કયા કાયદા પ્રમાણે ઠરાવવા?

મજકુર આક્ટની ૫ મી કલમ પ્રમાણે, મરનારનું નિવાસ તેના મરણ વખતે ગમે ત્યાં હોય તોપણ બ્રિટિશ ઈંડિયા માંહેની તેની સ્થાવર મિલ્કતનો વારસો બ્રિટિશ ઈંડિયાના કાયદા મુજબ ઠરાવવો જોઇએ; અને તેની જંગમ માલ મિલ્કતનો વારસો, મરણ સમયે જે દેશમાં તેનું નિવાસ હોય, તે દેશના કાયદા મુજબ ઠરાવવો જોઇએ.

દાખલા તરીકે—કોઇ માણસ બ્રિટિશ ઈંડિયાનો કાયમ રહેનાર હોય, પણ ફ્રાન્સમાં મરણ પામે; અને તેની કેટલીક જંગમ માલ મિલ્કત ફ્રાન્સમાં હોય, કેટલીક જંગમ માલ મિલ્કત ઈંગ્લાંડમાં હોય, તથા કેટલીક સ્થાવર અને કેટલીક જંગમ માલ મિલ્કત બ્રિટિશ ઈંડિયામાં હોય, તો એ સઘળી માલ મિલ્કતનો વારસો બ્રિટિશ ઈંડિયાના કાયદા પ્રમાણે ઠરાવવામાં આવશે. તેમ વળી એક અંગ્રેજ ફ્રાન્સ દેશનો નિવાસી હોય, તે બ્રિટિશ ઈંડિયામાં મરણ પામે, અને તેની કેટલીક સ્થાવર અને કેટલીક જંગમ મિલ્કત બ્રિટિશ ઈંડિયામાં હોય, તો તે સ્થાવર મિલ્કતનો વારસો બ્રિટિશ ઈંડિયાના કાયદા પ્રમાણે ઠરાવવામાં આવશે; પણ તે જંગમ મિલ્કતનો વારસો, જે અંગ્રેજોનું કાયમ રહેઠાણ ફ્રાન્સ દેશમાં હોય અને ત્યાં મરણ પામે તેઓની જંગમ માલ મિલ્કતના વારસાનો જે કાયદો ફ્રાન્સ દેશમાં ચાલતો હોય, તે પ્રમાણે ઠરાવવામાં આવશે.

"સ્થાવર મિલ્કત" આ શબ્દમાં જમીનનો તથા અમૂર્ત વતનનો તથા જમીનને ચોંહોટેલી વસ્તુનો, અને જમીનને ચોંહોટેલી વસ્તુ જોડે જાથૂ જડાયેલી વસ્તુનો સમાવેશ થાય છે. "જંગમ માલ મિલ્કત" એટલે સ્થાવર મિલ્કત સિવાય હરેક જાતનો માલ સમજવો. (કલમ ૩.)

કલમ ૧૫ મી પ્રમાણે મરનારની જંગમ માલ મિલ્કત બ્રિટિશ ઇંડિયામાં હોય અને તે બીજા દેશનો નિવાસી છે, એ બાબત ઉપર પુરાવો ન હોય, તો તે માલ મિલ્કતનો વારસો બ્રિટિશ ઇંડિયાના કાયદા મુજબ ઠરાવવો. અને કલમ ૨૮૩ મુજબ જો મરનાર બ્રિટિશ ઇંડિયાનો નિવાસી ન હોય, તો તેનું કરજ વાળવાને તેની જંગમ મિલ્કત બ્રિટિશ ઇંડિયાના કાયદા પ્રમાણે વાપરવી. એ પ્રમાણે કોઇ લ્હેણદારને તેનાં લ્હેણાંને પેટે કંઇ રુપિયા પહોંચ્યા હોય, તો બીજા લ્હેણદારોના ફાયદા સારૂ તે રુપિયા તેણે પાછા જમા કરાવવા, નહીં તો મરનારની સ્થાવર મિલ્કતની ઉપજનો હિસ્સો તેને મળશે નહીં. (કલમ ૨૮૪.)

કોઇ માણસની જંગમ માલ મિલ્કતના વારસાની બાબતમાં તેનું કાયમ રહેઠાણ એકજ ગણવામાં આવશે; વધારે ગણવામાં આવશે નહીં. (કલમ ૬.)

(૨) ઔરસ (એટલે હકદાર) અને અનૌરસ છોકરાનું મૂળ રહેઠાણ કયું જાણવું?

ઔરસ (હકદાર, એટલે પરણીઅતનાં) છોકરાંનું મૂળ રહેઠાણ (એટલે જન્મથી હમેશ રહેવાનું ઠેકાણું) તેમના જન્મ વેળાએ તેઓના બાપનું મૂળ રહેઠાણ જે દેશમાં હોય, તે દેશમાં જાણવું; અથવા બાપના મરણ પછી જન્મ્યાં હોય, તો બાપના મરણ વેળાએ તેનું મૂળ રહેઠાણ જે દેશમાં હતું તે દેશમાં જાણવું.

જે સ્ત્રીની સાથે શાસ્ત્ર પ્રમાણે અથવા કાયદેસર લગ્ન થયું ન હોય, તે સ્ત્રીના પેટનાં છોકરાં અનૌરસ કહેવાય છે, અને એવાં અનૌરસ છોકરાંનું મૂળ રહેઠાણ તેમના જન્મ વખતે તેઓની માનું મૂળ રહેઠાણ જે દેશમાં હોય તે દેશમાં જાણવું. (કલમ ૭ અને ૮.)

જો છોકરાંનાં મા કે બાપ વિષે કંઇ જણાતું ન હોય; તો તેવાં છોકરાંનાં મૂળ રહેઠાણ બાબત આ આક્ટમાં કંઇ ઠરાવેલું નથી. એવાં છોકરાંનું મૂળ રહેઠાણ જ્યાં તે જન્મ્યાં હોય, અથવા જ્યાં તે મળી આવ્યાં હોય ત્યાં જાણવું એમ કહી શકાય.

(૩) નવું નિવાસ એટલે શું ?

જે દેશમાં પોતાનું મૂળ રહેઠાણ ન હોય, તે દેશમાં કોઇ માણસ કાયમને માટે રહે, તો તેને નવું નિવાસ સંપાદન કર્યું એમ સમજવું. નવું નિવાસ સંપાદન કર્યું ન હોય ત્યાંસુધી મૂળ રહેઠાણ ચાલુ રહે છે. તેમ નવું નિવાસ મેળવ્યા બાદ, મૂળ રહેઠાણ પાછું મેળવ્યું ન હોય, યા બીજું નિવાસ મેળવ્યું ન હોય, તો તે નવું મેળવેલું નિવાસ ચાલુ રહે છે. (કલમ ૯, ૧૦, ૧૩.)

અંગ્રેજી રાજ્યનાં સિવિલ યા લશ્કરી ખાતામાં ચાકરી કરવા સારૂ, અથવા પોતાનો ધંધો રોજગાર ચલાવવા સારૂ બ્રિટિશ ઇંડિયામાં રહ્યાથી, તેમજ કોઇ દેશમાં પરરાજ્યના એલચી, યા કૉન્સલ યા પ્રતિનિધિ તરીકે રહ્યાથી, અથવા તે કોઇની પાસે નોકરીમાં કે તેનાં કુટુંબમાં રહ્યાથી, કોઇ પણ માણસ કાયમનું રહેઠાણ બ્રિટિશ ઇંડિયામાં અથવા બીજા કોઇ દેશમાં મેળવતો નથી. (કલમ ૧૦ અને ૧૨.)

(૪) બ્રિટિશ ઇંડિયામાં કાયમ રહેઠાણ મેળવવાની ખાસ રીત.

બ્રિટિશ ઇંડિયામાં કાયમ રહેઠાણ મેળવવાની ખાસ રીત હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ૧૧ મી કલમમાં આપી છે, જે નીચે મુજબ છેઃ—

"જે માણસની ઇચ્છા બ્રિટિશ ઇંડિયામાં કાયમ રહેઠાણ સંપાદન કરવાની હોય, તે માણસ પોતાની સહીથી કાગળ લખીને જે ઑફિસ બ્રિટિશ ઇંડિયામાં સ્થાનિક સરકાર નીમે, તે ઑફિસમાં મૂકશે કે બ્રિટિશ ઇંડિયામાં કાયમ રહેઠાણ સંપાદન કરવાની મારી ઇચ્છા છે, તો બ્રિટિશ ઇંડિયામાં કાયમ રહેઠાણ તે સંપાદન કરી શકશે; પરંતુ તે લેખ કર્યા પહેલાંજ તે માણસ બ્રિટિશ ઇંડિયામાં રહેલો હોવો જોઇએ."

(૫) સગીરનું કાયમ રહેઠાણ કયું જાણવું ?

જે આબાપથી સગીરનું મૂળ રહેઠાણ પ્રાપ્ત થયું હોય તે મા બાપનું કાયમ રહેઠાણ હોય, તે તે સગીરનું કાયમ રહેઠાણ જાણવું. અને પુખ્ત ઉમરનો થાય ત્યાંસુધી સગીરથી નવું નિવાસ સંપાદન કરાતું નથી, પરંતુ જો (૧) સગીર પરણ્યો હોય, (૨) યા અંગ્રેજી રાજ્યની ચાકરીમાં

તેને કોઈ હોદ્દો કે કામ મળ્યું હોય, (૩) અથવા પોતાના બાપ કે માની સંમતિથી તેણે કોઇ જૂદો વેપાર ધંધો કરવા માંડયો હોય, તો તેવા પ્રસંગે તેના બાપ કે માનું કાયમ રહેઠાણ હોય તેજ તે સગીરનું કાયમ રહેઠાણ ગણાશે નહીં; એટલે એવા પ્રસંગોમાં તે સગીર નવું નિવાસ સંપાદન કરી શકશે. (કલમ ૧૪ અને ૧૭.)

"સગીર" એટલે જે માણસની ઉમર પૂરેપૂરાં ૧૮ વર્ષની થઇ ન હોય તેવો માણસ; અને "ન્હાની ઉમર" એટલે તેવાં માણસની સ્થિતિ. (કલમ ૩.)

બ્રિટિશ ઇંડિયન નિવાસીઓની પુખ્ત ઉમર માટે સને ૧૮૭૫ ના ઇંડિયન મેજોરીટી આકટની ૩ જી કલમમાં ઠરાવ્યું છે કે, "જે સગીરની જાતનો યા મિલ્કતનો, અથવા તેની જાત અને મિલ્કત બન્નેનો ન્યાયની કોર્ટથી વાલી નીમાયો હોય કે નીમવામાં આવે, અને કોઇ પણ સગીર કોર્ટ ઓફ વોર્ડસની દેખરેખ હેઠળ હોય કે આવે, તેવો સગીર ઇંડિયન સકસેશન આકટ યા બીજા કોઇ કાયદામાં પુખ્ત ઉમરને સંબંધે જે કાંઇ વય ઠરાવવામાં આવી હોય તે છતાં પણ, જ્યારે તેની ૨૧ વર્ષની ઉમર પૂરી કરે ત્યારે પુખ્ત ઉમરનો થયો ગણાશે, અને ઉપર કહ્યા તેવા સગીર સિવાય બીજો હરકોઇ બ્રિટિશ ઇંડિયન નિવાસી જ્યારે ૧૮ વર્ષની પૂરી ઉમરે પહોંચશે, ત્યારે તે પુખ્ત ઉમરનો થયો ગણાશે, ત્યાર પહેલાં તેમ ગણાશે નહીં."

(૬) ઓરતનું નિવાસ કયું સમજવું?

પરણેલી સ્ત્રીનું અને તેના ધણીનું અસલથી એક જ્યાએજ કાયમ રહેઠાણ ન હોય, તો લગ્ન થવાથી તે સ્ત્રી તેના ધણીનું નિવાસ સંપાદન કરે છે. અને તેને માથે ધણી હોય ત્યાં સુધી તેના ધણીનું કાયમ રહેઠાણ તેજ તે ઓરતનું કાયમ રહેઠાણ સમજવું. પણ (૧) યોગ્ય અધિકારવાળી કોર્ટથી સ્ત્રી પુરૂષને છૂટા પડવાનો હુકમ થયો હોય, (૨) અથવા તો સ્ત્રીનો ધણી કાળા પાણીની સજા ભોગવતો હોય, તો તેવા પ્રસંગે તેના ધણીનું કાયમ રહેઠાણ તેજ તે ઓરતનું કાયમ રહેઠાણ સમજવું નહીં. (કલમ ૧૫ અને ૧૬.)

(૭) ગાંડા નવું નિવાસ કેમ મેળવે?

કોઇ માણુસ નવું નિવાસ સંપાદન કરે તેની સાથે કોઇ ગાંડા માણુસનું કાયમ રહેઠાણ બદલાશે; બીજા કોઇ પણ પ્રકારે ગાંડા માણુસ નવું નિવાસ સંપાદન કરી શકશે નહીં. (કલમ ૧૮.)

(૮) બ્રિટિશ ઇંડિયાનો નિવાસી ન હોય એવો કોઈ બ્રિટિશ ઇંડિયાના નિવાસી સાથે બ્રિટિશ ઇંડિયામાં લગ્ન કરે, તો એવા લગ્નથી શું અસર થાય છે?

બ્રિટિશ ઇંડિયાનો નિવાસી ન હોય, એવો કોઇ શખસ બ્રિટિશ ઇંડિયામાં ત્યાંના નિવાસી સાથે લગ્ન કરે, તો જેમ લગ્ન કરતી વેળાએ સ્ત્રી પુરૂષ બન્ને બ્રિટિશ ઇંડિયાના નિવાસી હોય અને એક બીજાની માલ મિલ્કત ઉપર તેઓનો હક પહોંચતો નથી, તેજ પ્રમાણે ઉપર કહેલાં બે માણુસો વચ્ચે થયેલાં લગ્નથી, તેમનાં લગ્ન પહેલાં સેટલ્મેન્ટથી યાને ગોઠવણુથી લખી આપેલી મિલ્કત સિવાય હરકોઇ પ્રકારની એક બીજાની મિલ્કત ઉપર તેઓનો હક પહોંચતો નથી. (કલમ ૪૪.)

વસિયતનામું અને તેની પુરવણી બાબત.

(વિલ અને કોડિસિલ.)

(૧) વસિયતનામું અને પુરવણીના અર્થ.

"પોતાનાં મરણ બાદ પોતાની માલ મિલ્કત સંબંધે જે મતલબ કે ખાહેશ પાર પાડવાની કોઇ માણુસની ઇચ્છા યા ઇરાદો હોય તે ખાહેશ તે માણસ કાયદેસર રીતે જાહેર કરે તે **વિલ** કહેવાય."

"**કોડિસિલ**" (વિલની પુરવણી) એટલે વિલમાં જે પ્રમાણે વ્યવસ્થા કરવાનું ફરમાવ્યું હોય તે મુજબ વ્યવસ્થા કરવાનો સ્પષ્ટ રીતે ખુલાસો કરવા, યા તે વ્યવસ્થામાં ફેરફાર કરવા અથવા બીજી કાંઇ વ્યવસ્થા કરવા માટે, વિલને લગતો દસ્તાવેજ કર્યો હોય તે; એવો દસ્તાવેજ વિલનો એક ભાગ છે એમ સમજવું. (કલમ ૩.)

(૨) વિલ કાયદેસર અને ખરૂં ગણાવા માટે જરૂરની બાબતો કઈ છે ?

(૧) પુખ્ત ઉમરના માણસે શુદ્ધ મનથી, (૨) કપટ જબરદસ્તી યા આગ્રહ વિના, (૩) પૂરેપૂરી સહી શાખવાળુ વિલનુ દસ્તાવેજ કર્યું હોય તો તે બહાલ રહેશે.

(૩) વિલ કોણુ કોણુ કરી શકે ?

જે માણુસની અક્કલ ઠેકાણે હોય, અને જે સગીર ન હોય તેવો હરકોઇ માણુસ વિલ કરી પોતાની માલ મિલ્કતની વ્યવસ્થા કરવા મુખ્તિયાર છે.

પોતાની હયાતીમાં જે માલ મિલ્કત બીજાને આપવાને પરણેલી સ્ત્રી મુખ્તિયાર છે, તેવા માલ મિલ્કતની વિલ કરી વ્યવસ્થા કરવાનો તેને અધિકાર છે.

વસિયતનામું કરી પોતે શું કરનાર છે તે સંબંધની બ્હેરાં મૂગાં યા આંધળાં માણુસને સમજણુ હોય, તો તે માણુસો બ્હેરાં મૂગાં કે આંધળાં હોવાના સબબથીજ વિલ કરવાને સત્તા ધરાવતાં નથી એમ સમજવું નહીં.

જે માણુસ ઘણુંખરૂં હમેશાં શુદ્ધિમાં ન હોય તે એકાદ વખતે શુદ્ધિમાં આવે, તો તેવે વખતે વિલ કરવાનો તેને અધિકાર છે.

કેફ યા મંદવાડને લીધે, અથવા બીજા કોઇ કારણુને લીધે જે કોઇ પોતે શું કરે છે તે જાણી શકતો ન હોય, તો તેવી અવસ્થામાં હોય ત્યાં સુધી તે માણુસ વિલ કરી શકે નહીં.

(કલમ ૪૬.)

દાખેલા તરીકે—કોઇ માણુસ પોતાની આસપાસ શું બને છે તે સમજી શકતો હોય, અને રોજના વહીવટમાં જે વાતો આવે તેનો કોઇ પૂછે તો જવાબ દઇ શકતો હોય, પણુ પોતાની માલ મિલ્કત કેવી અને કેટલી છે, પોતાનાં સગાં વહાલાં કોણુ છે, અને કોના નામનું વિલ કરવું યોગ્ય છે એ બાબતની તેને બરાબર સમજણુ ન હોય, તો તેવો

માણુસ બહાલ રહી શકે એવું વિલ કરી શકે નહીં.—તેમ કોઈ માણુસે આ મ્હારૂં વિલ છે એવો કોઇ દસ્તાવેજ લખી તે ઉપર સહી કરી હોય, પણ તે દસ્તાવેજ કેવો છે, અને તેમાં જે લખ્યું છે તેનું પરિણામ શું આવશે તે તે સમજતો ન હોય, તો તે દસ્તાવેજ બહાલ રહી શકે એવાં કાયદેસર વિલ તરીકે ગણાશે નહીં.—પરંતુ ગમે તેટલો અશક્ત અને નબળો થઇ ગયાં છતાં મ્હારી મિલ્કતની આ મુજબ વ્યવસ્થા કરવી યોગ્ય છે, એટલો વિચાર કરવાની કોઇ માણુસને શક્તિ રહી હોય, તો તેવા માણુસે કરેલું વિલ બહાલ રહેશે.

જો કે ૪૬મી કલમ મુજબ એક સગીરને વિલ કરવાની સત્તા નથી, તોપણ ગમે એટલી ઉમરનો બાપ (એટલે કે તે સગીર હોય તોપણ), પોતાનાં છોકરાંની ન્હાની ઊમર હોય ત્યાં સુધીને માટે વિલ કરી તેવાં સગીર છોકરાંના વાલી યા વાલીઓ નીમી શકશે. (કલમ ૪૭.)

ટુંકમાં કોઇ માણુસ—પરણેલો કે કુંવારો, મરદ યા સ્ત્રી,—જેને તેની અક્કલ અને શુદ્ધ બુદ્ધિ ઠેકાણે હોય—એટલે તે દીવાનો કે ઘેલો ન હોય,—પછી તે બ્હેરો, મૂંગો યા આંધળો હોય પણ પોતે શું કરે છે તે સમજી શકતો હોય, અને જો તેની ઉમર પૂરેપૂરાં ૧૮ વર્ષની થઇ હોય તો તે માણુસ વિલ કરી શકશે.

(૪) કપટથી, જબરદસ્તીથી, યા આગ્રહથી કરાવી લીધેલું વિલ રદ બાતલ ગણાય.

કપટથી, જબરદસ્તીથી અથવા વિલ કરનારની સ્વતંત્રતા જતી રહે તેવા આગ્રહથી કોઇ માણુસ વિલ યા તેનો કાંઇ ભાગ કરાવશે, તો તે વિલ અથવા તેવો તેનો ભાગ નિરૂપયોગી અને રદ બાતલ જાણુવો. (કલમ ૪૮.)

(૫) વિલ કરવામાં પાળવા જોઈતા નિયમો.

વસિયતનામાં બે પ્રકારનાં થાય છેઃ—સાધારણ અને અસાધારણ.

સાધારણ વસિયતનામું.—જો વસિયત કરનાર સિપાઇ કે ખલાસી ન હોય, તો તેવા માણસે કરેલું વિલ "સાધારણ વસિયતનામું" કહેવાય છે.

ઇંડિયન સકસેશન આક્ટની ૫૦મી કલમ સાધારણ વસિયતનામાં કરવા બાબતની છે; અને તેમ કરવામાં ત્રણ નિયમો પાળવા જોઇએઃ—

૧ લો નિયમ.—વસિયત કરનારે પોતાના વસિયતનામા ઉપર પોતાની સહી કે નિશાની કરવી, અથવા તેના કહ્યાથી કોઇ બીજા માણસે તે વસિયતનામા ઉપર સહી કરવી.

એવો બીજો માણસ નિશાની કરે તો ચાલે નહીં. તેણે તો તે ઉપર સહીજ કરવી જોઇએ.

૨ જો નિયમ.—વસિયત કરનારની સહી અથવા નિશાની, યા તેની વતી સહી કરનાર બીજા માણસની સહી, વસિયતનામા ઉપર એવે ઠેકાણે જોઇએ કે, તે સહી કરનારનો તે દસ્તાવેજને વસિયતનામું કરવાનો ઇરાદો હતો એવું દેખાય.

વિલ ઉપર છેક છેડેજ સહી કરવી જોઇએ એમ નથી; પણ છેડે સહી કરવાથી હરેક જાતની શંકા દૂર થાય છે, અને સહી કરનારનો ઇરાદો તે દસ્તાવેજને વિલ તરીકે કરવાનો હતો એમ ખાતરી થાયછે.

વિલ કરવાના સઘળા નિયમો બરાબર પાળ્યા હોય, જો વિલ કરવાનો ઇરાદો હતો એમ જણાય, અને જો તેમાં કરેલી મિલ્કતની વ્યવસ્થા વસિયત કરનારના મરણ પછી અમલમાં આવે તેવી હોય, તો પછી કોઈપણ રૂપ (ફૉર્મ) માં એક વિલનું દસ્તાવેજ થયું હોય તો ચાલે.

વિલ યાને વસિયતનામું કોઇ પણ ભાષામાં લખાય; તેમ વિલ કે તેની પુરવણી, યા તેનો કોઇપણ ભાગ કાગળ, પાર્ચમેંન્ટ, અથવા કોઇ બીજા પદાર્થ ઉપર વિસ્તારથી કે ટુંકામાં લખ્યું હોય તો પણ ચાલે.

ધ્યાનમાં રાખવું કે જે દસ્તાવેજ વિલ તરીકે લખાયો હોય, તે સ્ટેમ્પના કાગળ પર લખવાની જરૂર નથી; અને તે રજીસ્ટર પણ કરવો જોઇતો નથી.

૩ જો નિયમ.—વસિયતનામા ઉપર બે અથવા વધારે શાહેદોની શાખ જોઇએ. તે દરેક શાહેદે વસિયત કરનારને તેના વિલ ઉપર પોતાની સહી કે નિશાની કરતાં જોયો હોવો જોઇએ, અથવા વસિયત કરનારની રૂબરૂ અને તેના કહ્યાથી બીજા કોઇ માણસને (શાહેદોમાંનો નહીં) સહી કરતાં જોયો હોવો જોઇએ; અથવા એ મ્હારી સહી કે નિશાની છે, યા ફલાણા માણસના હાથની સહી છે, એવું વસિયત કરનારે પોતાની જાતે દરેક શાહેદને જણાવવું જોઇએ; અને વસિયત કરનારની રૂબરૂ વિલ ઉપર દરેક શાહેદે પોતાની શાખ કરવી જોઇએ; પણ એકી વખતે એક શાહેદ કરતાં વધારે શાહેદોને હાજર થવાની જરૂર નથી; અને શાહેદોએ ફલાણીજ રીતે શાખ કરવી જોઇએ એમ પણ જરૂર નથી.

વસિયત કરનારની વતી સહી કરનાર માણસ તે વિલના શાહેદ તરીકે સહી કરી શકે નહીં, એમ આવાંબાઇ વિરૂદ્ધ પેસ્તનજી, ૧૧ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ, પાનું ૮૭, વાળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું હતું.

પારસીઓમાં વિલ કરવાની બાબતમાં હાલ જેમ ઊપર કહેલા નિયમો કાયદેસર અને ખરૂં વિલ ઠરે તે માટે જરૂર પાળવા જોઇએ છીએ, તેમ અસલના વખતમાં નહતું, એવું ઓગણીશમી સદીની શરૂઆતમાં મુંબઇની સદર અદાલતના ચુકાવેલા એક મુકદ્દમા ઉપરથી માલૂમ પડે છે. નવી વહૂ વિરૂદ્ધ પેસ્તનજી (૧ બોરોડેલ મુંબઇ સદર દીવાની રીપોર્ટ. પાનું ૫.) વાળા મુકદ્દમાનો ફેંસલો તારીખ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૦૧ ના રોજ કરવામાં આવ્યો હતો; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું, કે જો વિલ ઉપર શાખ કરાવી ન હોય, પણ જો તેની ઊપર તે કરનારની સહી હોય, તે તેવું વિલ ખરૂં અને બંધનકારક ગણાય. અસલના વખતમાં પારસીઓનાં રીત રીવાજના ધોરણ ઉપર અને પંચાયત તથા અકાબરોના મત ઉપર આધાર રાખી કોર્ટ ચુકાદા આપતી તેનો એક દાખલો આ ઉપલો મુકદ્દમો છે.

માણેકબાઇ વિરૂદ્ધ હોરમજી (ઇં. લૉ. રી. ૨ મુંબઇ. પાનું ૫૪૭.) વાળા મુકદ્દમામાં એમ ઠરાવવામાં આવ્યું હતું કેઃ—જો "વિલ કરનાર" એક કાગળ રજુ કરે અને શાહેદોને સમજાવે, કે આ મ્હારૂં વિલ છે, અને કોર્ટને એવી ખાતરી થાય કે જ્યારે શાહેદોએ તે ઉપર સહી કરી ત્યારે તે વિલ કરનાર માણસની સહી તે ઉપર હતી, તો તેની સહી બાબત તે વિલ કરનારની કબૂલાત ગણાય.

સાહેદોની શાખ થયેલા વસિયતનામામાં, અથવા તેવી પુરવણીમાં, વસિયત કરનારે એવું લખ્યું હોય કે, અગાઉ લખેલા ફલાણા દસ્તાવેજમાં મ્હારી કાંઇ મતલબ લખી છે, તો તે દસ્તાવેજ તે વિલનો અથવા તે પુરવણીનો ભાગ છે એવું સમજવું. (કલમ ૫૨.)

વિલ ઊપર શાહેદી કરવા બાબતમાં જાણવાનું કે, જો વિલના શાહેદને, યા તેની ઓરતને, અથવા તે શાહેદ ઓરત હોય તો તેના ધણીને, વિલમાં વારસા કે યોજના (નીમી આપેલા માલ) તરીકે કાંઇ ફાયદો મળ્યો હોય, તો તે કારણથી તે વિલ ઊપરની શાખ બરાબર નથી એવું સમજવું નહીં. પણ એમ હોય ત્યારે તે શાખ કરનાર માણસ, અથવા તેની ઓરત યા ધણીને સંબંધે અથવા તે બે માંહેના એકની તરફથી કોઇપણ દાવો કરનાર માણસને સંબંધે તે વારસો અથવા યોજના (એટલે નીમી આપેલો માલ) રદ બાતલ ગણાશે, એટલે તેમને મળશે નહીં.

જો કે ઊપર કહ્યું તેમ વસિયતનામામાં કોઇને વારસો મળતો હોય, તો તે માણસ પાસે શાહેદ તરીકે સહી કરવાનું પરિણામ એ આવે છે કે તે વારસો તેને મળતો નથી, તોપણ કોઇ માણસને વિલમાં કાંઇ વારસો આપવા લખ્યું હોય, અને તે માણસ તે વિલ કાયમ કરનારી પુરવણી ઊપર સાખ કરે, તો તેમ કર્યાથી તેનો વારસો ખોટો થતો નથી.

(કલમ ૫૪.)

યાદ રાખવું કે, શાહેદને યા તેની ઓરત કે તેના ધણીને વારસો આપવા ફરમાવેલું હોય, તો તેથી તે વિલ રદ થતું નથી; ફક્ત તે માણસોને સંબંધે તે વારસો રદ થાય છે.

પણ જો કોઇને વિલમાં વારસો આપવા લખેલું હોય, તે માણસ તે વિલની પુરવણીમાં શાહેદ થાય તો તે વારસો રદ થતો નથી.

વિલમાં કોઇ માણસનો કાંઇ હક સંબંધ હોય, અથવા તેનો તે એગ્ઝેક્યૂટર હોય તે કારણને લીધે, વસિયત કરનારે તે ઊપર સહી કરી હતી, અથવા તે વિલ ખરૂં અને કાયદેસર છે કે નહીં, તે સંબંધે શાહેદી પૂરવાને તે નાલાયક છે એમ સમજવું નહીં. (કલમ ૫૫.)

અસાધારણ વસિયતનામું.—સિપાઈ કે ખલાસીનું કરેલું વિલ "અસાધારણ વસિયતનામા" તરીકે ઓળખાય છે. ચઢાઈ ઉપર ગયલો, અથવા ચાલતી લડાઈમાં ગુંથાએલો સિપાઇ, અથવા સમુદ્રમાં જનાર ખલાસી જો ૧૮ વર્ષનો હોય, તો તે અસાધારણ વસિયતનામું કરી પોતાની માલ મિલ્કતની વ્યવસ્થા કરી શકે છે. (કલમ ૫૨.)

એવાં અસાધારણ વિલ લખીને તથા મ્હોડેથી એમ બે રીતે કરાય છે; તે કરવા માટે નીચે લખ્યા નિયમો હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ૫૩ મી કલમમાં ઠરાવેલા છેઃ—

૧ લો નિયમ.—વસિયત કરનાર પોતાનું વિલ પોતાને હાથે બધું લખે, તો તે વિલ ઉપર સહીની તથા શાહેદીની જરૂર નથી.

૨ જો નિયમ.—તે વિલ સઘળું અથવા થોડું ઘણું બીજા માણસે લખ્યું હોય, પણ વસિયત કરનારે તે ઉપર સહી કરી હોય, તો તે ઉપર શાહેદીની જરૂર નથી.

૩ જો નિયમ.—વિલની મતલબનો દસ્તાવેજ બીજાં માણસે સઘળો અથવા થોડો ઘણો લખ્યો હોય, અને તે ઉપર વસિયત કરનારની સહી ન હોય તોપણ તે દસ્તાવેજ વસિયત કરનારના કહ્યાથી લખ્યો હતો, અથવા આ મ્હારૂં વિલ એ રીતે તેણે કબૂલ કર્યાનું સાબિત થાય, તો તે દસ્તાવેજ તે વસિયત કરનારનું વિલ છે એવું સમજવું.

વસિયત કરનારે વિલ કરવાની જે રીત મનમાં આણી હતી, તે રીતે તે દસ્તાવેજ પૂરો થયો નહીં એવું તે દસ્તાવેજ જોતાં માલૂમ પડે, તોપણ દસ્તાવેજમાં લખેલી માલ મિલ્કતની વ્યવસ્થા કરવાની મતલબ તેણે મૂકી દીધી નથી, પણ બીજાં કાંઇ કારણને લીધે તે દસ્તાવેજ પૂરો થયો નહીં એવું યોગ્ય સબબ ઉપરથી જણાશે, તો દસ્તાવેજ પૂરો થયો નહીં એટલા ઉપરથીજ તે નિરૂપયોગી સમજવો નહીં.

૪ થો નિયમ.—મ્હારૂં વસિયતનામું ફલાણી રીતે કરવું, એવી મતલબનો ઉપર કહેલા સિપાઇએ અથવા ખલાસીએ દસ્તાવેજ લખી આપ્યો, પણ વિલ તૈયાર થઇને તે ઉપર સહી શાહેદી થતાં પહેલાંજ તે મરી ગયો, તો તેની મતલબ પ્રમાણે તે લેખ તેનું વિલ સમજવું.

૫ મો નિયમ.—ઉપર લખેલા સિપાઇએ અથવા ખલાસીએ પોતાનું વસિયતનામું તૈયાર કરવાનું બે શાહેદોની રૂબરૂ મ્હોડે કહ્યું હોય, અને તેણે જે કહ્યું હોય તે તેની હયાતીમાં કોઇએ લખી મૂક્યું હોય, પણ વિલ તૈયાર થઇને તે ઉપર સહી શાહેદી થતાં પહેલાંજ તે મરી ગયો હોય, અને તેની કહેલી મતલબ તેની રૂબરૂ લખીને તેને વાંચી દેખાડી ન હોય, તોપણ તે લખી મૂકેલી મતલબ તેનું વિલ છે એવું સમજવું.

૬ ઠ્ઠો નિયમ.—ઉપર કહેલા સિપાઇને અથવા ખલાસીને જે બે શાહેદો એકી વખતે હાજર હોય તેઓની રૂબરૂ પોતાની મતલબ કહીને મ્હોડે વસિયતનામું કરવાનો અધિકાર છે.

૭ મો નિયમ.—મ્હોડે કરેલું વિલ, વસિયત કરનારનો અસાધારણ વસિયતનામું કરવાનો અધિકાર ગયા પછી એક મહિનાની મુદ્દત પૂરી થયા પછી, રદ્દ બાતલ થશે.

વસિયતનામું ફેરવી રદ્દ બાતલ કયારે અને કેમ થાય ?

વસિયતનામું તેના કરનારની હયાતી સુધીમાં ફેરવી શકાય એવું હોઇને, વસિયતનામું કરી પોતાની મિલ્કતની વ્યવસ્થા કરી શકે તે અરસામાં કોઇપણ વખતે, પોતાનું પ્રથમ કરેલું વસિયતનામું રદ્દ કરવાને અથવા ફેરવવાને વસિયત કરનારનો અધિકાર છે. (કલમ ૪૯.)

સાધારણ વસિયતનામું અથવા તેની પુરવણી, યા તેવાં વસિયતનામા કે પુરવણીનો કોઈ ભાગ નીચે જણાવેલાં કારણોસર રદ્દ થઇ શકે:—

(૧) વસિયત કરનારનાં લગ્નથી; (૨) બીજું વસિયતનામું યા પુરવણી કરવાથી; (૩) સાધારણ વસિયત કરવાની રીતે કોઇ લેખ કરી, તેમાં તે વસિવયતનામું યા પુરવણી રદ્દ કરવાની મતલબ જણાવવાથી; અથવા (૪) વસિયતનામું કે પુરવણી રદ્દ કરવાના ઇરાદાથી જો વસિયત કરનાર તેને બાળી કે ફાડી નાખે, યા બીજી રીતે તેનો નાશ કરે, અથવા તેના રૂબરૂ અને તેના કહ્યાથી કોઇ બીજું માણસ તેમ કરે, તોજ તે રદ્દ થશે; બીજી કોઇપણ રીતે તે રદ્દ થશે નહીં. (કલમ ૫૭.)

હરેક વિલ વસિયત કરનારના લગ્નથી રદ થાય છે; પણ માલ મિલ્કત નીમી આપવાનો અધિકાર ચલાવીને જે વિલ કર્યું હોય, તે વસિયત કરનારના લગ્નથી રદ થતું નથી. તે માટે હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ૫૬ મી કલમમાં ઠરાવ્યું છે કે, જે માલ મિલ્કતનો પોતે ધણી ન હોય તેની વ્યવસ્થા કરવાને જેને અધિકાર હોય, તે માણસે તે અધિકારની રૂએ વસિયતનામામાં તે બીજાની માલ મિલ્કત પોતાના વારસ વકીલને પહોંચે નહીં એવી રીતે તેની વ્યવસ્થા કરી હોય, તો તે વસિયતનામું તે વસિયત કરનારના લગ્નથી રદ થશે નહીં.

જ્યારે અનેક વસિયતનામાં હોય ત્યારે તે સઘળાં સાથે લઇ મરનારનું એક વસિયતનામું હોય તેમ તે સઘળાંનો પ્રોબેટ અપાશે.

જો એકજ તારીખનાં એક બીજાથી તદનજ ઉલટાં બે વિલ હોય, અને એ બન્ને માંહેનું છેલ્લું કયું કર્યું તે બીના સાબિત ન થાય, તો એ બીના ચોકસ ન હોવાના સબબથી બન્ને વિલ રદ બાતલ ગણાશે.

જો કોઇ વિલ દરકાર વગર પડયું રહ્યું હોય, તો તેટલા ઉપરથીજ તે રદ કર્યું ગણાશે નહીં. જ્યારે ખુલ્લી અને શક વગરની રીતે તેના કરનારે પોતે, યા તેની રૂબરૂ અને તેના કહેવાથી કોઇ બીજા માણસે તે વિલ ફેકી નાંખ્યું કે રદ કર્યું હશે ત્યારેજ તે રદ કરેલું ગણાશે.

"કોઇ વિલ રદ કર્યું છે કે નહીં" એ સવાલ તપાસતાં હરેક વખતે રદ કરવાનો ઇરાદો ચોકસ હતો કે કેમ, તે જોવા અને જાણવાની ઘણી જરૂર છે. એ પ્રમાણે વિલ રદ કરવાનો ઇરાદો ખુલ્લે ખુલ્લો પુરવાર થવો જોઇએ. જેમકે, કોઇ વસિયત કરનાર પોતાની સહી વધારે સારી ઇબારતમાં લખવાના ચોકસ ઇરાદાથી ભૂસી નાખે, અને શાહેદોની ગેર હાજરીમાં તે પાછી કરે (લખે), તોપણ તે વિલનો પ્રોબેટ અપાશે. જો વસિયત કરનારના મરણ સુધી તેણે કરેલું વિલ તેના હવાલામાંજ હોય, અને તેમાં કરેલી તેની સહી કાપી કાઢી હોય, પણ તેની અસલ જગોએ પાછી ગુંદરથી ચોંટાડી હોય, અને જો બીજાું કોઇ વિલ હાથ આવતું ન હોય, તો મરનારે તે રદ કરવાના ઇરાદાથી પોતાની સહી કાપી કાઢી હતી, અને તે પાછી તેની અસલ જગોએ ચોંટાડવાથી તે વિલ પાછું સ્થાપિત કર્યું નહોતું એમ અનુમાન થશે; પણ જો વસિયત કરનારે પોતાના કરેલ વિલમાં ફેરફાર કરવાનો અથવા બીજાું નવું વિલ કરવાનો પોતાનો ઇરાદો જણાવી, શાહેદોની સહી કાપી

કાઢી હોય, અને પછી તે વિલ હાલ તુરત ચાલશે એમ કહી તેને તે શાહેદોની સહી તેજ દીવસે પાછી તેને ઠેકાણે મૂકી હોય, તો તે વિલનો પ્રોબેટ આપવામાં વાંધો આવશે નહીં.

તેમ જો કોઇ માણસ પોતાનું કરેલ વિલ ખોટું છે એવું ભૂલથી સમજી, યા પવનની જુસમમાં, યા ઘેલાપણામાં, યા ચૂકથી પોતાના વિલનો નાશ કરે, તો તે રદ કર્યું છે એમ સમજવું નહીં. સબબ પવનની જુસમમાં હોઇ કોઇ પોતાનું કરેલું વિલ ફાડી નાખે, પણ તેના કડકા સાચવી રાખ્યા હોય, અને તે માણસ સાજો થાય ત્યારે તેણે જે કર્યું તે વિષે તેને જણાવતાં તે એમ કહે કે, એવું કામ કર્યું ત્યારે હું ગાંડો હોઇશ, અને મારું બીજું વિલ કરીશ, તો તે અસલ વિલ રદ કર્યું ગણાશે નહીં.

જો કોઇ બીજા માણસ પાસે વસિયત કરનાર પોતાનું વિલ રદ કરાવે, તો તે તેના કહેવાથી અને હાજરીમાં થવું જોઇએ; તેથી જો કોઇ માણસ પોતાના વિલમાં કોઇ બીજા માણસને તેના મરણ પછી તે વિલ રદ કરવાનો અધિકાર આપી લખી જાય તો તે ચાલશે નહીં.

જો કોઇ વિલના દરેક પાનાં ઉપર સહી હોય અને જો છેલ્લી સહી કાઢી નાખી હોય, તો તે આખ્ખું વિલ રદ કર્યું છે એમ સમજવું.

વસિયતનામું કર્યા બાદ તેમાં કોઇ રીતે ફેરફાર કરવામાં આવે, તે બાબત ૫૮ મી કલમમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે, એક સાધારણ વસિયતનામું તૈયાર થયા બાદ તેમાં કોઇ શબ્દ ભૂસાઇ જશે, યા લીટીઓની વચ્ચે કાંઇપણ નવું લખાયું હશે, યા તેમાં બીજો કોઇ જાતનો ફેરફાર કરવામાં આવ્યો હશે, તો તે રદ બાતલ ને નકામો થશે. વળી તેથી વસિયતનામાનો કોઇ શબ્દ વંચાશે નહીં, અથવા તેમાંનો કાંઇ અર્થ સમજાશે નહીં, તો તેટલી વધારે હરકત પડશે. તે કારણસર એવો કરેલો ફેરફાર બહાલ રહે તે માટે સહી શાખ કરાવી વિલ કરવાની રીતે તે ફેરફાર કરવો જોઇએ. અને વસિયત કરનારની સહી તથા શાહેદીઓની શાખ હાસિયા ઉપર, કે વિલમાં જે ઠેકાણે ફેરફાર થયો હોય તેની પાસે યા સામે થાય, કે વિલને છેડે, કે તેમાં બીજે ઠેકાણે ફેરફાર બાબત સૂચના લખીને તેને છેડે, અથવા તેની સામે થાય, તો તેવું ફેરફારવાળું વસિયતનામું યોગ્ય રીતે થયું એમ સમજવું.

વસિયતનામું પાછું સ્થાપિત કેમ કરાય?

સાધારણ વસિયતનામું, યા તેની પુરવણી યા તેનો કોઇપણ ભાગ રદ થયો હોય, અને તે પાછો સ્થાપિત કરવો હોય, એટલે તેની અસલ સ્થિતિમાં પાછો લાવવો હોય, તો ફરીથી સહી શાખ કરીને સ્થાપિત કરવો જોઇએ; અથવા તો તે ફરીથી સ્થાપિત કરવાની મતલબની, રીતસરની પુરવણી લખીને તે સ્થાપિત કરવો જોઇએ; બીજી કોઇ રીતથી તે પાછો સ્થાપિત થશે નહીં. અને પહેલાં થોડું ઘણું અને પાછળથી સઘળું રદ કરેલું વસિયતનામું યા પુરવણી જો પાછી સ્થાપિત કરવી હોય, તો પહેલાં થોડો રદ કરેલ ભાગ પણ પાછો સ્થાપિત કરવાની મતલબ જણાવ્યા વગર, તેટલો તે ભાગ પાછો સ્થાપિત થશે નહીં. (કલમ ૬૦.)

વસિયતનામાંનો અર્થ કરવા બાબત.

વસિયતનામાનો અર્થ અને ખુલાસો કરવા અને તેને સમજાવવાના નિયમો હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ૬૧ થી ૬૯ મી કલમમાં આપ્યા છે.

વિલમાં તે કરનારની મતલબ સમજાય એવા શબ્દ વાપરવાની જરૂર છે; પારિભાષિક અથવા કલાકૌશલ્ય સંબંધી શબ્દ લખવાની જરૂર નથી.

વિલમાં વાપરેલા હરેક શબ્દથી કયું માણસ અથવા કઇ માલ મિલ્કત જણાવી છે તે નક્કી કરવા સારૂ કોર્ટે ચોકસી કરવી જોઇએ.

(કલમ ૬૧ અને ૬૨.)

વિલ કરનારનો ઇરાદો અથવા હેતુ શું હતો તે તપાસવા અને જોવા જાણવાનું કામ કોર્ટનું નથી; પણ તેણે જે લખ્યું હોય તેનો અર્થ કરવાનું, અને જે શબ્દો વાપર્યા હોય તેનો અર્થ જાણવા અને સમજવાનું કામ કોર્ટનું છે. વિલ કરનાર માટે કોર્ટ વિલ કરવા બેઠી નથી; પણ જે વિલ તેણે કર્યું હોય તેમાં વાપરેલા શબ્દોનો અર્થ સમજી, તે સમજાવવાનું કામ કોર્ટનું છે.

વિલ કરનારે પોતાના વિલમાં વાપરેલા શબ્દોનો સ્પષ્ટ અર્થ જાણવાનો પ્રયત્ન કરવો, અને તેણે પોતાને માટે જે કર્યું ન હોય, અથવા કહ્યું ન હોય, તે કરવા અથવા કહેવાની કોશિશ કરવી નહીં. કારણ તેમ કરવાની જરૂર નથી.

જે વિલમાં નક્કી ઇરાદો માલૂમ પડતો ન હોય, તે વિલ મોઘમ હોવાના સબબથી રદ્દ બાતલ છે. (કલમ ૭૬.)

જેમકે આ પોતાના વિલમાં લખે છે કે "બને મેં જણસો આપી છે"; "બને મેં રૂપિયા આપ્યા છે"; "બને મેં ધણી આપ્યા છે"; પણ કેટલી જણસ, કેટલા રૂપિયા, યા કેટલા ધણી તે વિષે કાંઇ જણાવ્યું ન હોય તો તે વારસા રદ્દ બાતલ છે.

વિલમાં જે માણસને વારસો આપવા લખ્યું હોય, તે માણસના નામમાં યા વર્ણનમાં ચૂક થઈ હોય, તો તેથી તે વારસાને હરકત થતી નથી. જેને નામે વારસો લખ્યો હોય તેના નામમાં ચૂક હોય ને વર્ણન બરાબર હોય, અથવા તેના વર્ણનમાં ચૂક હોય ને નામ બરાબર હોય, અને વિલમાં લખેલ શબ્દોથી તે વિલ કરનારની મતલબ બરાબર સાફ સમજાતી હોય તો ચાલે. (કલમ ૬૩.)

વિલમાંના હરકોઇ વાકય (કલમ) નો અર્થ આખું વિલ વાંચી જોઇને કહાડવો; અને વિલમાંના ભાગોનો અર્થ એક બીજા સાથે સંબંધ મેળવી જોઇને કરવો; અને તેમ કરવામાં વિલની પુરવણી વિલનો એક ભાગ છે એવું સમજવું. (કલમ ૬૯.)

વિલના હરકોઇ ભાગનો વાજબી અર્થ ગમે તે રીતે તાણી તોડીને પણ કાઢી શકાય, તો તે ભાગ નિર્થક કે નકામો સમજીને મૂકી દેવો નહીં.

એકજ વિલમાં ફરી ફરીને તેના તે શબ્દો જૂદે જૂદે ઠેકાણે આવતા હોય, અને વસિયત કરનારે તે શબ્દો જૂદા અર્થે વાપર્યા છે એમ ન જણાય, તો તે શબ્દો એકજ અર્થે તેણે લખ્યા છે એવું સમજવું.

અને વિલ કરનારનો ઇરાદો પૂરેપૂરો અમલમાં અણાતો ન હોય, તે સબબથી તે ઇરાદો બાજુપર મૂકી દેવો નહીં, પણ જેટલો અમલમાં મૂકી શકાય તેટલો અમલમાં મૂકવો.

(કલમ ૭૨, ૭૩, ૭૪.)

કોઇ શબ્દ લખવાનો રહી ગયો હોય તેથી જોઇએ તેથી બરાબર રીતે મતલબ સાફ સમજાતી ન હોય, તો તેવો શબ્દ આગલા પાછલા સંબંધ ઉપરથી લેવો.

વિલમાં લખેલા વારસાના વર્ણનનો કોઈ ભાગ તે વારસાને લગતો ન હોય, તો જે વારસો આપવાનો વિલ કરનારનો ઇરાદો હતો તે વારસો એજ છે એવું તે વર્ણન ઉપરથી બરાબર સાફ સમજાય, તો તે વર્ણનનો અશુદ્ધ ભાગ મૂકી દઇ, જે વારસો લખ્યો હોય તે આપવો.

જે વારસો આપવાનો વિલ કરનારનો ઇરાદો હોય, તે વારસાનું વર્ણન વિલમાં ઘણી રીતે કર્યું હોય, પણ જે માલ મિલ્કતને તે સઘળી હકીકત લાગુ થાય તેવી કાંઇ માલ મિલ્કત વિલ કરનારની હોય, તો તેટલી માલ મિલ્કત બાબત તે વારસો છે એવું સમજવું; અને જે માલ મિલ્કતને તે વર્ણનનો કાંઇ ભાગ લાગુ થતો ન હોય, તેવી બીજી માલ મિલ્કત તે વિલ કરનારની હોય, તો જે ભાગ લાગુ થતો નહોય તે ભાગ મૂકી દેવો.
(કલમ ૬૪, ૬૫, ૬૬.)

વિલ માંહેના શબ્દો સંદેહ વગરના હોય, પણ સંશય ભાસતો હોય, તો બહારની શાહેદી લેવાય; પણ જો ઉઘાડો સંશય અથવા ખામી હોય, તો બહારની શાહેદી ન લેવાય; તે માટે કલમ ૬૭ અને ૬૮ માં જણાવેલું છે.

વિલ માંહેના શબ્દો સંદેહ વગરના હોય, અને તે એક તરફ લાગુ કરવાનો વિલ કરનારનો ઇરાદો હતો, પણ ઘણે ઠેકાણે લાગુ થાય તેવા તે બહારની શાહેદી ઉપરથી દેખાય, તો તે શબ્દો કયે ઠેકાણે લાગુ કરવાનો વિલ કરનારનો ઇરાદો હતો તે નક્કી કરવા સારૂ બહારની શાહેદી લેઇ શકાય. (કલમ ૬૭.)

વિલના મજકૂરમાં (એટલે વિલમાં દેખીતો) સંશય અથવા ખામી હોય, તો વિલ કરનારનો શું ઈરાદો હતો તે નક્કી કરવા સારૂ બહારની શાહેદી લેઇ શકાય નહીં. (કલમ ૬૮.)

વિલમાં શબ્દોનો ટુંકો યા ઓહોળો જેવો અર્થ કરવાની વિલ કરનારની ધારણા હોય તેવો કરવો. (કલમ ૭૦.)

એક વાક્યના બે અર્થ થતા હોય, તો જે અર્થે તે વાક્ય થોડો પણ અમલમાં અણાતો હોય તે અર્થ લેવો. (કલમ ૭૧.)

વિલમાં બે વાક્યો અથવા બે વારસા એક બીજાથી એટલા વિરૂદ્ધ હોય કે બન્ને અમલમાં આણતા ન હોય, તો છેલ્લું વાક્ય અથવા છેલ્લો વારસો અમલમાં લાવવો. (કલમ ૭૫.)

કોઇ માણસને કાંઇ માલ મિલ્કત વારસામાં આપવા લખાઈ હોય અને તેમાં તેને સંકોચિત અથવા અવધી હક સંબંધ આપવાની ધારણા હતી એમ ન દેખાય, તો તે માલ મિલ્કતમાં વિલ કરનારનો જે હક સંબંધ હશે તે આખો તેને મળશે. (કલમ ૮૨.)

વિલમાં એકને અથવા બીજાને, એમ બેમાંથી એકને વારસો આપવા લખ્યું હોય, અને વિલ ઉપરથી જૂદો ઇરાદો માલૂમ ન પડે, તો જેને પહેલો વારસો આપવા લખ્યું હોય, ને તે વારસો અમલમાં આવે તે વખતે હયાત હોય, તો તેને તે વારસો મળશે; પણ તે વખતે તે ગુજરી ગયો હશે, તો બીજા નામવાળા વારસને તે મળશે. (કલમ ૮૩.)

વિલમાં એકજ માણસને બે વારસા આપવા ફરમાવ્યું હોય, અને સવાલ ઉઠે કે બીજો વારસો પહેલા વારસાના અવેજમાં આપવા, યા પહેલો આપી તે ઉપરાંત બીજો વારસો પણ આપવા વિલ કરનારનો ઇરાદો હતો કે કેમ, તેમ વિલ કરનારનો શું ઇરાદો હતો તે વિલ ઉપરથી કોઇ રીતે માલૂમ ન પડે, તો હેઠલ લખેલા ચાર નિયમો પ્રમાણે તે વસિયતનામાનો અર્થ ઠરાવવો:—

પહેલો.—બે વાર એકના એક વિલમાં, અથવા એક વાર વિલમાં અને ફરીવાર વિલની પુરવણીમાં એકજ માણસને તેની તેજ જણસ આપવાનું લખ્યું હોય, તો તે જણસજ તેને મળશે.

બીજો.—એકના એક વિલમાં, અથવા એકની એક પુરવણીમાં બે ઠેકાણે તેની તેજ જણસનાં સરખા પ્રમાણનો, યા તેની તેજ જણસની સરખી સંખ્યાનો, તેજ માણસને વારસો આપવા લખ્યું હોય, તો તેમાંથી એકજ વારસો તેને મળશે.

ત્રીજો.—એકના એક વિલ, અથવા એકની એક પુરવણીમાં જૂદી જૂદી સંખ્યાના બે વારસા એકજ માણસને આપવાનું લખ્યું હોય, તો તે બન્ને વારસા ઉપર તેનો હક પહોંચશે.

ચોથો.—બે વારસા સરખી સંખ્યાના હોય કે જુદી જુદી સંખ્યાના હોય, તેમાંથી એક વારસો વિલમાં અને એક પુરવણીમાં, અથવા એક વારસો એક પુરવણીમાં અને બીજો વારસો બીજી પુરવણીમાં એકના એક માણસને આપવા લખ્યું હોય, તો તે બન્ને વારસા ઉપર તેનો હક પહોંચશે.

આ ચાર નિયમોમાં "વિલ" શબ્દ લખ્યો છે તેમાં વિલની પુરવણીનો સમાવેશ થતો નથી.

(કલમ ૮૯.)

અના બંગાલ બેંકમાં ફક્ત દશ શેર છે, અને તે પોતાના વિલની શરૂઆતમાં એવું લખે છે કે, બંગાલ બેંકમાં મ્હારા દશ શેર છે, તે મેં બને આપ્યા છે. બીજા કેટલાક વારસા આપવા લખ્યા પછી અ વિલને છેડે એવું લખે છે કે, બંગાલ બેંકમાં મ્હારા દશ શેર છે તે મેં બને આપ્યા છે. એકના એક વિલમાં બે વાર એકજ માણસને એકની એક જણુસ આપવા લખ્યું છે, તો (પહેલા નિયમ મુજબ) બંગાલ બેંકમાં અના દશ શેર છે તેટલાજ લેવાનો બને અધિકાર છે.

અને બએ હીરાની વીંટી આપી હતી તે અની પાસે છે. અ પોતાના વિલમાં એવું લખે છે કે, બએ મને હીરાની વીંટી આપી હતી તે મેં કને આપી છે. પછી અએ પોતાનાં વિલની પુરવણી કરી તેમાં કેટલાક વારસા આપવા લખ્યા બાદ તે એવું લખે છે કે, બએ મને હીરાની વીંટી આપી હતી તે મેં કને આપી છે. એકવાર વિલમાં અને એકવાર પુરવણીમાં એકની એકજ જણુસ એકજ માણસને આપવા લખ્યું છે, તો (પહેલા નિયમ મુજબ) બએ અને હીરાની વીંટી આપી છે તે સિવાય બીજાં કશા ઉપર કનો હક પહોંચતો નથી.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, બને પાંચ હજાર રૂપિયાની રકમ આપી છે, બાદ તેજ વિલમાં તેના તેજ શબ્દો લખીને તેનો તેજ વારસો આપવા ફરીથી લખે છે. એકના એક વિલમાં બે ઠેકાણે તેની તેજ જણુસની સરખી સંખ્યાનો વારસો આપવા ફરમાવેલું છે, તો (બીજા નિયમ મુજબ) પાંચ હજાર રૂપિયાના એકજ વારસા ઉપર બનો હક પહોંચે છે.

અ પોતાનાં વિલમાં એવુ લખે છે કે, બને પાંચ હજાર રૂપિયાની રકમ મેં આપી છે. અને આગળ તેજ વિલમાં તે એવું લખે છે કે છ હજાર રૂપિયાની રકમ બને મેં આપી છે. એકના એક વિલમાં

જૂદી જૂદી સંખ્યાના બે વારસા એકજ માણસને આપવા લખેલું છે, તો (ત્રીજા નિયમ મુજબ) અગિયાર હજાર રૂપિયા લેવાનો બનો હક છે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, પાંચ હજાર રૂપિયા બને મેં આપ્યા છે. અને તેજ વિલની એક પુરવણીમાં તે એવું લખે છે કે, પાંચ હજાર રૂપિયા બને મેં આપ્યા છે. સરખી સંખ્યાના બે વારસામાંનો એક વારસો વિલમાં અને બીજો પુરવણીમાં એકજ માણસને આપવા ફરમાવ્યું છે, તો (ચોથા નિયમ મુજબ) દશ હજાર રૂપિયા લેવાનો બનો હક છે.

અ પોતાના વિલની પુરવણીમાં એવું લખે છે કે, પાંચ હજાર રૂપિયા મેં બને આપ્યા છે; અને તેજ વિલની બીજી પુરવણીમાં લખે છે કે ૭ હજાર રૂપિયા બને આપ્યા છે. જૂદી જૂદી સંખ્યાના બે વારસામાંનો એક વારસો એક પુરવણીમાં, અને બીજો બીજી પુરવણીમાં એકજ માણસને આપવા લખ્યું છે, તો (ચોથા નિયમ મુજબ) અગિયાર હજાર રૂપિયા લેવાનો બનો હક છે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે બને મેં પાંચ હજાર રૂપિયા આપ્યા છે, અને વળી લખે છે કે, બ અઢાર વર્ષનો થશે તો તેને મેં પાંચ હજાર રૂપિયા આપ્યા છે. હાલ તુરત પાંચ હજાર રૂપિયાની એક રકમ લેવાનો બનો હક છે; અને પાંચ હજાર રૂપિયાની બીજી રકમમાં તેનો અદૃષ્ટાધીન હક્ક સંબંધ છે.

(કલમ ૮૮ ઉપર દાખલા.)

૮૦, ૮૧, ૮૪, ૮૫ અને ૮૭ મી કલમોમાં એક વર્ગના સગપણ દર્શાવનાર ખાસ નામોના માણસોને બક્ષિશ આપવામાં આવે તેના અર્થ કરવા માટેના નિયમો ઠરાવેલા છે.

વિલમાં ઘણાક વારસા આપવાનું લખ્યા બાદ બાકીની મિલ્કત (શેષધન) ફલાણો માણસ લે એવો વિલ કરનારનો ઇરાદો દેખાડનારા શબ્દો હોય, તે શબ્દોની રૂએ તે માણસ બાકી રહેલી મિલ્કત લેનાર વારસ (મૃત્યુ લેખ શેષધનાધિકાર) થાય છે. શેષધન ફલાણો માણસ લે એમ વિલમાં લખ્યું હોય, તે વિલ કરનારે મરણની વખતે પોતાની મિલ્કતની અમલમાં આવે તેવી બીજી વ્યવસ્થા કરી ન હોય, તો તે સઘળી મિલ્કત લેવાનો અધિકાર તે માણસને છે. (કલમ ૮૯, ૯૦.)

વારસા (લેગસિ) બાબત.

વારસા ત્રણ પ્રકારના હોય છેઃ—સાધારણ, વિશેષ, અને દર્શક.

સાધારણ વારસો.

જે વારસો અમુક એક ચીજને, અથવા તે જાતની બીજી ચીજોથી જૂદી પાડી શકાય એવી પૈસાની રકમને, અથવા બીજા નાણાને લાગુ પડતો નથી, તેવા વારસાને "સાધારણ વારસો" સમજવો.

સાધારણ વારસા ઉપર વ્યાજ ક્યારથી ચાલૂ થશે?

સાધારણ વારસો આયદે આપવાનું વિલમાં ફરમાવેલું હોય, તો હાઇ કોર્ટે ફરમાવેલી સિક્યુરિટિઝમાં તે વારસો પૂરો કરી આપવા જેટલી રકમ એગ્ઝેક્યૂટરે રોકવી. વચ્ચેની મુદ્દતનું તે રકમનું વ્યાજ વિલ કરનારના શેષધન (એટલે બાકી રહેલી મિલ્કત) માં જશે. (કલમ ૩૦૨.)

સાધારણ વારસો આપવા વિલમાં મુદ્દત ઠરાવી ન હોય, તો વિલ કરનારના મરણની તારીખથી એક વર્ષે તેનું વ્યાજ ચાલૂ થશે.

પણ જો (૧) કરજ વાળવા સારૂ તે વારસો અપાયો હોય; અથવા (૨) વિલ કરનાર તે વારસો લેનારનો બાપ યા તે કરતાં દૂરનો વડાવો હોય, યા તેના બાપને ઠેકાણે હોય, અથવા (૩) કોઇ સગીરને વારસો આપવા કરી વિલમાં ફરમાવ્યું હોય કે તેનું ગુજરાન તે વારસામાંથી ચલાવવું, તો દરેક ઉપલા ત્રણ પ્રસંગો વખતે વિલ કરનારના મરણની તારીખથી વ્યાજ ચાલૂ થશે. (કલમ ૩૧૧.)

જ્યારે સાધારણ વારસો આપવાની મુદ્દત વિલમાં ઠરાવી હોય, ત્યારે ઠરાવેલી મુદ્દતથી તેનું વ્યાજ ચાલૂ થશે; અને તે મુદ્દત સુધી જે વ્યાજ આવ્યું હશે તે વિલ કરનારના શેષધનમાં જશે.

જો વિલ કરનાર તે વારસો લેનારનો બાપ, યા તે કરતાં દૂરનો વડાવો હોય, યા તેના બાપને ઠેકાણે હોય, અને તે વારસો લેનાર સગીર હોય, અને તેનું ગુજરાન ચલાવવા માટે કાંઇ રૂપિયા આપવાનું વિલમાં ફરમાવેલું ન હોય, તો વિલ કરનારના મરણની તારીખથી તે વારસાનું વ્યાજ ચાલૂ થશે. (કલમ ૩૧૨.)

વિશેષ જાતનો વારસો.

કોઇ માણસ પોતાના વિલમાં એવું લખે કે, મારી મિલ્કતના બીજા સઘળા ભાગથી જૂદો પાડીને તેનો ફલાંણો ભાગ મેં ફલાંણા માણસને આપ્યો છે, તો તે વારસો "વિશેષ" જાણવો. (કલમ ૧૨૯.)

અ પોતાના વિલમાં બને હેઠળ લખ્યા પ્રમાણે વારસા આપવાનું લખે છેઃ—કએ બને હીરાની વીંટી આપી હતી તે. મારી સુંનાની સાંકળી. ઉનની ફલાંણી શાંસડી. કલકત્તામાં મ મેહેલ્લામાં મારૂં રહેવાનું ઘર છે, તેમાં યા તેની આસપાસ મારાં મરણ સમયે ઘરનો સામાન સરંજામ હોય તે સઘળો. બની પાસે મારા રૂપિયા લ્હેણા છે તે. કલકત્તામાં મારા ઉતારાની જગાએ મારી હુંડીઓ, ખતો અને દસ્તાવેજો છે તે સઘળાં. હુગલી નદીમાં હમણાં ફલાણું વાહાણ છે, તેમાં મારો જે સામાન છે તે સઘળો. મારા ઘોડાઓમાંથી જે ઘોડા બ પસંદ કરે તે. બંગાલ બેંકના મારા સઘળા શેર. આ વારસામાંનો દરેક વારસો વિશેષ જાતનો વારસો છે.

અની કાંઇ મિલ્કત કાશીમાં તથા બીજે ઠેકાણે છે; પણ તે પોતાના વિલમાં, તેની જે મિલ્કત કાશીમાં છે તે સઘળી બને આપવા ફરમાવે છે, આ વારસો વિશેષ જાતનો છે.

અ પોતાના વિલમાં નીચે પ્રમાણે બને વારસા આપવા લખે છેઃ— હીરાની વીંટી, એક ઘોડો, એક હજાર રૂપિયાની સરકારી નોટો, પાંચશે રૂપિયાનું વર્ષાસન. આ વારસા વિશેષ જાતના નથી.

(કલમ ૧૨૯ ઉપર દાખલા.)

(૧) કયા વારસા વિશેષ જાતના નહીં સમજવા?

જો (૧) ચોકસ રૂપિયાનો વારસો આપવા વિલમાં લખ્યું હોય, પણ જે સ્ટાકમાં, ફંડમાં, યા સિકયુરિટિઝમાં તે રૂપિયા રોકયા હોય તેનું વર્ણન તેમાં કર્યું ન હોય, અથવા (૨) હરકોઇ સ્ટાકનું સાધારણ વર્ણન કરીને તે સ્ટાકમાંના કેટલાએક રૂપિયાનો વારસો આપવાનું લખ્યું હોય, અને વિલમાં તારીખ ભરી તે દીવસે વિલમાં આપવા ફરમાવેલા વારસાના જેટલી અથવા વધારે રકમના તે કહેલા સ્ટાક વિલ કરનાર પાસે હોય, અથવા (૩) રૂપિયાનો વારસો વિલમાં આપવો લખ્યો હોય, પણ વસિયત

કરનારની માલ મિલ્કતના કોઈએક ભાગનું ફલાણી રીતે થાય યા તે ભાગ ફલાણે ઠેકાણે મોકલાય, ત્યાંસુધી તે રૂપિયા આપવા નહીં એમ વિલમાં ફરમાવ્યું હોય, તો તેટલા ઉપરથીજ તે વારસા વિશેષ જાતના સમજવા નહીં.

તેમજ વળી વિલ કરનારે જે જણસો આપવાનું પોતાના વિલમાં પહેલાં લખ્યું ન હોય, તેવી કાંઈ જણસોનાં નામો દઈને તે જણસો સુદ્ધાં પોતાનું શેષધન કોઈ માણસને આપવા તે ફરમાવે, તો તેણે જે જણસોનાં નામો દીધાં તે જણસો વિશેષ જાતના વારસા તરીકે આપી એમ સમજવું નહીં.

(કલમ ૧૩૦–૧૩૩.)

અ પોતાના વિલમાં લખે છે કેઃ—સરકારી પેહેડીમાં મારા રૂપિયા છે તેમાંથી દશ હજાર રૂપિયા બને આપવા; ઇસ્ટ ઇંડિયા રેલ્વે કમ્પનીના શેરમાં મારા રૂપિયા છે તેમાંથી દશ હજાર રૂપિયા બને આપવા; રામપૂરનું કારખાનું મારે ત્યાં ઘરેણે છે તે ઉપર દશ હજાર રૂપિયા આપેલા છે તે બને આપવા. આ ત્રણ વારસામાંથી કોઈપણ વારસો વિશેષ જાતનો નથી. (કલમ ૧૩૦ ઉપર દાખલા.)

અએ સેંકડે પાંચ ટકા વ્યાજની પાંચ હજાર રૂપિયાની સરકારી નોટો બને આપવાનું પોતાના વિલમાં લખ્યું. વિલમાં તારીખ ભરી તે વખતે સેંકડે પાંચ ટકા વ્યાજની પાંચ હજાર રૂપિયાની સરકારી નોટો અની હતી, તેટલા ઉપરથી તે વારસો વિશેષ જાતનો સમજવો નહીં. (કલમ ૧૩૧ ઉપર દાખલો.)

અ પોતાના વિલમાં લખે છે કે, બને મેં દશ હજાર રૂપિયા આપ્યાછે. તે, હિંદુસ્તાનમાંની મારી મિલ્કતના નાણાં ઇંગ્લાંડમાં વસુલ થાય ત્યારે તેને આપવા. આ વારસો વિશેષ જાતનો નથી. (કલમ ૧૩૨ ઉપર દાખલો.)

(૨) બે યા વધારે માણસને એક પછી એક વારસા આપ્યા હોય ત્યારે મિલ્કત કયા રૂપમાં રાખવી?

બે અથવા વધારે માણસોને એક પછી એક કાંઈ માલ મિલ્કત વિશેષ જાતના વારસામાં આપવા વિલમાં ફરમાવ્યું હોય, અને તે માલ મિલ્કતની કીમત રોજ ઘટતી જાયે એવી હોય, અને તેવીને તેવી હમેશ રહે તેવી ન હોય, તોપણ વસિયત કરનાર જે રૂપમાં તે માલ મિલ્કત મૂકી ગયો હોય, તેજ રૂપમાં તે રાખવી જોઈએ. (કલમ ૧૩૪.)

બે અથવા વધારે માણસોને એક પછી એક કાંઇ માલ મિલ્કતનો વારસો આપવા લખ્યું હોય, પણ તે વારસો વિશેષ જાતનો ન હોય; અને વિલમાં બીજો કાંઇ પ્રકાર કહ્યો ન હોય, તો તે માલ મિલ્કત વેચી, તેનાં જે નાણાં આવે તે હાઇ કોર્ટે ફરમાવેલી સિક્યુરિટિઝમાં રોકવાં; એ પ્રમાણે કરેલું ફંડ વિલમાં ફરમાવ્યા મુજબ એક પછી એક નીમેલા તે વારસો લેનારાને ખાવા દેવું. (કલમ ૧૩૫.)

(૩) વિશેષ અને સાધારણ વારસા વચ્ચે ફરક.

વિશેષ જાતનો વારસો સાધારણ વારસા કરતાં બે પ્રકારે ફાયદાકારક છે:—(૧) વિલમાં લખ્યા વારસા આપવા જેટલી મિલ્કત ન હોય, તોપણ સાધારણ વારસા સાથે વિશેષ જાતનો વારસો વરાડે ઓછો થતો નથી. (૨) વિશેષ જાતનો વારસો લેનારને તેની જે ચોખ્ખી ઉપજ હોય તે વિલ કરનારના મરણની તારીખથી લેવાનો હક છે. (કલમ ૧૩૬, ૩૦૫.)

પણ જો વિશેષ જાતનો વારસો ખોટો (નષ્ટ) થશે, તો વિલ કરનારની બીજી મિલ્કતમાંથી તે પૂરો કરી અપાશે નહીં. અને જ્યારે મરનારનું કરજ આપવા માટે બીજી મિલ્કત ઓછી પડશે, ત્યારે બીજી માલ મિલ્કત સાથે વરાડે તેવો વારસો ઓછો થશે.

દર્શક વારસો.

(૧) કેવા વારસા દર્શક કહેવાય ?

વિશેષ વર્ણન કરેલી ખાસ અને ચોકસ મિલ્કતમાંથી જે વારસો આપવા ફરમાવેલું હોય, તેવા વારસાને "દર્શક" સમજવો.

કોઇને કાંઇ ચોકસ રૂપિયાની રકમ, યા બીજી કાંઇ જણસમાંથી કાંઇ ભાગ આપવા વિલમાં ફરમાવેલું હોય, ને તે રૂપિયા ફલાણા ફંડમાંથી આપવા, અથવા તે જણસ ફલાણા સ્ટોકમાંથી આપવી, એમ જણાવેલું હોય, તો તેવા વારસાને દર્શક વારસો કહેવો.

વિશેષ જાતનો વારસો અને દર્શક વારસો એ બેમાં એટલોજ ભેદ છે કે, ફલાણી માલ મિલ્કત ફલાણાને આપી એ રીતે કહીને કોઇને કાંઇ વારસો આપ્યો હોય તે વિશેષ જાતનો વારસો; અને ફલાણી મિલ્કતમાંથી ફલાણાને આટલી મિલ્કત આપવી એવું કહ્યું હોય તે દર્શક વારસો.

(કલમ ૧૩૭.)

અ પોતાના વિલમાં લખે છે કે, સની પાસે મારૂં લ્હેણું છે, તેમાંથી એક ભાગના ૧૦૦૦ રૂપિયા મેં બને આપ્યા છે; આ વિશેષ જાતનો વારસો થયો. અ બીજે ઠેકાણે પોતાના વિલમાં લખે છે કે, કને મેં ૧૦૦૦ રૂપિયા આપ્યા છે, તે સની પાસે મારૂં લ્હેણું છે તેમાંથી આપવા; આ દર્શક વારસો થયો.

(૨) દર્શક અને સાધારણ વારસા વચ્ચે ફરક.

ખરી રીતે દર્શક વારસો સાધારણ વારસોજ છે. ફરક માત્ર એટલોજ છે કે દર્શક વારસો આપવા માટે એક ખાસ પુંજી દર્શાવેલી હોય છે. જે પુંજીમાંથી દર્શક વારસો આપવાનો હોય તે જો પુરતી ન હોય, તો એવો વારસો લેનારનો વારસો જતો રહે છે, અને તેને મળતો નથી, એમ નથી; પણ તે દર્શક વારસો વિલ કરનારની બીજી માલ મિલ્કતમાંથી મળશે. એવી રીતે દર્શક વારસો સાધારણ વારસાને મળતો છે.

(૩) દર્શક વારસો વિશેષ જાતના વારસાને મળતો કેમ છે?

દર્શક વારસો વિશેષ વારસાને મળતો એવી રીતે છે કે, જ્યારે વિલમાં લખેલા વારસા અપાય તેટલી મિલ્કત ન હોય, ત્યારે સાધારણ વારસાની સાથે (વિશેષ વારસાની માફક) તે (દર્શક વારસો) ઓછો થશે નહી; એટલે મરનારની બીજી મિલ્કત ઘટી પડે, તો દર્શક વારસાને હાથ લગાડાય નહીં. પણ જે પુંજીમાંથી દર્શક વારસો આપવા ફરમાવેલું હોય, તે જ્યારે ન હોય, અને તે પુંજીમાં તોટો હોય, તો દર્શક વારસો સાધારણ વારસાનું રૂપ પકડે છે, અને ત્યારે વિલમાં લખેલા વારસા આપવા જેટલી મિલ્કત ન હશે, તો તે ઓછો કરી શકાશે. વળી દર્શક વારસામાં સ્ટાક આપ્યો હોય, તો વિલ કરનારના મરણની તારીખથી તેની ઉપર વ્યાજ મળતું નથી.

(૪) વિશેષ વારસો તથા દર્શક વારસો એ બન્ને એકજ પુંજીમાંથી આપવા હોય ત્યારે શું કરવું?

કોઇ પુંજીનો કાંઇ ભાગ વિશેષ વારસો આપવાને, અને તેજ પુંજીમાંથી કાંઇ દર્શક વારસો આપવાને વિલમાં લખેલું હોય, તો જે ભાગ વિશેષ વારસામાં આપવા લખ્યો હોય, તે ભાગ પહેલો આપવો જોઇએ; ત્યાર બાદ બીજો વારસો એટલે દર્શક વારસો તે પુંજીના બાકી રહેલ ભાગમાંથી આપવો જોઇએ; જો તે બાકીનો ભાગ જોઇએ તે પ્રમાણે પહોંચતો ન હોય, એટલે કે દર્શક વારસો તે બાકીના ભાગમાંથી પૂરેપૂરો અપાય તેમ ન હોય અને બાકીનો ભાગ ખુટતો હોય, તો વસિયત કરનારની બીજી સાધારણ માલ મિલ્કતમાંથી તે દર્શક વારસો પૂરો કરી આપવો જોઇએ.
(કલમ ૧૩૮.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ડ પાસે મારૂં લ્હેણું છે, તેનો એક ભાગ એટલે ૧૦૦૦ રૂપિયા મેં બને આપ્યા છે; વળી બીજે ઠેકાણે એવું લખે છે કે, કને મેં ૧૦૦૦ રૂપિયા આપ્યા છે, તે ડની પાસે મારૂં લ્હેણું છે તેમાંથી આપવા. હવે ડ પાસે અના ૧૫૦૦ રૂપિયાજ માંગતા છે; તેથી તેમાંથી ૧૦૦૦ રૂપિયા બને આપવા, અને બાકી ૫૦૦ રૂપિયા કને આપવા, અને અની બીજી મિલ્કતમાંથી બીજા ૫૦૦ રૂપિયા કને આપવા. (કલમ ૧૩૮ ઉપર દાખલો.)

વારસામાં આપેલી મિલ્કત ઉપરની જવાબદારી કોને શિર છે.?

વિશેષ જાતના વારસામાં અપાયેલી મિલ્કત ઉપર વસિયત કરનારે પોતે કરેલ દેવાંને લીધે તેના મરણ વખતે ઘરેણે યા ગીરો મૂક્યાના સબબથી જામીન તરીકેનો જે બોજો હોય, તેવો બોજો તે વારસો લેનારને શિર છે; એટલે તે વારસો લેનારે તે બોજાના જોખમ સુદ્ધાં તે વારસો કબૂલ રાખવો પડશે, અને ગીરો બાબતનું નાણું આપવું હોય, તો તે વારસો લેનારે આપવું પડશે. વસિયત કરનારની મિલ્કત ઉપર તે બોજો પડશે નહીં, અને તેની મિલ્કતમાંથી તેવું દેણું અપાશે નહીં.

વસિયત કરનારની મિલ્કત નીચે લખેલા ખર્ચ અને દેણાં માટે જોખમદાર થશેઃ—(૧) જે જણુસો આપવા વસિયત કરનારે પોતાના વિલમાં ફરમાવ્યું હોય, તે જણુસો ઉપર તેનો હક પહોંચતો હોય તે પૂરો કરવાનો ખર્ચ; (૨) જે સ્થાવર મિલ્કતને સંબંધે નિયમિત મુદતે સરકારી દેણું અથવા ભાડું આપવું પડે તેવી મિલ્કતમાંના કંઇપણ હક સંબંધનો વારસો આપવા વિલમાં ફરમાવેલું હોય, તો વસિયત કરનારના મરણની તારીખ સુધીનું તે દેણું અથવા તેનું પ્રમાણ; (૩) વિશેષ જાતના વારસા તરીકે જૉઇન્ટ સ્ટાક કમ્પનીના કાંઇ શેરો આપ્યા હોય, તે શેરો સંબંધે વસિયત કરનારના મરણ વખતે કાંઇ કૉલ અથવા હફતા, અથવા બીજા પ્રકારનું દેણું આપવું હોય, તો તે દેણું. વસિયત કરનારના મરણ પછીનું તે શેરો સંબંધીનું કાંઇપણ એવું દેણું આપવું હોય, તે તે શેરો વારસામાં લેવા કબૂલ કરનાર વારસને શિર છે.

(કલમ ૧૫૪ થી ૧૫૭.)

અએ ચોકસ જમીન અમુક કીમતે વેચાતી લેવાની સાધારણ રીતે બોલી કરીને તે જમીન બને આપવાનું પોતાના વિલમાં લખ્યું. પછી ખરીદીના રૂપિયા આપ્યા પહેલાં અ ગુજરી ગયો. તે રૂપિઆ અની માલ મિલ્કતમાંથી ભરી આપવા જોઇએ.

જે ઘરનું વર્ષે ૩૬૫ રૂપિયા ભાડું આપવું પડે છે તેવું ઘર અએ બને આપવાનું પોતાના વિલમાં લખ્યું. ઠરાવેલી મુદતે અએ પોતાનું ભાડું આપ્યું, ત્યારપછી પચ્ચિસમે દીવસે તે ગુજરી ગયો. ભાડાનાં પચ્ચિસ રૂપિયા અની માલ મિલ્કતમાંથી આપવા.

અ પાસે એક રેલવે કમ્પનીના દશ શેર છે. તેની હયાતીમાં ભાગીઆઓની સભા મળી તેમાં ત્રણ હફતે દર શેરે ત્રણ પાઉન્ડ લેવાનો ઠરાવ થયો. અએ પોતાના શેર બને આપવાનું પોતાના વિલમાં લખ્યું. પહેલો હફતો આપવાનો જે દીવસ ઠર્યો હતો, અને બીજો હફતો આપવાનો જે દીવસ ઠર્યો હતો, તેની વચ્ચેની મુદતમાં પહેલો હફતો ભર્યા વગર અ ગુજરી ગયો. પહેલો હફતો અની માલ મિલ્કતમાંથી આપવો જોઇએ; અને બાકીના હફતા બએ વારસો લેવાનું કબૂલ કર્યું હોય, તો બએ આપવા જોઇએ.

(કલમ ૧૫૫ થી ૧૫૭ ઉપર દાખલા.)

લ્હેણુદારને તથા મિલ્કત કે પુંજીનો ભાગ લેનારને વારસો આપ્યો હોય તે બાબત.

હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટ માટે નિમાયેલ લૉ કમિશનરોના રીપોર્ટ ઉપરથી માલૂમ પડે છે કે, વાજબી રીતે લાગુ પાડી ન શકાય એવા અંગ્રેજી કાયદાના નિયમો દાખલ નહીં કરતાં, વસિયત કરનારે જે વિલ કર્યું હોય તેમાં તેનો ઇરાદો જાણવા કશીએ અગવડ કે તકલીફ પડે નહીં તેવો યોગ્ય ફેરફાર તેઓએ લ્હેણુદારને તથા મિલ્કતનો ભાગ લેનારને વારસો આપવાની બાબતમાં કર્યો છે.

જો પોતાના કોઇ લ્હેણુદારને વારસો આપવા વસિયત કરનારે વિલમાં ફરમાવ્યું હોય, અને તે વારસો દેવું વાળવા સારૂ આપ્યો છે એમ વિલ ઉપરથી ન જણાય, તો તેનું લ્હેણું તથા વારસો એ બન્ને લેવાને તે લ્હેણુદારનો હક છે. (કલમ ૧૬૪.)

કોઇ માણસ પોતાનાં છોકરાંને પોતાની મિલ્કત કે પુંજીમાંથી કાંઇ ભાગ આપવાની શરત કરી બંધાયો હોય, પણ તે મુજબ ચાલ્યો ન હોય, અને ત્યારબાદ તે છોકરાંને કાંઈ વારસો આપવા પોતાના વિલમાં લખે, પણ મજકૂર ભાગના બદલે તે વારસો આપ્યો છે એવો ઇરાદો વિલ ઉપરથી ન જણાય, તો તે મિલ્કતનો ભાગ તથા તે વારસો એ બન્ને લેવાનો તે છોકરાંનો હક છે. (કલમ ૧૬૫.)

અએ બની સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો તે વખતે એવો કરાર કર્યો કે આ લગ્નથી જે દીકરીઓ થશે તે દરેકને તેમનાં લગ્નની વખતે ૨૦,૦૦૦ રૂપિયા કન્યાધન તરીકે હું આપીશ. આ કરાર મુજબ તે ચાલ્યો નહીં. પાછળથી પોતાના પેટની બને દીકરીઓ થઇ ને પરણી તે દરેક દીકરીને ૨૦,૦૦૦ રૂપિયા આપવા અએ પોતાનાં વિલમાં ફરમાવ્યું. આ વારસા લેનાર દીકરીઓને તેમને આપેલા વારસા તથા જે કન્યાધન આપવા તેમના બાપે કરાર કર્યો હતો તે ધન એ બન્ને લેવાનો હક છે. (કલમ ૧૬૫ ઉપર દાખલો.)

તેમ કોઇ માણસને કાંઇ વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તેજ માણસને આગળ જતાં કાંઇ નીમણોક કરી આપી હોય, યા બીજી

રીતે તેના ગુજરાનનો બંદોબસ્ત કરી આપ્યો હોય, તો તે સબબથી તે આખો વારસો અથવા તેનો કાંઇ ભાગ રદ થશે નહીં. (કલમ ૧૬૬.)

અએ પોતાના દીકરા બને ૨૦,૦૦૦ રૂપિયાનો વારસો આપવા પોતાના વિલમાં લખ્યું. ત્યારબાદ તેણે બને ૨૦,૦૦૦ રૂપિયા આપ્યા. તેથી વિલમાં આપવા લખેલો ૨૦,૦૦૦ રૂપિયાનો બનો વારસો નષ્ટ થતો નથી. (કલમ ૧૬૬ ઉપર દાખલો.)

અંગ્રેજી કાયદાના નિયમ પ્રમાણે જો જૂદો ઇરાદો વિલ ઉપરથી માલૂમ પડે નહીં, તો જ્યારે કોઇ દેણદાર પોતાના લ્હેણદારને કાંઇ વારસો આપવા પોતાના વિલમાં ફરમાવે, અને તે વારસો તેના દેવાં કરતાં વધારે યા તેટલીજ રકમનો હોય, તો તે વારસો તેને પોતાનું દેવું પતાવવા આપ્યો એમ ગણાય છે.

તેમજ જ્યારે માબાપ પોતાના ફરજંદને પોતાની પુંજીનો કોઇ ભાગ આપવા કાયદેસર બંધાયાં હોય, પણ તે બંધણી મુજબ ચાલ્યાં ન હોય, અને પોતાના વિલમાં તે ફરજંદને કાંઇ વારસો આપવા ફરમાવે, તો તે વારસો મજકૂર ભાગના બદલામાં અપાયેલો ગણાય છે.

વળી જ્યારે બાપ પોતાના ફરજંદને કાંઇ વારસો આપે, ને તે પછી પોતાની મિલ્કતનો કાંઇ ભાગ તેને અગાઉથી આપે, તો તે વારસો ખોટો એટલે રદ થાય છે.

પણ હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ઉપર લખેલી કલમ ૧૬૪, ૧૬૫, અને ૧૬૬ પ્રમાણે તેમ થતું નથી. એટલે જ્યારે લ્હેણદારને કાંઇ વારસો આપવા વિલમાં ફરમાવેલું હોય, ત્યારે તેને પ્રથમ દર્શનીક રીતે વારસો તથા તેનું લ્હેણું એ બન્ને લેવાનો હક છે; જો માબાપ પોતાનાં ફરજંદને કાંઇ વારસો આપવા પોતાના વિલમાં ફરમાવે, તો પ્રથમ દર્શનીક રીતે તે વારસો અને માબાપ પોતાની મિલ્કતનો જે ભાગ ફરજંદને આપવા બંધાયાં હોય, તે બન્ને લેવાનો ફરજંદનો હક છે; અને તેમજ વારસો આપવા વિલમાં ફરમાવ્યા પછી, સેટલ્મેન્ટથી યા કોઇ બીજી રીતથી કાંઇ બંદોબસ્ત તેજ વારસો લેનારને સંબંધે કરવામાં આવે, તો મજકૂર વારસો ખોટો એટલે રદ થતો નથી.

વરસાણ. (વર્ષાસન.)

(૧) વરસાણ હયાતી સુધીજ અપાય.

કોઇ માણસને વરસાણ આપવાનું વિલમાં ફરમાવેલું હોય, પણ તે ક્યાં સુધી ચાલૂ આપતું (રાખવું) તે વિષે કાંઇ વધારે વિલમાં લખેલું ન હોય, તો તે વરસાણ લેનારને તેની હયાતી સુધીજ તે મળશે. જો વિલમાં એમ લખ્યું હોય કે વરસાણ સાધારણ મિલ્કતમાંથી આપવું, અથવા તે વેચાતું લેવાને આટલા રૂપિયા આપ્યા છે, તો એવી લખાવટથી ઉપર કહેલા નિયમમાં ફેર પડવા દેવો નહીં, એટલે કે એવાં વરસાણ લેનારને પણ તેની હયાતી સુધી તે વરસાણ આપવું. (કલમ ૧૬૦.)

અ પોતાના વિલમાં લખે છે કે, બ જીવે ત્યાં સુધી તેને ૫૦૦ રૂપિયા વરસાણ આપવું; અને બ ગુજરી ગયા બાદ તે કને આપવું. બની હયાતી સુધી તેને ૫૦૦ રૂપિયા વરસાણ લેવાનો હક છે; અને બના મરણ વખતે ક હયાત હોય, તો તે વખતથી કને તે વરસાણ પોતાની જીંદગી સુધી લેવાનો હક છે. (કલમ ૧૬૦ ઉપર દાખલો.)

મિલ્કતની ઉપજમાંથી, યા સાધારણ મિલ્કતમાંથી કોઇને વરસાણ આપવા બંદોબસ્ત કરવાનું, અથવા કોઇને માટે વરસાણ વેચાતું લેવાને રૂપિયા આપવા વિલમાં ફરમાવેલું હોય, તો વસિયત કરનારના મરણના દીવસથી લાગલોજ જે માણસને તે વરસાણ આપવા લખ્યું હશે, તેનો તે વરસાણમાં હક સંબંધ પહોંચશે; અને તે માણસની ખુશી મુજબ પોતાને માટે વરસાણ વેચાતું લેવડાવવાનો, અથવા વરસાણ વેચાતું લેવાને વિલમાં જે રૂપિયા મુકરર કર્યા હોય તે લેવાનો તેનો અધિકાર છે. (કલમ ૧૬૧.)

અ પોતાના વિલમાં લખે છે કે, બની હયાતી સુધી ફલાણી પુંજી મેં તેને આપી છે; તેના મરણ બાદ કને સારૂ વરસાણ વેચાતું લેવાને તે ખર્ચવી. અના મરણ વખતે બ તથા ક બન્ને હયાત હતા; પછી બ જીવતાં ક ગુજરી ગયો. બના મરણ પછી તે પુંજી કના વારસ વકીલને મળશે. (કલમ ૧૬૧ ઉપર દાખલો.)

વરસાણુ તથા શેષધનનો વારસો એ બન્ને આપવા વિલમાં ફરમાવેલું હોય, ત્યારે શેષધનનો કાંઇપણ ભાગ આપ્યા પહેલાં વરસાણુની ભરતી કરી આપવી જોઇએ; અને જરૂર પડે તો તેમ કરવામાં વસિયત કરનારની માલ મિલ્કતમાંના મુદ્દલ રૂપિયા વાપરવા. (કલમ ૧૬૩.)

વરસાણુ આપવાનું હોય, પણ વિલમાં ફરમાવેલ સઘળા વારસા અપાય તેટલી વસિયત કરનારની પુંજી ન હોય, તો વિલમાં ફરમાવેલ રૂપિયાના બીજા વારસા જે વરાડ પ્રમાણે ઓછા થશે તે પ્રમાણે તે વરસાણુ પણ ઓછું થશે. (કલમ ૧૬૨.)

(૨) વરસાણુ કયારથી આપવું ?

વરસાણુ શરૂ થયાની મુદ્દત વિલમાં ઠરાવેલી ન હોય, તો વસિયત કરનારના મરણના દીવસથી તે શરૂ થશે; અને તેના ગુજરવા બાદ એક વર્ષ પૂરૂ થયે, પહેલા વર્ષનું વરસાણુ આપવું જોઇએ.

દર ત્રણ ત્રણ મહિને યા દર મહિને મહિને વરસાણુ આપવું એમ વિલમાં ઠરાવેલું હોય, તો વસિયત કરનારના મરણની તારીખથી પહેલા ત્રણ મહિનાની આખરે અથવા પહેલા મહિનાની આખરે પહેલ વહેલું વરસાણુ આપવાની મુદ્દત થશે. એકઝેકયૂટરની નજરમાં આવશે તો તે મુદ્દતે આપવામાં આવશે; પણ વસિયત કરનારના મરણની તારીખથી એક વર્ષ પૂરૂં થયાં પહેલાં એકઝેક્યૂટરે તે વરસાણુ આપવું જોઇએ એમ નથી.

વસિયત કરનારના મરણ પછી એક મહિનામાં, યા બીજી કોઇ મુદ્દતની અંદર, યા ફલાણે દહાડે વરસાણુ પહેલ વહેલું આપવું એમ વિલમાં લખ્યું હોય, તો વિલમાં છેક નજીકનો દીવસ ઠરાવ્યો હોય તેજ દીવસ પછી વર્ષો વર્ષ વરસાણુ આપવું જોઇએ; જો વરસાણુ આપવાની મુદ્દત દરમિયાન વરસાણુ લેનાર ગુજરી જાય, તો તેટલા દહાડાનું વરસાણુ તેના વારસ વકીલને આપવું જોઇએ.

(કલમ ૨૯૮—૩૦૦.)

(૩) વરસાણુ ઉપર વ્યાજ ક્યારથી ચાલૂ થશે?

વસિયત કરનારના મરણની તારીખથી, પહેલાં વર્ષમાં (એક વર્ષ સુધીના) ચઢેલાં વરસાણનું વ્યાજ આપવું પડશે નહીં.

વરસાણુ ઉપજાવવા સારૂ રૂપિયા વ્યાજે મૂકવાનું વિલમાં ફરમાવ્યું હોય, તો વસિયત કરનાર ગુજરી ગયાની તારીખથી તે રૂપિયાની રકમનું વ્યાજ ચાલૂ થશે.

(કલમ ૩૧૪, ૩૧૫.)

વિલમાં ફરમાવેલા વારસાના વ્યાજનો દર દર વર્ષે દર સેંકડે ચાર ટકા ગણવો. (કલમ ૩૧૩.)

એગ્ઝેક્યૂટરની સંમતિ બાબત.

વિલમાં જે માણસને વારસો આપવા લખ્યું હોય, તેનો તે વારસા ઉપર હક પૂરો થવાને એગ્ઝેક્યૂટરની સંમતિની જરૂર છે. તે સંમતિ આપશે, તો તે વારસો વસિયત કરનાર ગુજરી ગયો ત્યારથી અમલમાં આવશે.

(કલમ ૨૯૨, ૨૯૬.)

કોઇ વારસો લેનાર, તે વારસા વિષે એગ્ઝેક્યૂટર સંમતિ આપે તે પહેલાં, તે વારસાની જણસ વેચી નાખે છે. એગ્ઝેક્યૂટરની ત્યારબાદ અપાએલી સંમતિ વારસાની જણસ ખરીદ કરનારને ઉપયોગી થઇ પડે છે, અને વારસાની જણસ ઉપરનો તે ખરીદ કરનારનો હક પૂરો કરે છે. (કલમ ૨૯૬ ઉપર દાખલો.)

વિલમાં એગ્ઝેક્યૂટરને કાંઇ વારસો આપવા લખ્યું હોય, તો જેમ કોઇ બીજા વારસો લેનારને તેના વારસા ઉપર હક પૂરો થવાને એગ્ઝેક્યૂટરની સંમતિની જરૂર છે, તેજ પ્રમાણે તે એગ્ઝેક્યૂટરને પોતાના વારસા ઉપરનો પોતાનો હક પૂરો થવાને પોતાની સંમતિની જરૂર છે. (કલમ ૨૯૫.)

વસિયત કરનારના મરણની તારીખથી એક વર્ષની અંદર વિલમાં આપવા કહેલા વારસા એગ્ઝેક્યૂટરે આપવા જોઇએ અથવા સ્વાધીન કરવા જોઇએ એમ નથી. (કલમ ૨૯૭.)

વસિયત કરનારે પોતાના વિલમાં લખ્યું હોય કે, "મારા વિલમાં જે વારસા આપવા લખેલા છે, તે મારા મરણ પછી ૬ માસમાં આપવા." એ લખાણથી એગ્ઝેક્યૂટરે તે મુદ્દતમાં આપવા એમ નથી. એક વર્ષ પૂરું થયા પહેલાં તે વારસા તેની મરજી પડે તો નહીં પણ આપે. (કલમ ૨૯૭ ઉપર દાખલો.)

વસિયતનામામાં સાધારણ રીતે વર્ણન કરેલી જણસનો વારસો આપવા લખ્યું હોય, તો જે જણસને તે વર્ણન વાજબી રીતે લાગુ થાય તેવી જણસ એગ્ઝેક્યૂટરે વેચાતી લઇને જેને નામે વારસો લખ્યો હોય તેને આપવી. (કલમ ૧૫૮.)

કોઇ પુંજીના વ્યાજનો અથવા ઉપજનો વારસો આપવાનું લખ્યું હોય, અને તે વારસાનો ઉપભોગ આટલી મુદ્દત સુધીજ કરવો એવો ઇરાદો વિલ ઉપરથી દેખાતો ન હોય, તો તેવો વારસો લેનારને તે વ્યાજ તથા મુદ્દલ બન્ને આપવાં. (કલમ ૧૫૯.)

શેષધન (બાકી રહેલી મિલ્કત) બાબત.

(૧) શેષધન એટલે શું, અને તે કોણ લે?

વસિયત કરનારનું દેવું અને વિલમાં આપવા ફરમાવેલા વારસા પતવી દેતાં, વ્યવસ્થા કર્યા વિનાનો વસિયત કરનારની માલ મિલ્કતનો બાકી રહેલો ભાગ "શેષધન" કહેવાય છે.

વિલમાં ઘણાક વારસા આપવાનું ફરમાવ્યા બાદ બાકી રહેલી માલ મિલ્કત (શેષધન) અમુક માણસ લે, એવો વસિયત કરનારનો ઇરાદો દેખાડનારા જે શબ્દો હોય, તે શબ્દોની રૂએ તે માણસ બાકી રહેલી માલ મિલ્કતનો વારસો લેનાર (શેષધનાધિકારી) થાય છે. (કલમ ૮૯.)

વસિયત કરનારે તેના મરણ વખતે માલ મિલ્કતની અમલમાં આવે તેવી વિલમાં બીજી વ્યવસ્થા કરી ન હોય, તો તે સઘળી માલ મિલ્કત "બાકી રહેલી મિલ્કતનો વારસો લેનારને" મળે છે. (કલમ ૯૦.)

કોઈને બાકી રહેલી મિલ્કતનો વારસો લેનાર (શેષધનાધિકારી) નીમ્યો હોય, તો મરનારનું કરજ તથા વિલમાં લખેલા વારસા આપ્યા બાદ, મરનારની બાકી રહેલી મિલ્કત તેને આપવી. (કલમ ૩૨૬.)

મરનારનું કરજ અપાય અને બાકી મિલ્કત શું રહી તે હકીકત ચોક્કસ કર્યા પહેલાં શેષધનાધિકારી ગુજરી જાય, તો તેના વારસ વકીલને તે બાકી રહેલી મિલ્કત મળશે.

(૨) વારસાની દરમિયાન ઉપજની વ્યવસ્થા કેવી રીતે કરવી?

જે વિશેષ જાતનો વારસો કોઈ ચોક્કસ બનાવ બને તો આપવા વિલમાં લખ્યું હોય, તો તે વારસાની ચોખ્ખી ઉપજ (એટલે વસિયત કરનારના મરણ અને તે વારસો લેનારનો વારસાપર પૂરેપૂરો હક પહોંચે તે દરમિયાનની ઉપજ) તે વારસો લેનારને નહીં જતાં, વસિયત કરનારની બાકી રહેલી મિલ્કત ગણાશે. (કલમ ૩૦૫.)

દાખલા તરીકે, **અ** પોતાની સઘળી ચાર ટકાની સરકારી નોટો **ક** જ્યારે અઢાર વર્ષની ઉમરનો થાય ત્યારે તેને આપવા ફરમાવે છે; તેથી **ક** જ્યારે અઢાર વર્ષનો થાય ત્યારે તે નોટો લેવાનો તે હકદાર છે. પણ **અ**ના મરણ પછી અને **ક** અઢાર વર્ષની ઉમરનો થાય તે વચ્ચેની મુદ્દતમાં તે નોટોનું જે વ્યાજ ઉપજે તે વ્યાજ **અ**નું શેષધન ગણાશે; કને તે મળશે નહીં.

જે માણસને સામાન્ય શેષધનનો વારસો આપવાનો હોય, તે માણસને વસિયત કરનારના મરણની તારીખથી તે વારસાની ઉપજ લેવાનો હક છે. એવી જાતનો વારસો કોઈ ચોક્કસ બનાવ બને તો આપવો, એમ વિલમાં ફરમાવ્યું હોય, તો તે વારસામાં આપેલી પુંજીની વસિયત કરનારના મરણ અને તે વારસો લેનાર તે વારસો લેવાને પૂરેપૂરો હકદાર થાય તે દરમિયાનની જે ઉપજ આવે તે વારસાની ઉપજ તરીકે ન ગણાતાં, જાણે તે ઉપજની વ્યવસ્થા મરનારે કરીજ ન હોય તે પ્રમાણે જશે. (કલમ ૩૧૦.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, **ક** અઢાર વર્ષની ઉમરે પહોંચે ત્યારે મારૂં શેષધન તેને આપવું. **ક** તેટલી ઉમરનો થાય ત્યારે તેને તે શેષધન લેવાનો અધિકાર છે. પણ **અ**ના મરણની

તારીખથી જે ઉપજ આવે તેની વ્યવસ્થા કરી ન હોય તે પ્રમાણે તે જશે. (કલમ ૩૧૦ ઉપર દાખલો.)

જે હિસ્સો રહિત થાય (એટલે જેની ઉપરનો હક ડુબી જાય) તે જો વિલમાં આપવા લખેલા સામાન્ય શેષધન મધેનો ભાગ હશે, તો તેની વ્યવસ્થા થઇજ ન હોય તે પ્રમાણે તે હિસ્સો જશે. (કલમ ૯૫.)

અ પોતાના વિલમાં લખે છે કે, **ક**, **ખ** અને **ગ**, એ ત્રણે જણાએ મારી બાકી રહેલી મિલ્કત સરખે ભાગે વહેંચી લેવી. **ક** વસિયત કરનાર **અ**ની પહેલાં ગુજરી ગયો. બાકી રહેલી મિલ્કતનો ⅓ ભાગ, જે **ક**ને મળત, તે ⅓ ભાગની જાણે વ્યવસ્થા થઇ ન હોય તે પ્રમાણે તે જશે. (કલમ ૯૫ ઉપર દાખલો.)

વારસો રહિત થવા (તે ઉપરનો હક ડુબી જવા) બાબત.

(૧) વસિયત કરનારના મરણ વખતે વારસો લેનાર હયાત હોવો જોઇએ.

જે માણસને વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તે વસિયત કરનારની હયાતીમાં ગુજરી જાય, અને તેમ થાય તો તે વારસો બીજા કોઇને આપવાનો ઇરાદો તે વિલ ઉપરથી માલૂમ ન પડે, તો તે વારસો રહિત થશે; એટલે તેની ઉપરનો તે વારસો લેનારનો હક ડુબી જશે, અને વસિયત કરનારના શેષધન તરીકે તે વારસો ગણાશે.

વારસો લેનારના વારસ વકીલ વારસો લેવા હકદાર છે એમ કહે, તો તેમણે સાબિત કરવું જોઇએ કે વસિયત કરનારના મરણ વખતે તે વારસો લેનાર હયાત હતો. (કલમ ૯૨.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, "**ક** પાસે મારા ૫૦૦ રૂપિયા લ્હેણા છે" તે મેં **ક**ને આપ્યા છે. **ક** **અ**ની પહેલાં ગુજરી ગયો, તેથી તેને આપેલો વારસો રહિત થશે.

અ પોતાના વિલમાં **ક**ને કાંઇ વારસો આપવાનું લખે છે; અને જો **ક** **અ**ની હયાતીમાં ગુજરી જાય તો તે વારસો **ખ**ને આપવાનો છે. **ક** **અ**ની હયાતીમાં ગુજરી ગયો, તેથી **ખ**ને તે વારસો મળશે.

અ પોતાના વિલમાં કને કાંઇ વારસો આપવાનું લખે છે. અ અને ક બન્ને વહાણ ભાગવાથી ડુબી મુવા; તેઓમાંથી કોણ પહેલો મરણ પામ્યો તેનો પૂરાવો ન હોવાથી, કનો વારસો રહિત થશે.

(કલમ ૯૨ ઉપર દાખલા.)

(૨) વારસો લેનાર વસિયત કરનારની હયાતીમાં ગુજરી જાય, તો કયા પ્રસંગોમાં વારસો રહિત થતો નથી.

૧. પોતાનાં છોકરાં, યા સીધા વારસને કાંઇ વારસો આપવા વસિયત કરનારે ફરમાવ્યું હોય, તે છોકરૂં યા સીધો વારસ વસિયત કરનારની હયાતીમાં ગુજરી ગયો હોય, પણ તેનો કોઇ સીધો વારસ વસિયત કરનારના મરણની તારીખે હયાત હોય, તો તે વારસો રહિત થશે નહીં; અને વિલ ઉપરથી જૂદો ઇરાદો દેખાય નહીં, તો વસિયત કરનાર ગુજરી ગયા બાદ તે છોકરૂં યા સીધો વારસ તુરતજ ગુજરી ગયો હોય તે પ્રમાણે તે વારસો અમલમાં આવશે. (કલમ ૯૬.)

૨. બીજા માણસના હીત માટે કોઇએકને વારસો આપવા વિલમાં લખ્યું હોય, અને જેને નામે વારસો લખ્યો હોય તે વસિયત કરનારની હયાતીમાં ગુજરી જાય, તો તે વારસો રહિત થશે નહીં. (કલમ ૯૭.)

જેમકે એક માણસને ટ્રસ્ટી તરીકે બીજા માણસ સારૂ કાંઇ વારસો આપ્યો હોય, અને વસિયત કરનારની હયાતીમાં તે ટ્રસ્ટી મરણ પામે, તો તેથી તે વારસો રહિત થતો નથી. ટુંકામાં કના હીત માટે અને કાંઇ વારસો આપ્યો હોય, અને અ વસિયત કરનારની પહેલાં ગુજરી જાય, તો કને માટે આપેલો વારસો રહિત થશે નહીં.

૩. બે માણસોને કાંઇ વારસો આપવા વિલમાં ફરમાવ્યું હોય, તેમાંનો એક માણસ વસિયત કરનારની હયાતીમાં ગુજરી જાય, તો તે વારસો રહિત થશે નહીં, પણ તે સઘળો વારસો પેલા બીજા હયાત માણસને મળશે. (કલમ ૯૩.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ક અને ખને મેં વારસો આપ્યો છે; જો ખ અની હયાતીમાં ગુજરી જાય તો કને તે વારસો મળશે. (કલમ ૯૩ ઉપર દાખલો.)

ઘણાંક માણસોને વારસો આપ્યો હોય, અને તે દરેકને તે વારસાનો જૂદો જૂદો હિસ્સો આપવાનો વસિયત કરનારનો ઇરાદો હતો એમ

વિલમાં વાપરેલા શબ્દો ઉપરથી જણાય, અને તે માણસોમાંથી કોઇ માણસ વસિયત કરનારની હયાતીમાં ગુજરી જાય, તો તેને જેટલો હિસ્સો આપવાનો વસિયત કરનારનો ઇરાદો હતો તેટલો હિસ્સો વસિયત કરનારના શેષધનમાં જશે. (કલમ ૯૪.)

અ પોતાના વિલમાં ક, ખ અને ગને ૩૦૦૦ રૂપિયા આપવા લખે છે; અને ફરમાવે છે કે તે રૂપિયા સરખે ભાગે તેઓને વહેંચી આપવા. જો ક અની હયાતીમાં ગુજરી જાય, તો તેના ભાગના ૧૦૦૦ રૂપિયા અના શેષધનમાં જશે, અને ખ અને ગ દરેકને એક એક હજાર રૂપિયા પોતાના ભાગના મળશે. (કલમ ૯૪ ઉપર દાખલો.)

માણસોના વર્ગનું વર્ણન કરી તેઓને કાંઇ વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તો વસિયત કરનારના મરણની વખતે તેમાંના જેટલા માણસ હયાત હોય તેઓનેજ તે વારસો મળશે.

પરંતુ અમુક માણસના અમુક પાયરીના સગાનું વર્ણન કરી માણસોના એક વર્ગને વારસો આપવાનું વિલમાં લખ્યું હોય, અને તે વારસો પહેલાં કોઇને આપ્યાના, યા બીજા કાંઈ સબબથી વસિયત કરનારના મરણ બાદ કેટલીક મુદ્દત પછી તે વારસાનો કબજો ભોગવટો મળે એમ હોય, તો જે વખતે કબજો ભોગવટો મળે તે વખતે તે માણસોમાંથી જે માણસો હયાત હશે તેઓને, અને વસિયત કરનારના મરણ બાદ તેઓમાંથી જે માણસો ગુજરી ગયાં હશે તેઓના વારસ વકીલને તે માલ મિલકત મળશે. (કલમ ૯૮.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કનાં છોકરાંને મેં ૧૦૦૦ રૂપિયા આપ્યા છે; પણ તે રૂપિયા ક્યારે વહેંચી આપવા તે વિષે કાંઇ કહેલું નથી. વિલની તારીખ પહેલાં ક ગુજરી ગયો હતો, પણ તેનાં ત્રણ છોકરાં ખ, ગ અને ડ હયાત હતાં. વિલની તારીખ પછી, પણ અની હયાતીમાં ડ ગુજરી ગયો; અને ખ અને ગ અના મરણ વખતે હયાત હતાં. ડના વારસ વકીલ સિવાય ખ તથા ગ એ બન્નેને તે વારસો મળશે.

અ પોતાના વિલમાં લખે છે કે, કનાં છોકરાંને ૪૦૦૦ રૂપિયા મેં આપ્યા છે. અના મરણ વખતે કને છોકરાં નહતાં, તેથી તે વારસો રદ્દ બાતલ છે. (કલમ ૯૮ ઉપર દાખલો.)

૨૬ બાતલ વારસા બાબત.

જે વારસો કાયદેસર રીતે અમલમાં લાવી શકાતો ન હોય, તેવો વારસો આપવાનું વસિયત કરનારે પોતાના વિલમાં ફરમાવ્યું હોય, તો તે રદ્દ બાતલ ("નલ" એન્ડ "વૉઇડ") જાણવો.

જો વારસો મોઘમ હોય, એટલે તે સંબંધે વસિયત કરનારનો નક્કી ઇરાદો માલૂમ પડતો ન હોય, તો તે મોઘમ હોવાના સબબથી રદ્દ બાતલ સમજવો. (કલમ ૭૬.)

(૧) મુલતવી રાખેલો વારસો રદ્દ બાતલ ગણાશે.

૧. કોઇ માણસનું વિશેષ વર્ણન કરી વિલમાં તેને વારસો આપવાનું લખ્યું હોય, પણ વસિયત કરનારના મરણ વખતે તે વર્ણન લાગુ થાય તેવું કોઇ માણસ હયાત ન હોય, તો તે વારસો રદ્દ બાતલ જાણવો.

પરંતુ કોઇ ચોકસ માણસના ચોકસ પાયરીના કોઇએક સગાનું વર્ણન કરી કોઇને કાંઇ વારસો આપવા ફરમાવેલું હોય, અને તે વારસો પહેલાં કોઇને આપ્યાના, યા બીજા કાંઇ સબબથી વસિયત કરનારના મરણ બાદ કેટલીક મુદ્દત પછી તે વારસો વારસો લેનારના કબજા ભોગવટામાં આવે એમ હોય, અને એવું કોઇ સગું વસિયત કરનારના મરણ વખતે હયાત હોય, અથવા તેના મરણ બાદ, અને વારસો કબજા ભોગવટામાં આવવાના વખત પહેલાં તે જન્મ્યો હોય, તો કબજો ભોગવટો થયાની તારીખે તે માણસને, અથવા તે ગુજરી ગયો હોય તો તેના વારસ વકીલને તે માલ મિલ્કત મળશે.

(કલમ ૯૯.)

એટલે કોઇ ચોકસ માણસને કાંઇ વારસો વસિયત કરનારના મરણ પછી તુરતજ નહીં, પણ અમુક વખત પછી આપવાનું વિલમાં લખેલું હોય, તો કોઇપણ વખત એવો માણસ હયાત ન હોય, તો તે વારસો રદ્દ છેજ; પણ જો વસિયત કરનારના મરણ વખતે, યા અમુક ઠરાવેલા વખતની અંદર તે વારસો લેનાર હયાતીમાં હોય, તો તે વારસો તેને મળશે.

અ પોતાના વિલમાં **ક**ના વડા દીકરાને ૧૦૦૦ રૂપિયાનો વારસો આપવા લખે છે. **અ**ના મરણ વખતે **ક**ને દીકરો ન હોવાથી તે વારસો રદ્દ બાતલ છે.

હવે **અ** તે વારસો **ક**ને, અને **ક**ના મરણ બાદ **ખ**ના વડા દીકરાને આપવા લખે છે. જો **અ**ના મરણ વખતે **ખ**ને દીકરો ન હોય, પણ **ક**ની હયાતીમાં **ખ**ને દીકરો થાય, તો **ક**ના મરણ બાદ **ખ**ના વડા દીકરાને તે વારસો મળશે; અને જો **ખ**નો દીકરો **ક**ની હયાતીમાં મરણ પામે, તો **ખ**ના દીકરાના વારસ વકીલને તે વારસો મળશે. જો **ક**ની હયાતી સુધીમાં **ખ**ને દીકરો ન થાય તો તે વારસો રદ્દ બાતલ થશે.

(કલમ ૯૯ ઉપર દાખલા.)

૨. વસિયત કરનારના મરણ વખતે જે માણસનો જન્મ થયો ન હોય તે માણસને વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, અને તે વારસો પ્રથમ બીજા કોઇને આપવાનું વિલમાં લખેલું હોય, તો જે મિલ્કત વારસામાં આપી હોય તેમાં વસિયત કરનારનો જેટલો હક સંબંધ હોય તે સઘળો હક સંબંધ તે વારસો લેનાર બીજા માણસને આપ્યો ન હોય, તો તે બીજો વારસો રદ્દ બાતલ સમજવો. (કલમ ૧૦૦.)

એટલે કે વસિયત કરનારના મરણ સમયે જેનો જન્મ થયો ન હોય, તેવા માણસને જે મિલ્કત વારસામાં આપી હોય, તે મિલ્કતમાં વસિયત કરનારનો હક સંબંધ રહેલો હોય તે સઘળો આપ્યો હોય, તોજ તે વારસો બહાલ રહેશે અને અમલમાં આવશે.

અ પોતાના વિલમાં એમ લખે છે કે, **ક**ની હયાતી સુધી તેને અમુક મિલ્કત મેં આપી છે; **ક**ની હયાતી બાદ તેના વડા દીકરાને તેની હયાતી સુધી તે મિલ્કત આપી છે; અને તે ગુજરી ગયા પછી તેના વડા દીકરાને તે મિલ્કત આપવી. **અ** ગુજરી ગયો ત્યારે **ક**ને દીકરો નહતો. **ક**ના વડા દીકરાને વારસો આપ્યો છે તે વસિયત કરનારના મરણ વખતે જેનો જન્મ થયો નહતો તેવા એક માણસને વારસો આપ્યો છે. વળી તે વારસાની મિલ્કતમાં **અ**નો જેટલો હક સંબંધ છે તેટલો સઘળો આપેલો નથી; માટે **ક**ના વડા દીકરાને તેની હયાતી સુધી જે વારસો આપ્યો છે તે રદ્દ બાતલ છે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કની હયાતી સુધી ૧૦૦૦ રૂપિયા મેં તેને આપ્યા છે, અને તેના મરણ બાદ તે રૂપિયા તેની દીકરીઓને આપવા. અ ગુજરી ગયો ત્યારે ક હયાત હતો. કની દીકરીઓમાંથી કેટલીક દીકરીનો જન્મ અ ગુજરી ગયો ત્યારે થયો નહતો. કની દીકરીઓને જે મિલ્કતનો વારસો આપ્યો છે, તે મિલ્કતમાં અનો જેટલો હક સંબંધ રહ્યો હતો તેટલો સઘળો તેઓને અપાયેલો છે. વાસ્તે કની દીકરીઓને જે વારસો આપ્યો છે તે રદ્દ થતો નથી.

અ પોતાના વિલમાં એમ લખે છે કે, કની હયાતી સુધી ૧૦૦૦ રૂપિયા મેં તેને આપ્યા છે; તેના મરણ પછી તે રૂપિયા તેની દીકરીઓને એવી રીતે વહેંચી આપવા કે દરેક દીકરીનો ભાગ તેની હયાતી સુધી તેની પાસે રહે, અને તે ગુજરી જાય ત્યારે તેનો ભાગ તેનાં છોકરાંને મળે. અના મરણ વખતે કને કોઇ હયાત દીકરી નહોતી. આ દીકરીઓને વારસો આપ્યો છે એમ કહીએ, તો તે વારસો ફક્ત અમુક રૂપિયાનો બંદોબસ્ત કરવાનું જે વિલમાં લખાણ છે તે બાબતજ છે; તે લખાણથી જે માણસનો હજુ જન્મ થયો નથી તેઓને તેમની હયાતી સુધીજ તે રૂપિયાનો વારસો અપાયો છે; એટલે જે મિલ્કતનો વારસો આપ્યો છે તે મિલ્કતમાં અ (વસિયત કરનાર) નો હક સંબંધ હોય તે કરતાં ઓછો હક સંબંધ આપ્યો છે. તેટલા કારણસર કની દીકરી માટે રૂપિયાનો બંદોબસ્ત કરી આપવા લખેલું છે તે રદ્દ બાતલ છે.

(કલમ ૧૦૦ ઉપર દાખલા.)

ક. વારસો ઘણામાં ઘણો ક્યાં સુધી મુલતવી રખાય, અથવા તે મળવામાં કાયદેસર ઢીલ કેટલી રખાય તે બાબત ઉપર ૧૦૧ મી કલમ છે. એ કલમ મુજબ અનંત કાળ સુધી વારસાના કબજા ભોગવટાનો હક આપવામાં ઢીલ રાખી શકાય નહીં. વંશ પરંપરાની (જાથુપણાની) વિરૂદ્ધના નિયમ ઉપરની આ કલમ છે. તેમાં ઠરાવવામાં આવ્યું છે કે વસિયત કરનારનાં મરણ વખતે એક યા અનેક માણસો હયાત હોય તેઓની હયાતી સુધી, અને તે મુદ્દત પૂરી થતી (તેમના મરણ) વખતે કોઇ ન્હાની ઉમરનો માણસ હયાત હોય, તે પુખ્ત ઉમરનો થાય ત્યાં સુધી, વારસો આપવામાં ઢીલ કરી શકાય; તેથી વધારે વખત સુધી વારસો મળવામાં વિલંબ લાગે, તો તે વારસો રદ્દ બાતલ થશે.

વિલ કરી ઘણાં માણસોને એક પછી એક વારસો આપવાના સંબંધમાં વસિયત કરનારના અધિકાર ઉપર ૧૦૧ મી કલમ સખત અટકાયત મૂકે છે. તે કલમમાં ઠરાવ્યું છે કે, વસિયત કરનારના મરણ વખતે એક યા વધારે માણસોની હયાતી ઉપરાંત, અને એવાં માણસ પૈકી છેલ્લા માણસના મરણ વખતે જન્મેલ (હયાત) એક ન્હાની વયનો માણસ પુખ્ત ઉમરનો થાય તે ઉપરાંત, જે વારસો મુલતવી રાખ્યો હોય તે વારસો રદ બાતલ ગણાશે.

એટલે કોઇ માણસની હયાતી ઊપરાંત પોતાની હયાતીમાં જન્મેલ કોઇ ન્હાની ઉમરનો માણસ અઢાર વર્ષની પૂરેપૂરી ઉમરનો થાય ત્યાં સુધી વારસો આપવાની ઢીલ ફરમાવવામાં આવી હોય, તો તે વારસો કાયદેસર ગણાશે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, **ક**ની હયાતી સુધી ૧૦૦૦ રૂપિયા મેં તેને આપ્યા છે; તેના ગુજરવા પછી **ખ**ની હયાતી સુધી તેને આપ્યા છે; અને **ખ**ના મરણ બાદ **ખ**ના દીકરાઓમાંથી જે પહેલો પચ્ચિસ વર્ષનો થાય તેને તે આપવા. **અ**ના મરણ વખતે **ક** અને **ખ** બન્ને હયાત હતા. હવે **ખ**નો જે દીકરો પહેલો પચ્ચિસ વર્ષનો થાય તેનો જન્મ કદાચિત **અ** ગુજરી ગયા બાદ થાય; અને **ક** તથા **ખ** એ બેમાંથી જે વધારે વર્ષ જીવે (એટલે જે પાછળથી ગુજરી જાય) તેના મરણ બાદ અઢાર વર્ષ કરતાં વધારે વર્ષ થઇ ગયા પછી તે દીકરો કદાચિત પચ્ચિસ વર્ષનો થાય, તો **ક**નું અને **ખ**નું આયુષ્ય પૂરું થયા પછી, અને **ખ**ના દીકરાની અઢાર વર્ષની ઉમર ઉપરાંત, તે વારસો મળવાની વાત લાંબી ગઇ; માટે **ખ**ના મરણ પછી વારસો આપવો એમ લખ્યું છે તે રદ બાતલ છે.

અએ ઉપર પ્રમાણેજ વારસો આપવાનું લખ્યું છે. પણ **અ**ની હયાતીમાં **ખ** એક અથવા વધારે દીકરા મૂકી ગુજરી જાય, તો **ખ**ના દીકરા **અ**ના મરણ વખતે હયાત હોય, અને તેમાંથી કોઇ દીકરો **અ** ગુજરી ગયા પહેલાંજ પચ્ચિસ વર્ષની ઉમરનો થાય, તેથી તે વારસો રદ બાતલ નથી.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, **ક**ની હયાતી સુધી મેં તેને ૧૦૦૦ રૂપિયા આપ્યા છે, તે ગુજરી ગયા પછી **ખ**ની હયાતી સુધી તે રૂપિયા તેને આપવા; અને **ખ**ના મરણ બાદ **ખ**નાં છોકરાંમાંથી

જે છોકરાં અઢાર વર્ષની ઉમરનાં થાય તેઓને તે રૂપિયા વહેંચી આપવા; પણ ખનું કોઇ છોકરૂં અઢાર વર્ષનું ન થાય તો તે રૂપિયા ગને આપવા. હવે વસિયત કરનાર અના મરણ વખતે ખ હયાત હતો, તે ખના મરણથી મોડામાં મોડા અઢાર વર્ષે સદરહૂ વારસાની વહેંચણી કરવાનો વખત આવવોજ જોઇએ; તેથી એ સઘળા વારસા કાયદેસર અને ખરા છે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, મારી દીકરીઓ સારૂ ચોકસ ટ્રસ્ટીને ૨૦,૦૦૦ રૂપિયા આપ્યા છે. મારી દીકરીઓમાંથી કોઈ ન્હાની વયમાં પરણે, તો તે રૂપિયામાંથી તેના ભાગનો એવો બંદોબસ્ત કરવો કે તે દીકરી ગુજરી ગયા પછી તેના જે છોકરાં અઢાર વર્ષની ઉમરનાં થાય તેઓને તે ભાગ મળે. અની જે કોઇ દીકરીને આ બંદોબસ્ત લાગુ પડે તે અના મરણ વખતે હયાત હોવી જોઇએ; અને તે રૂપિયામાંથી જે ભાગનો, બંદોબસ્ત પ્રમાણે, જ્યારે અમલ કરવામાં આવે, ત્યારે જે ભાગ તે દીકરીનો હોય, તે ભાગ તે દીકરીના મરણ પછી મોડામાં મોડા અઢાર વર્ષ દરમિયાન મળવો જોઇએ. તેથી વિલમાં લખેલી આ સઘળી કલમો કાયદેસર અને ખરી છે.

(કલમ ૧૦૧ ઉપર દાખલા.)

સુરતનજી બનાજી વિ. મીઠીબાઇ, ઈં. લૉ. રી. ૨૨ મુંબઈ, પાનું ૩૫૫.

આ મુકદ્દમામાં મરહૂમ શેઠ ફરામજી કાવશજી બનાજીના વારસોએ સને ૧૮૫૧ ના મે મહિનાની ૨૪ મી તારીખે એવો કરાર કર્યો હતો કે, સાલસિટ ટાપુમાં આવેલી "પોવાઇ" નામની મજકૂર મરનારની જાગીરની ઉપજમાંથી મરનારનું દેવું આપ્યા બાદ, બાકીની ઉપજ મરનારના વારસો તરીકે તેઓએ અંદર અંદર અમુક હિસ્સા પ્રમાણે વહેંચી લેવી; અને "તેઓના મરણ બાદ તેઓના ફરજંદો અને વારસો હમેશાં વંશપરંપરા તે ભાગ લે અને ભોગવે." પ્રથમના એક દાવામાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, કરારનામામાં સહી કરનાર શખસોને તે કરારનામા મુજબ પોતાના હિસ્સામાં માત્ર જીંદગી પર્યન્તનો હક હતો. ત્યાર બાદ, ડિવિઝન કોર્ટે એમ ઠરાવ્યું કે (સહી કરનારના) "વારસો અને ફરજંદોને હમેશને માટે વંશપરંપરાની" તેવી પછીની બક્ષિશ ગેરકાયદે હતી; કારણ કે જાથુપણાની વિરૂદ્ધના નિયમનો તેથી ભંગ થતો હતો. અપીલમાં એમ ઠરાવવામાં આવ્યું કે, દરેક સહી

કરનારના વારસો અને ફરજંદના લાભમાં કરવામાં આવેલું તે સેટલ્મેન્ટ કાયદાની દ્રષ્ટીએ કાયદેસર સેટલ્મેન્ટ હતું; અને જથુપણું ઉત્પન્ન કરનાર તરીકે તે ગેરકાયદે નહતું. તેઓને ઓછું આપવાનો ઇરાદો હતો એમ દર્શાવનારા શબ્દો તે લખાણના સંબંધમાં જો ન હોય, તો સહી કરનાર શખસોના વારસો અને ફરજંદોએ તે મિલ્કત ફૂલ માલિકી હકથી લીધેલી હતી.

૪. જે વર્ગના માણસોમાંથી કેટલાંકને કલમ ૧૦૦ અને ૧૦૧, યા એ બેમાંની એક કલમ લાગુ થતી હોય, અને તે પ્રમાણે વારસો રદ્દ બાતલ થતો હોય, તો તેવા વર્ગને વારસો આપવાનું વિલમાં લખ્યું હોય તે પણ રદ્દ બાતલ છે. (કલમ ૧૦૨.)

વસિયત કરનારનો હેતુ આખા એક વર્ગને વારસો આપવાનો છે. તે વર્ગમાંના કોઇ માણસોને વારસો મળવામાં ૧૦૦ અને ૧૦૧ કલમોનો, કે એ બેમાંની એક કલમનો બાધ આવે, તો તે વર્ગના સઘળા માણસોને તે વારસો આપવાનો વસિયત કરનારનો હેતુ પાર પડે નહીં; તેથી તે વારસો આખા વર્ગને સંબંધે રદ્દ બાતલ ગણાય.

૫. તેમ વળી ૧૦૦, ૧૦૧ અને ૧૦૨ કલમોના હરકોઇ નિયમ પ્રમાણે વિલમાં આપવા લખેલો અમુક વારસો રદ્દ બાતલ થયા પછી, જે બીજો વારસો અમલમાં આવવાનો હોય તે પણ રદ્દ બાતલ જાણવો. (કલમ ૧૦૩.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કની હયાતી સુધી મેં તેને ૧૦૦૦ રૂપિયા આપ્યા છે; તે ગુજરી ગયા બાદ તેના દીકરામાંથી જે પહેલો પચ્ચિસ વર્ષની ઉમરે પહોંચે તેને તે રૂપિયા આપવા; અને કનો કોઇ દીકરો પચ્ચિસ વર્ષની ઉમરનો ન થાય, તો તે રૂપિયા ખને આપવા. કના દીકરામાંથી જે દીકરો પહેલો પચ્ચિસ વર્ષની ઉમરનો થાય તેને આપેલો વારસો રદ્દ બાતલ થયા પછી ખને આપેલો વારસો અમલમાં લાવવાનો અનો ઇરાદો છે; પણ કના દીકરાને આપેલો વારસો ૧૦૧ મી કલમ મુજબ રદ્દ બાતલ છે; માટે ખને આપેલો વારસો પણ રદ્દ બાતલ છે. (કલમ ૧૦૩ ઉપર દાખલો.)

(૨) વિલમાં ઉપજ એકઠી કરવા ફરમાવ્યું હોય, તો તેની શું અસર થાય?

કોઇ માલ મિલ્કતની ઉપજ એકઠી કરવાનું વિલમાં ફરમાવેલું હોય, તો તે ફરમાન રદ્દ બાતલ સમજવું; અને જાણે ઉપજ એકઠી કરવા ફરમાવ્યુંજ ન હોય તેમ તે માલ મિલ્કતની વ્યવસ્થા કરવી.

પણ જો (૧) સ્થાવર મિલ્કત હોય, અથવા (૨) વસિયત કરનારના મરણની તારીખથી ઉપજ એકઠી કરવાને ફરમાવેલું હોય, તો તે તારીખથી ફક્ત એક વર્ષ સુધીની તે માલ મિલ્કતની ઉપજ એકઠી કરવી; અને તે વર્ષની આખરે ઉપજ એકઠી કરવાની મુદ્દત પૂરી થઇ હોય તેમ સમજી, તે મિલ્કતની તથા તે ઉપજની વ્યવસ્થા કરવી.

(કલમ ૧૦૪.)

ટુંકમાં જો સ્થાવર મિલ્કત હોય, અથવા જો વસિયત કરનારના મરણ પછી ઉપજ એકઠી કરવા વિલમાં લખેલું હોય, તો એ બે પ્રસંગોમાંજ, ઉપલી કલમ પ્રમાણે વસિયત કરનારના મરણની તારીખથી એક વર્ષ સુધીની ઉપજ એકઠી કરી શકાશે.

જાણવાનું અગત્યનું છે કે, જો કોઇ સગીરને, તે અઢાર વર્ષની ઉમરનો થાય ત્યારે, વારસો આપવાનું વિલમાં ફરમાવેલું હોય, અને તેટલી મુદ્દત સુધીની ઉપજ એકઠી કરવી એમ વિલમાં લખેલું હોય, તો તે સગીર પુખ્ત ઉમરનો થાય ત્યાં સુધી ઉપજ એકઠી કરાશે. વિલમાં ઉપજ એકઠી કરવા લખેલું છે તે કારણસર તે એકઠી કરવામાં આવે છે એમ સમજવું નહીં; વારસો લેનાર સગીર છે તે સબબથી ઉપજ એકઠી કરાશે.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, **ક**ને ૫૦૦૦ રૂપિયા મેં આપ્યા છે; તે અઢાર વર્ષની ઉમરનો થાય ત્યારે તેને તે રકમ આપવી, અને તેટલી મુદ્દત સુધીનું તે રૂપિયાનું વ્યાજ એકઠું થવા દેવું. **અ**ના મરણની તારીખથી તે વારસામાં **ક**નો પૂરેપૂરો હક સંબંધ લાગુ થશે, અને તેના ગુજરાનનો તથા વિદ્યાભ્યાસનો ખર્ચ જતાં તે રૂપિયાના વ્યાજમાંથી જે રહે તે એકઠું થશે. એ કાંઇ **અ**એ વિલમાં વ્યાજ એકઠું કરવાનું લખ્યું છે તેથી વ્યાજ એકઠું થતું નથી, પણ **ક** ન્હાની ઉમરનો છે તેથી તે એકઠું થાય છે. (કલમ ૧૦૪ ઉપર દાખલો.)

(૩) ધર્માદામાં યા સખાવતમાં વારસો આપ્યો હોય, તો તે વારસો કાયદેસર ક્યારે ગણાય?

મોતને બીછાને પહેલા માણસો પોતાની માલ મિલ્કતનો ખોટો ઉપયોગ ન કરે, તથા તેઓના સગાં વાહલાંને પોતાની માલ મિલ્કતના વારસામાંથી રદ્દ બાતલ કરી ન દે, તે બાબતની ખાસ સંભાળ લેવાના હેતુથી અંગ્રેજી ધારાના એ સંબંધીના નિયમો ધ્યાનમાં રાખી હિંદુસ્તાનના વારસા હિસ્સાના આકટમાં ૧૦૫મી કલમ દાખલ કરવામાં આવી છે.

આ કલમ ધર્માદાના કામ સારૂ, અથવા સખાવતના ઉપયોગ માટે વિલમાં વારસો આપવાની મનાઇ કરે છે. તેમાં ઠરાવવામાં આવ્યું છે કે, જે કોઇ માણસને ભત્રીજો કે ભત્રીજી, ભાણેજ કે ભાણેજી, યા વધારે નજીકનું કોઇ સગું હોય, તેવા માણસને, પોતાની માલ મિલ્કત ધર્માદામાં, અથવા સખાવતના કામમાં પોતાના વિલથી લખી આપવા અધિકાર નથી.

પરંતુ જે વિલમાં એવા પ્રકારનો વારસો આપવાનું ફરમાવ્યું હોય તે ઉપર વસિયત કરનારે પોતાના મરણના ઓછામાં ઓછા બાર મહિના પહેલાં સહી શાખ કરી હોય, અને તે સહી શાખ થયાની તારીખથી છ મહિનાની અંદર હયાત માણસનું વિલ સહી સલામત રાખવા સારૂ કાયદા પ્રમાણે ઠરાવેલી જગાએ તે વિલ અનામત મૂકયું હોય, તો તેવો ધર્માદા અને સખાવતમાં આપવા ફરમાવેલો વારસો રદ્દ બાતલ ગણાશે નહીં.

ઉપરની કલમમાં "વધારે નજીકનું સગું" એ શબ્દોમાં બાપ, મા, દીકરો, દીકરી, ભાઇ, બેન, વગેરે સગાંનો સમાવેશ થાય છે.

પારસી લોકોના વારસા-હિસ્સા બાબતના બિલ ઉપર વિચાર કરવા માટે કલકત્તા મુકામે ૭ મી એપ્રિલ સને ૧૮૬૫ ને રોજ કાઉન્સિલ ભેગી મળી હતી, તે વેળાએ ઑનરૅબલ મી૦ એન્ડરસને જે દરખાસ્ત કરી હતી, તે ઉપરથી એવું માલૂમ પડે છે કે, પારસી લૉ એસોસિએશનના પ્રમુખે તે ઑનરૅબલ મેમ્બરને એવું દસાવ્યું હતું કે, પારસીઓ લેશ માત્ર પોતાના ધર્મ ગુરૂના કહેવા ઉપરથી દોરવાઇ જાય એવા નથી, અને તેથી હિંદુસ્તાનના વારસા-હિસ્સા બાબતના આકટની ૧૦૫ મી કલમ તેઓને લાગુ પડે એવી નથી; અને તેટલા માટે પારસીઓને એ કલમના બંધનમાંથી મુક્ત કરવાની સૂચના કરવામાં આવી હતી. પરંતુ ઑનરૅબલ મી૦ એન્ડરસને એવી છૂટ મૂકવાનું યોગ્ય વિચાર્યું નહોતું.

તેઓ સાહેબે જણાવ્યું હતું કે, "સ્ટેટ્યૂટ ઓફ મોર્ટમેન" નામના અંગ્રેજી ધારાનો નિયમ આ કલમથી હિંદુસ્તાનમાં દાખલ કરવામાં આવ્યો છે. તેના વાજબીપણા માટે કદાચ મતભેદ હોય, તોપણ આટલું તો સામાન્ય રીતે કબૂલ કરવું જોઇએ કે, આવો એક ધારો સકસેશન આકટના અમલ તળે આવતી કોમના કોઇપણ ભાગને લાગુ પાડવામાં આવે, તો જે સઘળા તે આકટના અમલ હેઠળ હોય તે સૌને પણ લાગુ પાડવો જોઇએ. હું સારી પેઠે સમજાુંછું કે, પારસીઓ પોતાના ધર્મગુરૂના દબાણ તળે નથી. "મોર્ટમેન" ના દરેક ધારામાં અમુક સિદ્ધાંત સમાયેલો છે, અને એ સિદ્ધાંત ધર્મગુરૂના દબાણ કરતાં પણ વધારે ઉંડી લાગણી સાથે સંબંધ ધરાવે છે, તે ધ્યાનમાં રાખવો જોઇએ. તે સિદ્ધાંત એ છે કે, સઘળી જાત અને પંથના ઘણા માણસો જ્યારે મોતના બીછાના પર હોય છે, ત્યારે પોતાના વારસના ખરા હકના ભોગે, સખાવત કરી ભેદ ભર્યા ભવિષ્ય સાથે ગોઠ્ઠ સમજુતી કરવાની ખાહેશ રાખે છે. એક માણસ વિલ કરી પોતાની માલ મિલ્કતની વહેંચણીને કેટલી હદ સુધી વાજબી રીતે અસર કરી શકે, એ ન્યાય મિશ્રિત નીતિના સવાલોમાંનો એક ઘણોજ બારીક અને અગત્યનો સવાલ છે. વસિયત કરનારની મન-શક્તિ તદન બરાબર હતી, તેમ તેનું મન આગળ અને પાછળનો વિચાર કરવાને તદન તંદુરસ્ત હતું, અને મોત નજીક આવ્યાની દહેશતથી તેના મનોબળ ઊપર જરા પણ અસર થઇ નહતી, એ હકીકત ઊપર દરેક આગલા જમાનાના બુદ્ધિશાળી માણસો એવા પ્રકારના વસિયતનામાના સંબંધમાં ખાસ અને પૂરી ખાતરી કરતા હતા, એમ સિદ્ધ થાય છે. આવી જાતના વિચારો ઉપર "મોર્ટમેન" ના કાયદા રચાયલા છે; તેટલા માટે અન્ય મનુષ્યોની માફક પારસીઓએ પણ એવા વિચારને આધીન થવું જોઇએ. આ ઊપરથી મારા મિત્રના સૂચવેલા ફેરફારને અંગીકાર કરવા સિલેકટ કમિટીને હું ભલામણ કરી શકયો નહોતો. વિશેષમાં મારે જણાવવું જોઇએ કે પારસી લોકો પોતાની હયાતીમાં પોતાની માલ મિલ્કતનો એવા સખી દીલથી અને બહોલે હાથે ઊપયોગ કરે છે કે, મોતની ધાસ્તિથી જાહેર સખાવતના ઊપયોગમાં પોતાની માલ મિલ્કત અને ધન દોલત ઊદાર રીતે વિલ કરી આપી દેવા સામે થોડી હદે તેઓના વારસોનો બચાવ કરવા કાયદાકારો બંધાયેલા છે.

(૪) બાજ રોજગાર માટેના ટ્રસ્ટ કાયદેસર ગણાય છે.

ધર્માદા ઉપયોગ સારૂ બક્ષિશ આપવા વસિયત કરનારે વિલમાં ફરમાવ્યું હોય, તેવી બક્ષિશ ખરી અને કાયદેસર ગણાવા માટે સાર્વજનીક ફાયદાના હેતુથી કરવી જોઇએ, જો ખાનગી શખસોના ફાયદાના હેતુથી કરી હોય, તો તે રદ્દ બાતલ થાય છે.

"બાજ રોજગાર" ની ક્રિયા, "નીરંગદીન", "યેઝસની," "વારસીક ધંબાર" અને "ડોસલાંની" ની ક્રિયા પારસીઓમાં સાર્વજનીક ફાયદા માટે ન કરતાં ખાનગી શખસોના હીત માટે કરવામાં આવે છે એવી માન્યતા ઉપર મુંબઇની હાઇ કોર્ટના જડજોએ એવા ધર્માદાના ટ્રસ્ટો અત્યાર સુધી રદ્દ બાતલ ઠરાવ્યાં હતાં; પણ થોડા વખત ઉપર મી૦ જસ્ટિસ દાવર સન્મુખ આવેલા જમશેદજી વિરૂદ્ધ સુનાબાઇ (ઇં. લૉ. રી. ૩૩ મુંબઇ, પાનું ૧૧૧) વાળા મુકદ્દમામાં વધારે સંપૂર્ણ અને વધારે ભરોસાદાર જુબાની પડવાથી, આ બાબતપરના આગલા ચૂકાદાઓ પ્રમાણે ન ચાલતાં, અને તેથી જૂદા નિર્ણય ઉપર આવવાની જરૂર જણાંતાં, તે નામદારે એમ ઠરાવ્યું છે કે:—

"વસિયતનામામાં કાંઈ માલ મિલ્કત કે નાણાં ટ્રસ્ટમાં આપી તેની ઉપજ યા વ્યાજમાંથી મુકતાદ, બાજ રોજગાર, યેઝસની, અને એવી બીજી ક્રિયા કરવા હમેશાં વાપરવા આપવાનું કોઇ વસિયત કરનાર લખી ગયો હોય, તો એવાં ધર્માદા ટ્રસ્ટો ખરાં અને કાયદેસર છે; અને હમેશાંની ચાલુ બક્ષિશ સામેની મનાઇના નિયમમાંથી આવાં ટ્રસ્ટો મુક્ત છે."

"ફરવરદીગાનના દીવસો ઉપર જે મુક્તાદની ક્રિયાઓ કરવામાં આવે છે, તેને મરનારના આત્મા સાથે કાંઇ પણ સંબંધ નથી; તેમજ તેના કુટુંબના ગુજરી ગયેલા માણસોના આત્માને કાંઇ ફાયદો થાય એવી જરા પણ વળણ આ ક્રિયાઓમાં નથી."

"મુકતાદની ક્રિયા કરવી, તે જરથોસ્તી ધર્મના નક્કી થયેલા કાનુનો પ્રમાણે જરથોસ્તીઓ ઉપર ધર્મની ફરજ તરીકે મૂકાયેલી છે. તે ક્રિયાઓ પોતે ધર્મની સ્તુતીના કામો છે. તેઓમાં પાક પરવરદેગારના વખાણ અને ભક્તિ (આરાધાના) સમાયલી છે; તેમજ તે પરમ કૃપાળુ કિરતારની સઘળી રહેમીયતનો ઉપકાર માનવા માટે આ ક્રિયાઓ કરવામાં આવે છે. દરેક

જરથોસ્તીનાં, અને બીજી સઘળી કોમના પવિત્ર અને સદગુણી માણસોનાં, ધાર્મિક તેમજ સંસારિક એ બન્ને ફાયદા સારૂ, રાજ્ય કરતાનું રાજ્ય લાંબો વખત સુધી ચાલુ રહેવા, તેનું ભલું થવા, અને તેની સારી રાજ્ય નીતિ થવા, તેમજ તેના દુશ્મનો ઉપર તેની જીત અને જય થવા સારૂ, આ ક્રિયાઓમાં અરજ સમાયલી છે. જરથોસ્ત પેગમ્બર સાહેબે જે ધર્મ ફેલાવ્યો તેના વધારા મારેજ બેશક મુકતાદની ક્રિયાઓની નેમ છે. અને આ ક્રિયાઓ કરવી એ શ્રેષ્ટમાં શ્રેષ્ટ અને ખરામાં ખરી સમજ પ્રમાણે ઇશ્વર ભક્તિનું કાર્ય છે."

"મોબેદોને મુકતાદની ક્રિયાઓ કરવા સારૂ જે પૈસા આપવામાં આવે છે, તે તેઓની સાધારણ આવકનો મોટો ભાગ થાય છે. ફરવરદીઆનના દીવસો ઉપર આખા વર્ષ કરતાં વધારે કમાણી તેઓ કરે છે. મોબેદોના વર્ગની હસતી જે જરથોસ્તી ટોલાને અગત્યની છે, તે વર્ગને નિભાવવામાં મુકતાદની ક્રિયાઓ ઘણે ભાગે એક જાતના વરસાણ તરીકે છે. પાક જરથોસ્ત પેગમ્બર સાહેબના વફાદાર અનુયાયીઓમાં જે માન્યતા પ્રસરાએલી છે, તે પ્રમાણે મુકતાદની ક્રિયાઓ કરવાથી સાર્વજનીક ફાયદા મળે છે; જરથોસ્તી આલેમને, અને જે લોકોમાં તેઓ રહે છે તેઓને, તેમજ જે દેશને તેઓએ પોતાના વતન તરીકે પસંદ કર્યો છે તે દેશને, એ ક્રિયાઓથી લાભ મળે છે. આ માન્યતામાં સમાયલો મૂળ અગત્યનો નિયમ તે મહાન કિરતારને જે પ્રાર્થના કરવામાં આવે છે તેની સફળતા ઉપરનું યકીન છે."

(જમશેદજી વિરૂદ્ધ શુનાબાઇ, ઈં. લૉ. રી. ૩૩ મુંબઇ, પાના ૧૧૭, ૧૭૫, ૧૭૬, અને ૨૧૧ ઉપરથી.)

સને ૧૮૮૭ ના ફેબ્રુઆરિ મહિનામાં મી૰ જસ્ટિસ બારડીને લીંબુવાળાના નામથી ઓળખાતો મુકદ્દમો ચુકાવ્યો ત્યારપછીથી, બાજ રોજગાર અને બીજી ક્રિયાઓની બાબતનાં ટ્રસ્ટો ઉપર બીજા મુકદ્દમાંઓ થયા છે, જેમાં એવાં ટ્રસ્ટો રદ બાતલ ઠરાવવામાં આવ્યાં છે.

આવી રીતે લીંબુવાળાના મુકદ્દમા પછી જે પહેલો મુકદ્દમો મુંબઇની હાઇકોર્ટમાં આવ્યો, તે હોડીવાળાના મુકદ્દમાના નામથી ઓળખાતો (રિપોર્ટ નહીં થયેલો) દીનબાઇ વિરૂદ્ધ હોરમસજી હોડીવાળાનો સને ૧૮૯૦

નો ૨૬૭ નંબરના દાવાવાળો મુકદ્દમો છે. તેમાં સુરતના એક પારસી ગ્રહસ્થે વિલ કરી પોતાની મા અને વિધવાને પોતાની માલ મિલ્કતમાંથી તદન બાતલ કરી, તેની બાકી રહેલી મિલ્કતની ઉપજ પોતાના કુટુંબનાં ગુજરી ગયલા માણસોની ધર્મની ક્રિયા કરવા પાછળ ખર્ચવા ફરમાવ્યું હતું. એ મુકદ્દમામાં મી૦ જસ્ટિસ ફેરને તે ધર્મ ક્રિયાઓ મારેની બક્ષિશ રદ્દ બાતલ ઠરાવી મરનારની તે બાકીની મિલ્કતપર તેની મા અને વિધવાનો હક પહોંચે છે એમ ઠરાવ્યું હતું.

એ પછી વાડિયાના મુકદ્દમાના નામથી ઓળખાતો (રિપોર્ટ નહીં થયેલો) ધનજીભાઇ વિરૂદ્ધ નવરોજીનો સને ૧૮૮૫ નો ૫૬૫ નંબરના દાવાવાળો મુકદ્દમો છે. તેમાં મી૦ જસ્ટિસ ફેરને મુકતાદ અને બાજ રોજગારની ક્રિયાઓ કરવા મારે કરેલાં ટ્રસ્ટ ધાર્મિક નહીં હોવાના કારણથી અને વંશપરંપરાની બક્ષિશ નહીં કરવાના કાયદાની વિરૂદ્ધ હોવાના સબબથી રદ્દ બાતલ ઠરાવ્યાં હતાં.

ચોથો મુકદ્દમો ગોળવાળાના મુકદ્દમાના નામથી ઓળખાતો (રિપોર્ટ નહીં થયેલો) કાવશજી ગોળવાળા વિરૂદ્ધ પીરોજબાઇનો સને ૧૮૯૨ નો ૨૮૧ નંબરના દાવાવાળો મુકદ્દમો છે. તેમાં મી૦ જસ્ટિસ પારસન્સે પણ બાજ રોજગાર અને મુકતાદને મારે લખેલાં ટ્રસ્ટો રદ્દ બાતલ ઠરાવ્યાં હતાં.

પાંચમો મુકદ્દમો જે હાઇ કોર્ટની સન્મુખ વિચાર મારે આવ્યો તે (રિપોર્ટ નહીં થયેલો) માણેકજી આલબ્લેસ વિરૂદ્ધ સર દીનશાહ પીટીટનો સને ૧૮૫૨ નો નંબર ૮૬ ના દાવાવાળો આલબ્લેસના મુકદ્દમાના નામે ઓળખાતો મુકદ્દમો છે. જેમાં મી૦ જસ્ટિસ બેલીએ એવી બાબત સારૂ કરેલાં ટ્રસ્ટો રદ્દ બાતલ ઠરાવ્યાં હતાં.

છઠ્ઠો મુકદ્દમો મારકરના મુકદ્દમાના નામે ઓળખાતો (રિપોર્ટ નહીં થયેલો) દાદીના વિરૂદ્ધ એડવોકેટ જનરલનો સને ૧૮૯૫ નો ૪૯ નંબરના દાવાવાળો મુકદ્દમો છે. તેમાં મી૦ જસ્ટિસ જારડીને લીંબુવાળાના મુકદ્દમાના ઠરાવને અનુસરીને બાજ રોજગાર અને મુકતાદ સારૂ કરેલાં ટ્રસ્ટો રદ્દ બાતલ ઠરાવ્યાં હતાં.

કાવસજી પોંચખાનાવાળા વિરૂદ્ધ રૂસ્તમજી શેઠના (ઈ. લૉ. રી. ૨૦મુંબઇ, પાનું ૫૧૧) વાળો મુકદ્દમો સાતમો મુકદ્દમો છે; જેમાં પણ એવાં ટ્રસ્ટો રદ બાતલ ગણવામાં આવ્યાં હતાં.

જમશેદજી વિરૂદ્ધ સુનાંબાઇ વાળો મુકદ્દમો મી૦ જસ્ટિસ દાવરે સાંભળ્યો ત્યાં સુધી, ઉપર કહેલા સાતજ મુકદ્દમા, અને ૧૮૮૭ થી આ મુકદ્દમાની તારીખ સુધીમાં, મુંબઇની હાઇ કોર્ટ સન્મુખ આવ્યા છે.

મી૦ જસ્ટિસ દાવરે એ ચુકાદો આપતાં ટીકા કરી છે કેઃ—

"મને એ તાજુબીની વાત લાગે છે કે, આ સઘળા મુકદ્દમાના ચુકાદા આપતાં, ધર્મશાસ્ત્ર; કે જે આ ક્રિયાઓ ફરમાવે છે,—પવિત્ર લખાણો, કે જે બીનશક આધારરૂપ છે,—અને અસલ ધર્મ પુસ્તકો, કે જે આ ક્રિયા સ્થાપનાર અને ફરમાન કરનાર છે,—તે સઘળા મૂળ આધારોને કોઇએ પણ જોવાની તસ્દી લીધી નથી."

(જમશેદજી વિરૂદ્ધ સુનાબાઇ, ઈ. લૉ. રી. ૩૩ મુંબઇ, પાનાં ૧૫૭, ૧૫૮ અને ૧૬૦ ઉપરથી.)

નવરોજી માણેકજી વાડિયા વિરૂદ્ધ દસ્તુર ખુરશેદજી મંચેરજી ઈં. લૉ. રી. ૨૮ મુંબઈ, પાના ૨૦—૨૨, ૩૨ અને ૩૪.

આ મુકદ્દમો સુરત જીલ્લાના પારડી તાલુકાના ઉદવાડા ગામમાં આવેલા પારસીઓના આતશ બહેરામને લગતો છે.

સાતમા સૈકામાં ઇરાનનું રાજ્ય આરબ લોકોએ જીત્યા પછી, તે દેશના રહીસો ટોળેબંધ દૂર દેશમાં રહેવા ગયા. આવું એક ટોળું પશ્ચિમ હિંદુસ્તાનમાં સંજાણ આગળ આવી ઉતર્યું, અને તે જગાએ રહેવા માટે ત્યાંના રાણાની પરવાનગી માગી. તેઓએ જણાવ્યું કે તેઓ ગાય, પાણી, આતશ, સુરજ અને ચંદ્રને પુજે છે, તેઓ કસ્તી બાંધે છે, વિગેરે. તે પરથી ત્યાંની ભાષા શીખવી, સ્ત્રીઓને હિંદુ સ્ત્રીઓનો પોષાક પહેરાવવો, હથિયાર રાખવાં નહીં, અને લગ્ન રાતે કરવાં, એવી શરતે સંજાણના રાણાએ તેઓને જમીન આપી. તે જગા ઉપર તેઓએ બેહરામ ફિરસ્તાના પવિત્ર આતશનું મકાન બાંધ્યું, અને તેઓ ત્યાં દરેક રીતે આબાદ રહ્યા. સંજાણમાં આસરે ૬૦૦ વર્ષ રહ્યા બાદ મુસલમાનોએ તે ગામ જીતી લેવાથી, પારસીઓને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા; ત્યારે તેઓ

પોતાના પવિત્ર આતશને સંજાણની પાસે ભારતની ટેકરી ઉપર લઇ ગયા, અને તે ટેકરીમાં ૧૨ વર્ષ સુધી સંતાઇ રહ્યા. ત્યાંથી પોતાના પાક આતશને લેઇ તેઓ બંદસા ખાતે જઇ રહ્યા; જ્યાં તેઓની કોમ આબાદ થઇ. સને ૧૪૧૯ માં ચંગા આસા નામના એક દાવરે (યાને સંસારી ધાર્મિક માણુસે) નવસારીમાં એક શોભીતું આતશ બહેરામ બંધાવ્યું, અને ઘણા ભભકા સાથે સંજાણના ત્રણ વડા દસ્તુરો પાસે બંદસાથી પવિત્ર આતશ મંગાવ્યો. આ ત્રણ વડા દસ્તુરમાંના દર એકને ત્રણ ત્રણ દીકરા હતા. આ નવ દીકરા ઉદવાડાના હાલના નવ દસ્તુરી કુટુંબના સ્થાપનાર છે. નવસારીમાં, નવસારીના અસલ દસ્તુરો તથા સંજાણથી આવેલા દસ્તુરો વચ્ચે તકરાર ઉભી થવાથી, સને ૧૭૩૩ માં સંજાણથી આવેલા દસ્તુરો પોતાનો પવિત્ર આતશ લેઇ સુરત ગયા. અને ત્યાંથી સને ૧૭૪૧ ના ઑકટોબર મહિનાની ૨૮ મી તારીખે તેઓ ઉદવાડે ગયા, જ્યાં તે પવિત્ર આતશ આજ દીન સુધી મોજુદ છે.

હિંદુસ્તાનમાં પારસીઓનું સૌથી પુરાતન આતશ બહેરામ ઉદવાડાનું છે. પવિત્ર આતશ (ઇરાન શાહ) તરફ પારસી કોમ માન અને આદર સ્તકારની નજરેથી જુએ છે, અને તેને સૌથી વધારેમાં વધારે પાક વસ્તુનાં ચિન્હ તરીકે ગણે છે.

ઉદવાડામાં આતશ બહેરામનું મકાન પહેલ વહેલું નારગોલના મીનોચેહર બેહેમને બંધાવ્યું હતું; અને ત્યારપછી સને ૧૭૭૦ ના અરસામાં સુરતના એક પારસી ગ્રહસ્થ ભીખાજી એદલજીએ તે ફરીથી બંધાવ્યું હતું; ત્યારપછી મુંબઇના શેઠ જમશેદજી નાનાભાઇ ગજદરે તેની ફરી મરામત કરી હતી; અને સને ૧૮૩૦ માં શેઠ દાદાભાઇ અને મંચેરજી વાડિઆએ તે જુના આતશ બહેરામને સુધારતાં નવું મકાન કર્યું, કે જેને ૧૮૯૪ માં બહેસ્તનશિન બાઇ સાહેબ મોટલીબાઇ જહાંગીરજી વાડિયાએ આખું બંધાવ્યું હતું.

ઉદવાડાના પારસી રહીસો તે ગામની અંનજુમન તરીકે ત્યાંના આતશ બહેરામ સાહેબનો, અને તેને લગતી સઘળી બાબતોનો વહિવટ કરી શકે છે, તે ઉપર દેખરેખ રાખી શકે છે, અને તે ઉપર અમલ ચલાવી શકે છે, એમ મુંબઇની હાઇ કોર્ટે ઉપલા મુકદમામાં ઠરાવ્યું હતું.

મજકૂર કેસમાં જણાવેલા નિયમને અનુસરીને જીવનજી વિરૂદ્ધ બરજોરજી (૧૧ મુંબઇ લૉ રીપોર્ટર. પાનું ૭૨૮.) વાળા મુકદ્દમામાં કામ ચલાઉ વડા જડજે ઠરાવ્યું છે કેઃ—જે માણસો મિલ્કતના માલિકની મોઘમ કબૂલાતથી, તે મિલ્કતનો લાંબા વખત (૬૦ વર્ષ) સુધી કબજો ભોગવતા આવ્યા હોય તેઓને, તેઓની નીમણોક સંબંધે કોઇ પણ રીતસર દસ્તાવેજ થયો ન હોય તોપણ, તે મિલ્કત ઉપર રજા વગર પ્રવેશ કરનારને બહાર કાઢી મેલવાને અખ્તિયાર છે.

(૫) અશકય, અને કાયદા યા નીતિ વિરૂદ્ધ શરતથી વારસો આપવા લખ્યું હોય, તો તેવો વારસો રદ્દ જાણવો.

હિંદુસ્તાનના વારસા બાબતના આકટમાં જે બીજા વારસા રદ્દ બાતલ અને ગેરકાયદેસર ગણાય છે, તે અશકય (એટલે નહીં બની શકે એવી) શરતથી વારસો આપવાનું, અથવા જે શરત પાર પાડવાનું કામ કાયદા વિરૂદ્ધ કે નીતિ વિરૂદ્ધ હોય તે શરતથી વારસો આપવાનું વિલમાં લખ્યું હોય તેવા વારસા છે. (કલમ ૧૧૩, ૧૧૪.)

દાખલા તરીકે જો એમ લખ્યું હોય કે એક કલાકમાં ૧૦૦ મૈલ અ પગે ચાલીને જાય, તો અમુક જમીન તેને આપવી; અથવા અ જો ક્તું ખુન કરે, તો તેને ૫૦૦ રૂપિયા આપવા, તો તેવા વારસા રદ્દ બાતલ છે.

વારસા ઉપર કુલ હક પહોંચવા બાબત.

વારસો ક્યારે આપવો તે વિલમાં ખુલ્લું ન લખતાં મોઘમ લખ્યું હોય, તો તે વારસો લેનારનો વસિયત કરનારના મરણની તારીખથી, તે વારસા ઊપર પૂરેપૂરો હક ઊત્પન્ન થશે; અને વારસો લેનાર તે વારસો લેતાં પહેલાં ગુજરી જાય, તો તેના વારસ વકીલ તે લેવા હકદાર થશે. (કલમ ૮૧.)

કોઇ માણસને વારસો તુરતાતુરત આપવાનું વિલમાં લખ્યું ન હોય, અને વિલ ઊપરથી વિરૂદ્ધ ઇરાદો માલૂમ પડતો ન હોય, તો તે વારસો લેનારનો, તે વારસો લેવાનો યોગ્ય વખત, વસિયત કરનારના

મરણની તારીખથી ગણાશે. અને વારસો આપવા માટે લખેલો યોગ્ય વખત આવ્યા પહેલાં જો વારસો લેનાર પોતાનો વારસો લીધા વગર ગુજરી જાય, તો તેના વારસ વકીલનો હક તે વારસા ઊપર પહોંચશે.

ઉપર લખેલ પ્રસંગે વસિયત કરનારના મરણની તારીખથી તે વારસા પર કુલ હક પહોંચ્યો એમ ગણાય છે.

કોઇ માણસને વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, પણ જે ચીજનો વારસો આપવાનો હોય તે ચીજ તેને અમુક મુદ્દત પછી આપવાનું, યા તેનો કબજો ભોગવટો ચોકસ મુદ્દતે સોંપવાનું, વસિયત કરનારે લખ્યું હોય, અથવા તે ચીજમાં બીજા કોઇ માણસને તેની પહેલાં હક અપાયલો હોય, અથવા વારસામાં આપેલા રૂપિયાની ઉપજ (વ્યાજ) અમુક મુદ્દત સુધી એકઠી થવા દેવી, અને પછી તે રૂપિયા આપવા, અથવા અમુક બનાવ બને તો તે વારસો બીજાને આપવો, એવું લખેલું હોય, તો તેટલા ઉપરથીજ તે માણસને આપેલા વારસામાં તેનો કુલ હક લાગુ કરવાનો વસિયત કરનારનો ઇરાદો નહતો એવું અનુમાન કરવું નહીં.
(કલમ ૧૦૬.)

અ પોતાના વિલમાં લખે છે કે, બને મેં ૧૦૦૦ રૂપિયા આપ્યા છે, તે કના મરણ બાદ તેને આપવા. અ ગુજરી ગયો ત્યારથી બનો હક તે વારસા પર પહોંચે છે; અને કની પહેલાં જો બ ગુજરી જાય, તો બના વારસ વકીલને તે રૂપિયા લેવાનો હક છે.

અ પોતાના વિલમાં લખે છે કે, બ અઢાર વર્ષનો થાય ત્યાં સુધી કને મેં ૫૦૦૦ રૂપિયા આપ્યા છે, અને પછી તે રૂપિયા બને આપવા. અ ગુજરી ગયો ત્યારથી બને આપેલા વારસામાં બનો હક પહોંચેછે.

અ પોતાના વિલમાં લખે છે કે, મેં મારી સઘળી માલ મિલ્કત બને સ્વાધીન કરી છે. તેની ઉપજમાંથી તેણે મારું ફલાણું કરજ વાળવું, અને પછી તે માલ મિલ્કત કને આપવી. અ ગુજરી ગયો ત્યારથી કને આપેલા વારસામાં કનો હક પહોંચે છે.

અ પોતાના વિલમાં લખે છે કે, ક, ખ અને ગને સરખે ભાગે મેં ૩૦૦૦ રૂપિયા આપ્યા છે, અને જેઓ અઢાર વર્ષની ઉમરના થાય તેઓને તેઓનો ભાગ આપવો; પણ અઢાર વર્ષની ઉમરની અંદર તે ત્રણે જણ ગુજરી જાય, તો તે રૂપિયા ડને આપવા. અ ગુજરી

જાયો ત્યારથી ક, ખ, અને ગને પોતાના ભાગ પર હક પહોંચે છે; પણ તેઓ અઢાર વર્ષની અંદર ગુજરી જાય તો તેઓનો હક પત્યો એવી શરત છે, અને (ત્રીજા સિવાય બે જણા ગુજરી ગયા પછી) અઢાર વર્ષની ઉમરની અંદર જે કોઇ ગુજરી જશે, તેનો હક તે શરત મુજબ તેના વારસ વકીલને પહોંચશે.

(કલમ ૧૦૬ ઊપર દાખલા.)

કાંઇ અનિશ્ચિત બનાવ બને, તો કોઇ માણસને અમુક વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તો તે બનાવ બને ત્યાં સુધી તે વારસા પર તે માણસનો હક ઉત્પન્ન થતો નથી.

તેમજ કાંઇ અનિશ્ચિત બનાવ ન બને, તો કોઇ માણસને અમુક વારસો આપવાનું વિલમાં લખ્યું હોય, તો તે બનાવ બનવો અશક્ય થાય ત્યાં સુધી તે વારસા પર તે માણસનો હક પહોંચતો નથી.

એ બન્ને પ્રસંગમાં લખેલી શરત પાર પડે ત્યાં સુધી જેને વારસો આપવાનું લખ્યું હોય, તેનો તે વારસા પરનો હક "અદૃષ્ટાધીન" કહેવાય છે.

પણ જો કોઇ માણસ ચોકસ ઉમરનો થાય ત્યારપછી તેને અમુક રૂપિયા આપવા, અને તે તેટલી ઉમરનો થાય ત્યાં સુધી તે રૂપિયાનું વ્યાજ કુલ માલિકી સાથ તેને આપવું, યા તે વ્યાજ કે તેમાંથી જોઇએ તેટલું તેના હિત માટે ખર્ચવું એમ વિલમાં જણાવ્યું હોય, તો તે રૂપિયાનો વારસો "અદૃષ્ટાધીન" સમજવો નહીં. (કલમ ૧૦૭.)

અ પોતાના વિલમાં લખે છે કે, ક, ખ અને ગ એ ત્રણે જણ અઢાર વર્ષની ઉમરની અંદર ગુજરી જાય, તો ડને ફલાણો વારસો આપવો છે. એ સઘળા જણ અઢાર વર્ષની ઉમરે પહોંચ્યા પહેલાં ગુજરી જાય ત્યાં સુધી, અથવા એ ત્રણેમાંથી એક અઢાર વર્ષની ઉમરે પહોંચે ત્યાં સુધી, તે વારસા પર ડનો અદૃષ્ટાધીન સંબંધ છે.

અ પોતાના વિલમાં લખે છે કે, ક અઢાર વર્ષની ઉમરનો થાય તો, અથવા અઢાર વર્ષની ઉમરનો થાય ત્યારે, આટલા રૂપિયા તેને આપવા. ક તેટલી ઉમરનો થાય, અને તે શરત પાર પડે ત્યાં સુધી તે વારસા પર કનો અદૃષ્ટાધીન સંબંધ છે.

તેમજ ક પરણે ત્યાં સુધી અમુક જમીન તેને આપી છે, અને તેના પરણ્યા પછી તે જમીન બને આપવી છે, એમ વસિયત કરનાર

પોતાના વિલમાં લખે, તો ક પરણે અને તે શરત પાર પડે ત્યાં સુધી તે વારસા પર બનો અદૃષ્ટાધીન સંબંધ છે.

અ પોતાના વિલમાં લખે છે કે, મારા મરણ પછી પાંચ વર્ષની અંદર બ જો કની સાથે પરણે નહીં, તો આટલા રૂપિયા બને આપવા. બ કની સાથે પરણ્યા વગર તે પાંચ વર્ષ વીતી જાય, અને તે શરત પાર પડે ત્યાં સુધી, અથવા તે મુદ્દતની અંદર એવો બનાવ બને કે જેથી તે શરત પાર પાડવી અશક્ય થાય ત્યાં સુધી, તે વારસા પર બનો અદૃષ્ટાધીન હક છે.

અ પોતાના વિલમાં લખે છે કે, બ અઢાર વર્ષનો થાય ત્યારે તેને વર્ષ દહાડે ૫૦૦ રૂપિયા આપવા; અને તેટલી ઉમરનો થાય ત્યાં સુધી તે રૂપિયાનું વ્યાજ, અથવા તે વ્યાજમાંથી જેટલું જોઇએ તેટલું તેનાં હિત માટે ખર્ચવું. આ વારસા પર બનો પૂરેપૂરો હક છે. પણ જો એમ લખ્યું હોય કે બ અઢાર વર્ષનો થાય ત્યારે તેને ૫૦૦ રૂપિયા આપવા, અને તેટલી ઉમરનો થાય ત્યાં સુધી કોઇ બીજી પુંજીમાંથી અમુક રકમ તેના ભરણ પોષણમાં ખર્ચવી, તો તે ૫૦૦ રૂપિયાનો વારસો અદૃષ્ટાધીન છે.

(કલમ ૧૦૭ ઉપર દાખલા.)

જ્યારે એક વર્ગમાંના અમુક માણસોને કાંઇ બક્ષિશ વિલથી કરવામાં આવી હોય, ત્યારે ૧૦૮ મી કલમ પ્રમાણે ચાલવું; તેમાં એમ ઠરાવ્યું છે કે:–

એક વર્ગના અમુક માણસો ચોકસ ઉમરે પહોંચશે તેમનેજ ચોકસ વારસો મળશે, એમ વિલમાં ફરમાવ્યું હોય, તો તેઓમાંથી જે કોઇ તેટલી ઉમરે પહોંચ્યા ન હોય, તે માણસોનો તે વારસા પર પૂરેપૂરો હક પહોંચશે નહીં.

અ પોતાના વિલમાં લખે છે કે, બનાં છોકરાંમાંથી જે અઢાર વર્ષની ઉમરનો થાય તેમને ૧૦,૦૦૦ રૂપિયા આપવા, અને બનું કોઇ છોકરૂં અઢાર વર્ષની ઉમરની અંદરનું હોય ત્યાં સુધી તે રૂપિયાનો જે ભાગ તેને આગળ મળવાનો સંભવ હોય, તે ભાગની ઉપજ તે છોકરાંનું ભરણ પોષણ કરવા તથા વિદ્યાભ્યાસ કરવા સારૂ ખર્ચવી. અઢાર વર્ષની ઉમરની અંદરનાં બનાં છોકરાંનો તે વારસામાં પૂરેપૂરો હક નથી. (કલમ ૧૦૮ ઉપર દાખલો.)

અદૃષ્ટાધીન વારસા.

અમુક અનિશ્ચિત બનાવ બને કે ન બને, તો વારસો મળે એવી શરતે આપેલા વારસા પર પુરેપુરો હક ક્યારે પહોંચે છે તે બાબત ઉપર ૧૦૭ મી કલમ છે; તે રીતના વારસા અદૃષ્ટાધીન કહેવાય છે, અને એવા વારસા સંબંધે ૧૧૧ મી અને ૧૧૨ મી કલમમાં બંદોબસ્ત કરેલો છે.

કોઇ અમુક અનિશ્ચિત બનાવ બનવા બાબત વિલમાં મુદ્દત કહી ન હોય, અને તે બનાવ બને તોજ વારસો આપવો એમ વસિયત કરનારે ફરમાવેલું હોય, તો તે વારસાના રૂપિયા આપવાની અથવા વહેંચવાની મુદ્દત આવ્યા પહેલાં તે બનાવ બને નહીં, તો તે વારસો અમલમાં આવી શકશે નહીં. (કલમ ૧૧૧.)

એટલે જ્યારે તે બનાવ બનવાની અને વારસો આપવાની મુદ્દત વિલમાં લખી હોય, તો તે મુદ્દત સુધી વારસો આપવાની ઢીલ રખાય; પણ જ્યારે મુદ્દત વિષે કાંઇ લખેલું ન હોય, ત્યારે તો મિલ્કત વહેંચવાની મુદ્દત આવ્યા પહેલાં તે બનાવ બનવો જોઇએ, તોજ વારસો અપાશે. જો મિલ્કત વહેંચવાની મુદ્દત પહેલાં તે બનાવ બનશે નહીં, તો તે વારસો અમલમાં આવી શકશે નહીં.

અ પોતાના વિલમાં લખે છે કે, **ક**ને ૧૦૦૦ રૂપિયા આપ્યા છે; અને તેના મરણ પછી તે રૂપિયા **બ**ને આપવા. **અ**ના મરણ વખતે **ક** હયાત હશે, તો **બ**ને આપેલો વારસો અમલમાં આવશે નહીં.

અ પોતાના વિલમાં લખે છે કે, **ક**ને ૧૦૦૦ રૂપિયા આપ્યા છે; અને તે સંતાન મૂક્યા વગર ગુજરી જાય, તો તે રૂપિયા **બ**ને આપવા. **અ**ના મરણ વખતે **ક** હયાત હશે, અથવા **અ**ની હયાતીમાં છોકરૂં મૂકી **ક** ગુજરી જશે, તો **બ**ને આપેલો વારસો અમલમાં આવશે નહીં.

અ પોતાના વિલમાં લખે છે કે, **ક** અઢાર વર્ષનો થાય, તો તે વખતે તેને ૧૦૦૦ રૂપિયા આપવા; અને તે ગુજરી જાય, તો તે રૂપિયા **બ**ને આપવા. **ક** અઢાર વર્ષનો થયો, તેથી **બ**ને આપેલો વારસો અમલમાં આવશે નહીં.

અ વિલમાં લખે છે કે, કની હયાતી સુધી તેને ૧૦૦૦ રૂપિયા મેં આપ્યા છે. તેના મરણ પછી તે રૂપિયા ખને આપવા; અને "ખ ગુજરી જાય," અથવા "સંતાન મૂકયા વગર ખ ગુજરી જાય," તો તે રૂપિયા ખને આપવા, "ખ ગુજરી જાય" અથવા "સંતાન મૂકયા વગર ખ ગુજરી જાય" એ શબ્દોનો અર્થ કની હયાતી સુધીમાં ખ ગુજરી જાય, અથવા કની હયાતી સુધીમાં સંતાન મૂકયા વગર ખ ગુજરી જાય, એવો કરવો જોઇએ.

(કલમ ૧૧૧ ઉપર દાખલા.)

જે વખત ખસુસ કરીને કહ્યો ન હોય તે વખતે અમુક માણસોમાંથી જે હયાત હોય તેમને વારસો આપવો, એમ વિલમાં ફરમાવ્યું હોય, અને વિલ ઉપરથી વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય, તો વારસો આપવાની યા વહેંચવાની વખતે તે માણસોમાંથી જે હયાત હશે તેમનેજ તે વારસો મળશે. (કલમ ૧૧૨.)

અ પોતાના વિલમાં લખે છે કે, કને તથા ખને સરખે ભાગે અમુક મિલ્કત આપી છે, અથવા બેમાંથી જે હયાત રહે તેને આપી છે. અના મરણ વખતે ક અને ખ બન્ને હયાત હોય, તો તે મિલ્કત સરખે ભાગે તેમને આપવી. જો અની હયાતીમાં ખ ગુજરી જાય, અને અના મરણ વખતે ક હયાત હોય, તો તે મિલ્કત કને આપવી.

અ પોતાના વિલમાં લખે છે કે, કની હયાતી સુધી અમુક માલ મિલ્કત મેં તેને આપી છે; તેના મરણ બાદ ખ તથા ગને, અથવા તેઓમાંથી જે હયાત હોય તેને તે માલ મિલ્કત આપવી; અને જો મારી હયાતીમાં ખ ગુજરી જાય તો તેની જગાએ તેનાં છોકરાંને ગણવા. ગ અની હયાતીમાં મરણ પામ્યો. અના મરણ વખતે ખ હયાત હતો, પણ કની પહેલાં તે ગુજરી ગયો હતો. તેથી કના મરણ બાદ ખના વારસ વકીલને તે માલ મિલ્કત મળશે.

(કલમ ૧૧૨ ઉપર દાખલા.)

બોજારૂપ વારસા બાબત.

જ્યારે વારસો લેનાર ઉપર તે વારસાથી કાંઇ બોજો અદા કરવાનું હોય, ત્યારે તેણે તે વારસો પૂરેપૂરો લેવો જોઇએ, નહીં તો તે કાંઇ લઇ શકશે નહીં. (કલમ ૧૦૯.)

પણ જો કોઇ માણસને બે સ્વતંત્ર અને જૂદા જૂદા વારસા આપવાનું વિલમાં લખ્યું હોય, જેમાંના એક વારસામાં ફાયદો હોય અને બીજો બોજારૂપ હોય, તો ફાયદાવાળો વારસો લેવાનો, અને બોજારૂપ વારસો ના કબૂલ કરવાનો તે માણસને અખ્તિયાર છે. (કલમ ૧૧૦.)

એટલે કે જ્યારે બે "જૂદા જૂદા" વારસા આપ્યા હોય, ત્યારે વારસો લેનાર માણસ તેમાંનો એક કબૂલ કરે અને બીજો લેવા ના પાડે તો ચાલે. પણ જ્યારે એવી રીતના જૂદા જૂદા વારસા ન હોય, અને ફાયદાકારક અને બોજારૂપ (નુકસાનવાળી) મિલ્કતની "ભેગી બક્ષિશ" વસિયત કરનારે આપી હોય, ત્યારે તો તે આખી બક્ષિશ લેવી જોઇએ. જો નુકસાનવાળી મિલ્કતનો વારસો, તે વારસો લેનાર ન લે, તો ફાયદાવાળી મિલ્કતનો વારસો તેને મળશે નહીં.

અની પાસે બે કમ્પનીના શેરો છે, જેમાંની એક કમ્પની આબાદ અને નફામાં છે; પણ બીજી કમ્પની ખોટમાં છે, ને તેમાં કૉલના રૂપિયા ભરવા પડે તેમ છે. હવે અ એ બન્ને કમ્પનીના પોતાની પાસેના શેરો કને આપવાનું પોતાના વિલમાં લખે છે. ક જો વારસો લેવા ઇચ્છતો હોય, તો બન્ને કમ્પનીના શેરો કએ લેવા જોઇએ. બોજારૂપ અને ગેરફાયદાવાળા શેરો લેવા તે ના પાડે તો ફાયદાવાળા શેરો તેને મળશે નહીં. (કલમ ૧૦૯ ઉપર દાખલો.)

અની પાસે એક ઘરનો કેટલાક વર્ષનો પટો છે; અને તે ઘરનું ઉપજે તે કરતાં વધારે ભાડું તે પટાની મુદત પૂરી થતાં સુધી અ અને તેના વારસ વકીલને ભરવું પડે તેમ છે. અ પોતાના વિલમાં કને તે ઘરનો પટો તથા ૧૦૦૦ રૂપિયા આપવા લખે છે. પટો લેવામાં ગેરફાયદો છે એમ સમજી ક તે લેવા કબૂલ ન કરે, તો તેથી કનો ૧૦૦૦ રૂપિયાનો વારસો રદ જશે નહીં. (કલમ ૧૧૦ ઉપર દાખલો.)

શરત કરીને આપેલા વારસા બાબત.

કાંઇ શરતથી વારસો આપ્યો હોય તે બાબત ૫ર ૧૧૫ થી ૧૨૪મી સુધીની કલમોમાં સમજાવ્યું છે.

(૧) શરતની મૂળ મતલબ પ્રમાણે કયારે ચાલવું, અને તે શબ્દે શબ્દ કયારે પાળવી?

કોઇ માણુસને કાંઇ વારસો આપવાને વિલમાં લખ્યું હોય, પણ જે મિલ્કતનો વારસો આપ્યો હોય તે ઉપર તે માણુસનો પૂરેપૂરો હક પહોંચ્યા પહેલાં ચોકસ શરત પાળવાની હોય, તો તે શરતની મૂળ મતલબ પ્રમાણે તે માણુસ ચાલે તો બસ છે; એટલે તેણે તે શરત પાળી એમ સમજવું.

પણ જો અમુક અનિશ્ચિત બનાવ બને, તોજ એક માણુસને આપેલો વારસો બીજાને આપવો, અથવા અમુક અનિશ્ચિત બનાવ ન બને, તોજ એક માણુસને આપેલો વારસો બીજાને આપવો, એવી શરતથી કાંઇ મિલ્કતનો વારસો આપવા વિલમાં ફરમાવ્યું હોય, તો એવા પ્રકારનો પછીનો (બીજાને) આપેલો વારસો, જે શરત લખી છે, તે શબ્દે શબ્દ પાળ્યા વિના અમલમાં આવશે નહીં. (કલમ ૧૧૫, ૧૧૮, ૧૧૯.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ક, ખ, ગ અને ડ એ ચાર માણુસોની સંમતિથી બ પરણે, તો તેને ૧૦૦૦ રૂપિયા આપવા. કની સંમતિ મેળવી બ પરણે છે; ખ તેના લગ્નની વખતે હાજર રહે છે; ગ લગ્ન થયાં પહેલાં લગ્નને નિમિત્તે ભેટ મોકલેછે; અને ડને બએ પરણવાનો મનસુબો જણાવ્યો ત્યારે ડએ કાંઇ વાંધો લીધો નહીં. તો પછી બએ વિલમાં લખેલી શરતની મૂળ મતલબ મુજબ ચાલી તે શરત પાળી એમ સમજવું. હવે જો વિલમાં એવું લખ્યું હોય કે ઉપલા ચાર માણુસોની સંમતિ વગર જો બ પરણે, તો તેને આપવા લખેલા ૧૦૦૦ રૂપિયા બીજા કોઇને આપવા, તો બએ તે શરત શબ્દે શબ્દ પાળવી જોઇએ. એટલે ચારે માણુસની સંમતિ મેળવવી જોઇએ. જો ઉપર લખેલા ચાર માણુસોમાંના બે ગુજરી જાય અને બાકીના બે માણુસની સંમતિ વગર બ પરણે, તોપણ પેલા બીજા માણુસને આપેલો વારસો અમલમાં આવશે નહીં. (ઉપરની કલમો ઉપર દાખલા.)

વિલમાં વારસાના સંબંધમાં પાળવાની શરતો વિષે એવો નિયમ છે કે, જો વિલમાં એમ લખ્યું હોય કે અમુક શરત પાળે તોજ વારસો મળે, તો શરત બોલે બોલ પાળવામાં ન આવે ત્યાં સુધી વારસો લેનારનો વારસાની મિલ્કત ઉપર પૂરેપૂરો હક ઉત્પન્ન થતો નથીઃ પણ જો વિલમાં એમ લખ્યું હોય કે અમુક વારસો આપ્યો છે, ને તે વારસો લેનારે અમુક શરત પાળવી, તો વારસો લેનારનો વારસાની મિલ્કત ઉપર પૂરેપૂરો હક ઉત્પન્ન થાય છે, પણ જો તે વારસો લેનાર પછીથી તે શરત ન પાળે, તો તેનો હક જતો રહે છે.

(૨) એક વારસો નિષ્ફળ જાય અને બીજાને તે આપવો હોય, ત્યારે વસિયત કરનારની ધારણા મુજબ તે નિષ્ફળ થયો કે ન થયો તે ક્યારે જોવું?

કોઇને કાંઇ મિલ્કતનો વારસો આપવાનું વિલમાં લખ્યું હોય, અને તે વારસો નિષ્ફળ થાય, તો તે બીજાને આપવો એમ હોય, તો પહેલો વારસો નિષ્ફળ થાય, પણ વસિયત કરનારની ધારેલી રીતે તે નિષ્ફળ થયો ન હોય, તોપણ તે બીજો વારસો અમલમાં લાવવો જોઇએ.

પણ જો પહેલો આપવા લખેલો વારસો ચોકસ રીતે નિષ્ફળ જાય, તોજ બીજાને તે આપવો એમ વિલ પરથી માલૂમ પડે, ત્યારે જ્યાં સુધી ચોકસ રીતે પહેલો વારસો નિષ્ફળ જાય નહીં ત્યાં સુધી બીજા માણસને તે મળશે નહીં.

(કલમ ૧૧૬, ૧૧૭.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, મારા મરણ પછી ત્રણ મહિનાની અંદર અમુક દસ્તાવેજ **બ** કરી આપે, તો તેને ૧૦૦૦ રૂપિયા આપવા; અને તે પ્રમાણે કરવાની તે ગફલત કરે તો તે રૂપિયા **ક**ને આપવા. **અ**ની હયાતીમાં **બ** ગુજરી ગયો તેથી દસ્તાવેજ કરવાનું રહી ગયું. એટલે **અ**એ વિલમાં લખેલી રીતે તે રહી ગયું નહીં, પણ બીજીજ રીતે તે બનાવ ન બન્યો, તોપણ **બ**ની પછી **ક**ને આપેલો વારસો **ક**ને મળશે.

પણ **અ** પોતાના વિલમાં એમ લખે છે કે, મારી બાયડીને મેં અમુક મિલ્કત આપી છે, અને મારી હયાતીમાં તે ગુજરી જાય,

તો તે મિલકત ખને આપવી. અ અને તેની બાયડી એ બન્ને જણાએ સાથે પ્રાણ છોડયા, અને અની અગાઉ તેની બાયડી ગુજરી ગઈ એ વાત સાબિત કરી શકાતી નથી, તો ખને આપેલો વારસો તેને મળશે નહીં.

(કલમ ૧૧૬, ૧૧૭ ઉપર દાખલા.)

બીજા માણસને (પહેલો આપેલો વારસો નિષ્ફળ જાય તો) આપવા લખેલો વારસો જો નિરૂપયોગી થાય, તો તેથી પહેલા વારસાને હરકત થતી નથી. (કલમ ૧૨૦.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ખની હયાતી સુધી ચોકસ જમીન મેં તેને આપી છે; પણ એવી શરતે કે ચોકસ દહાડે એક કલાકમાં ૧૦૦ મૈલ તે પગે ચાલીને જશે નહીં, તો તે જમીન કને મળશે. આ શરત કલમ ૧૧૩ મી પ્રમાણે રદ્દ બાતલ છે, વાસ્તે તે શરત લખીજ ન હોય તે પ્રમાણે તે જમીન ખની પાસે રહેશે.

તેમ જો અ એવું લખે કે, ખની હયાતી સુધી ચોકસ જમીન તેને આપી છે; પણ ખ પરણે તો કના વડા દીકરાને હયાતી સુધી તે આપી છે. અ ગુજરી ગયો ત્યાં સુધી કને છોકરો થયોજ નહતો. પાછળથી આપેલો વારસો ૯૨ મી કલમ પ્રમાણે રદ્દ બાતલ છે, અને ખને તેની હયાતી સુધી તે જમીન ખાવાનો અધિકાર છે.

(કલમ ૧૨૦ ઉપર દાખલા.)

અમુક અનિશ્ચિત બનાવ બને યા બને નહીં, તો વારસા પરનો તે વારસો લેનારનો હક રહેશે નહીં, એવી શરતથી વારસો આપવાનું વિલમાં ફરમાવી શકાય. (કલમ ૧૨૧.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કની હયાતી સુધી મેં તેને ચોકસ જમીન આપી છે; પણ તેમાંનાં અમુક અમુક ઝાડ તે કાપશે, તો તે જમીનનો વારસો રદ્દ થશે, એવી શરત અ કરે છે. ક તે ઝાડો કાપે છે, તેથી તે જમીન ઉપરનો તેનો હયાતી સુધીનો હક છે તે રહેશે નહીં.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કને અમુક જમીન આપી છે, પણ મારા મરણ પછી ત્રણ વર્ષની અંદર તે ઇંગ્લાંડ જાય નહીં; તો તે જમીન પર તેનો હક રહેશે નહીં. કહેલી મુદ્દતની અંદર ક ઇંગ્લાંડ ગયો નહીં, માટે તે જમીન પર તેને હક રહયો નહીં.

અ પોતાના વિલમાં એમ લખે છે કે, કની હયાતી સુધી મેં તેને ૧૦૦૮ રૂપિયા આપ્યા છે; અને તે ગુજરી જાય ત્યારે ખ હયાત હોય તો તેને તે રૂપિયા આપવા; પણ ખ સાધવી (નન) થાય તો તેને આપેલો વારસો રદ્દ થશે. કની હયાતીમાં ખ સાધવી (નન) થઇ, તેથી તે રૂપિયા પર તેનો જે અદૃષ્ટાધીન હક હતો તે રહયો નહીં.

(કલમ ૧૨૧ ઉપર દાખલા.)

(૩) જે કામ કરવા માટે વખત કહેલો ન હોય, તે કામ કરવાનું વારસો લેનાર અશકય કરે, યા અનિશ્ચિત કાળ સુધી લંબાવે તો શું થાય?

વારસો લેનાર માણસ અમુક કામ ન કરે, તો તે વારસામાં આપેલી મિલ્કત બીજા માણસને મળશે, અથવા તે વારસા પર પહેલા માણસનો હક પહોંચશે નહીં, એવી શરતથી જો કોઇ વારસો આપ્યો હોય, પણ તે કામ કરવા માટે મુદ્દત ઠરાવેલી ન હોય, અને જે માણસને તે વારસો પહેલો આપવા લખ્યો છે તે એવું કાંઇ કામ કરે કે જેને લીધે તે શરત પ્રમાણે કામ કરવાનું તદન અશકય થાય, અથવા જેથી અનિશ્ચિત કાળ સુધી તે કામ થાય નહીં, તો વિલમાં લખેલી શરત મુજબ કામ કર્યા વગર તે ગુજરી ગયો હોય, તેમ માની તે વારસાનો અમલ કરવો જોઇએ. એટલે તે વારસો પહેલા માણસને નહીં જતાં, બીજા જે માણસને આપવાનું ફરમાવેલું હોય, તેને આપવામાં આવશે. (કલમ ૧૨૩.)

અ પોતાના વિલમાં એમ લખે છે કે, કને મેં અમુક વારસો આપ્યો છે; પણ જો ક લશ્કરમાં જોડાય નહીં તો તે વારસો ખને આપવો. ક પાદરી થયો તેથી લશ્કરમાં જોડાવાની શરત પાર પાડવાનું અશકય થયું; માટે તે વારસો ખને મળશે.

અ પોતાના વિલમાં એમ લખે છે કે, કને મેં અમુક વારસો આપ્યો છે; પણ તે ખની દીકરી સાથે લગ્નના ગાંઠથી નહીં જોડાય, તો તે વારસો રદ્દ જશે. કએ કોઇ બીજાની દીકરી સાથે લગ્ન કર્યું તેથી ખની દીકરી સાથે લગ્ન કરવાની શરત પાર પાડવાનું કામ અનિશ્ચિત કાળ સુધી બંધ રહ્યું; માટે કને આપેલો વારસો તેને મળશે નહીં.

(કલમ ૧૨૩ ઉપર દાખલા.)

(૪) કહેલી મુદતમાં (પહેલાં કે પાછળથી) શરત પાળવી હોય, તો તે મુદતમાં કહેલું કામ કરવું જોઇએ.

ચોકસ મુદતમાં ચોકસ કામ કરશે તોજ અમુક માણસને વારસો મળશે, અને જો તે મુદતમાં તે તે કામ નહીં કરશે, તો વારસામાં આપેલી મિલ્કત બીજા માણસને મળશે, યા તે વારસો રદ થશે, એવી શરત વિલમાં લખી હોય, ને તે કામ કરવામાં દગલબાજીથી કોઇ હરકત ન કરે, તો તે મુદતની અંદર તે કામ તે માણસે કરવું જોઇએ. જો દગલબાજીથી કોઇ તેને તે કામ કરતાં અટકાવશે, તો તે સબબથી જેટલા વખતની ઢીલ થઇ હોય, તેટલા વખત જેટલી વધારે મુદત તે કામ કરવા માટે તે માણસને મળશે. (કલમ ૧૨૪.)

(૫) અશક્ય, કે કાયદા યા નીતિ વિરૂદ્ધ શરતથી વારસો આપવાનું લખ્યું હોય, તો વારસો નિરૂપયોગી જાણવો.

અશક્ય શરતથી વારસો આપ્યો હોય, તો તે વારસો નિરૂપયોગી અને રદ બાતલ સમજવો. (કલમ ૧૧૩.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, એક કલાકમાં ૧૦૦ મૈલ ક પગે ચાલીને જશે, તો અમુક જમીન તેને આપી છે. આ વારસો નિરૂપયોગી જાણવો. (કલમ ૧૧૩ ઉપર દાખલો.)

જે શરત પાળવાનું કામ કાયદા વિરૂદ્ધ અથવા નીતિ વિરૂદ્ધ હોય, તેવી શરતથી વારસો આપવાનું વિલમાં લખ્યું હોય, તો તે વારસો નિરૂપયોગી અને રદ બાતલ સમજવો. (કલમ ૧૧૪.)

અ પોતાના વિલમાં એમ લખે છે કે, બ જો કનું ખુન કરે તો તેને મેં ૫૦૦૦ રૂપિયા આપ્યા છે. તેમજ અ એમ લખે છે કે, મારી ભાણેજ પોતાના ખાવંદને તજી દે તો તેને મેં ૫૦૦૦ રૂપિયા આપ્યા છે. આ વારસા નિરૂપયોગી જાણવા. (કલમ ૧૧૪ ઉપર દાખલા.)

૧૫૩

વારસાના વપરાસ કે તેના ઉપયોગ માટે વિલમાં ફરમાવ્યું હોય તે બાબત.

વારસો શી રીતે વાપરવો અથવા તેનો શી રીતે ઉપભોગ કરવો તે સંબંધે વિલમાં આજ્ઞા કરી હોય તે બાબત ૧૨૫ થી ૧૨૭ મી સુધીની કલમોમાં બંદોબસ્ત કરેલો છે.

૧૨૫ મી કલમમાં ઠરાવ્યું છે કે, જો કોઇ માણસને, અથવા તેના હિત માટે ચોકસ મિલ્કત કુલ માલિકી હકથી આપવાનું વિલમાં લખેલું હોય, પણ અમુક રીતે તે વાપરવી અથવા અમુક રીતે તેનો ઉપભોગ કરવો એવું વિલમાં ફરમાવેલું હોય, તો વિલમાં તેવું કાંઇ લખ્યુંજ ન હોય, તે પ્રમાણે તે મિલ્કત લેવાનો તે માણસને હક છે.

કને માટે પરગામમાં ઘર વેચાતું લેવા સારૂ, અથવા વરસાણુ વેચાતું લેવા સારૂ, કે તેને કોઇ ધંધામાં જોડવા સારૂ, અમુક રૂપિયાની રકમ આપવા વિલમાં લખેલું હોય, અને કની મરજી તે રૂપિયા રોકડા લેવાની હોય, તો તે લેવાને તેનો અધિકાર છે. કારણ કે જો તેને રોકડા રૂપિયા જોઇતા હોય, તો જે ઘર કે વરસાણુ વેચાતું લઇને તેને આપ્યું હોય, તે વેચી પાછા રોકડા રૂપિયા તે ઉપજાવી શકે; ત્યારે ઘર કે વરસાણુ તેની મરજી વિરૂદ્ધ વેચાતું લેવામાં ફાયદો શું? (કલમ ૧૨૫ ઉપર દાખલો.)

વસિયત કરનારે કાંઇ પુંજી પોતાની માલ મિલ્કતથી જૂદી પડે એવી રીતે, કુલ માલિકી હકથી કોઇને આપવાનું પોતાના વિલમાં લખ્યું હોય, પણ તે પુંજી લેનારે પોતાને અમુક ફાયદો થાય તેવી રીતે તેનો ઉપભોગ કરવો એમ ફરમાવેલું હોય, તો તે ફાયદાની વાત જાણે લખીજ ન હોય, તે પ્રમાણે તે પુંજી તે માણસને મળશે. (કલમ ૧૨૬.)

પણ જો વસિયત કરનારે કાંઈ પુંજી પોતાની માલ મિલ્કતથી જૂદી ન પડે તેવી રીતે, કુલ માલિકી હક સિવાય ચોકસ કામો સારૂ આપવાનું પોતાના વિલમાં લખ્યું હોય, અને જો તે કામોમાંથી કેટલાંક કામ થઇ શકતાં ન હોય, તો તે પુંજી અથવા વિલમાં જણાવેલાં કામમાં જેટલી ખર્ચાઇ ન હોય તેટલી પુંજી વસિયત કરનારની માલ મિલ્કતના એક ભાગ તરીકે રહેશે. (કલમ ૧૨૭.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, મારૂં શેષધન મારી દીકરીઓને સરખે ભાગે વહેંચી આપવું. દરેક દીકરીનો ભાગ તેની હયાતી સુધી તેના નામ પર રાખવો, પણ તેના મરણ બાદ તેનો ભાગ તેનાં છોકરાંને આપવો. સઘળી દીકરીઓ કુંવારીને કુંવારી ગુજરી જાય તો દરેક દીકરીના વારસ વકીલને તેનો ભાગ મળશે કારણ કે અએ વારસામાં આપેલા રૂપિયા પોતાની માલ મિલ્કતથી જૂદા પાડી આપ્યા હતા.

પણ જો અએ વારસાના રૂપિયા પોતાની માલ મિલ્કતથી એવી રીતે જૂદા પાડયા વગર આપ્યા હોય, અને એવું લખ્યું હોય કે, મારૂં શેષધન મારી દીકરીઓને સરખે ભાગે આપવું, પણ તેઓની હયાતી સુધી તે શેષધનનું ફકત વ્યાજ તેઓને આપવું, અને તેઓના મરણ બાદ તે રૂપિયા તેઓના છોકરાંને આપવા, તો જો દીકરીઓને છોકરાં હોયજ નહીં, તો તેમના વારસ વકીલને તે રૂપિયા મળશે નહીં, પણ અની મિલ્કત ગણાશે.

(કલમ ૧૨૬, ૧૨૭ ઉપર દાખલા.)

એકઝિક્યૂટરને આપેલા વારસા બાબત.

કોઇ માણસને વિલમાં એકઝિક્યૂટર તરીકે નિમ્યો હોય, અને તેને કાંઇ વારસો આપવા લખેલું હોય, તો તે એકઝિક્યૂટર જ્યાં સુધી વિલ ખરૂં છે એમ સાબિત કરે નહીં, અથવા એકઝિક્યૂટર તરીકે કામ કરવાનો પોતાનો ઇરાદો બીજી રીતે દેખાડે નહીં, ત્યાં સુધી તે વારસો તેને મળશે નહીં. (કલમ ૧૨૮.)

અએ પોતાના વિલનો કને એકઝિક્યૂટર નિમ્યો છે, અને તેને કાંઇ વારસો આપવા વિલમાં લખ્યું છે. વિલમાં ફરમાવ્યા મુજબ ઉત્તર ક્રિયા કરવા ક હુકમ કરે છે, પણ વિલ સાબિત કર્યા વગર અની પછી થોડા દીવશમાં ક ગુજરી જાય છે. એવી રીતે એકઝિક્યૂટર તરીકે કામ કરવાનો પોતાનો ઇરાદો કએ દેખાડયો, તેથી તેને આપવા લખેલો વારસો તેના વારસ વકીલને મળશે.

(કલમ ૧૨૮ ઉપર દાખલો.)

વારસો નષ્ટ થવા બાબત.

(૧) વારસો નષ્ટ થાય એટલે શું ?

વિશેષ જાતના વારસામાં જે મિલ્કત આપવા વિલમાં ફરમાવ્યું હોય, તે મિલ્કત વસિયત કરનારના મરણ વખતે તેના કબજામાં ન હોય, અથવા બીજા પ્રકારની મિલ્કતમાં તેને બદલી નાંખી હોય, તો તે વારસો નષ્ટ થાય છે; એટલે તે વારસામાં આપેલી મિલ્કત વિલના અમલમાંથી ખેંચી લીધાના સબબથી તે વારસો અમલમાં મેલી શકાશે નહીં. (કલમ ૧૩૯.)

અ પોતાના વિલમાં ક્રને નીચે લખેલી જણુસો આપવાનું લખે છે:—બએ મને હીરાની વીંટી આપી હતી તે; મારી સોનાની સાંકળી; કલકત્તામાં મ નામના મહોલ્લામાં મારૂં રહેવાનું ઘર છે, તેમાં મારા મરણ વખતે જે સામાન હોય, તે સઘળો સામાન. હવે અ પોતાની હયાતીમાં તે વીંટી વેચી નાખે છે કે બીજાને આપી દે છે; તે સાંકળીનો પ્યાલો ઘડાવે છે; બીજું ઘર લઇને તેમાં પોતાના કલકત્તાના ઘરમાંનો સામાન ફેરવી દે છે. આ દરેક વારસા નષ્ટ થયા સમજવા.

(૨) વારસો કયારે નષ્ટ થાય છે?

કોઇ ત્રીજા માણુસ પાસેથી કાંઇ કીંમતવાળી જણુસ (મિલ્કત) લેવાનો હક વિશેષ જાતના વારસામાં આપવા વિલમાં ફરમાવ્યું હોય, તે જણુસ વસિયત કરનાર પોતે લે, તો તે વારસો નષ્ટ થાય છે.

કોઇ ત્રીજા માણુસ પાસેથી કાંઇ કીંમતવાળી જણુસ લેવાનો હક નહીં, પણ તે ત્રીજા માણુસ પાસેથી, વસિયત કરનાર અથવા તેના વારસ વકીલને કાંઇ રૂપિયા કે કાંઇ માલ મળવાનો હોય તે રૂપિયા કે તે માલ વારસામાં આપવા લખ્યું હોય, તે રૂપિયા કે માલ વસિયત કરનાર પોતે લઇ લે, પણ પોતાની સાધારણ માલ મિલ્કતમાં તે રૂપિયા કે માલ ભેળી ન નાંખે, તો તે વારસો નષ્ટ થતો નથી.—જો પોતાની બીજી માલ મિલ્કત સાથે તે રૂપિયા કે જણુસ વસિયત કરનાર ભેળી નાંખે તો વારસો નષ્ટ થશે. (કલમ ૧૪૧, ૧૪૯.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, અમુક જીંદગીના વિમાની પોલીસીમાં મારો જે લાભ છે તે મેં કને આપ્યો છે. ત્યારપછી અ

પોલીસીની રકમ પોતાની હયાતીમાં લે છે, તેથી ક ને આપેલો વારસો નષ્ટ થયો.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ક ની પાસે મારું લ્હેણું છે, તેમાં જેટલા રૂપિયા મને મળશે તે મેં બ ને આપ્યા છે. ઉપલા લ્હેણાના સઘળા રૂપિયા અ ને મળ્યા, જે અ એ પોતાની બીજી મિલ્કતથી જુદા રાખ્યા; તેથી બ ને આપેલો વારસો નષ્ટ થતો નથી.

(કલમ ૧૪૧ અને ૧૪૯ ઉપર દાખલા.)

કાંઇ આખી જણુસ વિશેષ જાતના વારસામાં આપવા વિલમાં ફરમાવ્યું હોય, તે જણુસનો કાંઇ ભાગ વસિયત કરનાર પોતે લે, તો જેટલો તે લે, તેટલો વારસો નષ્ટ થશે. તેમજ કાંઇ આખા ફંડ યા સ્ટોકનો કાંઇ ભાગ વિશેષ જાતના વારસામાં આપવાનું વિલમાં લખેલું હોય, તેમાંનો કાંઇ ભાગ વસિયત કરનાર પોતે લે, તો જેટલો ભાગ તે લે તેટલા ભાગનો વારસો નષ્ટ થશે; અને બાકીનું ફંડ કે સ્ટોક વિલમાં લખેલો વિશેષ વારસો આપવામાં કામે લાગશે. (કલમ ૧૪૨, ૧૪૩.)

જ્યારે કાંઇ સ્ટોક વિશેષ જાતના વારસામાં આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, અને વસિયત કરનાર ગુજરી જાય ત્યારે તે આખો સ્ટોક ન હોય, અથવા તેનો કાંઇ ભાગ ન હોય, તો તે આખો વારસો, અથવા જેટલો ભાગ ન હોય તેટલા ભાગનો વારસો નષ્ટ થશે. (કલમ ૧૪૫, ૧૪૬.)

કોઇ માણસને કાંઇ વારસો આપવાનું લખ્યા પછી, જો વસિયત કરનાર તેને માટે અમુક સેટલમેન્ટ કરશે, કે તેના ગુજરાન વાસ્તે બીજો કાંઇ બંદોબસ્ત કરી આપશે, તો તે સબબથી તે આખો વારસો યા તેનો કાંઇ ભાગ નષ્ટ થશે નહીં. (કલમ ૧૬૬.)

(૩) કયા પ્રસંગોમાં વારસો નષ્ટ થતો નથી?

વિશેષ જાતના વારસામાં જે મિલ્કત આપવા વિલમાં ફરમાવેલું હોય, અને વિલની તારીખ અને વસિયત કરનારના મરણની તારીખ, એ બે તારીખ વચ્ચેની મુદતમાં કોઇ કાયદાના અમલથી, યા જે દસ્તાવેજના આધારથી તે મિલ્કત વસિયત કરનારના કબજામાં હતી તે દસ્તાવેજની શરતો અમલમાં લાવતાં, તે વારસામાં આપેલી મિલ્કતમાં કાંઇ ફેરફાર થાય, તો તેવો ફેરફાર થયાના સબબથી તે વારસો નષ્ટ થતો નથી.

તેમજ વળી ઉપર કહેલી મુદતમાં વિશેષ જાતના વારસામાં આપેલી કોઈ માલ મિલ્કતમાં, વસિયત કરનારની જાણ કે સંમતિ વગર, કાંઈ ફેરફાર થાય, તો તેથી તે વારસો નષ્ટ થતો નથી. (કલમ ૧૫૦, ૧૫૧.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, હિંદના સરકારની જે પ્રોમિસરી નોટો, લગ્નની વખતે કરેલા કરાર મુજબ, વિલ કરી આપવાનો અને અધિકાર છે, તેમાંથી ૧૦,૦૦૦ રૂપિયાની નોટો મેં કને આપી છે. સદરહૂ અધિકારની રૂએ તે રૂપિયા અએ કની હયાતીમાં કૉન્સોલ્સમાં ફેરવી નાખ્યા, તેથી કને આપેલો વારસો નષ્ટ થશે નહીં. તેમજ જો અએ એમ લખ્યું હોય કે, સેંકડે ત્રણ ટકા વ્યાજના મારા કૉન્સોલ્સ છે તે સઘળા મેં કને આપ્યા છે, અને અને જણાવ્યા વગર તેનો આડતિયો સદરહૂ કૉન્સોલ્સ વેચીને તેનાં નાણાં ઇસ્ટ ઇંડિયા સ્ટોકમાં રોકે, તો તેથી કને આપેલો વિશેષ વારસો નષ્ટ થયો એમ સમજવું નહીં. (કલમ ૧૫૦ અને ૧૫૧ ઉપર દાખલા.)

જો વિશેષ જાતના વારસામાં કોઈ સ્ટોક આપવાનું વિલમાં લખ્યું હોય, તે સ્ટોક, પાછા મૂકવાની શરતે, ત્રીજા માણસને ઉછીના આપ્યા હોય, અને તે શરત પ્રમાણે તે ત્રીજે માણસ તે સ્ટોક પાછા મૂકે, તો તે વારસો નષ્ટ થશે નહીં.

એજ રીતે જો વિશેષ જાતના વારસામાં આપેલો સ્ટોક વેચી નાખ્યો હોય, તેજ જાતનો તેટલો સ્ટોક પાછળથી વેચાતો લીધો હોય, અને વસિયત કરનારના મરણ વખતે તે સ્ટોક તેના કબજામાં હોય, તો તે વારસો નષ્ટ થશે નહીં (કલમ ૧૫૨, ૧૫૩.)

અમુક જગા સાથે અમુક માલનો સંબંધ છે એ રીતે વર્ણન કરીને વિશેષ જાતના વારસામાં તે માલ આપવાનું વિલમાં લખ્યું હોય, પણ કોઈ થોડા વખત માટે, યા દગાથી, યા વસિયત કરનારની જાણ કે સંમતિ વિના તે માલ તે જગાથી ફેરવી બીજી જગાએ લઇ જઇ મુકયો હોય, તો તે સબબથી તે વારસો નષ્ટ થાય છે એમ સમજવું નહીં. તેમ, અમુક જગાએ વારસાની મિલ્કત છે એવું વિલમાં લખ્યું હોય, અને વારસામાં આપેલી મિલ્કતનું સ્પષ્ટ વર્ણન કરવાના ઇરાદાથીજ તે જગાએ તે મિલ્કત છે એમ કહ્યું હોય, તો તે મિલ્કત તે જગાએથી ફેરવવાના સબબથી તે વારસો નષ્ટ થાય છે એમ સમજવું નહીં. (કલમ ૧૪૭, ૧૪૮.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કલકત્તામાં મારૂં રહેવાનું ઘર છે, તેમાં મારા મરણ વખતે મારો સામાન હોય તે સઘળો મેં કને આપ્યો છે. તે સામાન આગથી બચાવવાની ખાતર બહાર કાઢયો, પણ તે ઘરમાં લાવીને પાછો મૂકયા પહેલાં અ ગુજરી ગયો. કનો વારસો નષ્ટ થતો નથી.

અ પોતાના વિલમાં એવું લખે છે કે, કલકત્તામાં મારૂં ઘર છે, તેમાં હમણા મારો જે સામાન છે, તે સઘળો મે કને આપ્યો છે. અનું એક ઘર કલકત્તામાં છે, અને બીજું એક ઘર ચીનસુરામાં છે. એ બન્ને ઘરમાં અ વારા ફરતી રહેતો; અને એકવડો સામાન હતો, તે એક ઘરથી બીજે ઘર જતી વખતે તે પોતાની સાથે લઇ જતો હતો. અ ગુજરી ગયો ત્યારે તેનો સામાન ચીનસુરામાંના તેના ઘરમાં હતો. કનો વારસો નષ્ટ થતો નથી.

(કલમ ૧૪૭. ૧૪૮ ઉપર દાખલા.)

કલમ ૧૩૯ માં ઠરાવ્યા પ્રમાણે જેમ વિશેષ જાતનો વારસો નષ્ટ થાય છે, તેમ દર્શક વારસો થતો નથી. તે વિષે ૧૪૦ મી કલમમાં ઠરાવ્યું છે કેઃ—જે માલ મિલ્કતમાંથી દર્શક વારસો આપવા વિલમાં ફરમાવેલું હોય, તે માલ મિલ્કત વસિયત કરનારના મરણ વખતે તેના કબજામાં ન હોય, અથવા બીજા પ્રકારની મિલ્કતમાં તેને બદલી નાંખી હોય, તો તે સબબથી તે વારસો નષ્ટ થતો નથી. પણ તેમ થાય ત્યારે તે દર્શક વારસો વસિયત કરનારની બીજી સાધારણ માલ મિલ્કતમાંથી અપાશે. તેમજ જો કોઇ પુંજીનો કાંઇ ભાગ વિશેષ જાતના વારસામાં આપ્યો હોય, અને તેજ પુંજીમાંથી દર્શક વારસો પણ આપ્યો હોય, અને વસિયત કરનારે તે પુંજીનો કાંઇ ભાગ પોતે લીધો હોય, જેથી બન્ને વારસા માટે જોઇએ એટલું તે પુંજીમાં ન રહે, તો વિશેષ જાતનો વારસો પહેલો આપવો; અને તે આપતાં જો તે પુંજીમાં કાંઈ બાકી રહે, તો તેમાંથી દર્શક વારસો આપવો; ત્યારબાદ દર્શક વારસો આપવામાં જેટલું ઘટે તેટલું વસિયત કરનારની બીજી સાધારણ માલ મિલ્કતમાંથી પૂરૂં કરવું. (કલમ ૧૪૪.)

વારસા ઓછા કરવા બાબત.

મરનારનું દેવું, જરૂરનો ખર્ચ, અને વિશેષ જાતના વારસા આપ્યા પછી વિલમાં આપવા લખેલા સાધારણ વારસા પૂરેપૂરા અપાય તેટલી તેની મિલ્કત ન હોય, તો સાધારણ વારસા વરાડે પ્રમાણે ઓછા કરવા.

જો મરનારનું દેવું તથા જરૂરનો ખર્ચ આપવા જેટલી તેની માલ મિલ્કત હોય, તો વિશેષ જાતના વારસા ઓછા કર્યા વગર આપવા.

વિલમાં લખેલા વારસા અપાય તેટલી માલ મિલ્કત ન હોય, તોપણ સાધારણ વારસા સાથે વિશેષ જાતનો વારસો ઓછો થશે નહીં. (કલમ ૨૮૭, ૨૮૮, ૧૩૬.)

મરનારનું દેવું તથા જરૂરનો ખર્ચ આપવા જેટલી માલ મિલ્કત હોય, તો જેને દર્શક વારસો આપવા વિલમાં લખ્યું હોય, તેને જે મિલ્કતમાંથી તે વારસો આપવાનો હોય તે મિલ્કત પૂરી થાય ત્યાં સુધી તેમાંથી તે આપવો; અને તે મિલ્કત પૂરી થયા પછી તે દર્શક વારસાનો કાંઇ ભાગ આપવો બાકી રહે, તો તેટલો બાકી રહેતો ભાગ સાધારણ વારસાની માફક મરનારની બીજી સાધારણ માલ મિલ્કતમાંથી સાધારણ વારસા લેનાર સાથે તે બાકી રહેલો દર્શક વારસો લેનારને આપવો. (કલમ ૨૮૯.)

મરનારની મિલ્કત, તેનું દેવું, તથા વિશેષ જાતના વારસા આપવા જેટલી ન હોય, તો વિશેષ જાતના વારસાની રકમો વરાડે પડતી ઓછી કરવી. (કલમ ૨૯૦.)

અ પોતાના વિલમાં કને ૫૦૦ રૂપિયાની હીરાની વીંટી, અને ખને ૧૦૦૦ રૂપયાનો ઘોડો આપવા લખે છે. અની સઘળી માલ મિલ્કત વેચવી પડી, અને તેનું દેવું આપતાં માત્ર ૧૦૦૦ રૂપિયા તેની પુંજીના રહ્યા. આ ૧૦૦૦ રૂપિયામાંથી રૂ. ૩૩૩–૫–૪ કને આપવા અને રૂ. ૬૬૬–૧૦–૮ ખને આપવા. (કલમ ૨૯૦ ઉપર દાખલો.)

વિલમાં વરસાણુ આપવાનું ફરમાવ્યું હોય, પણ વિલમાં આપવા લખેલા બીજા સઘળા વારસા આપવા જેટલી મરનારની માલ મિલ્કત ન હોય, તો બીજા નાણાંના વારસા જે વરાડે ઓછા થશે તે પ્રમાણે તે વરસાણુ પણ ઓછું થશે. (કલમ ૧૬૨.)

ટુંકમાં કહીએ તો, જ્યારે મરનારની માલ મિલ્કત પૂરતી ન હોય, ત્યારે સાધારણ વારસા પહેલ વહેલા ઓછા કરવામાં આવશે; ને પછી દર્શક વારસા; અને ત્યારબાદ વિશેષ જાતના વારસા ઓછા થશે.

જે મિલ્કતમાંથી દર્શક વારસો આપવાનો હોય તે મિલ્કત ન હોય, તો તે વારસો મરનારની સાધારણ માલ મિલ્કતમાંથી અપાશે; અને જ્યારે એમ કરવું પડે ત્યારે દર્શક વારસો સાધારણ વારસા સાથે વરાડે ઓછો થશે.

જો વિશેષ જાતનો વારસો નિષ્ફળ જાય, તો વસિયત કરનારની સાધારણ માલ મિલ્કતમાંથી તે અપાશે નહીં.

જો સઘળા વારસા આપવા જેટલી મરનારની માલ મિલ્કત ન હોય, તો વિલમાં લખેલા બીજા નાણાંના વારસા સાથે, વિલમાં જે વરસાણુ આપવા લખેલું હોય તે પણ ઓછું થશે.

વારસા ઓછા કરવાની બાબતમાં, નીચે લખેલા વારસા સાધારણ વારસા જેવા જાણવાઃ—

૧. હયાતી સુધી આપેલો વારસો; ૨. વરસાણુ ઉપજાવવા સારૂ નીમી આપેલી નાણાંની રકમ; અને ૩. વરસાણુ ઉપજાવવા સારૂ નાણાંની રકમ નીમી આપી ન હોય, તે વરસાણુની કીંમતના રૂપિયા. (કલમ ૨૫૧.)

વિલમાં લખેલા વારસા પાછા આપવા બાબત.

(૧) એકઝિક્યૂટર વારસો લેનાર પાસેથી વારસો કયારે પાછો માગી શકે?

વિલમાં લખેલા સઘળા વારસા અપાય તેટલી પૂરતી માલ મિલ્કત ન હોય, તો જે કોઇ વારસો જડજના હુકમથી એકઝિક્યૂટરે આપ્યો હોય, તે વારસો લેનાર પાસેથી તે પાછો માગી લેવાને તે એકઝિક્યૂટરને અધિકાર છે; પણ જો પોતાની મરજીથી કોઇ વારસો એકઝિક્યૂટરે આપ્યો હોય, અને ઉપર કહ્યા પ્રમાણે મરનારની મિલ્કત વારસા આપવા માટે ઓછી પડે, તો વારસો લેનાર પાસેથી તેને મળેલો વારસો પાછો માગી લેવાનો એકઝિક્યૂટરને અધિકાર નથી. (કલમ ૩૧૬, ૩૧૭.)

જ્યારે મરનારની સઘળી માલ મિલ્કત વિલમાં લખેલા વારસા આપવામાં એકઝિક્યૂટરે ખર્ચી નાંખી હોય, અને પછી મરનારનું કાંઇ દેવું કે જેની તેને પહેલાં ખબર ન હોય તેવું દેવું તે એકઝિક્યૂટરને આપવું પડે, તો જે જે માણસોને વારસા અપાઇ ગયા હોય તે દરેક પાસેથી ફાળે પડતા રૂપિયા પાછા માગી લેવાનો તેને અધિકાર છે. (કલમ ૩૧૯.)

(૨) વસિયત કરનારની માલ મિલ્કત એકઝિક્યૂટરે વહેંચી દીધાં હોય, તો જે માણસને પોતાનો વારસો મળ્યો ન હોય તેણે શું કરવું?

જે શરતે કાંઇ વારસો આપવાનો હોય તે શરત મુદ્દતસર ન પાળવાથી, એકઝિક્યૂટરે ફગો કર્યા વગર મરનારની માલ મિલ્કત વહેંચી દીધી હોય, તો તે માટે તે એકઝિક્યૂટર જોખમદાર થતો નથી; પણ જે માણસોને તે વારસો મળ્યો હશે તે માણસોએ તેવી લીધેલી રકમ પાછી આપવી પડશે. (કલમ ૩૧૮.)

એકઝિક્યૂટરે અથવા એડમિનિસ્ટ્રેટરે વિલમાં લખેલા વારસા આપ્યા પહેલાં મરનારના લ્હેણદારોને તથા બીજા માણસોને નોટીસ આપી મરનારની સામેના પોતાના દાવા નોંધાવવા જણાવ્યું હોય, તે નોટીસમાં લખેલી મુદ્દત પૂરી થયા પછી, કાયદેસર જે દાવાની તેને ખબર હોય તે અદા કરવા મરનારની માલ મિલ્કત, યા તેનો કાંઇ ભાગ તે વહેંચી શકશે. એકઝિક્યૂટરે કે એડમિનિસ્ટ્રેટરે એ પ્રમાણે વહેંચણ કરી હોય તે સંબંધે જે માણસોએ પોતાના દાવા બાબત લખી જણાવ્યું ન હોય તેઓને માટે તે એકઝિક્યૂટર જવાબદાર થતો નથી. પણ તે વહેંચી આપેલી મિલ્કત યા તેનો કાંઇ ભાગ જે માણસોને મળ્યો હોય, તેમની પાસેથી તે પાછો મેળવવાનો હરકોઇ લ્હેણદાર, અથવા દાવો કરનારનો હક આ કલમથી રદ્દ થતો નથી. (કલમ ૩૨૦.)

વસિયત કરનાર ગુજરી ગયો ત્યારે તેનું દેવું અને વિલમાં લખેલા વારસા આપવા જેટલી તેની માલ મિલ્કત હોય કે ન હોય, તેમ એકઝિક્યૂટરે જે વારસા આપ્યા હોય તે તેની મરજીથી આપ્યા હોય કે નહીં, એ હકીકત ઉપર ધ્યાન આપ્યા વગર જે લ્હેણદારનું દેવું પત્યું ન હોય

સે લ્હેણદારને, જે વારસો લેનારને વારસો મળ્યો હોય તેની પાસેથી, તે વારસો પાછો માગવાનો હક છે. (કલમ ૩૨૧.)

જો વસિયત કરનારના મરણ વખતે વિલમાં લખેલા સઘળા વારસા આપવા જેટલી તેની માલ મિલ્કત હોય, અને જે માણસને વારસો આપવાનું વિલમાં લખ્યું હોય તેને તે મળ્યો ન હોય, અથવા જે માણસને વસિયત કરનારના લ્હેણદારે ઉપલી કલમ મુજબ વારસો પાછો આપવાની ફરજ પાડી હોય, તે માણસ જેને પૂરેપૂરો વારસો મળ્યો હોય તેને તેનો વારસો પાછો આપવા ફરજ પાડી શકે નહીં. પણ જ્યારે વસિયત કરનારના મરણ વખતે વિલમાં લખેલા સઘળા વારસા આપવા જેટલી તેની માલ મિલ્કત ન હોય, ત્યારે જે માણસને પોતાને અપાયલો વારસો મળ્યો ન હોય, તેણે એક્ઝિક્યૂટર ઉપર પહેલ વહેલી ફરિયાદી માંડવી; અને જો એક્ઝિક્યૂટર નાદાર હોય, તો તેણે જેઓને વારસો મળ્યો હોય તેવા દરેકને ફાળે પડતો વારસો પાછો આપવા ફરજ પાડવી.

(કલમ ૩૨૨, ૩૨૩.)

માલ મિલ્કતનો યોગ્ય રીતે વહિવટ ચલાવ્યો હોત, તો જે પ્રમાણ મુજબ સઘળા આપેલા વારસા ઓછા થાત, તે પ્રમાણની રકમ કરતાં વત્તી રકમ એક વારસો લેનારે બીજા વારસો લેનારને આપવાની નથી. અને હરેક પ્રસંગે રૂપિયા પાછા આપવા પડે ત્યારે વગર વ્યાજે તે પાછા આપવા. (કલમ ૩૨૪, ૩૨૫.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, **ક**ને ૨૪૦ રૂપિયા આપવા; **ખ**ને ૪૮૦ રૂપિયા આપવા; અને **ગ**ને ૭૨૦ રૂપિયા આપવા. **અ**ની કૂલ માલ મિલ્કત ૧૨૦૦ રૂપિયાની છે; તેની બરાબર વ્યવસ્થા કરી હોત, તો ૨૦૦ રૂપિયા **ક**ને મળત, ૪૦૦ રૂપિયા **ખ**ને મળત, અને ૬૦૦ રૂપિયા **ગ**ને મળત. **ખ** અને **ગ**ને તેમનો વારસો પૂરેપૂરો મળ્યો છે, પણ **ક**ને કાંઇ પણ મળ્યું નથી. તેથી કલમ ૩૨૪ મુજબ **ક**, **ખ**ને ૮૦ રૂપિયા, અને **ગ**ને ૧૨૦ રૂપિયા પાછા આપવા ફરજ પાડી શકે.

મરનારનું દેવું તથા વિલમાં લખ્યા વારસા આપ્યા બાદ તેની બાકી રહેલી મિલ્કત જે માણસને વિલમાં શેષધનાધિકારી નીમ્યો હોય તેને આપવી. (કલમ ૩૨૬.)

વસિયત કરનારનું નિવાસ જે દેશમાં હોય ત્યાંના એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર તરફ બ્રિટિશ ઈંડિયામાંની તેની માલ મિલ્કત વહેંચી આપવા સારૂ મોકલી આપવા બાબત કલમ ૩૨૬ અ માં એમ ઠરાવ્યું છે કેઃ—

જે માણસ બ્રિટિશ ઈંડિયાનો નિવાસી ન હોય, તે બ્રિટિશ ઈંડિયામાં, તથા તેના મરણ વખતે જે દેશનો તે નિવાસી હોય ત્યાં, માલ મિલ્કત મૂકી ગુજરી જાય, અને બ્રિટિશ ઈંડિયામાંની તેની મિલ્કતના સંબંધમાં બ્રિટિશ ઈંડિયામાં પ્રોબેટ કે વહિવટ ચલાવવાની સનદ આપવામાં આવી હોય, તથા જે દેશનો તે નિવાસી હોય તે દેશમાંની તેની મિલ્કતના સંબંધમાં તે દેશમાં વહિવટ ચલાવવાની સનદ આપવામાં આવી હોય, ત્યારે બ્રિટિશ ઈંડિયામાંનો એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર, કલમ ૩૨૦ મુજબ નોટીસો આપીને તે નોટીસમાં લખેલી મુદ્દત પૂરી થયા બાદ, કાયદેસર જે દાવાની પોતાને ખબર હોય તે અદા કર્યા પછી, મરનારની બાકી રહેલી માલ મિલ્કત મળવાનો બ્રિટિશ ઈંડિયાની બહાર રહેનાર જે શખસોનો હક હોય તેમને તે શેષધન પોતે જાતે વહેંચી ન આપતાં, તે શેષધન તે શખસોને વહેંચી આપવા સારૂ મરનાર જે દેશનો નિવાસી હોય તે દેશના તેના એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટરની સંમતિથી તેની તરફ મોકલી આપવાને તે એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર મુખ્તિયાર છે.

વિલમાં લખેલ વારસો કબૂલ યા ના કબૂલ રાખવાની પસંદગી કરવા બાબત.

(૧) વિલની વિરૂદ્ધ પસંદગી કર્યાથી શું થાય?

જે મિલ્કતની વ્યવસ્થા કરવાનો પોતાનો અધિકાર ન હોય, તેવી મિલ્કતની વ્યવસ્થા (પોતાની માની યા ના માની), કોઈ માણસ પોતાની નજરમાં આવે તે પ્રમાણે કરે, તો તે મિલ્કતના માલિકે તે વ્યવસ્થા કબૂલ યા નાકબૂલ કરવાની પસંદગી કરવી જોઈએ. જો તે વ્યવસ્થા ના કબૂલ કરે, તો તેને જે વારસાનો ફાયદો આપવા વિલમાં લખ્યું હોય, તે તેણે મૂકી દેવો જોઈએ.

એ પ્રમાણે (પસંદગી કરનારે) મૂકી દીધેલો વારસો તે વારસો લેનારને આપવા જાણે વિલમાં લખ્યું ન હોય તે મુજબ તેની વ્યવસ્થા કરવી. પણ તે મિલ્કતની વિલમાં કરેલી વ્યવસ્થા ના કબૂલ કર્યાથી જે માણસ નિરાશ થાય, તેને જે વારસો આપવાનો વિલમાં પ્રયત્ન કર્યો હોય, તે વારસાની કીંમત યા તે વારસા જેટલા રૂપિયા (પસંદગી કરનારે) મૂકી દીધેલા વારસામાંથી આપવા.

(કલમ ૧૬૭–૧૬૯.)

સુલતાનપુરનું ખેતર કની મિલ્કત છે. અ તે ખેતર ખને આપવા પોતાના વિલમાં લખે છે, અને કને ૧૦૦૦ રૂપિયાનો વારસો આપવા લખે છે. અએ કરેલી વ્યવસ્થા ના કબૂલ કરીને, ક પોતાનું ખેતર પોતાની પાસે રાખવાનું પસંદ કરે છે. તે ખેતર ૮૦૦ રૂપિયાની કીંમતનું છે. કએ પોતાને આપેલો ૧૦૦૦ રૂપિયાનો વારસો મૂકી દેવો જોઇએ. તે મૂકી દીધેલા ૧૦૦૦ રૂપિયામાંથી ૮૦૦ રૂપિયા ખને આપવા. બાકીના ૨૦૦ રૂપિયા અના શેષધનમાં ગણાશે, અથવા વગર વસિયતે ગુજરી જનાર માણસની માલ મિલ્કતના વારસા બાબત જે નિયમ છે તે મુજબ તેની વ્યવસ્થા થશે. (ઉપલી કલમો ઉપર દાખલો.)

ઉપર લખેલી પસંદગી કરવા બાબતની હકીકત ટુંકામાં આ પ્રમાણે છે:—અ, કની મિલ્કત ખને આપવા, પોતાના વિલમાં લખે, અને કને પોતાની મિલ્કતમાંથી કાંઇ વારસો આપવા તેજ વિલમાં લખે, અને ક વસિયત કરનાર અના કહેવા મુજબ પોતાની મિલ્કત ખને લેવા દે, તોજ કને અએ આપેલો વારસો મળશે. એટલે વિલના દસ્તાવેજની શરત મુજબ લેવું, યા તેની વિરૂદ્ધ લેવું—એ બેમાંથી એક વાતની પસંદગી કએ કરવી જોઇએ. જો ક વિલની શરત મુજબ ચાલવાં પસંદગી કરે, તો ખને કની મિલ્કત મળે, અને કને અએ આપેલો વારસો મળે. પણ જો ક વિલની શરત મુજબ અમલ કરવાની પસંદગી ન કરે, એટલે પોતાની મિલ્કત પોતાની પાસેજ રહેવા દેવા માગે, અને ખને તે આપવા ન દે, તો અએ તેને જે વારસો યા જે ફાયદો વિલથી આપ્યો હોય, તે સઘળો કને મળશે નહીં; અને કને માટે લખેલો વારસો જાણે તેને માટે અએ લખ્યોજ ન હોય તે પ્રમાણે તે વારસાની વ્યવસ્થા થશે. હવે ક પોતાની મિલ્કત ખને નથી લેવા દેતો, તેથી નિરાશ થયેલા ખને વિલમાં જેટલો વારસો આપવાનો

અએ પ્રયત્ન કર્યો હોય, તેટલા વારસાની કીંમત યા તેટલા વારસાના રૂપિયા, કને જે વારસો (તેને વિલની શરતની વિરૂદ્ધ પસંદગી કર્યાથી) છોડી દેવો પડયો તેમાંથી, ખને આપવા જોઇએ.

જે મિલ્કત ખને આપવા લખી છે, તે મિલ્કત પોતાની નથી, એમ અ જાણતો હોય, કે પોતાની છે એમ ભૂલથી તેણે માન્યુ હોય, તે હકીકત સંબંધે પસંદગી કરવાના સવાલને, કશી પણ નિસ્બત નથી.

પસંદગી કરવાના સંબંધે જાણવાનું કે કોઇ માણસના હિત માટે કોઇ બીજાને (દાખલા તરીકે એકઝિક્યૂટરને) વારસો આપવા વિલમાં લખ્યું હોય, તો ખુદ તે માણસને વારસો આપવા લખ્યું હોય એમ સમજવું. એટલે કે જે માણસના હિત માટે વારસો આપ્યો છે તેનુંજ, વારસો કબૂલ યા ના કબૂલ રાખવાની પસંદગી કરવાનું કામ છે.

* (કલમ ૧૭૦.)

(૨) કયારે પસંદગી કરવાની જરૂર નથી?

વિલ મુજબ જે માણસને સીધી રીતે નહીં, પણ આડકતરી રીતે ફાયદો મળવાનો હોય, તેને પસંદગી કરવાની જરૂર નથી. (કલમ ૧૭૧.)

એક માણસની મિલ્કત બીજા માણસને આપવા વસિયત કરનાર પોતાના વિલમાં લખે, અને તે મિલ્કતનો માલિક પોતાની મિલ્કત બીજાને આપવા ના પાડે અને પોતેજ રાખવા પસંદ કરે, તો તેની મિલ્કતના બદલામાં તેને આપવા માટે લખેલો વારસો તેણે મૂકી દેવો જોઇએ; પણ તે સિવાય તેને કાંઇ બીજો વારસો આપવા વિલમાં લખ્યું હોય, તે મૂકી દેવાની જરૂર નથી; એટલે તેવો બીજો ઇલાયદો વારસો તે લઇ શકશે.

(કલમ ૧૭૨.)

અના લગ્ન વખતે કરાર થયો તેમાં એવી એક શરત હતી કે, અના મરણ વખતે તેની ઓરત હયાત હોય, તો તે પોતાની હયાતી સુધી સુલતાનપુરની જમીનનો ઉપભોગ કરે. અ પોતાના વિલમાં લખે છે કે, સુલતાનપુરની જમીનમાં મારી ઓરતનો જે હક સંબંધ છે તેના બદલામાં તેની હયાતી સુધી મેં તેને ૨૦૦૦ રૂપિયાનું વરસાણુ આપ્યું છે, અને તે જમીન મારા દીકરાને મેં આપી છે. વળી તેજ વિલમાં અએ પોતાની ઓરતને ૧૦,૦૦૦ રૂપિયાનો (બીજો ઇલાયદો)

વારસો આપવાનું લખ્યું છે. લગનના કરાર મુજબ પોતાને જે હક છે તે પ્રમાણે સુલતાનપુરની જમીનને પોતાના કબજામાં રાખવાની અની વિધવાએ પસંદગી કરી. તેથી તેને આપવા લખેલું વરસાણુ તેણે મૂકી દેવું જોઇએ; પણ ૧૦,૦૦૦ રૂપિયાનો બીજો ઇલાયદો વારસો તેને માટે લખેલો છે તે મૂકી દેવાની જરૂર નથી; એટલે તે ૧૦,૦૦૦ રૂપિયા તે વિધવા લઇ શકશે. (કલમ ૧૭૨ ઉપર દાખલો.)

(૩) શું કર્યાથી વિલ મુજબ પસંદગી કરી એમ સમજવું?

જે માણસને વિલમાં વારસો આપવાનું લખ્યું હોય, તે માણસ પસંદગી કરવાનો પોતાનો હક છે એ બાબતનું જ્ઞાન ધરાવતો હોય, તેમ પસંદગી કરવામાં ડહાપણદાર માણસ જે હકીકતોથી દોરવાય તેનું પણ તે માણસ જ્ઞાન ધરાવતો હોય, અથવા તે હકીકતો માટે તપાસ કરવાનું મૂકી દે, તો વિલમાં આપવા લખેલો ફાયદો કબૂલ કર્યાથી તે માણસે વિલમાં ફરમાવ્યા મુજબ પસંદગી કરી એમ સમજવું.

તેમજ જે માણસને વિલમાં કાંઇ ફાયદો આપવાનું લખ્યું હોય, તે માણસ તે વિલની વિરૂદ્ધ પસંદગી કરવાનો છે એમ દેખાડનારૂં કાંઇ કામ કર્યા વગર તે મિલ્કતનો બે વર્ષ સુધી ઉપભોગ કરે, તો (વિરૂદ્ધ પુરાવાની ગેરહાજરીમાં) ઉપર લખેલી હકીકતોનું તેને જ્ઞાન હતું, અથવા તેની તપાસ કરવાનું તેણે મૂકી દીધું હતું, એમ સમજવું.

એજ રીતે વારસાવાળી મિલ્કતમાં જે માણસોનો હક સંબંધ હોય તેઓને તેમની મૂળ સ્થિતિમાં જવાનું પોતાના કાંઇ કૃત્યથી વારસો લેનાર અશક્ય બનાવે, તો ઉપર મુજબ પસંદગી કરવાનું તેને જ્ઞાન હતું, અથવા તપાસ કરવાનું તેણે મૂકી દીધું હતું, એવું અનુમાન કરવું.

(કલમ ૧૭૩, ૧૭૪, ૧૭૫.)

અનો વડો દીકરો ક છે, અને સુલતાનપુરની જમીન તેના કબજા ભોગવટામાં છે. અએ તે જમીન ખને પોતાના વિલમાં આપવાનું લખ્યું, અને પોતાનું શેષધન કને આપ્યું. શેષધન ૫૦૦૦ રૂપિયાનું થશે, એવું અના એક્ઝિક્યુટરે કને જણાવ્યાથી ક સુલતાનપુરની જમીન ખને કબજા ભોગવટામાં લેવા દે છે. ત્યારબાદ કને માલૂમ પડે છે કે, શેષધન ૫૦૦ રૂપિયા કરતાં વધારે રકમનું નથી. તો

સુલતાનપુરની જમીનનો વારસો જે અએ બને આપ્યો હતો, તે કએ કાયમ કર્યો નથી એમ સમજવું. (કલમ ૧૭૩ ઉપર દાખલો.)

જે જમીન ઉપર કનો હક છે, તે જમીન અએ પોતાના વિલમાં બને આપવાનું લખ્યું, અને કને કોલસાની ખાણ આપી. તે ખાણ કએ પોતાના કબજા ભોગવટામાં લઇને ખાલી કરી. એ પ્રમાણે કર્યાથી જે જમીનનો વારસો અએ બને આપ્યો હતો, તે કએ કાયમ કર્યો એમ સમજવું. (કલમ ૧૭૪ ઉપર દાખલો.)

કલમ ૧૯૭ મુજબ, કોઇ પણ કારણથી વારસો લેનારે વારસો લેવા નાલાયક હોય, તો જ્યાં સુધી તેની નાલાયકી મટી જાય ત્યાં સુધી, અથવા કોઇ યોગ્ય અધિકારી પસંદગી બતાવે ત્યાં સુધી, પસંદગી કરવાનું કામ મુલતવી રહેશે.

અંતકાળ નજીક આવ્યો છે એવું સમજીને કરેલી બક્ષિશ બાબત.

(૧) "મોત નજીક આવ્યું છે એમ સમજીને બક્ષિશ કરી" એમ ક્યારે સમજવું ?

જ્યારે કોઇ માણસને મંદવાડ આવ્યો હોય, અને તે મંદવાડથી થોડા વખતમાં મરી જશે એવી તેને વકી હોય, ત્યારે એ મંદવાડથી હું મરૂં, તો આ જંગમ મિલ્કત રાખજો એવું કહીને તેવી મિલ્કત બીજા માણસને તે હવાલે કરે, તો તે "બક્ષિશ અંતકાળ નજીક આવ્યો છે એવું જાણીને કરી છે," એમ કહેવાય.

હરેક જંગમ મિલ્કતની વ્યવસ્થા કરવાને જે માણસને વિલથી અધિકાર હોય તેવી મિલ્કત એવી બક્ષિશમાં તે આપી શકશે.

એવી બક્ષિશ પાછી લેવાનો બક્ષિશ કરનારને અધિકાર છે.

જે મંદવાડ વખતે એવી બક્ષિશ કરી હોય, તે મંદવાડમાંથી બક્ષિશ કરનાર સાજો થાય, યા જે માણસને તે બક્ષિશ કરી હોય તે માણસ તે બક્ષિશ કરનારની પહેલાં મરણ પામે, તો તે બક્ષિશ અમલમાં આવશે નહીં, એટલે તે રદ બાતલ થશે. (કલમ ૧૭૮.)

(૩) આવી બક્ષિશ માટે શું શું અવશ્યનું છે?

(૧) એ બક્ષિશમાં જંગમ મિલ્કતજ આપવી જોઇએ. (૨) મોત નજીક આવ્યાની વકીથી તે મિલ્કત આપવી જોઇએ. (૩) જે માંદગીની વખતે તે મિલ્કત આપી હોય, તે માંદગીથીજ તે બક્ષિશ કરનારનું મોત નિપજે તો તે બક્ષિશ લેવાય એવા હેતુથી તે આપવી જોઇએ. (૪) બક્ષિશ કરનારે બક્ષિશમાં આપેલી મિલ્કત-ઉપરની પોતાની માલિકી છોડી દેવી જોઇએ. (૫) બક્ષિશ કરનારે પોતાની હયાતીમાં બક્ષિશ લેનારને તેના ઉપયોગ માટે, યા તેના ઉપયોગ માટે કોઇ બીજાને, તે મિલ્કત હવાલે કરવી જોઇએ. (૬) તેજ માંદગીથી બક્ષિશ કરનાર બક્ષિશ લેનારની હયાતીમાં ગુજરી જવો જોઇએ.

(૩) આવી જાતની બક્ષિશ અને બીજા પ્રકારના વારસા વચ્ચે ફરક શું છે?

આવી બક્ષિશ બીજા વારસા જેવીજ આ પ્રમાણે છે કે:—જેમ કોઇપણ વારસો વસિયત કરનાર પોતાની હયાતીમાં ફેરવી રદ્દ કરી શકે છે, તેમ આ જાતની બક્ષિશ પણ બક્ષિશ કરનાર પોતાની હયાતીમાં પાછી લેઇ શકે છે; અને જ્યારે મરનારની માલ મિલ્કતમાંથી તેનું દેવું પૂરેપૂરું અપાય એમ ન હોય, ત્યારે બીજા વારસાની સાથે આ જાતની બક્ષિશ પણ વરાડે ઓછી થાય છે.

પણ બીજા પ્રકારના સઘળા વારસા પૂરવાર અને સાબિત કરવા પડે છે, તેમ આ બક્ષિશ પૂરવાર કરવી પડતી નથી; અને વારસો લેનારના સંબંધમાં તેને આપેલા વારસા ઉપર તેનો હક પૂરો થાય તે માટે એક્ઝિક્યૂટરની સંમતિ અવશ્યની છે, તેમ આ બક્ષિશમાં એવી કાંઈ જરૂરિયાત નથી. બક્ષિશ કરનારની હયાતીમાં બક્ષિશ લેનારને હવાલે કીધાથી તે અમલમાં આવે છે.

અ ને મંદવાડ આવ્યો તેથી મરી જશે એમ ધારીને તે હેઠળ લખેલી જણસો કને હવાલે કરી કહે છે કે, જો હું મરી જાઊં, તો એ જણસો તમે રાખજો:—એક ઘડિયાળ, **અ** ને **ખ** એ લખી આપેલું ખત, અમુક જમીનના ગીરો ખત. હવે તે મંદવાડથી **અ** ગુજરી ગયો,

તેથી તે ઘડિયાળ, અએ લખી આપેલા ખતના દેવાનાં રૂપિયા, અને તે જમીનના ગીરે ખતનાં રૂપિયા, એ સઘળું રાખવાનો કને હક છે.

અ મંદવાડમાં પડયો તેથી મરી જશે એમ ધારીને જે પેટીમાં પોતાનો સામાન હતો, અને જે વખારમાં માલની ગાંસડીઓ હતી તે પેટીમાંનો સામાન અને તે વખારમાંની ગાંસડીઓ કને સ્વાધીન કરવાના ઇરાદાથી તે પેટીની અને વખારની કૂંચી અએ કને હવાલે કરી, અને કહ્યું કે હું મરી જાઉં, તો તમે તે સામાન અને ગાંસડીઓ રાખજો. જે મંદવાડ વખતે અએ કને ઉપર લખેલી ચીજો હવાલે કરી હતી તે મંદવાડથી અ ગુજરી ગયો. તેથી કને તે પેટી અને તેમાંનો સામાન, તેમજ વખારમાંની ગાંસડીઓ રાખવાનો હક છે.

અ મંદવાડમાં પડયો તેથી મરી જશે એમ ધારીને, અમુક જણસો-ના જૂદાં જૂદાં પોટલાં બાંધીને એક બાજૂએ મૂક્યાં, અને એક પોટલાં પર ક અને બીજા પોટલાં પર ખનું નામ લખ્યું. જે મંદવાડ વખતે અએ પોટલાં બાંધી નામ લખી બાજૂએ મૂકયાં હતાં તે મંદવાડથી અ ગુજરી ગયો. પોતાની હયાતીમાં તે પોટલાં કને અને ખને હવાલે અએ કર્યાં નહતાં, તેથી તેમાંની ચીજો કને કે ખને લેવાનો હક નથી.

(કલમ ૧૭૮ ઉપર દાખલા.)

પ્રોબેટ તથા ઍડમિનિસ્ટ્રેશન (વહિવટ ચલાવવાની સનદ) આપવા બાબત.

"પ્રોબેટ" એટલે વસિયત કરનારની માલ મિલ્કતનો વહિવટ કરવાની પરવાનગીના હુકમ સુદ્ધાં યોગ્ય અધિકારવાળી કોર્ટ અસલ વિલ પ્રમાણે પોતાની સહી મહોરની નકલ આપે તે નકલ. (કલમ ૩.)

(૧) મરનારનો કાયદેસર વકીલ કોણ?

ગુજરી ગયલા માણુસનો એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટર સઘળાં કામ માટે તેનો કાયદેસર વકીલ છે, અને તે હોદ્દાની રૂએ મરનારની સઘળી માલ મિલ્કત તેને કબજે થાય છે. (કલમ ૧૭૯.)

"એક્ઝિક્યૂટર" એટલે મરનારના છેલ્લાં વિલ પ્રમાણે વહિવટ ચલાવવાનું કામ જે માણસને વસિયત કરનારે સોંપ્યું હોય તે માણસ.

"એડમિનિસ્ટ્રેટર" એટલે એક્ઝિક્યૂટર ન હોય ત્યારે મરનારની માલ મિલ્કતનો વહિવટ ચલાવવા સારૂ યોગ્ય અધિકારીએ જે માણસને નીમ્યો હોય તે માણસ.

(કલમ ૩.)

પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન મળ્યા પછી એક્ઝિક્યૂટર અને એડમિનિસ્ટ્રેટરના હોદ્દા અને સત્તા ઘણે ભાગે સરખાં છે.

યાદ રાખવું કે, એક એક્ઝિક્યૂટરનો એક્ઝિક્યૂટર હોય, તો તે અસલ વસિયત કરનારનો એક્ઝિક્યૂટર નથી. એટલે કે બીજા માણસના એક્ઝિક્યૂટર તરીકે કોઇ વસિયત કરનારના હવાલામાં જે માલ મિલ્કત આવે, તે માલ મિલ્કત સદરહૂ એક્ઝિક્યૂટરનો જે એક્ઝિક્યૂટર હોય તેના હવાલામાં આવશે નહીં. મરનારની પોતાની જાત માલ મિલ્કત હશે તેજ તેના એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટરને સ્વાધીન થશે.

જાંહાંગીરજી વિરૂદ્ધ કુકીબાઇ (ઈ. લૉ. રી. ૨૭ મુંબઇ. પાનું ૨૮૧) વાળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું હતું કે, ૧૭૯ કલમ મુજબ જે એક્ઝિક્યૂટરોએ પ્રોબેટ મેળવ્યા ન હોય, તેઓને જેઓએ પ્રોબેટ મેળવ્યો હોય તેમની પાસેથી યાદી અને હિસાબ માગવાનો હક છે; કારણ કે હરકોઇ વખતે તેઓ પ્રોબેટ મળવા બાબત અરજ કરી શકે.

(૨) પ્રોબેટ કોને અપાય ?

જે માણસને વિલમાં એક્ઝિક્યૂટર નીમ્યો હશે, તેનેજ પ્રોબેટ અપાશે. (કલમ ૨૮૧.)

એક્ઝિક્યૂટરની નીમણોક સ્પષ્ટ યા ગર્ભિત રીતે થાય છે; અને જો કાંઇ ચોકસ કામ સારૂ વિલમાં એક્ઝિક્યૂટર નીમ્યો હોય, તો પ્રોબેટ તેટલા કામ જેટલોજ અપાશે. (કલમ ૧૮૨, ૨૧૯.)

અ પોતાના વિલમાં એવું લખે છે કે, ક મારો એક્ઝિક્યૂટર ન થાય, તો હું ખને મારો એક્ઝિક્યૂટર નીમુંછું. ખને ગર્ભિત રીતે એક્ઝિક્યૂટર નીમ્યો ગણાશે.

(૩) કોને પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન અપાય નહીં ?

જે માણસ સગીર (અઢાર વર્ષની ઉમરની અંદરનો) હોય, યા જેની અક્કલ ઠેકાણે ન હોય, અથવા જે પરણેલી સ્ત્રીએ પોતાના ધણીની સંમતિ અગાઉથી લીધી ન હોય, તેને પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન અપાય નહીં. (કલમ ૧૮૩, ૧૮૯.)

(૪) સગીરને એકઝિક્યૂટર નીમાય; પણ તેને પ્રોબેટ અપાય નહીં.

કોઇ સગીરને એકઝિક્યૂટર નીમવામાં આવે તો કાંઇ અડચણ નથી; પણ તેની ન્હાની ઉમર હોય ત્યાં સુધી તેને પ્રોબેટ અપાશે નહીં.

જો કોઇ સગીર એકલોજ એકઝિક્યૂટર હોય, તો તેનો કાયદેસર વાલી જે હોય તેને, અથવા કોર્ટને યોગ્ય જણાય તેવા બીજા કોઇ માણસને, તે સગીર પૂરેપૂરી અઢાર વર્ષની ઉમરનો થાય ત્યાં સુધી વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ અપાશે. પુખ્ત ઉમરનો થાય ત્યારે તે વિલનો પ્રોબેટ તેને મળશે; તે પહેલાં મળશે નહીં.

તેમ જો બે અથવા વધારે એકઝિક્યૂટર સગીર હોય, તો તેઓમાંથી કોઇ એક પુખ્ત ઉમરનો થાય ત્યાં સુધી વહિવટ ચલાવવાની સનદ આપવામાં આવશે નહીં. (કલમ ૨૧૫, ૨૧૬.)

(૫) ગાંડા માણસને એકઝિક્યૂટર નીમ્યો હોય તો કેમ થાય ?

કોઇ ગાંડો માણસ એકલો એકઝિક્યૂટર હોય, તો જે માણસને તેની માલ મિલ્કત યોગ્ય અધિકારીએ સોંપી હોય તેને, અથવા જે બીજા કોઇને નીમવાનું કોર્ટની નજરમાં વાજબી લાગે તેને, તે ગાંડો માણસ શુદ્ધબુદ્ધિમાં આવે ત્યાં સુધી, તે ગાંડાના ઉપયોગ અને તેના હિત માટે વિલ સાથે રાખી યા ન રાખી વહિવટ ચલાવવાની સનદ આપવી જોઇએ. (કલમ ૨૧૭.)

(૬) પરણેલી સ્ત્રીને પ્રોબેટ અપાય.

જ્યારે કોઇ પરણેલી સ્ત્રીને પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન અપાય, ત્યારે સાધારણ એકઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટરનો સઘળો અધિકાર તેને મળશે. (કલમ ૨૭૫.)

(૭) ઘણા એકઝિક્યૂટર હોય, તો પ્રોબેટ કોને અપાય?

એકઝિક્યૂટર ઘણા નીમેલા હોય, તો સઘળાને એકી વખતે, યા જૂદી જૂદી વખતે પ્રોબેટ અપાય.

ઘણા એકઝિક્યૂટરોને પ્રોબેટ આપ્યો હોય, તેમાંથી કોઇ ગુજરી જાય, તો બાકીના હયાત એકઝિક્યૂટરોને વસિયત કરનારના વકીલ તરીકે પૂરેપૂરી મુખ્તિયારી મળે છે.

ઘણા એકઝિક્યૂટરો કે એડમિનિસ્ટ્રેટરોમાંથી એક કે વધારે ગુજરી જાય, તો જે હયાત હોય તેમને તે હોદ્દાનો સઘળો અધિકાર મળશે.

(કલમ ૧૮૪, ૧૮૬, ૨૭૨.)

(૮) પ્રોબેટ આપ્યા બાદ પુરવણી જડે તો શું કરવું?

વિલનો પ્રોબેટ આપ્યા બાદ તેની પુરવણી જડે, અને તે પુરવણીથી વિલમાં કરેલી એકઝિક્યૂટરની નીમણોક રદ્દ કરી ન હોય, તો તે પુરવણીનો જૂદો પ્રોબેટ અપાશે; પણ જો તે પુરવણીથી જૂદા એકઝિક્યૂટરો નીમ્યા હોય, તો વિલનો આપેલો પ્રોબેટ રદ્દ કરવો જોઇએ, અને વિલ તથા પુરવણી બન્ને મળીને નવો પ્રોબેટ આપવો જોઇએ.

તેમજ વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપ્યા બાદ તે વિલની પુરવણી જડે, અને તે પુરવણી વસિયત કરનારે કરી હતી એવું યોગ્ય રીતે સાબિત થયાથી, તે તે સનદ સાથે રાખી શકાશે, અને તે મુજબ તે સનદ ફેરવી તથા સુધારી શકાશે. (કલમ ૧૮૫, ૨૩૩.)

(૯) પ્રોબેટ તથા એડમિનિસ્ટ્રેશન જરૂરનું કેમ છે?

પ્રોબેટ તથા વહિવટ ચલાવવાની સનદ તે પ્રાંતના યોગ્ય અધિકારીની કોર્ટે આપી હોય, તોજ એકઝિક્યૂટર કે વારસો લેનારનો હક સાબિત થશે.

તેમ વગર વસિયતે ગુજરનાર માણસની માલ મિલ્કતના કોઈ ભાગ ઉપરનો કાંઇ હક, યોગ્ય અધિકારીની કોર્ટ વહિવટ ચલાવવાની સનદ આપે તે પહેલાં ઇનસાફની કોઈ કોર્ટમાં સાબિત થઇ શકશે નહીં.

(કલમ ૧૮૭, ૧૯૦.)

કલમ ૧૮૦ માં એમ ઠરાવ્યું છે કે, વિલ ખરૂં છે એમ સાબિત કરીને પ્રાંતની હદ્દ બહારની યોગ્ય અધિકારીની કોર્ટમાં તે મૂકયું હોય, પછી તે કોર્ટ બ્રિટિશ ઇંડિયામાં કે પારકા મુલકમાં હોય, તોપણુ યોગ્ય અધિકારીની સહી મહોર વાળી તે વિલની અસલ પ્રમાણે નકલ રજુ કરવામાં આવે, તો તે નકલની નકલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ અપાશે.

(૧૦) પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન કયા વખતથી અમલમાં આવ્યાં ગણાશે ?

વિલનો પ્રોબેટ મળવાથી (૧) વસિયત કરનારના મરણુની તારીખથી તેનું વિલ કાયમ થાય છે, અને (૨) એકઝિક્યૂટરે વચ્ચેની મુદ્દતમાં જે કામ કર્યાં હોય તે પણુ સઘળાં કાયમ થાય છે.

તેમ વગર વસિયતે ગુજરી જનાર માણસના મરણુ વખતે વહિવટ ચલાવવાની સનદ મળી હોત, અને એડમિનિસ્ટ્રેટરને મરનારના સઘળા હક મળત, તેજ પ્રમાણે વહિવટ ચલાવવાની સનદ મળ્યાથી એડમિનિસ્ટ્રેટરને સઘળા હક મળશે. પણુ જે કામથી મરનારની મિલ્કત ઓછી થાય, યા તેને નુકસાન પહોંચે, તેવું કોઇ કામ એડમિનિસ્ટ્રેટર વચ્ચેની મુદ્દતમાં કરે, તો વહિવટ ચલાવવાની સનદ ઉપરથી તે કાયમ થશે નહીં. (કલમ ૧૮૮, ૧૯૧, ૧૯૨.)

આ દેશમાં કામ ચલાવવાના નિયમો પ્રમાણે કોઇ એકઝિક્યૂટરને દાવો કરવો હોય, તો તેને પહેલાં વિલ સાબિત કરવું જોઇએ, કારણુ કે દરેક બાબતમાં જે અધિકારની રૂએ તે દાવો લાવે છે તે હકીકત તેણે દાવા અરજીમાં જણાવવી જોઇએ; તેમ જે દસ્તાવેજની રૂએ તે દાવો કરતો હોય તે દસ્તાવેજ દાવા અરજી રજુ કરતી વખતે તેણે કોર્ટમાં હાજર કરવો જોઇએ.

એકઝિક્યૂટર પોતાનો હોદ્દો છોડે તે બાબત.

(૧) એકઝિક્યૂટર હોદ્દો કેમ છોડી શકે, અને તે છોડયાથી શું અસર થાય ?

એકઝિક્યૂટરને પોતાનો એકઝિક્યૂટર તરીકેનો હોદ્દો છોડવો હોય, તો (૧) જડજ રૂબરૂ મોઢેથી તેમ કહીને છોડાય, અથવા (૨) પોતાની સહી સાથેનું લખાણ આપીને છોડાય.

પણ એવી રીતે એકવાર તે હોદ્દો છોડયા બાદ ફરીથી કદીપણ તે માણસ તે વિલનો પ્રોબેટ માગી શકશે નહીં; એટલે તેજ વિલને સંબંધે પ્રોબેટ માગવાના તેના હકને, એકવાર એકઝિક્યૂટર તરીકેનો હોદ્દો છોડયાથી, હમેશનો બાધ આવશે. (કલમ ૧૯૪.)

(૨) એકઝિક્યૂટર હોદ્દો છોડે, તો કેમ કરવું ?

જો એકઝિક્યૂટર પોતાનો હોદ્દો છોડી દે, અથવા જો તે હોદ્દો કબૂલ યા ના કબૂલ કરવાની ઠરાવેલી મુદ્દતમાં તે હોદ્દો કબૂલ કરવા ચૂકે, તો વિલ ખરૂં છે એમ સાબિત કરી અપાશે; અને વગર વસિયતે ગુજરી જનાર માણસની બાબતમાં જે માણસને વહિવટ ચલાવવાનો અખ્તિયાર મળે, તે માણસને વિલની નકલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપવામાં આવશે. (કલમ ૧૯૫.)

(૩) એકઝિક્યૂટરે હોદ્દો છોડયો ન હોય, તો એડમિનિસ્ટ્રેશન આપ્યા પહેલાં શું કરવું ?

જે માણસને એકઝિક્યૂટર નીમ્યો હોય, તેણે પોતાનો હોદ્દો છોડયો ન હોય, તો એકઝિક્યૂટર તરીકેનો હોદ્દો કબૂલ કરવા યા છોડી દેવા તેને હુકમ કર્યા પહેલાં કોઈ માણસને વહિવટ ચલાવવાની સનદ (એડમિનિ-સ્ટ્રેશન) આપવી નહીં.

પણ એકઝિક્યૂટરોમાંના એકે યા વધુએ વિલ ખરૂં છે એમ સાબિત કર્યું હોય, તો તેઓ સઘળામાંનો છેલ્લો એકઝિક્યૂટર ગુજરી ગયા પછી, જે એકઝિક્યૂટરોએ વિલ ખરૂં છે એમ સાબિત કર્યું ન હોય, તેઓને એકઝિક્યૂટરનો હોદ્દો કબૂલ યા ના કબૂલ કરવા હુકમ ન કરતાં, વહિવટ ચલાવવાની સનદ આપવાને કોર્ટ મુખ્તિયાર છે. (કલમ ૧૯૩.)

વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ ક્યારે અને કોને અપાય તે બાબત.

મરનારે પોતાનું વિલ કર્યું હોય, પણ તેમાં કોઇ એક્ઝિક્યુટર નીમ્યો ન હોય, યા એવો નીમેલો એક્ઝિક્યુટર કાયદા પ્રમાણે લાયક ન હોય, યા એક્ઝિક્યુટર તરીકે કામ ચલાવવા ના પાડતો હોય, યા વસિયત કરનારની હયાતીમાં કે વિલ સાબિત કરી આપ્યા પહેલાં તે ગુજરી ગયો હોય, યા વિલ સાબિત કર્યા પછી મરનારની સઘળી માલ મિલ્કતનો વહિવટ ચલાવ્યા પહેલાં તે ગુજરી ગયો હોય, તો નીચે લખેલાં માણસોને એક પછી એક તે વિલ ખરૂં છે એમ સાબિત કરી આપવાની પરવાનગી અપાશે; અને વિલ સાથે રાખીને, સઘળી માલ મિલ્કતનો કે તેના જે ભાગનો વહિવટ ચલાવવાનો બાકી રહ્યો હોય તે ભાગનો, વહિવટ ચલાવવાની સનદ તેમને અપાશેઃ—

(૧) સર્વધનાધિકારી (સઘળા વારસા ઉપર જે માણસનો હક હોય તે), અથવા શેષધનાધિકારી (બાકી રહેલી માલ મિલ્કત લેનાર).

(૨) જે શેષધનાધિકારીને તેના વારસામાં કાંઇ હિત હોય, અને જે મરનારની માલ મિલ્કતનો પૂરેપૂરી રીતે વહિવટ ચલાવ્યા પહેલાં ગુજરી ગયો હોય તેવા શેષધનાધિકારીનો વારસ વકીલ.

(૩) વગર વસિયતે ગુજરી જનાર માણસની માલ મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન (વહિવટ પત્ર) મેળવવા હકદાર હોય તેઓ.

(૪) વારસામાં જે માણસનું હિત હોય, તેવો હર કોઇ વારસો લેનાર. અને છેલ્લે

(૫) મરનારનો કોઇ લ્હેણુદાર.

(કલમ ૧૯૬—૧૯૮.)

સર્વધનાધિકારી કે શેષધનાધિકારી ન હોય તેવા બીજા કોઇ વારસો લેનારને વહિવટ ચલાવવાની સનદ આપ્યા પહેલાં, કલમ ૧૯૯ માં ઠરાવ્યું છે કે, મરનારનાં નજીકના સગાંને એક પછી એક એડમિનિસ્ટ્રેશન લેવા યા ન લેવા જાહેર કરવા લિખિત હુકમ પ્રસિદ્ધ કરવો.

વગર વસિયતે ગુજરી જનારની માલ મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન મેળવવા બાબત.

વગર વસિયતે ગુજરી જનાર માણસની માલ મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન (વહિવટ ચલાવવાની સનદ) કોણ કરે, અને કયા અનુક્રમે કરે તે વિષે ૨૦૦ થી ૨૦૬ કલમો સુધીમાં બંદોબસ્ત કરેલો છે.

(૧) લગ્નના કે લોહીના ખેશીઓને એડમિનિસ્ટ્રેશન મળે.

કોઇ માણસ વગર વસિયતે ગુજરી જાય, તો લગ્નથી અથવા એક લોહીથી જોડાયેલાં તેનાં સગાં સંબંધી હોય તેમને નીચે લખેલા અનુક્રમે તથા નિયમ પ્રમાણે મરનારની માલ મિલ્કતનો વહિવટ ચલાવવાની સનદ મેળવવાનો અધિકાર છે:—

(૧) મરનારની વિધવા જો હયાત હોય, તો તે.

પણ કાંઇ ના લાયકીના સબબથી, યા મરનારની માલ મિલ્કતમાં તેને કાંઇ હિત ન હોય તે સબબથી, તે વિધવાને બાતલ કરવાનું કોર્ટની નજરમાં આવે, તો તેને એડમિનિસ્ટ્રેશન મળશે નહીં. (કલમ ૨૦૧.)

> વિધવા ગાંડી છે, અથવા તેણે જારકર્મ કર્યું છે, અથવા લગ્નની વખતે થયલા કરાર મુજબ તેના ધણીની માલ મિલ્કતમાં તેનું હિત નથી, એ કારણોસર વિધવાને વહિવટ ચલાવવાનાં કામમાંથી બાતલ કરવી એ વાજબી કારણ કહેવાય; પણ પોતાના ધણીના મરણ બાદ તેને બીજીવારનું લગ્ન કર્યું, તે ઉપર કહેલ બાતલ કરવાના કારણોમાં યોગ્ય કારણ ગણાય નહીં. (કલમ ૨૦૧ ઉપર દાખલો.)

જો જડજની નજરમાં આવે તો જે માણસને વિધવા ન હોત, તો વહિવટ ચલાવવાની સનદ મળત, તે માણસને વહિવટ ચલવવાના કામમાં વિધવાની જોડે સામેલ રખાશે. (કલમ ૨૦૧.)

(૨) વિધવા ન હોય, યા હોય ને તેને કોર્ટે બાતલ કરી હોય, તો વગર વસિયતે ગુજરી જનાર માણસની માલ મિલ્કત વહેંચી આપવાના નિયમ પ્રમાણે જે કોઇ તેની માલ મિલ્કતનો હિસ્સો લેવા હકદાર હોય, તેને વહિવટ ચલાવવાની સનદ કોર્ટે આપવી; પણ હિસ્સો લેવાનો જે વર્ગના

માણુસોને હક પહોંચતો હોય તે વર્ગમાં મરનારની મા હોય, તો તેને એકલીને વહિવટ ચલાવવાની સનદ લેવાનો અધિકાર છે. (કલમ ૨૦૩.)

મરનારના એક લોહીથી જોડાયેલાં સરખી પાયરીના સંગાંઓને વહિવટ ચલાવવાની સનદ લેવાનો અધિકાર સરખોજ છે. (કલમ ૨૦૪.)

પોતાના ધણીની માલ મિલ્કતનો વહિવટ ચલાવવાની સનદ લેવાનો જે અધિકાર તેની વિધવાને છે, તેવોજ અધિકાર ઓરતના મરણ વખતે તેનો ધણી જો હયાત હોય, તો તેને પોતાની ઓરતની માલ મિલ્કતનો વહિવટ ચલાવવાની સનદ લેવાને સંબંધે છે. (કલમ ૨૦૫.)

(૨) મરનારના લ્હેણુદારને એડમિનિસ્ટ્રેશન ક્યારે મળે ?

કલમ ૨૦૦ માં કહ્યા મુજબનો લગ્નથી યા એક લોહીથી જોડાયેલો મરનારનો કોઇ સગો ન હોય, તો મરનારના કોઇ લ્હેણુદારને વહિવટ પત્ર આપવો. (કલમ ૨૦૬.)

(૩) જ્યારે મરનારની માલ મિલ્કત બ્રિટિશ ઇંડિયામાં હોય ત્યારે આ આકટમાં ઉપર કહેલી કલમો પ્રમાણે એડમિનિસ્ટ્રેશન આપવું.

વગર વસિયતે ગુજરી જનાર માણસની માલ મિલ્કતના વારસા બાબતનો કાયદો જે દેશમાં બ્રિટિશ ઇંડિયાના કાયદાથી જૂદો હોય, તેવા દેશનો કોઇ નિવાસી કાંઇ માલ મિલ્કત બ્રિટિશ ઇંડિયામાં મૂકી ગુજરી જાય, તો વહિવટ ચલાવવાની સનદ ઉપર લખેલી કલમોના નિયમ પ્રમાણે આપવી. (કલમ ૨૦૭.)

સાવધિક (અવધ બાંધીને, યા અમુક વખત માટે) પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન આપવા બાબત.

૧. વખતની હદ બાંધીને આપેલી સનદ.

એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટરે અમુક મુદ્દત સુધીજ કામ કરવું તે બાબે ૨૦૮ થી ૨૧૧ કલમો સુધીમાં જણાવેલું છે.

(૧) ખોવાઇ ગયેલાં કે ગેરવલ્લે પડેલાં, યા (વસિયત કરનારના કોઇ કૃત્યથી નહીં, પણ અન્યાય કે હોનારતથી) નાશ થઇ ગયેલાં વિલની નકલનો અથવા તેના મુસદ્દાનો પ્રોબેટ, તેમજ (૨) ખોવાઇ ગયેલાં અથવા નાશ થઇ ગયેલાં વિલની નકલ કે મુસદ્દો ન હોય, તો તે વિલના મજકૂરનો પ્રોબેટ, અને તેજ પ્રમાણે (૩) અસલ વિલ હોય, પણ જે માણસના હવાલામાં તે હોય, તે માણસ કોર્ટની હકૂમતની બહાર હોય, તો તે વિલની નકલનો પ્રોબેટ, અવધ બાંધીને જ્યાં સુધી તે અસલ વિલ અથવા તેની સાબિત થયેલી નકલ રજુ કરવામાં આવે ત્યાં સુધીને માટે આપી શકાશે.

(૪) વળી જો મરનારનું વિલ છે એવું માનવાનો સબબ હોય, પણ તે હાલ તુરત હાથ લાગતું નથી એમ હોય, તો તે વિલ અથવા તેની સાબિત થયેલી નકલ રજુ કરવામાં આવે ત્યાં સુધીને માટે અવધ બાંધી વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે. (કલમ ૨૦૮—૨૧૧.)

૨. કોઇ એકને અધિકાર હોય, તેના ઉપયોગ તથા હિત માટે આપેલી વહિવટ ચલાવવાની સનદ.

આ મથાળાં મુજબની સનદ વિષે ૨૧૨ થી ૨૧૮ કલમો સુધીમાં સમજાવેલું છે.

(૧) ગેરહાજર એક્ઝિક્યૂટરના મુખ્તિયારને તે એક્ઝિક્યૂટરના ઉપયોગ તથા ફાયદા માટે વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે.

(૨) તેમ કોઇ માણસ હાજર હોઇને તેને વહિવટ ચલાવવાની સનદ મેળવવાનો હક હોત, તે માણસ ગેરહાજર હોય, તો તેના મુખ્તિયારને વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે.

(૩) અને જે માણસને, કોઇ વગર વસિયતે ગુજરી જાય તો વહિવટ ચલાવવાનો અધિકાર હોય તે ગેરહાજર હોય, તો તેના મુખ્તિયારને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે.

ઉપર કહેલા ત્રણ પ્રસંગોમાં ગેરહાજર એકઝિક્યૂટર અથવા ગેર-હાજર માણસના મુખ્તિયારને, તે એકઝિક્યૂટર અથવા તે માણસ પ્રોબેટ અથવા વહિવટ ચલાવવાની સનદ મેળવે ત્યાં સુધીને માટે અવધ બાંધીને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે. (કલમ ૨૧૨—૨૧૪.)

(૪) તેમજ જો કોઇ સગીર અથવા ગાંડો માણસ એકલોજ એકઝિક્યૂટર હોય, કે એકલોજ શેષધનાધિકારી હોય, તો તે સગીરના કાયદેસર વાલીને, અથવા તે ગાંડા માણસની માલ મિલ્કત જે માણસને યોગ્ય અધિકારીએ સોંપી હોય તે માણસને, નહીં તો કોર્ટને યોગ્ય જણાય તેવા બીજા કોઇને, જ્યાં સુધી તે સગીર પુખ્ત ઉમ્મરે પહોંચે, અને તે ગાંડો માણસ શાણપણમાં આવે ત્યાં સુધીને માટે, તેના ઉપયોગ અને ફાયદા સારૂ અવધ બાંધીને વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે. (કલમ ૨૧૫, ૨૧૭.)

(૫) જો બે યા વધારે સગીર એકઝિક્યૂટરોમાંનો યા શેષધનાધિકારી-માંનો, એક પણ પુખ્ત ઉમરનો થયો ન હોય, તો તેઓમાંથી કોઇ એક પુખ્ત ઉમરનો થાય ત્યાં સુધીને માટે અવધ બાંધીને વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે. (કલમ ૨૧૬.)

(૬) તેમજ વળી મરનારનું વિલ કાયદેસર અને ખરૂં છે કે નહીં તે બાબત, અથવા પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન મેળવવા યા રદ કરવા બાબત, મુકદ્દમો ચાલે ત્યાં સુધીને માટે, તે મરનાર માણસની માલ મિલ્કતનો એડમિનિસ્ટ્રેટર નીમવાનો અખ્તિયાર કોર્ટને છે. અને માલ મિલ્કત વહેંચવાના અધિકાર સિવાય સાધારણ એડમિનિટ્રેટરના સઘળા હક તેવા કોર્ટે નીમેલા એડમિનિસ્ટ્રેટરને મળશે. અને તેણે કોર્ટની સીધી દેખરેખ હેઠળ રહી, કોર્ટ ફરમાવે તેમ ચાલવું પડશે. (કલમ ૨૧૮.)

૩. વિશેષ કામો માટેની સનદ.

(૧) કાંઈ વિલમાં લખેલાં હદ બાંધેલાં કામ સારૂ એકઝિક્યૂટરની નિમણૂક કરી હોય, તો પ્રોબેટ તેટલીજ હદ બાંધીને આપવો. અને જો તે પોતાની તરફથી વહિવટ ચલાવવાની સનદ મેળવવા માટે મુખ્તિયાર નીમે, તો જે હદ બાંધીને વિલમાં કામ લખ્યું હોય તેટલીજ અવધ બાંધીને વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ અપાશે. (કલમ ૨૧૯.)

(૨) જો સાધારણ રીતે નીમેલો એક્ઝિક્યૂટર પોતાની તરફથી વિલ ખરૂં છે એમ સાબિત કરી આપવા માટે કોઇ મુખ્તિયારને અખ્તિયારી આપે, અને તે અખ્તિયારી અમુક વિશેષ કામ સારૂ હદ બાંધીને આપી હોય, તો તેટલીજ અવધ બાંધીને વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ અપાશે. (કલમ ૨૨૦.)

(૩) કોઇ માલ મિલ્કતનો એકલોજ ટ્રસ્ટી હયાત હોય તે ગુજરી જાય, અને તેનો કોઇ સાધારણ વારસ વકીલ ન હોય, યા હોય તો તે કામ કરવાને અશક્ત યા નારાજ હોય, તો તે માલ મિલ્કતમાં જે માણસનું હિત હોય તેને, અથવા તેની તરફથી બીજા કોઇ માણસને, તે મરનાર ટ્રસ્ટીના હવાલામાં જેટલી માલ મિલ્કત હતી તેટલી મિલ્કતનોજ વહિવટ ચલાવવાની સનદ અપાશે. (કલમ ૨૨૧.)

(૪) ચાલતે મુકદ્દમે મરનારના વારસ વકીલને પક્ષકાર બનાવવાની જરૂર હોય, અને એક્ઝિક્યૂટર અથવા એડમિનિસ્ટ્રેટર તે કામ કરવાને અશક્ત કે નારાજ હોય, તો મુકદ્દમામાં મરનારનો વારસ વકીલ થવા સારૂ તેનો હરકોઇ પક્ષકાર કહે તે માણસને, મુકદ્દમા બાબત આખરનું હુકમનામું થઇ સઘળું અમલમાં આવે ત્યાં સુધીને માટે, વહિવટ ચલાવવાની સનદ અપાશે. (કલમ ૨૨૨.)

(૫) જે એક્ઝિક્યૂટરને પ્રોબેટ અથવા જે એડમિનિસ્ટ્રેટરને એડમિનિસ્ટ્રેશન આપ્યું હોય તે, પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશનની તારીખથી બાર મહિના પૂરા થાય ત્યારે જે પ્રાંત કોર્ટે તે સનદ આપી હોય, તે પ્રાંતમાંથી ગેરહાજર રહે, તો તે કોર્ટની નજરમાં જે માણસ આવે તે માણસને, એક્ઝિક્યૂટર અથવા એડમિનિસ્ટ્રેટર ઉપર જે મુકદ્દમો ચલાવવાનો હોય, તેમાં પક્ષકાર થવાના, તથા તેમાં હુકમનામું થાય તે અમલમાં લાવવાના કામ જેટલીજ વહિવટ ચલાવવાની સનદ આપવાનો અધિકાર તે કોર્ટને છે.

(૬) તેમ મરનારની માલ મિલ્કત સહી સલામત રાખવા સારૂ જરૂર જણાય, તો જે ડિસ્ટ્રિક્ટમાં તે માલ મિલ્કતમાંની કાંઇ માલ મિલ્કત હોય તે ડિસ્ટ્રિક્ટના જડજને જે માણસ યોગ્ય જણાય તેને કોર્ટ હુકમ કરે તે મુજબ મરનારની માલ મિલ્કત એકઠી કરવાના તથા બચાવવાના, તથા તેના એસ્ટેટનું લ્હેણું હોય તે બાબત પહોંચ આપવાના કામ

જેટલોજ વહિવટ ચલાવવાની સનદ આપવાનો અખ્તિયાર છે.

(કલમ ૨૨૩, ૨૨૪.)

(૭) વગર વસિયતે કોઇ માણુસ ગુજરી ગયો હોય, અથવા વિલ હોય પણુ તેમાં નીમેલો એકઝિક્યૂટર કામ કરવા લાયક યા રાજી ન હોય, અથવા મરનારના મરણુ વખતે તે (એકઝિક્યૂટર) પ્રાંતની હદ બહાર રહેતો હોય, ત્યારે જે માણુસને વહિવટ ચલાવવાની સનદ લેવાનો અધિકાર હોત, તેથી જૂદા માણુસને વહિવટ ચલાવનાર નીમવાની કોર્ટને જરૂર જણુાય, તો તે માણુસને અવધ બાંધીને અથવા બાંધ્યા વગર વહિવટ ચલાવવાની સનદ આપી શકાશે. (કલમ ૨૨૫.)

૪. અપવાદ કરીને, તથા બાકી રહેલી મિલ્કતનો, વહિવટ ચલાવવાની સનદ.

અમુક બાબત એવી હોય કે અપવાદ કરવાની જરૂર લાગે, તો તે અપવાદ કરી વિલનો પ્રોબેટ, અથવા વિલ સાથે રાખી યા ન રાખીને વહિવટ ચલાવવાની સનદ અપાશે. એ પ્રમાણે જ્યારે અપવાદ કરીને સનદ આપ્યા પછી મરનારની કાંઇ બીજી માલ મિલ્કત હોય, તો જે માણુસને બાકી રહેલી માલ મિલ્કતનો પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન લેવાનો હક છે, તેને તે બાકી રહેલી માલ મિલ્કતનો પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન લેવાનો હક છે. (કલમ ૨૨૬–૨૨૮.)

૫. પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશનમાં ફેરફાર.

(૧) નામમાં અને વર્ણુનમાં, કે મરનારના મરણુની વેળા અને જગામાં, યા અવધ બાંધવાનું કારણુ કહેવામાં ચૂક પડી હોય, તો તે દુરસ્ત કરવાનો, અને પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન આપ્યું હોય તેમાં તે મુજબ ફેરફાર અને સુધારો કરવાનો કોર્ટને અખ્તિયાર છે. (કલમ ૨૩૨.)

(૨) વિલ સાથે રાખીને વહિવટ ચલાવવાની સનદ આપ્યા બાદ પુરવણી જડે, તો તે પુરવણી વસિયત કરનારે કરી હતી એમ યોગ્ય રીતે સાબિત થયાથી તે સનદ સાથે જોડવામાં આવશે, અને તે મુજબ તે સનદમાં ફેરફાર તથા સુધારો કરી શકાશે. (કલમ ૨૩૩.)

૬. જે માલ મિલ્કતનો વહિવટ ચલાવવો બાકી રહ્યો હોય, તેનો વહિવટ ચલાવવાની સનદ.

જે એક્ઝિક્યૂટરને પ્રોબેટ મળ્યો હોય, તે એકઝિક્યૂટર વસિયત કરનારની માલ મિલ્કતનો કાંઈ ભાગનો વહિવટ ચલાવ્યા વગર ગુજરી જાય, તો તેટલા ભાગનો વહિવટ ચલાવવા સારૂ નવો વારસ વકીલ નીમાશે; અને અવધ બાંધેલી સનદની મુદ્દત પૂરી થયાના સબબથી, મરનારની માલ મિલ્કતના કાંઈ ભાગનો વહિવટ ચલાવવાનું બાકી રહ્યું હોય, તો જે માણસોને પહેલો પ્રોબેટ યા વહિવટ ચલાવવાની સનદ આપવી યોગ્ય હોય, તેમને વહિવટ ચલાવવાની સનદ આપવી જોઇએ. (કલમ ૨૨૯, ૨૩૧.)

૭. પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન રદ્દ કરાય, યા તેમાં ફેરફાર કરાય.

કોઈને પ્રોબેટ અથવા વહિવટ ચલાવવાની સનદ આપી હોય, તો યોગ્ય કારણથી તે પ્રોબેટ યા તે સનદ રદ્દ કરાશે. (કલમ ૨૩૪.)

યોગ્ય કારણ ૨૩૪ સી કલમ હેઠલના ખુલાસામાં જણાવ્યાં છેઃ—

કારણ ૧ લું—પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન મેળવવા સારૂ જે પ્રોસીડિંગ કર્યાં, તેમાં મુદ્દાની ખામી હતી;

કારણ ૨ જું—ખોટી સૂચના કરીને યા તે કામ લગતી જરૂરની હકીકત કોર્ટથી છૂપાવીને પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન કપટથી મેળવ્યું હતું;

કારણ ૩ જું—પ્રોબેટ અથવા વહિવટ ચલાવવાની સનદ આપવા સંબંધી કાયદા પ્રમાણે જરૂર જણાતી હકીકત (અજ્ઞાનપણામાં અગર ભૂલ ચૂકથી) ખોટી રીતે જાહેર કરવાના સબબથી તે પ્રોબેટ યા તે સનદ મેળવી હતી;

કારણ ૪ થું—કેટલાક બનાવ બનવાથી, મળેલો પ્રોબેટ યા મળેલી વહિવટ ચલાવવાની સનદ નકામી અને રદ્દ થઇ ગઇ હતી;

કારણ ૫ મું—પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન જે માણસને મળ્યું હોય તે માણસે આ આક્ટના ૩૪ માં ભાગના ઠરાવો મુજબ યાદી કે હિસાબ જાણી જોઇને અને વાજબી કારણ વગર ન

બતાવ્યો, અથવા જરૂરની બાબતમાં ખોટી હોય એવી યાદી
કે હિસાબ સદરહુ માગ મુજબ તેણે બતાવ્યો હતો.

ઉપર લખેલાં પાંચ કારણો સિવાય બીજા યોગ્ય કારણોથી પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન રદ કરાય તે ૨૩૪ મી કલમ ઉપરના દાખલામાં આપ્યાં છે, તે નીચે પ્રમાણે છેઃ—

૧. જે કોર્ટે પ્રોબેટ યા વહિવટ ચલાવવાની સનદ આપી, તે કોર્ટને તે આપવાની હકૂમત નહતી.

૨. જે માણસોને બોલાવવા જોઇતા હતા, તેઓને બોલાવ્યા વગર પ્રોબેટ યા તે સનદ આપવામાં આવી હતી.

૩. જે વિલનો પ્રોબેટ મળ્યો હતો, તે વિલ ખોટું બનાવેલું હતું અથવા તે રદ કરેલું હતું.

૪. અમુક માણસની વિધવા તરીકે કોઇ સ્ત્રીએ તે પુરૂષની માલ મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન મેળવ્યું હતું, પણ પાછળથી એમ જણાયું હતું કે તે સ્ત્રીએ તે પુરૂષ સાથે કદી લગ્ન કર્યા નહોતાં.

૫. અમુક માણસ વગર વસિયતે ગુજરી ગયો હોય તેવી રીતે કોઇએ તે માણસની માલ મિલ્કતનો વહિવટ ચલવવાની સનદ લીધી હતી, પણ ત્યાર પછી તે માણસનું વિલ જડયું હતું.

૬. એક વિલનો પ્રોબેટ આપ્યા બાદ, તે વિલની તારીખ પછીનું વિલ જડયું હતું.

૭. વિલનો પ્રોબેટ આપ્યા બાદ, તે વિલની પુરવણી જડી હતી, જેમાં વિલમાં લખેલા એકઝિકયૂટરની નીમણોક રદ કરવાનું અથવા વધુ એકઝિકયૂટરો નીમવાનું લખ્યું હતું.

૮. જે માણસને પ્રોબેટ અથવા વહિવટ ચલાવવાની સનદ આપી હતી, તે માણસ તે મળ્યા બાદ ગાંડો થયો હતો.

તેમ જો કોઇ સગીર પોતે પુખ્ત ઉમરનો છે એવું સમજાવી, યા એવી સમજથી, પ્રોબેટ મેળવે, અથવા કોઇ એક એકઝિકયૂટર અમુક હયાત માણસના વિલનો પ્રોબેટ મેળવે, તો તેવા પ્રોબેટ રદ કરાવી શકાશે.

તેમ વળી એવું પૂરવાર થાય કે, લ્હેણદારનાં લ્હેણાં ખોટાં કરવાના ઇરાદાથી દગલબાજીથી, પ્રોબેટ મેળવ્યો છે, તો તે પ્રોબેટ પણ રદ કરાવી શકાશે.

રદ્દ કરેલાં યા મોકુફ કરેલા પ્રોબેટ યા વહિવટ ચલાવવાની સનદ પાછી આપવા બાબત હિંદુસ્તાનના વારસા-હિસ્સા બાબતના આક્ટની ૩૩૭ મી કલમમાં ઠરાવ્યું છે કેઃ—

"(૧) પ્રોબેટ યા વહિવટ ચલાવવાની સનદ આ આક્ટ મુજબ રદ્દ યા મોકુફ કરી હોય, તો જે માણસને જે કોર્ટે તે પ્રોબેટ કે તે સનદ આપી હોય, તે કોર્ટમાં તે તાબડતોબ પહોંચતી કરવી."

"(૨) એવો માણસ જાણી બુજીને અને વાજબી કારણ સિવાય તે પ્રોબેટ કે તે સનદ ઉપર કહ્યા પ્રમાણે કોર્ટમાં પહોંચતી કરવાને ચૂકશે, તો તે માણસ ૧૦૦૦ રૂપિયા સુધીના દંડ, અથવા ત્રણ મહિનાની મુદ્દત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદ, યા એ બન્ને શિક્ષાને પાત્ર થશે."

પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન આપવા તથા રદ્દ કરવાની રીત (પ્રેકટીસ) બાબત.

આ વિષય સાધારણ વાંચક વર્ગના કરતાં ઇનસાફની અદાલતમાં કામ કરનારને વધારે ઉપયોગી હોવાથી આ જગાએ તે પૈકી અગત્યનો ભાગ ટુંકામાં આપવામાં આવ્યો છે.

પોતાની ડિસ્ટ્રિકટ માંહેના સઘળા કેસોમાં પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન આપવાની તેમજ રદ્દ કરવાની હકુમત ડિસ્ટ્રિકટ જડજને છે.

આ આક્ટ પ્રમાણે ડિસ્ટ્રિકટ જડજને જે હકુમત છે, તે સઘળી હકુમત હાઇ કોર્ટને પણ છે; અને એવી હકુમતની રૂએ ડિસ્ટ્રિકટ જડજે કરેલા હુકમ ઉપર હાઇ કોર્ટમાં અપીલ થઇ શકે છે.

(કલમ ૨૭૫, ૨૬૭, ૨૬૪.)

બિન તકરારી કેસોમાં પ્રોબેટ તથા એડમિનિસ્ટ્રેશન આપવાનું કામ કરવા સારૂ ડિસ્ટ્રિકટ જડજને બદલે ડેલીગેટ નીમવાનો અધિકાર હાઇ કોર્ટને છે; અને તેઓ "ડિસ્ટ્રિકટ ડેલીગેટ" કહેવાશે.

દીવાની કેસોમાં જે સત્તા અને અખિકાર કાયદા પ્રમાણે ડિસ્ટ્રિક્ટ જડજને છે, તેજ સત્તા અને અખિકાર પ્રોબેટ તથા એડમિનિસ્ટ્રેશન આપવામાં અને તે સંબંધીનાં સઘળાં કામ કરવા બાબતમાં તેને છે.

(કલમ ૨૩૫ અ, ૨૩૬.)

વિલને લગતાં વળગતાં પત્રો યા દસ્તાવેજ લાવીને કોર્ટમાં રજુ કરવા ડિસ્ટ્રિક્ટ જડજ હરકોઇ માણસને હુકમ કરી શકે છે. (કલમ ૨૩૭.)

પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન આપવા બાબતનાં કામોમાં દીવાની કોર્ટના કામ ચલાવવાની રીત બાબતના કાયદાના નિયમો લાગુ પડે તેટલા લાગુ પાડવા. (કલમ ૨૩૮.)

પ્રોબેટ આપવામાં આવે ત્યાં સુધી મરનારની માલ મિલ્કતમાં પોતાનો હક પહોંચે છે એ રીતે દાવો કરનાર કોઇ માણસ અરજી કરે, અથવા મરનારની માલ મિલ્કતનો નાશ કે નુકસાની થવાનો સંભવ લાગે, તો ડિસ્ટ્રિક્ટ જડજે પોતે વચ્ચે પડવું, તથા તે માલ મિલ્કતને સહી સલામત રાખવી. (કલમ ૨૩૯.)

જે ડિસ્ટ્રિક્ટ જડજની હકૂમતની હદમાં વિલ કરી યા કર્યા વગર ગુજરી જનાર માણસનું તેના મરણ વખતે કાયમ રહેઠાણ હોય, અથવા તેની કાંઇ માલ મિલ્કત તે હદમાં હોય, તે ડિસ્ટ્રિક્ટ જડજ પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન આપી શકશે. (કલમ ૨૪૦.)

જે ડિસ્ટ્રિક્ટમાં મરનારનું કાયમ રહેઠાણ ન હોય, તે ડિસ્ટ્રિક્ટના જડજને અરજી કરી હોય, અને તે અરજીનો નિકાલ બીજી ડિસ્ટ્રિક્ટમાં થવો જોઇએ એમ લાગે, તો તે જડજ તે અરજી ના મંજુર કરી શકે; અને વહિવટ ચલાવવાની સનદ માટે અરજી હોય, તો સઘળી મિલ્કત બાબત તે સનદ આપવી, કે પોતાની હકૂમતની હદમાં જેટલી મિલ્કત હોય તેટલી મિલ્કત સંબંધેજ તે સનદ આપવી, એ ડિસ્ટ્રિક્ટ જડજની મુનસફીની વાત છે. (કલમ ૨૪૧.)

કલમ ૨૪૦ મુજબ ડિસ્ટ્રિક્ટ જડજની હકૂમતની હદમાં મરનારની કાંઈ મિલ્કત ન હોય, યા તેનું કાયમ રહેઠાણ ત્યાં ન હોય, તો તેની મિલ્કતની બાબતમાં એક પારસીને વહિવટ ચલાવવાની સનદ મળશે નહીં, એમ ફરદુનજી વિરૂદ્ધ નવાજબાઇ (ઈ. લૉ. રી. ૧૭ મુંબઈ, પાનું ૬૮૯) વાળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે.

૨૪

વિલ કરી યા કર્યા વગર ગુજરી જનાર માણસ તેના મરણ વખતે પોતાની હકુમતની હદમાં રહેતો હતો એમ હરકોઈ ડિસ્ટ્રિક્ટ ડેલીગેટને જણાય, તો હરકોઈ બિન તકરારી કેસમાં પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન આપવાનો અધિકાર તે ડેલીગેટને છે. (કલમ ૨૪૧ અ.)

વારસ વકીલ થવાના અધિકાર સંબંધે પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન નિર્વિવાદ આધાર છે. પણ જ્યારે કોઈ હાઈ કોર્ટે આખા બ્રિટિશ ઈંડિયામાં અમલ ચાલે એવો પ્રોબેટ કે એવું એડમિનિસ્ટ્રેશન આપ્યું હોય, ત્યારે તે હકીકત જાહેર કરતી સર્ટિફિકેટ બીજી હાઈ કોર્ટોને તે હાઈ કોર્ટે મોકલાવવી જોઈએ. (કલમ ૨૪૨, ૧૪૨ અ.)

પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન માગવાની અરજી ઉપર અરજદારે, અને તેનો કોઈ વકીલ હોય, તો તેણે સહી કરવી જોઈએ; અને તે અરજીના ખરાપણા બાબત અરજદારે, અને વિલના શાહેદોમાંથી એક શાહેદ મળે, તો તેણે પ્રતિજ્ઞા કરવી જોઈએ. કોઈ માણસ જાણી બુજીને તે અરજીના ખરાપણા બાબત ખોટી પ્રતિજ્ઞા કરશે, તો ખોટી શાહેદી પૂરવા બાબત યા ખોટા શાહેદી ઉભા કરવા બાબતની શિક્ષાને તે પાત્ર થશે.

ડિસ્ટ્રિક્ટ જડજ અથવા ડેલીગેટની નજરમાં આવે, તો પોતાની જાતે અરજદારને સમ ખવડાવીને કે પ્રતિજ્ઞા ઉપર પુછવાને, તેમ બીજો પૂરાવો માગવાને તથા ચાલેલું કામ આવીને જોવાનું આજ્ઞા પત્ર મોકલવાને, તે મુખ્તિયાર છે.

(કલમ ૨૪૭—૨૫૦.)

પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન માગવાની અરજી યોગ્ય રીતે કરી હોય અને તે ઉપર તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ હોય, તો પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન આપવાને તે અરજી નિર્વિવાદ આધાર છે. (કલમ ૨૪૩.)

પ્રોબેટ માગવાની અરજી કેમ કરવી?

પ્રોબેટ માગવાની અરજી અંગ્રેજી ભાષામાં, યા જે કોર્ટ પાસે પ્રોબેટ માગવો હોય તે કોર્ટનું કામ હમેશાં જે ભાષામાં ચાલતું હોય તે ભાષામાં, સાફ અક્ષરે લખીને કરવી. તેની સાથે વિલ જોડવું (એટલે ટાંકવું); અને તે અરજીમાં નીચે લખેલી હકીકતો લખીને પ્રોબેટ માગવો:—
વસિયત કરનારના મરણની વેળા, સાથે રાખેલો દસ્તાવેજ મરનારનું

એવું વિલ તથા માલ મિલ્કતનું અવસ્થા પત્ર છે, તે ઉપર સહી સાખ બરાબર થઇ છે, અરજદારના હાથમાં જેટલા અવેજની રકમ આવવાનો સંભવ હોય તેટલી રકમ, અને અરજદાર તે વિલમાં નીમેલો એક્ઝિક્યૂટર છે.

જો ડિસ્ટ્રિક્ટ જડજને અરજી આપવી હોય, તો ઉપર કહેલી હકીકત ઉપરાંત મરનારના મરણ વખતે તે જડજની હકૂમતની હદમાં તેનું કાયમ રહેઠાણ હતું, અથવા તેની કાંઇ જંગમ કે સ્થાવર મિલ્કત હતી, એ બાબત પણ તે અરજીમાં જણાવવી જોઇએ.

અને જ્યારે ડિસ્ટ્રિક્ટ ડેલીગેટને અરજ કરવી હોય, ત્યારે વિશેષમાં તેમાં એમ લખવું કે મરનારના મરણ વખતે સદરહુ ડેલીગેટની હકૂમતની હદમાં તે રહેતો હતો.

અંગ્રેજી ભાષા સિવાય બીજી કોઇ ભાષામાં, આ કોર્ટનું કામ સાધારણ ઉપયોગમાં વપરાતી જે ભાષા હોય તે ભાષા સિવાય બીજી કોઇ ભાષામાં વિલ લખ્યું હોય, તો જે ભાષામાં તે વિલ લખ્યું હોય તે ભાષાનો કોર્ટે નીમેલા તરજુમો કરનાર પાસે તરજુમો કરાવી પ્રોબેટની અરજી ભેગો રાખવો. જો કોઇ બીજી ભાષામાં વિલ લખ્યું હોય તો તેનો તરજુમો કરવાને કોઇ યોગ્ય માણસ હોય, તેની પાસે તે તરજુમો કરાવવો; અને એવી રીતે બીજા યોગ્ય માણસ પાસે તરજુમો કરાવ્યો હોય, તો તે તરજુમો કરનારે તે તરજુમાના ખરાપણા બાબત પ્રતિજ્ઞા કરવી.

(કલમ ૨૪૪, ૨૪૫.)

વહિવટ ચલાવવાની સનદ માગવાની અરજી કેમ કરવી?

વહિવટ ચલાવવાની સનદ ઉપર કહ્યા મુજબ સાફ અક્ષરે અરજી લખીને માગવી. તેમાં મરનારના મરણની વેળા તથા જગા, મરનારનું કુટુંબ યા બીજા સગા વાહલાં, અને તેમના રહેવાના ઠેકાણાં, અરજદાર જે હકથી માગતો હોય તે; જે ડિસ્ટ્રિક્ટ જડજ યા ડેલીગેટને અરજી આપવી હોય તેની હકૂમતની હદમાં માલ મિલ્કત હોય તે, અને અરજદારના હાથમાં જે અવેજની રકમ આવવાની હોય તે રકમ,—એ સઘળી બાબતો લખવી.

અને ડિસ્ટ્રિક્ટ ડેલીગેટને જ્યારે અરજ કરવી હોય, ત્યારે તે અરજીમાં વિશેષ લખવું કે મરનાર ગુજરી ગયો ત્યારે સદરહુ ડેલીગેટની હકૂમતની હદમાં તે રહેતો હતો. (કલમ ૨૪૬.)

આખા બ્રિટિશ ઈંડિયામાં અમલ ચાલે એવો વિલનો પ્રોબેટ યા એવું એડમિનિસ્ટ્રેશન માગવા સારૂ હાઇ કોર્ટને અરજ કરનાર દરેક માણસે પોતાની અરજીમાં, ઉપર કહેલી જોઇતી હકીકત ઉપરાંત એવું લખવું કે, ઉપર કહેલા પ્રકારનો અમલ ચાલે એવો તેજ વિલનો પ્રોબેટ યા મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન માગવા સારૂ, કોઇ પણ હાઇ કોર્ટને મારા પૂરેપૂરા માનવા પ્રમાણે અરજી કરવામાં આવી નથી; અથવા જ્યારે એવી બીજી કોઈ અરજી કરવામાં આવી હોય, ત્યારે જે હાઇ કોર્ટને, તથા જે માણસે, તે કરી હોય, તથા તે ઉપરથી કોર્ટમાં જે કાંઇ કામ ચાલ્યું હોય, તે કોર્ટ તે માણસ, અને તે કામ, અરજદારે પોતાની અરજીમાં લખવું.

આ આક્ટની કલમ ૨૪૨ ના વિશેષ ઠરાવ પ્રમાણે હાઇ કોર્ટને કરેલી કોઇપણ અરજી ના મંજુર કરવાનું યોગ્ય લાગે, તો તેમ કરવાને તે હાઇ કોર્ટ મુખ્તિયાર છે.

(કલમ ૨૪૬ અ.)

કેવીઍટ.

પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન આપવા વિરૂદ્ધ ""કેવીઍટ" (એટલે હરકત પત્ર) ડિસ્ટ્રિક્ટ જડજને યા ડિસ્ટ્રિક્ટ ડેલીગેટને આપી શકાશે.

"કેવીઍટ" હેઠળ લખેલી મતલબ પ્રમાણે લખીને કરવું; એટલે, મરનાર ક. ખ. ફલાણા ગામનો રહેનાર ફલાણે ઠેકાણે ફલાણા મહિનાની ફલાણી તારીખે ગુજરી ગયો, તેની માલ મિલ્કતની બાબતમાં ગ. ડ. ફલાણા ગામના રહેનારને જણાવ્યા વગર કાંઇ કરવું નહીં.

કોઇ માણસે "કેવીઍટ" નોંધાવ્યો હોય, તો તેને વાજબી નોટીસ આપ્યા વગર, પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન મેળવવાની અરજી બાબતમાં કાંઇ કરવું નહીં.

(કલમ ૨૫૧, ૨૫૨, ૨૫૩.)

કેવીઍટ નોંધાવવાના સંબંધમાં પીરોજશાહ વિરૂદ્ધ પેસ્તનજી (૧૨ મુંબઇ લૉ રીપોર્ટર, પાનું ૩૬૬) વાળા મુકદ્દમામાં એમ ઠરાવવામાં આવ્યું છે કેઃ—કેવીઍટ નોંધવવાને જે હિત તે નોંધવનારને છે,

તે મરનારની મિલ્કતમાં છે, એવું દેખાડવું જોઇએ; એટલે કે, મરનારને તેની મિલ્કત ઉપર હક છે એ વિષે કાંઇ પણ વાંધો હોવો ન જોઇએ; પણ જે માણસ કેવીઍટ નોંધાવી વાંધો લેતો હોય, તેણે મરનારથી વારસામાં યા કોઇ બીજા પ્રકારે મિલ્કતમાં કાંઇ હિત ઉતર્યું છે એમ દેખાડવું જોઇએ.

કલમ ૨૫૪ પ્રમાણે જડજે યા ડેલીગેટે વિલનો પ્રોબેટ પોતાની કોર્ટનો મહોર કરીને આપવો. તેમજ કલમ ૨૫૫ મુજબ ડિસ્ટ્રિક્ટ જડજ યા ડેલીગેટે વિલની નકલ સાથે રાખી યા રાખ્યા વગર (એટલે ભેગી ટાંકી કે ટાંક્યા વિના) મરનારની માલ મિલ્કતનું એડમિનિસ્ટ્રેશન પોતાની કોર્ટનો મહોર કરીને આપવું.

કલમ ૨૫૬ માં ઠરાવવામાં આવ્યું છે કે:—

જે માણસને એડમિનિસ્ટ્રેશન (વહિવટ ચલાવવાની સનદ) આપ્યું હોય, તે માણસે, મરનારની માલ મિલ્કત યોગ્ય રીતે એકઠી તથા વસૂલ કરવા બાબત, અને તેનો વહિવટ ચલાવવા બાબત, એક યા વધારે જામીન આપવા જોઇએ; અને મુચરકો (બોન્ડ) લખી આપવો જોઇએ.

પણ હિંદુસ્તાનના વારસા-હિસ્સા બાબતના આક્ટમાં એક્ઝિક્યૂટર પાસેથી એવી બાબતના જામીન લેવામાં આવતા નથી એ ધ્યાનમાં રાખવું.

મરનારના મરણ પછી કેટલે દીવસે પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન આપવું તે બાબતમાં કલમ ૨૫૮ મી છે. તેમાં એમ ઠરાવ્યું છે કે:— વિલ કરી યા કર્યા વગર ગુજરી જનાર માણસના મરણનો દીવસ છોડીને પછી પૂરેપૂરા સાત દીવસ થયા વિના વિલનો પ્રોબેટ આપવો નહીં; અને વહિવટ ચલાવવાની સનદ તે દીવસ છોડીને પછી પૂરેપૂરા ચૌદ દીવસ થયા વિના આપવી નહીં.

પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન કોઇને આપ્યું હોય, તો જે પ્રાંતમાં તે આપ્યું હોય તે આખા પ્રાંતમાં તે પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન રદ કે નકામું થાય ત્યાં સુધી તે માણસ સિવાય બીજા કોઇને પણ ફરિયાદ કરવાનો, મુકદમો ચલાવવાનો, અથવા મરનારના વારસ વકીલ તરીકે બીજું કાંઇ કામ કરવાનો અધિકાર નથી. (કલમ ૨૬૦.)

પ્રોબેટ અથવા એડમિનિસ્ટ્રેશન રદ થયા પહેલાં કોઇ માણસે શુદ્ધ બુદ્ધિથી પોતાના દેવાના રૂપિયા કોઇ એકઝિકયૂટર યા એડમિનિસ્ટ્રેટરને, તે પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશનની રૂએ, આપ્યા હોય, તો તેણે પોતાનું દેવું કાયદેસર રીતે અદા કર્યું એમ સમજવું. તેમજ રદ થયેલા પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન ઉપરથી એકઝિકયૂટર યા એડમિનિસ્ટ્રેટરે વાજબી કારણો માટે જે નાણું આપ્યું હોય, તે તેને મજરે મળશે. (કલમ ૨૬૨.)

એકઝિકયૂટર તથા એડમિનિસ્ટ્રેટર બાબત.

૧. એકઝિકયૂટર અને એડમિનિસ્ટ્રેટરનો અધિકાર.

મરનારના છેલ્લાં વિલ પ્રમાણે વહિવટ ચલાવવાનું કામ જે માણસને વસિયત કરનારે સોંપ્યું હોય તે માણસ "એકઝિકયૂટર" કહેવાય.

એકઝિકયૂટર ન હોય ત્યારે મરનારની માલ મિલ્કતનો વહિવટ ચલાવવા સારૂ યોગ્ય અધિકારીએ જે માણસને નીમ્યો હોય તે માણસ "એડમિનિસ્ટ્રેટર" કહેવાય. (કલમ ૩.)

(૧) કઇ ફરિયાદી કરવાનો, અને કયાં ભાડાં માટે જપ્તી કરવાનો અખ્તિયાર એકઝિકયૂટર કે એડમિનિસ્ટ્રેટરને છે?

મરનારના મરણ વખતે ફરિયાદી કરવાના જે કારણો કાયમ રહ્યાં હોય, તથા તેના મરણ સમયે સઘળાં લ્હેણાં થયેલાં ભાડાં માટે જપ્તી કરવાની હોય, તે સંબંધે મરનારને તેની હયાતીમાં જે અધિકાર હતો તેટલોજ અધિકાર તેના એકઝિકયૂટર કે એડમિનિસ્ટ્રેટરને છે.

એટલે ફરિયાદી કરવાનો, અને ભાડાં સંબંધે માલ જપ્ત કરવાનો, જેટલો અખ્તિયાર મરનાર હયાત હોત અને તે ભોગવત, તેટલોજ અખ્તિયાર તે સંબંધે મરનારના ગુજરવા પછી તેના એકઝિકયૂટર કે એડમિનિસ્ટ્રેટર છે. (કલમ ૨૬૭.)

મરનાર ગુજરી ગયો તે વખતે તેનું બીજાપર અને બીજા કોઇનું તેની પર લ્હેણું હોય તે લેવાનો, તથા વાદી થઈ દાવો કરવાનો, મા

કોર્ટમાં તે બાબત વિશેષ કામ ચલાવવાનો, અથવા પ્રતિવાદી થઈ ફરિયાદી યા તેવાં વિશેષ કામનો જવાબ દેવાનો, હક અખિતાર મરનારના એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટરને કાયમ રહેશે. એટલે સાધારણ રીતે મરનારના મરણ વખતે જે સઘળા મુકદમાનો ચૂકાદો થવો બાકી રહેલો હોય, તેવા મુકદમા વાદી યા પ્રતિવાદી તરીકે ચલાવવાનો એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટરને અખ્તિયાર છે.

પરંતુ (૧) આબરૂ લીધા બાબત, (૨) હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી રીતે કોઈના ઉપર હુમલો કર્યા બાબત, (૩) પક્ષકારનું મરણ ન નિપજ્યું હોય તેવી ઈજા કર્યા બાબત, અને (૪) જે કામમાં દાદ માગી હોય તેનો ઉપભોગ, પક્ષકારના મરણને લીધે, થઈ શકે નહીં, યા જેમાં દાદ આપવામાં આવે તો નિરર્થક થાય, એવા પ્રકારની બાબતોમાં એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર ફરિયાદ કરી શકશે નહીં. એટલે એ ઉપર કહેલા ચાર પ્રસંગોમાં ફરિયાદ કરવાના કારણો કાયમ રહેશે નહીં.

(કલમ ૨૬૮.)

રેલવે ખાતાના અમલદારની ગફલતી કે કસુરથી ગાડીની અથડા અથડી થઈ, અને કોઈ ઉતારૂને સખત ઈજા પહોંચી; પણ તેનું મરણ નિપજ્યું નહીં. ત્યાર પછી તે બાબતની ફરિયાદ કર્યા વગર તે ઉતારૂ ગુજરી ગયો; એટલે ફરિયાદ થઈ શકે નહીં.

તેમ વળી અ તલાક મેળવવાની ફરિયાદી કરે છે, પણ તેનું છેવટ આવ્યા પહેલાં ગુજરી જાય છે; તો પછી ફરિયાદીનું કારણ અના વારસ વકીલને કાયમ રહે નહીં. (કલમ ૨૬૮ ઉપર દાખલા.)

(૨) સને ૧૮૫૫ નો આક્ટ ૧૨ મો.

મરનાર માણસની હયાતીમાં કરેલી કેટલીક અપકૃતી બાબત એક્ઝિક્યૂટરો દાવો કરી શકે, તથા તેઓની ઉપર દાવો ચાલી શકે એવો બંદોબસ્ત સને ૧૮૫૫ના ૧૨ મા આક્ટે કર્યો છે.

આ આક્ટની ૧ લી કલમમાં ઠરાવ્યું છે કેઃ—કોઈ મરનાર માણસની હયાતીમાં કરેલી અપકૃતીથી તેની માલમિલ્કતને પૈસાનું નુકસાન થયું હોય, અને તે અપકૃતી બાબત તે માણસે ફરિયાદ કરી હોત તો

ચાલત, તથા તે અપકૃતી તે માણસ મરણ પામ્યા પહેલાં એક વર્ષમાં થઇ હોય, તો તે અપકૃતી બાબત તે માણસના એકઝિક્યૂટર, એડમિનિસ્ટ્રેટર યા રેપ્રેઝેંટેટીવની ફરિયાદ (તે અપકૃતી કરનાર સામે) ચાલશે; તેમજ કોઇ મરનાર માણસે પોતાની હયાતીમાં કાંઇ અપકૃતી કરી હોત તે બાબત તેની ઉપર ફરિયાદ ચાલત, તેવી અપકૃતી તે માણસ મરણ પામ્યાં પહેલાં એક વર્ષમાં તેણે કરી હોય, તો તે અપકૃતી બાબત તે મરનારના એકઝિક્યૂટર, એડમિનિસ્ટ્રેટર, વારસ, અથવા રેપ્રેઝેંટેટીવની ઉપર ફરિયાદ ચાલશે.

(૩) સને ૧૮૫૫ નો આક્ટ ૧૩ મો.

વળી ફરિયાદ કરવા લાયક અપકૃતીના કારણથી કોઇ માણસ મરણ પામે તેથી જે નુકસાન થાય તેનો બદલો તેના કુટુંબને આપવા બાબત ફરિયાદ ચાલી શકે એવો બંદોબસ્ત સને ૧૮૫૫ના ૧૩મા આકટે કર્યો છે.

આ આકટની ૧ લી કલમમાં એવું ઠરાવ્યું છે કેઃ—અપકૃતી, ગફલતી અથવા જે કરવું જોઇએ તે ન કર્યાથી કોઇનું મરણ નિપજે, તો તે બાબત દીવાની રાહે નુકસાનીની ફરિયાદ ચાલી શકશે; અને મરનારની સ્ત્રી અથવા ધણી, તથા વડીલ અથવા છોકરૂં હોય, તો તેના હિત માટે તે મરનારના એકઝિક્યૂટર, એડમિનિસ્ટ્રેટર અથવા રેપ્રેઝેંટેટીવે સદરહૂ પ્રકારની ફરિયાદ કરવી, અથવા મુકદ્દમો ચલાવવો. અને તેમાં જે નુકસાનીનો આંકડો ઠરે, તે કોર્ટે વહેંચી આપવો.

એવી ફરિયાદના એક કારણ ઉપરથી એક કરતાં વત્તી ફરિયાદ અથવા મુકદ્દમા ચલાવી શકાશે નહીં. એકજ ફરિયાદ કે દાવો ચાલશે. વળી જો સદરહૂ પ્રકારની અપકૃતીથી અથવા ગફલતીથી મરનારની માલ મિલ્કતને પૈસાનું નુકસાન લાગ્યું હોય, તે બાબત ફરિયાદ કે દાવો કરીને તે નુકસાન વસૂલ કરવાનો હક મરનારના એકઝિક્યૂટર વગેરેને છે. જે રકમ વસૂલ થશે તે મરનારની માલ મિલ્કતનો ભાગ ગણાશે. (કલમ ૨.)

(૪) મરનારની મિલ્કતની વ્યવસ્થા કેવી રીતે કરવી ?

કલમ ૨૬૯ મી પ્રમાણે મરનારની સઘળી મિલ્કતની યા તેનાં કાંઇ ભાગની યોગ્ય જણાય તેવી રીતે વ્યવસ્થા કરવાનો એકઝિક્યૂટર અથવા એડમિનિસ્ટ્રેટરને અખ્તિયાર છે.

આ કલમથી એકઝિક્યૂટરને મરનારની મિલ્કતની વ્યવસ્થા કરવાનો જે અખ્તિયાર આપવામાં આવ્યો છે, તેની કશી હદ્દ બાંધેલી નથી, અને તેથી વસિયત કરનારની મિલ્કતની તેની ખુશીમાં આવે તે મુજબ વ્યવસ્થા તે કરી શકે છે. દાખલા તરીકે, મરનારે પોતાની મિલ્કતનો કાંઇ ભાગ વિશેષ જાતના વારસામાં આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તો તે વારસા માટે પોતાની સંમતિ ન આપતાં, એકઝિક્યૂટર તે વારસામાં આપેલી મિલ્કત વેચી નાખે, તો તે પ્રમાણે કરવા તેને અખ્તિયાર છે. તેમ તેની નજરમાં ગિરો મૂકવાનું આવ્યાથી મરનારની સ્થાવર મિલ્કતનો કાંઇ ભાગ તે ગિરો મુકી શકે છે.

વિશેષ જાતના વારસા સારૂ એકઝિક્યૂટરે સંમતિ આપ્યા બાદ તેવા વારસાની ચીજ ઉપર તેનો એકઝિક્યૂટર તરીકેનો હક રહેતો નથી, અને તે વારસો લેનારને તે ચીજ સ્વાધીન થાય છે. જો કે પોતાની સંમતિ આપ્યા પહેલા તે વારસાની મિલ્કત વેચવા, યા તે ગિરો મૂકવા એકઝિક્યૂટર સ્વતંત્ર છે, તોપણ પોતાની સંમતિ આપ્યા પછીથી તે મિલ્કતની કાંઇ પણ પ્રકારની વ્યવસ્થા તે કરી શકતો નથી.

(૫) મરનારની મિલ્કત એકઝિયૂટર કે એડમિનિસ્ટ્રેટર પોતે ખરીદ કરી શકશે નહીં.

કલમ ૨૭૦ માં ઠરાવ્યું છે કે, એકઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટર મરનારની મિલ્કતનો કાંઇ પણ ભાગ સીધી કે આડકતરી રીતે પોતે વેચાતો લઇ શકશે નહીં. જો તે લેશે, તો તે વેચાયલી મિલ્કત પર જે માણસનો હક હશે, તે માણસની અરજ ઉપરથી તે વેચાણ રદ્દ કરાવી શકાશે.

(૬) ઘણા એકઝિક્યૂટરો કે એડમિનિસ્ટ્રેટરોનો અધિકાર.

કલમ ૧૮૪ મુજબ ઘણા એકઝિક્યૂટરો નીમેલા હોય તો તેઓને એકી વખતે અથવા જૂદે જૂદે વખતે પ્રોબેટ અપાય. એ પ્રમાણે ઘણા એકઝિક્યૂટરો કે એડમિનિસ્ટ્રેટરો હોય, અને વિલમાં કાંઇ વિરૂદ્ધ ફરમાન

જ હોય, તો તેઓમાંથી કોઇ એકે પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન મેળવ્યું હોય, તો સઘળા જણાનો અધિકાર ચલાવવાનો તે એકલે અખ્તિયાર છે. (કલમ ૨૭૧.)

મરનારના લ્હેણાનો પટો આપવાનો, પટો પાછો હવાલે કરવાનો, મરનારની હરકોઇ પ્રકારની મિલ્કત વેચવાનો, વારસા માટે સંમતિ આપવાનો, જે પ્રોમિસરી નોટોના રૂપિયા મરનારને મળવાના હોય તે નોટોની પાછળ સહી કરવાનો, અધિકાર ઘણા એકઝિકયૂટરોમાંના એકને છે. પણ "વિલમાં વિરૂદ્ધ ફરમાન હોય" તો તેઓમાંથી કોઇ એકને કાંઈ કામ કરવાનો અધિકાર રહેતો નથી. જેમકે, ચાર એકઝિકયૂટરો હોય તેઓમાંના બે જણ હશે તોજ કામ ચાલશે, એવું વિલમાં લખ્યું હોય, તો સદરહૂ ચાર એકઝિકયૂટરો પૈકી કોઇને એકલાને કાંઇ કામ કરવાનો અધિકાર રહેશે નહીં. (કલમ ૨૭૧ ઉપર દાખલા.)

ઘણા એકઝિકયૂટરો યા એડમિનિસ્ટ્રેટરોમાંથી જો એક કે વધુ ગુજરી જાય, તો તે હોદ્દાનો સઘળો અધિકાર જે હયાત હોય તેમને મળશે.

જે માલ મિલ્કતનો વહિવટ ચલાવ્યો ન હોય, તેવી માલ મિલ્કતના એડમિનિસ્ટ્રેટરનો અધિકાર અસલ એકઝિકયૂટર યા એડમિનિસ્ટ્રેટર જેટલોજ છે. (કલમ ૨૭૨, ૨૭૩.)

(૭) સગીર સ્થિતિના વખતના એડમિનિસ્ટ્રેટરનો અને પરણેલી સ્ત્રી એકઝિકયૂટ્રિક્ષ કે એડમિનિસ્ટ્રેટ્રિક્ષ હોય તેનો અધિકાર.

આગળ કહ્યું તેમ કોઇ માણસ સગીર હોય ત્યાં સુધી કલમ ૨૧૫ પ્રમાણે તેના કાયદેસર વાલીને, અથવા કોર્ટને યોગ્ય જણાય તેવા બીજા માણસને, તે સગીર ઉમરમાં આવે ત્યાં સુધી, વહિવટ ચલાવવાની સનદ અપાય છે. એવી સગીર સ્થિતિના વખતના એડમિનિસ્ટ્રેટરને સાધારણ એડમિનિસ્ટ્રેટરના જેવો સઘળો અધિકાર છે. તેમ પરણેલી સ્ત્રીને પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન આપવામાં આવે, તો સાધારણ એકઝિકયૂટર કે એડમિનિસ્ટ્રેટર જેટલો સઘળો અધિકાર તે ભોગવશે. (કલમ ૨૭૪, ૨૭૫.)

પરણેલી સ્ત્રીને પ્રોબેટ અથવા વહિવટ ચલાવવાની સનદ મળી છે, એ હકીકત ખુલ્લી રીતે એવું સિદ્ધ કરે છે કે તેના ધણીની સંમતિ તે સ્ત્રીએ પહેલાંથી મેળવી છે.

૨. એક્ઝિક્યૂટર અને એડમિનિસ્ટ્રેટરની ફરજ.

(૧) કયો ખર્ચ પહેલો આપવો?

મરનારની મિલ્કત જોઇએ તેટલી હોય, તો તેની (મરનારની) સ્થિતિ પ્રમાણે તેની ઉત્તર ક્રિયા એકઝિક્યૂટરે કરવી. (કલમ ૨૭૬.)

ખર્ચની બાબતમાં, નીચે લખ્યા મુજબ એક પછી એક ખર્ચ આપવો:—

૧. મરનારના દરજ્જા તથા આબરૂ પ્રમાણે વાજબી રકમ લગીનો ઉત્તર ક્રિયાનો ખર્ચ, તથા વૈદની ફીના લ્હેણું સુદ્ધાં મંદવાડનો ખર્ચ, અને તેના મરણ પહેલાં એક મહિના સુધીનો ખાવા પીવાનો તથા રહેવાનો ખર્ચ આપવો;

૨. માલ મિલ્કતનો વહિવટ ચલાવવા સારૂ કોર્ટમાં જે કામ ચલાવવું જોઇએ તેનો, તથા પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન લેવાનો ખર્ચ આપવો;

૩. મરનારના મોતની ત્રણ મહિનાની અંદર કોઇ મજુર કે કારિગરે મરનારનું કામ કર્યું હોય તેનું મહેનતાણું આપવું, યા ઘરનાં નોકરે મરનારની ચાકરી બજાવી હોય તેનો પગાર આપવો.

ઉપર લખેલા અનુક્રમે એ ત્રણે પ્રકારના ખર્ચ આપ્યા બાદ બીજું સઘળું દેવું સરખે ભાગે આપવું. (કલમ ૨૭૯—૨૮૧.)

ટુંકામાં એકઝિક્યૂટર અથવા એડમિનિસ્ટ્રેટરે ૨૭૯ થી ૨૮૧ સુધીની કલમોમાં જે નિયમો અનુક્રમે ખર્ચ આપવા દર્શાવેલા છે, તે પાળતા: એટલે કલમ ૨૭૯ મુજબ મોત ખર્ચ બીજાં સઘળાં દેવાં પહેલા આપવો; પછીથી કલમ ૨૮૦ પ્રમાણે પ્રોબેટ વિગેરે બાબતનો ખર્ચ આપવો; અને ત્યાર બાદ કલમ ૨૮૧ મુજબ મજુર વિગેરેનો પગાર આપવો; અને એ સઘળા ખર્ચ આપ્યા પછી મરનારનાં સઘળાં બીજાં કરજ આપવાં.

પોતાનાં લ્હેણાં સુદ્ધાં જે લ્હેણાંની ખબર હોય તે સઘળું મરનારની મિલકત પહોંચે ત્યાં સુધી સરખે ભાગે અને હિસ્સે પડતું એક્ઝિક્યૂટર અથવા એડમિનિસ્ટ્રેટરે આપવું. અને સદરહૂ ૨૭૯ થી ૨૮૧ સુધીની કલમોમાં લખેલા પ્રકારના ખર્ચ સિવાય પોતાના લ્હેણાં સબબથી, કે સિક્કા સુદ્ધાં દસ્તાવેજ લખાવી લીધો હોય તે સબબથી યા બીજા કોઇ સબબથી, એક લ્હેણદારને બીજા લ્હેણદાર કરતાં પહેલું પોતાનું લ્હેણું લેવાને અધિકાર નથી. (કલમ ૨૮૨.)

(૨) યાદી તથા હિસાબ રજુ કરવો.

કલ ૨૪૪ પ્રમાણે પ્રોબેટ માગવાની અરજીમાં એક્ઝિક્યૂટરે મરનારની જેટલી માલ મિલ્કત તેના હાથમાં આવવાનો સંભવ હોય તેટલી તેણે લખવી જોઇએ.

વળી પ્રોબેટ કે વહિવટ ચલાવવાની સનદ મળ્યાની તારીખથી ૭ મહિનાની અંદર, અથવા પ્રોબેટ કે સનદ આપનારી કોર્ટ વખતો વખત જે વધુ મુદ્દત નીમે તેની અંદર, એક્ઝિક્યૂટરે યા એડમિનિસ્ટ્રેટરે, સદરહૂ કોર્ટમાં એક યાદી દેખાડવી. તેની પાસે જે મિલ્કત હોય તેની, તેમ લોકો પાસે મૂકેલાં નાણાંની, તેમ જે કોઇની પાસે લ્હેણું હોય અને જે લ્હેણું પોતાના હોદ્દાની રૂએ તે લઇ શકે એવું હોય તેની પૂરેપૂરી અને ખરી વિગત (યા શુમાર) તે યાદીમાં હોવી જોઇએ. તેવીજ રીતે જે રકમ પોતાની પાસે આવી, અને તે શી રીતે વાપરી, યા તેની શી વ્યવસ્થા કરી, તે સઘળી હકીકત લખી એસ્ટેટનો હિસાબ સદરહૂ મુદ્દતની એક વર્ષની અંદર તેણે દેખાડવો જોઇએ.

ઊપર કહેલી યાદી કે હિસાબ દેખાડવા બાબત સદરહૂ કોર્ટે કરેલ હુકમ ઉપરથી કોઇ એક્ઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર ઇરાદા પૂર્વક તે હુકમ મુજબ ચાલવાને ચૂકશે, તો ફોજદારી કાયદાની ૧૭૬ મી કલમમાં લખેલો ગુન્હો તેણે કર્યો એમ સમજવું. અને જો બદ ઇરાદાથી ખોટી યાદી અથવા હિસાબ તે રજુ કરશે, તો ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમમાં લખેલો ગુન્હો તેણે કર્યો એમ સમજવું. (કલમ ૨૭૭.)

આખા બ્રિટિશ ઈંડિયામાં અમલ ચાલે એવો પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન કોર્ટે જે કેસોમાં આપ્યું હોય, તેવા કેસોમાં એક કરતાં વધારે પ્રાંતમાં મિલ્કત હોય તેવા બ્રિટિશ ઇંડિયામાં ગુજરી જનાર શખસની એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટરે (મિલ્કતની) યાદીમાં સદરહૂ પ્રકારના દરેક પ્રાંતમાંની મરનારની જંગમ અથવા સ્થાવર મિલ્કત લખવી; અને સદરહૂ યાદીમાં તેની કીમત જૂદી જૂદી લખવી, અને પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશનમાં લખેલી મિલ્કત બ્રિટિશ ઇંડિયામાં ગમે તે ઠેકાણે હોય, તોપણ તેની પૂરેપૂરી રકમની, યા કીમતના પ્રમાણમાં તે પ્રોબેટ યા એડમિનિસ્ટ્રેશન ઉપર ફી લેવી. (કલમ ૨૭૭ અ.)

(૩) મરનારનું લ્હેણું ઉઘરાવવું.

મરનારની મિલ્કત, તથા તેના મરણ વખતે તેનું જે લ્હેણું પાકેલું હોય, તે યોગ્ય કાળજીથી અને ત્વરાથી એકઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટરે ઉઘરાવીને એકઠું કરવું. (કલમ ૨૭૮.)

મરનાર બ્રિટિશ ઇંડિયાનો નિવાસી ન હોય, તેનું દેવું અદા કરવામાં તેની જંગમ માલ મિલ્કત બ્રિટિશ ઈંડિયાના કાયદા પ્રમાણે વાપરવી. એ મુજબ કોઇ લ્હેણદારને પોતાના લ્હેણાં પેટે અમુક રૂપિયા મળે, તો બીજા લ્હેણદારના ફાયદા સારૂ તે રૂપિયા તેણે પાછા જમા કરાવવા, નહીં તો મરનારની સ્થાવર મિલ્કતની ઉપજમાંથી તેને હિસ્સો મળશે નહીં.

(કલમ ૨૮૩, ૨૮૪.)

(૪) વારસા આપ્યા પહેલાં મરનારનું દેવું આપવું.

મરનારની જે સઘળી માલ મિલ્કત એકઝિક્યૂટરના હાથમાં આવે, તેમાંથી પહેલ વહેલું મરનારનું હરેક પ્રકારનું દેવું આપવું, અને ત્યાર પછી વિલમાં લખેલા વારસા આપવા. પણ જો મરનારની માલ મિલ્કત અદૃષ્ટાધીન દેણાને પાત્ર હોય, તો તેવું દેવું જ્યારે જ્યારે લ્હેણું થાય ત્યારે તે પતાવવા માટેની પૂરતી હામી લીધા વગર એકઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર કોઇપણ વારસો આપવા બંધાયલો નથી.

(કલમ ૨૮૫, ૨૮૬.)

(૫) વારસા કયા અનુક્રમે આપવા?

મરનારનું કરજ તથા જરૂરનો ખર્ચ આપવા જેટલી મિલ્કત હોય, તો વિશેષ જાતનો વારસો પહેલો આપવો. (કલમ ૨૮૮.)

વિશેષ જાતનો વારસો આપ્યા બાદ સાધારણ વારસો આપવો.

કોઈ એક વારસો લેનારને બીજા વારસો લેનારની પહેલાં એકઝિક્યૂટરે વારસો આપવો નહીં. તેમ વળી પોતાને માટે, યા પોતે કોઇને માટે ટ્રસ્ટી હોય તેને માટે કાંઇ વારસો આપવાનું વિલમાં લખેલું હોય, તેવા વારસા બાબતના કાંઇ રૂપિયાની રકમ એકઝિક્યૂટરે પહેલાંથી રાખવી નહીં.

(કલમ ૨૮૭.)

દર્શક વારસો આપવાનો હોય, અને મરનારનું દેવું તથા જરૂરના ખર્ચ જેટલી મિલ્કત હોય, તો જે મિલ્કતમાંથી દર્શક વારસો આપવા ફરમાવેલું હોય તે મિલ્કત પૂરી થાય ત્યાં સુધી તે વારસો તેમાંથી આપવો; અને તેવી મિલ્કત પૂરી થયા પછી તે વારસાનો કાંઇ ભાગ આપવો બાકી રહે, તો તેટલો ભાગ સાધારણ વારસો હોય તે મુજબ મરનારની સાધારણ મિલ્કતમાંથી પૂરો કરવો. (કલમ ૨૯૯.)

સાધારણ વારસો પૂરેપૂરો આપવા જેટલી મરનારની મિલ્કત ન હોય, તો તેવા વારસા વરાડ પ્રમાણે ઓછા કરવા. (કલમ ૨૮૭.)

જો કરજ તથા જરૂરનો ખર્ચ આપવા જેટલી મરનારની મિલ્કત ન હોય, તો વિશેષ જાતના વારસામાં પણ ઘટાડો કરી શકાશે. અને કરજ તથા વિશેષ જાતના વારસા આપવા જેટલી મિલ્કત ન હોય, તો વિશેષ જાતના વારસાની રકમો વરાડે પડતી ઓછી કરવામાં આવશે. (કલમ ૨૫૦.)

દાખલા તરીકે, એક માણસને ૫૦૦ રૂપિયાની વીંટી તથા બીજા માણસને ૧૦૦૦ રૂપિયાનો ઘોડો આપવાનું વિલમાં લખ્યું હોય, પણ મરનારની સઘળી મિલ્કત વેચી નાખવાની જરૂર પડે, અને દેવું અદા કર્યા પછી તેની મિલ્કતમાં ૧૦૦૦ રૂપિયાજ રહે, તો તે ૧૦૦૦ રૂપિયામાંથી પહેલા માણસને રૂપિયા ૩૩૩–૫–૪ અને બીજાને રૂપિયા ૬૬૬–૧૦–૮ આપવા.

વસિયતનામામાં હયાતી સુધી આપેલો વારસો, વરસાણ ઉપજાવવા સારૂ નીમી આપેલી નાણાંની રકમ, તથા વરસાણ ઉપજાવવા સારૂ નાણાંની રકમ આપી ન હોય તેવાં વરસાણની કીમતના રૂપિયા, એ ત્રણે પ્રકારના વારસા, ઓછા કરવાની બાબતમાં, જાણે સાધારણ વારસા હોય એ પ્રમાણે ગણવા જોઇએ. (કલમ ૨૫૧.)

(૬) સાધારણ રીતે વર્ણન કરેલી ચીજનો વારસો કેમ આપવો ?

સાધારણ રીતે વર્ણન કરેલી ચીજનો વારસો આપવાનું વિલમાં ફરમાવ્યું હોય, તો જે ચીજને તે વર્ણન વાજબી રીતે લાગુ પડે તેવી ચીજ એકઝિક્યૂટરે વેચાતી લેવી, અને જે માણસને આપવા લખી હોય, તેને તે આપવી. (કલમ ૧૫૮.)

દાખલા તરીકે અ પોતાના વિલમાં એમ લખે કે ગાડીના ઘોડાની એક જોડ, અથવા હીરાની વીંટી મેં કને આપી છે, તો અની મિલ્કતમાંથી લેવાઈ શકાય એમ હોય, તો અના એક્ઝિક્યૂટરે ઘોડાની એક જોડ, અથવા હીરાની વીંટી ખરીદ કરી કને આપવી.

(૭) કાંઇ પુંજીનું વ્યાજ યા તેની ઉપજ આપવા વિલમાં ફરમાવેલું હોય તો શું કરવું?

કોઇ માણસને કાંઇ પુંજીનું વ્યાજ યા તેની ઉપજ આપવા વિલમાં ફરમાવ્યું હોય, પણ તે વારસાનો ઉપભોગ અમુક મુદ્દત સુધીજ કરવો એમ વિલના દસ્તાવેજ ઉપરથી ન જણાય, તો તે વારસો લેનારને તે મુદ્દલ રકમ અને વ્યાજ એ બન્ને આપવાં. (કલમ ૧૫૯.)

દાખલા તરીકે અ પોતાના વિલમાં એવું લખે કે, સેંકડે પાંચ ટકાની ઈંડિયા સરકારની મારી પ્રોમિસરી નોટો છે તેનું વ્યાજ મેં કને આપ્યું છે; પણ એ સિવાય તે નોટો સંબંધે બીજું કાંઇ વિલમાં લખેલું ન હોય, તો કને તે નોટો લેવાનો હક છે. પણ જો વિલમાં અએ એમ લખ્યું હોય કે સેંકડે પાંચ ટકાની મારી પ્રોમિસરી નોટો છે તેનું વ્યાજ કને તેની હયાતી સુધી આપવું, અને કના મરણ પછી તે ખને આપવું, તો કની હયાતી સુધી તે નોટોનું વ્યાજ કને મળશે, અને કના મરણ બાદ તે નોટો ખને મળશે.

(૮) વારસા પૂરા કરી આપવા સારૂ નાણું રોકવાના સંબંધમાં એક્ઝિક્યૂટરે શું કરવું?

૧. વિશેષ જાતનો વારસો ન હોય, તેવો વારસો હયાતી સુધી આપવા વિલમાં લખ્યું હોય, તો તે મારે આપેલી રકમ વર્ષની આખરે હાઇકોર્ટ હુકમ કરે તેવી સિક્યૂરિટિઝમાં રોકવી, અને તેની ઉપજ જ્યારે જ્યારે આવે ત્યારે વારસો લેનારને આપવી.

૨. સાધારણ વારસો આયંદે આપવા લખ્યું હોય, તો ઉપર કહેલી સિક્યૂરિટિઝમાં તે વારસો પૂરો કરી આપવા જેટલી રકમ એક્ઝિક્યૂટરે રોકવી. તે રકમનું વચ્ચેની મુદ્દતનું વ્યાજ વસિયત કરનારના શેષધનમાં જશે.

૩. વરસાણ આપવાનું લખ્યું હોય, પણ તે અમુક પુંજીમાંથી આપવું, કે તે માટે આટલા રૂપિયાની રકમ નીમી છે એવું વિલમાં લખ્યું ન હોય, તો તેટલા રૂપિયાનું સરકારી વરસાણ વેચાતું લેવું, અથવા તેવું વરસાણ મળતું ન હોય તો તે વરસાણ ઉપજાવવા જેટલા રૂપિયા ઉપર કહેલી સિક્યૂરિટિઝમાં તે વરસાણ ઉપજાવવા સારૂ રોકવા.

૪. અદૃષ્ટાધીન વારસો આપવા લખ્યો હોય, તો તે વારસાના રૂપિયાની રકમ એક્ઝિક્યૂટર રોકવાને બંધાયલો નથી. પણ જો કદી તે વારસો આપવો પડે, તો તે આપવા સારૂ શેષધનાધિકારીને યોગ્ય જામીન લઇને સઘળું શેષધન એક્ઝિક્યૂટરે સોંપવું.

૫. કોઇ માણસને તેની હયાતી સુધી શેષધન આપવાનું લખ્યું હોય, પણ તે નાણાં કેવી રીતે રોકવાં તે લખ્યું ન હોય, તો ઉપર કહેલી સિક્યૂરિટિઝમાં તે શેષધનનો જેટલો ભાગ વસિયત કરનારના મરણ વખત રોકેલો ન હોય, તેટલા ભાગના રૂપિયા કરીને તેવી સિક્યૂરિટિઝમાં રોકવા, અને એવી રીતે શેષધન આપવા લખ્યું હોય, અને ચોકસ સિક્યૂરિટિઝમાં તે રોકવું એમ પણ લખ્યું હોય, તો વસિયત કરનાર ગુજરી ગયો ત્યારે તેને કહેલી સિક્યૂરિટિઝમાં તેની મિલ્કતનો જેટલો ભાગ રોકયો ન હોય તેટલા ભાગના રૂપિયા કરીને તે સિક્યુરિટિઝમાં રોકવા.

ઉપર કહેલા શેષધનના રૂપિયા કરવાનું, તથા તે રૂપિયા ચોકસ સિક્યૂરિટિઝમાં રોકવાનું કામ એક્ઝિક્યૂટરની નજરમાં આવે તે વખતે અને તે રીતે તેણે કરવું. જેટલા ભાગનાં નાણાં રોકયાં ન હોય તેટલાનું વ્યાજ દર વરસે દર સેંકડે ચાર ટકા લેખે આપવું.

(કલમ ૩૦૧—૩૦૭.)

કોઇ માણસને કાંઇ વારસો આપવાનું વિલમાં લખ્યું હોય, તે વારસાના રૂપિયા અથવા ચીજ તેને તુરતા તુરત આપવી એવું લખ્યું હોય, પણ તે માણસ ન્હાની ઉમરનું હોય અને તેની તરફથી બીજાં માણસને આપવાનું વિલમાં લખ્યું ન હોય, તો કેમ કરવું તે વિષે કલમ ૩૦૮ માં બંદોબસ્ત કરેલો છે.

૩. એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટરની નુકસાની માટેની જવાબદારી.

(૧) એક્ઝિક્યૂટર યા એડમિનિસ્ટ્રેટર મરનારની માલ મિલ્કતનો ગેર ઉપયોગ કરે, અથવા તેને નુકસાન કે ધક્કો પહોંચાડે, તો તે નુકસાન અને ધક્કો તેને ભરી આપવો પડશે.

(૨) તેમ મરનારની માલ મિલ્કતનો કાંઇ ભાગ વસુલ કરવામાં ગફલતી કર્યાથી તેની મિલ્કતને કાંઇ નુકસાની થાય, તો તેટલી નુકસાનીની રકમ તેને ભરી આપવી પડશે.

(કલમ ૩૨૭, ૩૨૮.)

નાપાયદાર દાવાનો અવેજ એક્ઝિક્યૂટર મરનારની મિલ્કતમાંથી આપે, અથવા ફાયદાકારક પટો મરનાર પાસે હોય તે યોગ્ય વખતે નોટીસ આપી જારી રાખવામાં એક્ઝિક્યૂટર ગફલતી કરે, તો તેથી જે નુકસાની થાય તે એક્ઝિક્યૂટરે ભરી આપવી જોઇએ.

તેમ કોઇના ઉપર મરનારનું લ્હેણું નીકળતું હોય અને દેણદાર મુદ્દતના ધારાનો લાભ લે તેટલો વખત સુધી તે લ્હેણા બાબત ફરિયાદી કરવામાં એક્ઝિક્યૂટર ઢીલ અને ગફલતી કરે, અને તેથી તે લ્હેણાની રકમ ખોટી થાય, તો તેટલી રકમ એક્ઝિક્યૂટરે ભરી આપવી પડશે.

(કલમ ૩૨૭, ૩૨૮ ઉપર દાખલા.)

ધનજીશાહ વિરૂદ્ધ સોરાબજી (સને ૧૮૯૬ નું પ્રિન્ટેડ જડજમેન્ટ, પાનુ ૫૧૨) વાળા મુકદ્દમામાં ઠરાવવામાં આવ્યું છે કે, એક્ઝિક્યૂટરો પોતાની ફરજ અદા કરવામાં ગફલતી કરે, અને તેથી મરનારની માલ મિલ્કતને હાનિ પહોંચે અને જો કે કોઈપણ જાતની દગલબાજી કે કપટ તેમને કર્યું ન હોય, અથવા લાંચ રૂશ્વત લીધી ન હોય, તોપણ જે નુકસાની થઈ હોય તેને માટે તેઓને જવાબદાર ગણવા.

ખુશરૂભાઇ વિરૂદ્ધ હોરમજશાહ (ઇં. લૉ. રી. ૧૭ મુંબઇ, પાનું ૬૩૭) વાળા મુકદ્દમામાં એડમિનિસ્ટ્રેટરે તે કેસનું સમાધાન કર્યું તેથી મરનારની મિલ્કતને નુકસાન પહોંચ્યું, તે માટે તે એડમિનિસ્ટ્રેટરને જવાબદાર ઠરાવ્યો હતો.

પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિક્યૂટર થવા બાબત.

પ્રોબેટ કે એડમિનિસ્ટ્રેશન મેળવ્યા વગર જે માણસ ગેર વાજબી રીતે એકઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર થઇ મરનારની માલ મિલ્કતનો વહિવટ કરે, તે તેમ કરવા માટે ઘણી હદે જોખમદાર થાય છે. તે સંબંધે ૨૬૫ અને ૨૬૬ કલમોમાં બંદોબસ્ત કરેલો છે.

કાયદેસર એકઝિક્યૂટર કે એડમિનિસ્ટ્રેટર ન હોય, ત્યારે મરનારની માલ મિલ્કતમાં કોઈ માણસ હાથ ઘાલે, અથવા એકઝિક્યૂટરના હોદ્દાને લગતું બીજું કાંઇ કામ કરે, તો તે "પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિક્યૂટર થયો" એમ સમજવું.

પણ જો (૧) મરનારની માલ મિલ્કતની જાળવણી કે સંભાળ કરવાના હેતુથી, યા તેની ઉત્તર ક્રિયા કરવાના ખર્ચ માટે, યા તેનાં કુટુંબ કે તેની મિલ્કતની તાત્કાલિક હાજતો પૂરી પાડવાને માટે, મરનારની માલ મિલ્કતમાં કોઇ હાથ ઘાલે, અથવા (૨) મરનારની માલ મિલ્કત બીજા પાસેથી તેના હાથમાં આવે, તેનો વ્યવહારિક રીતે તે વહિવટ ચલાવે, તો આ બન્ને પ્રસંગોમાં પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિક્યૂટર થયો તે ગણાશે નહીં. (કલમ ૨૬૫.)

અ મરનારનો કાંઇ માલ વાપરે છે, આપી દે છે, યા વેચી નાંખે છે, અથવા પોતાના લ્હેણાંમાં કે પોતાને આપેલા વારસામાં લે છે, અથવા મરનારનાં લ્હેણાંના રૂપિયા વસૂલ કરે છે. એ મુજબ કર્યાથી **અ** પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિક્યૂટર થયો ગણાશે.

મરનારે પોતાની હયાતીમાં **અ**ને પોતાનું લ્હેણું ઉઘરાવવા તથા પોતાનો માલ વેચવાને પ્રતિનિધિ (એજન્ટ) નીમ્યો હતો. મરનારના મરણની ખબર પડ્યા પછી પહેલાં મુજબ એજન્ટનું કામ કરવું **અ**એ જારી રાખ્યું; તેથી મરનારના મરણના ખબર મળ્યા બાદ **અ**એ જે કામો કર્યાં, તે કામો સંબંધે **અ** પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિક્યૂટર થયો ગણાશે.

આ મરનારનો એકઝિકયૂટર ન હોઇને એકઝિકયૂટરના હોદ્દાથી કાંઇ દાવો કરે છે, તેથી પોતાની મેળે ગેરવાજબી રીતે એકઝિયૂટર થયો તે ગણાશે.

(કલમ ૨૬૫ ઉપર દાખલા.)

કોઇ માણસે કાંઇ એવું કામ કર્યું હોય કે જેથી પોતાની મેળે ગેર વાજબી રીતે એકઝિકયૂટર થયો તે ગણાય, તો મરનારની જેટલી માલ મિલ્કત તેના હાથમાં આવી હોય તેટલી હદે મરનારના કાયદેસર એકઝિક્યૂટરને કે એડમિનિસ્ટ્રેટરને, યા મરનારના કોઇ લ્હેણદાર કે વારસો લેનારને તે જવાબદાર થશે. પણ કાયદેસર એકઝિકયૂટર યા એડમિનિસ્ટ્રેટરને જેટલું નાણું તેણે આપ્યું હોય, અને યોગ્ય રીતે વહિવટ ચલાવવામાં જેટલું નાણું ખર્ચ્યું હોય, તે તેને મજરે મળશે. (કલમ ૨૬૬.)

સાંકળિયું.